Appearance, *n.* (અપી'રન્સ્) Look. દેખાવ.
Appease, *vt.* (અપી'ઝ્) Satisfy. શાંત, સંતુષ્ટ કરવું.
Appellant, *n. a.* (અપે'લન્ટ્) અપીલ કરનાર, કરતું, સંબંધી. [અપીલ સાંભળતી.
Appellate, *a.* (અપે'લટ્) Hearing appeals.
Append, *vt.* (અપે'ન્ડ્) Attach. સામેલ કરવું.
Appendage, *n.* (અપે'ન્ડિજ્) Thing attached. સામેલ કરેલી, લગાવેલી વસ્તુ.

Appendicitis, *n*. (અપે'ન્ડીસાયટિસ્) Inflammation of the appendix of the intestine. આંતરડાના છેડાનો સોજો. [પૂંછડું.

Appendix, *n*. (અપે'ન્ડીક્સ) Addition. પરિશિષ્ટ;

Appertain, *vi*. (ઍપર્ટે'ઇન્) Belong to. સંબંધ રાખવો. [desire. રુચિ; તૃષ્ણા.

Appetite, *n*. (ઍ'પીટાઈટ્) Relish for food;

Applaud, *vt*. (અપ્લૉ'ડ્) Praise; clap. વખાણવું; તાળી પાડવી. [વગેરે.

Applause, *n*. (અપ્લૉઝ્) વખાણના અવાજ; તાળી

Apple, *n*. (ઍ'પલ્) Round fleshy fruit. સફરજન વગેરે. [સાધન.

Appliance, *n*. (અપ્લા'યન્સ્) Device. યોજના;

Applicable, *a*. (ઍ'પ્લિકબલ્) Fitting. લાગુ પડતું.

Applicant, *n*. (ઍ'પ્લિકન્ટ્) Candidate. અરજદાર.

Application *n*. (ઍપ્લીકે'ઇશન્) Request; bearing; diligence. અરજી; સંબંધ; ખંત.

Apply, *v*. (અપ્લા'ય્) Refer to; request. લાગુ પડવું; અરજી કરવી.

Appoint, *vt*. (અપૉ'ઇન્ટ્) Fix. નક્કી કરવું; નીમવું.

Appointment *n*. (અપૉ'ઇન્ટમન્ટ્) નીમણુંક; કામ.

Apportion, *vt*. (અપૉ'ર્શન્) Assign. વ્હેંચવું.

Apposite, *a*. (ઍ'પઝિટ્) Fit. બંધબેસતું.

Appraise, *vt.* (અપ્રે'ઇઝ્) Estimate. કિંમત આંકવી.

Appreciable, *a.* (અપ્રી'શિબલ્) Perceptible. દેખીતું.

Appreciate, *vt.* (અપ્રી'શિએઇટ્) Estimate. બરાબર કિંમત, કદર કરવી. [આંક; વિવરણ.

Appreciation, *n.* (અપ્રીસિએ'ઇશન્) કદર; યોગ્ય

Apprehend, *vt.* (ઍપ્રિહે'ન્ડ્) Fear; seize. દહેશત રહેવી; પકડવું.—°**nsion**, *n.*

Apprentice, *n.* (અપ્રે'ન્ટિસ્) Candidate. ઉમેદવાર.

Apprise, *vt.* (અપ્રા'ઈઝ્) Inform. ખબર કરવી.

Approach, *vt.* (અપ્રો'ચ્) Come to. પાસે જવું. —*n.* Way. રસ્તો.

Approbation, *n.* (ઍપ્રબે'ઇશન્) Approval. સંમતિ; મંજૂરી.

Appropriate, *a.* (અપ્રો'પ્રિઅટ્) Proper. વ્યાજબી. —*v.* (અપ્રો'પ્રિએઇટ્) Devote; take. વાપરવું; પચાવી પાડવું.

Approve, *v.* (અપ્રૂ'વ્) Sanction. સંમતિ આપવી.

Approval, *n.* (અપ્રૂ'વલ્) સંમતિ.

Approver, *n.* (અપ્રૂ'વર્) તાજ તરફને। સાક્ષી; ફુટી ગએલો.

Approximate, *a.* (અપ્રૉ'ક્સિમટ્) Near to; સુમારે.—*v.* (–મે'ઇટ) લગભગ હોવું, કરવું.

April, *n.* (એ'ઇપ્રિલ્) એપ્રિલ મહિનો.
Apron, *n.* (એ'ઇપ્રન્) પછેડી; પડદા આગળનો ભાગ.
Apropos, *adv.* (ઍપ્રપો') In connection. મુદ્દાસર; સંબંધી.
Apt, *a.* (ઍપ્ટ્) Fit. યોગ્ય; વલણ ધરાવતું.
Aptitude, *n* (ઍ'પ્ટીટ્યુડ્) Fitness. યોગ્યતા.
Aquarium, *n.* (અક્વે'રિઅમ્) Tank for water plants or animals. દરિયાઈ વનસ્પતિ, પ્રાણી સંગ્રહસ્થાન.
Aquatic, *a.* (અક્વૅ'ટિક્) Living in or near water. જલવાસી; જલચર.
Aqueduct, *n.* (ઍ'ક્વિડક્ટ્) Channel. નહેર.
Aquiline, *a.* (ઍ'ક્વીલાઇન્) Like an eagle. ગીધના જેવું; વક્ર.
Arab, *n.* (ઍ'રબ્) આરબ.
Arabian, *a.* (અરે'બિઅન્) અરબસ્તાની; અરબી.
Arabic, *n. a.* (ઍ'રબિક્) અરબીભાષા; અરબસ્તાની.
Arable, *a.* (ઍ'રબલ્) ખેડવા લાયક.
Arbitrary, *a.* (આર્બિ'ટ્રરી) Despotic. એકહથ્થુ.
Arbitrate, *v.* (આ'ર્બિટ્રેઇટ્) Settle. નિર્ણય કરવો.
Arbour, *n.* (આ'બર્) Shady corner. લતામંડપ.
Arc, *n.* (આર્ક) Part of circumference. પરિઘ વિભાગ.
Arcade, *n.* (આર્કે'ઇડ) Covered walk. છાપરાવાળો રસ્તો; આચ્છાદિત માર્ગ

Arch, *n.* (આર્ચ્) Curve. કમાન—*a.* Wily. લુચ્ચું.
Aachaeology, *n.* (આર્કિઑ'લજી) પુરાણ વસ્તુવિદ્યા.
Archangel, *n.* (આ'ર્કેઇન્જલ્) મુખ્ય દેવદૂત.
Archbishop, *n.* (આર્ચબિ'શપ્) મુખ્ય ધર્માધિકારી.
Archer, *n.* (આ'ર્ચર્) One who shoots arrows. બાણાવલી.
Archipelago, *n.* (આર્કીપે'લગો) Group of islands. દ્વીપસમૂહ. [બનાવનાર.
Architect, *n.* (આ'ર્કીટેક્ટ્) મકાનના નકશા
Architecture, *n.* (આ'ર્કીટેક્ચર્) Science of building. શિલ્પશાસ્ત્ર; બાંધકામવિદ્યા.
Arctic, *a.* (આર્કુટિક) Of the north pole. ઉત્તરધ્રુવ, પ્રદેશનું.
Ardent, *a.* (આ'ર્ડેન્ટ્) Eager. ઉત્સાહી; ધગશવાળુ.
Ardour, *n.* (આ'ર્ડર્) Zeal. ધગશ.
Arduous, *a.* (આ'ર્ડ્યુઅસ્) Hard. મહેનતભરેલું;
Area, *n.* (એ'રિઆ) Extent. ક્ષેત્રફળ. [કઠણ.
Arena, *n.* (અરી'ના) Theatre. રંગભૂમિ.
Argosy, *n.* (આ'ર્ગસી) કિંમતી માલ લાદેલું વહાણ.
Argue, *v.* (આ'ર્ગ્યુ) Reason. દલીલ કરવી.
Argument, *n.* (આર્ગ્યુમેન્ટ્) Plea. દલીલ.
Arid, *a.* (ઍ'રિડ્) Dry. શુષ્ક; સુકું. [રીતે.
Aright, *adv.* (અરા'ઇટ્) Rightly. ખરી, વ્યાજબી

Arise, *vt.* (અરા'ઇઝ્) Spring up. ઉભા થવું.
Aristocracy, *n.* (ઍરિસ્ટૉ'ક્રસી) The nobility. અમીર લોકો. —**cratic,** *a.* અમીરી.
Arithmetic, *n.* (અરિ'થ્મિટિક્) Science of numbers. અંકગણિત.
Ark, *n.* (આર્ક્) પેટી; વહાણ.
Arm, *n.* (આર્મ્) આખો હાથ; બાંય; હાથો; હથીયાર.
Armpit, *n.* બગલ [લટાયક કાફલો.
Armada, *n.* (આર્મે'ઇડા) Fleet of war-ships.
Armament, *v.* (આ'ર્મમન્ટ્) Equipments. લશ્કરી સરંજામ. [સુલેહ.
Armistice, *n.* (આર્મિસ્ટિસ્) Truce. હંગામી.
Armlet, *n.* (આ'ર્મ્લિટ્) હાથપટો.
Armour, *n.* (આ'મૅર્) Coat of arms. બખ્તર.
Army, *n.* (આ'ર્મી) Forces. લશ્કર.
Aroma, *n* (અરો'મા) Fragrance. સુગંધ.
Arose, *v.* (અરો'ઝ્) ઉભું થયું.
Around, *adv.* (અરા'ઉન્ડ્) On all sides. આસપાસ.
Arouse, *vt.* (અરા'ઉઝ્) Awaken. જગાડવું.
Arraign, *vt.* (અરે'ઇન્) Accuse. આરોપ મેલવો.
Arrange, *v.* (અરે'ઇન્જ) Put in order. ગોઠવણ કરવી.—°**ment,** *n.* ગોઠવણ. [વગેરે)
Arrant, *a.* (ઍ'રન્ટ) Downright. પૂરો; પાકો (લુચ્ચો

Array, *v. n.* (અરે'ઇ) Arrange; dress. ભેળુ કરેવું; પહેરવું; વ્યૂહરચના.

Arrear, *n.* (અરી'અર) Thing undone. ચડત.

Arrest, *vt.* (અરે'સ્ટ) Seize. પકડવું.

Arrive, *v,* (અરા'ઈવ્) Come. પહોંચવું.—'**val**, *n.* આગમન.

Arrogant, *a.* (ઍ'રગન્ટ્) Haughty. ઉદ્ધત.—°**nce**, *n.* ઉદ્ધતાઈ.

Arrogate, *v.* (ઍ'રગેઇટ્) Claim unduly. ડોળ ઘાલવો; લઈ બેસવું.

Arrow, *n.* (ઍ'રો) બાણ.—°**root**, *n.* આરારૂટ.

Arsenal, *n.*(આ'સૅનલ્) Store of weapons. શસ્ત્રાગાર.

Arson, *n* (આ'સૅન્) Crime of setting fire. આગ લગાડવાનો ગુનો.

Art, *n.* (આટ્) Skill; learning. કળા.

Artery,*n* (આ'ટૅરી) Blood tube. ધોરીનસ. Arterial,*a.*

Artesian, *a.* (આર્ટીશ્ઝન) સરવાણીવાળો.

Article, *n.* (આ'ર્ટિકલ્) Clause; essay; thing. શરત; લેખ; વસ્તુ.

Articulate, *v.* (આર્ટિ'ક્યુલેટ્) Speak. ઉચ્ચારવું.

Artifice, *n.* (આ'ર્ટિફિસ્) Device. યુક્તિ.

Artificial, *a.* (આર્ટિફિ'શલ્) Not natural. કૃત્રિમ.

Artillery, *n.* (આર્ટિ'લરી) Cannon. તોપખાનું.

Artisan, *n.* (આર્ટિઝૅ'ન્) Mechanic. કારીગર.

Artist, *n.* (આ'ર્ટિસ્ટ્) On practising an art. કલાકાર.
Artless, *a.* (આ'ર્ટ્લિસ્) Simple. સરલ; અણઘડ.
As, *adv. conj* (ઍઝ્) When; similarly; since. જ્યારે; જેવું; કારણ કે.
Asafoetida, *n.* (ઍસફી'ટિડા) હિંગ; વઘારણી.
Ascend, *v.* (અસે'ન્ડ્) Climb. ચડવું. [સત્તા.
Ascendancy,—ency. *n.* (અસે'ન્ડન્સી) Power.
Ascendant,—ent, *a. n.* (અસેન્ડન્ટ્) Rising. ચડતું; ચડતી.
Ascent, *n.* (અસે'ન્ટ્) ચડવું તે; ચડાં. [કરવું.
Ascertain, *v.* (ઍસર્ટે'ઇન્) Make certain. નક્કી.
Ascetic, *n. a* (અસે'ટિક્) Sell-controlled (person). કડક સંયમી; જોગી.
Ascribe, *v.* (અસ્ક્રા'ઈબ્) Attribute. ને લીધે ગણવું.
Ash, *n.* (ઍશ્) રાખ; એક જાતનું ઝાડ.
Ashamed, *a.* (અશે'ઇમ્ડ્) Abashed. શરમાઈ ગએલું.
Ashore, *adv.* (અશો'ર્) On the shore. કિનારા પર.
Ashy, *a.* (ઍ'શી) ખાખ જેવું; ફિક્કું.
Asiatic, *a.* (એશિઍ'ટિક) Of Asia.
Aaide, *adv.* (અસા'ઈડ્) On one side. બાજૂએ.
Asinine, *a.* (ઍ'સિનાઇન્) ગધેડા જેવું; મૂર્ખ
Ask, *v.* (આસ્ક્) Inquire. પૂછવું.
Askance, *adv.* (અસ્કૅ'ન્સ) Sideways. ત્રાંસું.

Asleep, *adv.* (અ'સ્લીપ્) Sleeping. ઉંઘી ગએલું; [સ્થિર.
Asp, *n.* (ઍસ્પ્) નાનો ઝેરી સાપ.
Aspect, *n* (ઍ'સ્પેક્ટ્) Look. દેખાવ; મહોરો.
Asperity, *n.* (ઍસ્પે'રિટી) Roughness. કર્કશતા.
Asperse, *v.* (અસ્પ'ર્સ) Censure. નિંદા કરવી.
Asphalt, *n. v.* (ઍ'સ્ફૅલ્ટ્) રસ્તા પર પાથરવાનો ડામર વગેરે; તે પાથરવો.
Aspirate, *a.* (ઍ'સ્પિરેટ્) 'હ્' ઉચ્ચાર; મહાપ્રાણ
Aspire, *vi.* (અસ્પા'યર્) Desire. આકાંક્ષા હોવી.
Aspiration, *n.* (ઍસ્પિરે'ઇશન્) Desire. આકાંક્ષા.
Ass, *n.* (ઍસ્) Donkey. ગધેડો.
Assail, *v.* (અસે'ઇલ્) Attack. હુલ્લો કરવો.
Assassin, *n.* (અસૅ'સિન્) Murderer. ખુની.
Assault, *n. v.* (અસૉ'લ્ટ્) Attack. હુલ્લો; હુલ્લો કરવો
Assay, *n. v.* (અસે') Trial; try. પ્રયત્ન; યત્ન કરવો.
Assemblage, *n.* (અસે'મ્બ્લિજ્) Gathering. સભા.
Assemble, *v.*(અસે'મ્બલ્) Collect. ભેળા થવું, કરવું.
Assembly, *n.* (અસે'મ્બ્લી) Gathering. સમૂહ; [સભા.
Assent, *v.* (અસે'ન્ટ્) Agree. કબુલ થવું.
Assert, *vt.* (અસ'ર્ટ્) State; maintain. કહેવું; જમાવવું.
Assess, *v.* (અસે'સ) Fix value. કિંમત આંકવી.

Assets, *n*. (ઍસિ'ટ્સ્) Property. માલમિલ્કત.

Asseveration, *n*. (અસેવરે'ઇશન્) Statement. કથન. —°**rate**, *v*.

Assiduity, *n*. (ઍસિડયુ'ઇટી) Zeal. ખંત.

Assiduous, *a*. (અસિ'ડ્યુઅસ્) Diligent. ખંતીલું.

Assign, *v*. (અસા'ઇન્) Allot. સોંપવું.

Assimilate, *v*. (અસિ'મિલેઇટ્) Absorb. મેળવી દેવું.

Assist, *v*. (અસિ'સ્ટ્) Help. મદદ કરવી.

Assistance, *n*. (અસિ'સ્ટન્સ્) Help. મદદ.

Assistant, *a*. *n*. (અસિ'સ્ટન્ટ્) મદદનીશ.

Assize, *n*. (અસા'ઇઝ્) મુકર્દમો.

Associate, *v*. (અસો'શિએટ્) Join. સાથે હોવું, કરવું.—*n*. સહકારી.—°**tion**, *n*. સહકાર; મંડળ.

Assort, *v*. (અસૉ'ર્ટ્) Arrange. ગોઠવવું.

Assuage, *v*. (અસ્વે'ઇજ્) Soothe. શાંત કરવું.

Assume, *vt*. (અસ્યૂ'મ) Take. સ્વીકારવું.

Assumption, *n*. (અસ'મ્પ્શન) Taking; arrogance. લેવું તે; સ્વીકાર; ઉદ્ધતાઈ.

Assure, *vt*. (અશૂ'અર્) Convince. ખાત્રી આપવી. —°**rance**, *n*. વીમો; ખાત્રી; ઉદ્ધતાઈ.

Asterisk, *n*. (ઍ'સ્ટરિસ્ક્) Star mark,* –તારકચિહ્ન.

Astern, *adv*. (અસ્ટ'ર્ન) Behind. પાછળ. [રોગી.

Astonish, *vt.* (અસ્ટૉ'નિશ્) Amaze. સ્તબ્ધ બનાવવું.
Astound, *vt.* (અસ્ટા'ઉન્ડ્) Astonish. દિગ્મૂઢ કરવું.
Astral, *a.* (ઍ'સ્ટ્રલ્) Of stars. તારાનું.
Astray, *adv.* (અસ્ટ્રે') Amiss. આડે રસ્તે.
Astride, *adv.* (અસ્ટ્રા'ઈડ્) પલાંગીને; પહોળા પગ કરીને.
Astringent, *a.* (અસ્ટ્રિ'ન્જન્ટ) સંકોચક; તુરું.
Astrology, *n.* (અસ્ટ્રૉ'લજી) Study of fluence. જ્યોતિશ્શાસ્ત્ર.
Astronomy, *n.* (અસ્ટ્રૉ'નમી) Science of heavenly bodies. ખગોળ વિદ્યા.
Astute, *a.* (ઍસ્ટ્યૂટ્) Shrewd. ચતુર; લુચ્ચો.
Asunder, *adv.* (અસ'ન્ડર્) Apart. જૂદું.
Asylum, *n.* (અસા'યલમ્) Refuge. રક્ષણસ્થાન.
At, *prep.* (અટ્-ઍટ્) In; on. માં; થી; તરફ; ઉપર.
Atheism, *n.* (એથી'ઈઝમ) Disbelief. નાસ્તિકતા.
Athlete, *n.* (ઍ'થ્લીટ્) કસરતબાજ.—°tic, *a.* કસરતી.
Athwart, *adv.* (ઍથ્વૉ'ટ્) Across. આડું.
Atlas, *n.* (ઍ'ટ્લસ્) Book of maps. આટલાસ.
Atmosphere, *n.* (ઍ'ટ્મસ્ફીઅર્) હવા; વાતાવરણ.
Atom, *n.* (ઍ'ટમ્) Minute particle. પરમાણુ.
Atone, *vi.* (અટો'ન્) Make amends for. બદલો વાળવો; પ્રાયશ્ચિત્ત કરવું.

Atrocious, *a.* (અટ્રો'શસ્) Gross. અત્યંત ભયંકર.
Atrocity, *n.* (અટ્રૉ'સિટી) Terrible deed. કાળો કેર; ત્રાસ.
Atrophy, *n.* (ઍ'ટ્રફી) Wasting away. સુકાઈ જવું તે.
Attach, *vt.* (અટૅ'ચ્) Affix. લગાડવું.
Attache, *n.* (અટૅ'શ) An assistant. સાથી.
Attack, *vt.* (અટૅ'ક્) Fall upon. હુલ્લો કરવો.
Attain, *v.* (અટે'ઇન્) Reach. પહોંચવું; પ્રાપ્ત કરવું.
—**'ment**, *n.* વિદ્યાસંપત્તિ; આવડત.
Attar, *n.* (ઍ'ટર્) ગુલાબનું અત્તર.
Attempt, *v.* (અટે'મ્પ્ટ્) Try. યત્ન કરવો.—*n.* પ્રયાસ.
Attend, *v.* (અટે'ન્ડ્) Mind; be present; go with. ધ્યાન આપવું; હાજર રહેવું; સાથે જવું.
Attendant, *a* (અટે'ન્ડન્ટ્) Waiting on. સેવામાં રહેવું.—*n.* પરિચારક.
Attention, *n.* (અટે'ન્શન) Heed. ધ્યાન; ખંત.
Attenuate, *v.* (અટે'ન્યુએઇટ્) Make thin or less. નબળું બનાવવું.
Attest, *v.* (અટે'સ્ટ્) Bear witness. સાખ પૂરવી.
Attic, *n* (ઍ'ટિક્) Garret. માળીયું.
Attire, *n. v.* (અટા'યર) Dress. પોષાક; પહેરવું.

Attitude, *n.* (ઍ'ટિટ્યુડ્) Behaviour. વલણ.
Attorney, *n.* (અટ'ર્ની) Representative; solicitor. પ્રતિનિધિ; સોલીસીટર.
Attract, *v.* (અટ્રૅ'ક્ટ્) Draw. આકર્ષવું. °**tion**, *n.* ખેંચાણ—°**tive**, *a.* આકર્ષક.
Attribute, *v* (અટ્રિ'બ્યુટ્) Ascribe. લીધે ગણવું. *n.* —(ઍ'—) Quality. ગુણ.
Attrition, *n.* (અટ્રિ'શન્) ઘસારો; થાક.
Attune, *v.* (અટ્યૂ'ન્) સૂર, તાલ મેળવવો.
Auburn, *a.* (ઑ'બર્ન્) Golden-brown. સોનેરી બદામી.
Auction, *n.* (ઑ'કશન્) Sale. હરાજી.—°**neer**, *n.* હરાજી કરનાર.—°**neering**, *n* હરાજીનું કામ.
Audacious, *a.* (ઑડે'શસ્) Bold. ઉદ્ધત.
Audible, *a*, (ઑ'ડિબલ્) સંભળાય તેવું.
Audience, *n.* (ઑ'ડિયન્સ્) Hearers. શ્રોતાગણ.
Audit, *n.* (ઑ'ડિટ્) Examination. હિસાબની તપાસ—*v.* તપાસ કરવી.—°**tor**, *n.* હિસાબનિસ.
Auger, *n.* (ઑ'ગર્) Boring-tool. સારડી.
Aught, *n.* (ઑટ્) Anything. કંઈ પણ.
Augment, *v.* (ઑગ્મે'ન્ટ્) Add. વધારવું.
Augur, *n.* *v.* (ઑ'ગર્) Soothsayer; foretell. ભવિષ્ય કહેનાર; ભવિષ્યવાણી; ભાવિ કહેવું.

August, *a.* (ઑગ'સ્ટ) Grand. ભવ્ય.—*n.* (ઑ'-) ઑગસ્ટ મહીનો.

Aunt, *n.* (આન્ટ્) Parent's sister or sister-in-law. કાકી; મામી; માશી; ફુઈ.

Aura, *n.* (ઑ'રા) Halo. તેજપુંજ, મંડળ.

Auspices, *n.* (ઑ'સ્પિસિસ્) Omens; patronage. શુકન; આશરો.

Auspicious, *a.* (ઑસ્પિ'શસ્) Of good omen. સારા શુકનનું.

Austere, *a.* (ઑસ્ટી'ર્) Severe. ઉગ્ર; આકરું.

Austerity, *n.* (ઑસ્ટે'રિટી) Penance. તપ; ઉગ્રતા.

Australasian, *n. a.* (ઑસ્ટ્રલે'ઇશન્) ઑસ્ટ્રેલેશિયાનું.

Australian, *a. n.* (ઑસ્ટ્રે'લિયન્) ઑસ્ટ્રેલિયાનું.

Authentic, *a.* (ઑથે'ન્ટિક્) Genuine. પ્રમાણભૂત; [ખરેખરૂં.

Author, (ઑ'થર્) Writer; doer. કર્તા

Authority, *n.* (ઑથૉ'રિટિ) Power. સત્તા.

Authorize, *v.* (ઑ'થરાઈઝ્) Sanction; give power to. મંજૂરી, સત્તા આપવી.

Autobiography, *n.* (ઑટબાયૉ'ગ્રફી) One's life written by oneself. આત્મકથા, ચરિત.

Autoorat, *n.* (ઑ'ટક્રૅટ) Absolute ruler. એકહથ્થુ સત્તાધારી.—**'acy,** *n.* તેવી સત્તા.—**'tic,** *a.* આપખુદ.

Autograph, *n* (ઑ'ટગ્રાફ઼) હસ્તાક્ષર.
Automatic, *a.* (ઑટમૅ'ટિક્) Self-moving. આપોઆપ ચાલતું, થતું.
Automobile, *n.* (ઑ'ટમબીલ્) Motor-car.
Autonomy, *n.* (ઑ'ટૉનમી) Self-government. સ્વરાજ્ય.
Autumn, *n.* (ઑ'ટમ) પાનખર ઋતુ: ઉતરતી અવસ્થા.
Auxiliary, *a. n.* (ઑક્ઝિ'લ્યરી) Helpful; helper. સહાયક; સહાયકારી.
Avail, *v.* (અવે'ઇલ્) Be of use. કામ આવવું.
Available, *a.* (અવે'ઇલબલ) Handy. ઉપયોગી; મળી શકે તેવું.
Avalanche, *n.* (ઍ'વ્લાન્શ) Falling mass. બરફ વગેરેનો પડતો ખડક.
Avarice, *n.* (ઍ'વ્રિસ્) Greed. લોભ.
Avatar, *n* (ઍ'વ્ટાર્) અવતાર.
Avaunt, *int.* (ઍવૉ'ન્ટ્) Begone. ચાલ્યો જા; હટ.
Avenge *v.* (ઍવે'ન્જ્) Revenge. વેર લેવું.
Avenue, *n.* (ઍ'વિન્યુ) Way. રસ્તો
Aver, *v.* (અવ'ર્) State. કહેવું.
Average, *n.* (ઍ'વ્રિજ્) Mean. સરેરાશ.
Averse, *a.* (અવ'સ્) Opposed. વિરૂદ્ધ.—'**sion**, *n.* નાપસંદગી.

Avert, *v.* (અવ'ર્ટ્) Turn off. નિવારણ કરવું.
Aviary, *n.* (એ'વિઅરી) પક્ષીગૃહ. [ઉડ્ડયન.
Aviation, *n.* (એવિએ'ઇશન્) એરોપ્લેન ચલાવવું તે;
Avid, *a* (ઍ'વિડ્) Eager. આતુર.—°**dity**, *n.* આતુરતા.
Avocation, *n* (ઍ'વકેઇશન્) Calling. ધંધો.
Avoid, *vt.* (અવૉ'ઇડ્) Shun. છોડી દેવું; અલગ રહેવું.
Avoirdupois, *n.* (ઍવડર્યુ પૉ'ઇઝ) વજન, તોલાંની યોજના. [*n.* કબુલત.
Avow, *v.* (અવા'ઉ) Confess. કબુલ કરવું.—°**wal**,
Await, *vt.* (અવે'ઇટ્) Wait for. માટે રાહ જોવી.
Awake, *v. a.* (અવે'ઇક) જગાડવું; જાગવું.—°**en**, *v.* જગાડવું.
Award, *v. n.* (અવૉ'ડ્) Adjudge. ઠરાવવું; આપવું તે.
Aware, *a.* (અવે'અર્) Knowing. જાણકાર.
Away, *adv.* (અવે') Far. દૂર.
Awe, *n.* (ઑ) Reverence and fear. પ્રતાપ.
Awful, *a.* (ઑ'ફૂલ્) પ્રતાપી; ભયંકર.
Awkward, *a.* (ઑ'કવર્ડ્) Clumsy. બેડોળ.
Awning, *n.* (ઑ'નિંગ્) Canopy. છાપરૂં; છત.
Awry, *adv.* (અરા'ય્) Crookedly. વાંકું.
Axe, *n.* (ઍક્સ) કુહાડી.
Axiom, *n.* (ઍ'ક્સિઅમ) Self-evident truth, maxim. સ્વયંસિદ્ધ, પ્રથમ સૂત્ર, સિદ્ધાંત.

Axis, *n.* (ઍ'ક્સિસ્) ધરી.
Axle, *n.* (ઍ'ક્સલ્) ધરી.
Ay, *int.* (આય્) Yes. હા, હા.
Aye, *adv.* (એય્) Always. હંમેશાં.
Azure, *n. a.* (એ'ઇશ્ઝયર્) Blue sky or ocean; blue. આકાશ; સમુદ્ર; આસમાની.



B

B, (બી) Second letter, quantity or person. બીજો અક્ષર, સંખ્યા કે માણસ.
Baa, *n. v.* (બા) Bleat. બેં બેં; બેં બેં કરવું.
Baal, *n.* (બે'અલ્) False god. જૂઠા દેવ.
Babble, *v.* (બૅબલ્) Talk foolishly. બડબડ કરવું.—*n.* બડબડાટ; બાબા, સરસર અવાજ.
Babe, *n.* (બેઈબ્) Baby. બાલક; બચ્ચું.
Babel, *n.* (બા'બલ્) Noise. ઘોંઘાટ.
Baboo, *n.* (બા'બુ) હિંદુ ગૃહસ્થ; અંગ્રેજ જેવો બની ગએલો હિંદુ.
Baboon, *n.* (બબૂ'ન્) Large African monkey.
Baby, *n.* (બે'ઇબી) બહુ નાનું બાલક; બચ્ચું; છોકરમતિલું.
Babyhood, *n.* (બે'ઇબીહુડ્) બચપણ.
Babyish, *a.* (બે'બિઈશ) બાલક જેવું.

Babylon, *n.* (બૅ'બિલન્) Vicious city. દુર્ગુણી શહેર.
Bacchus, *n.* (બૅ'કસ્) મદિરાદેવ.—°**hic** (બૅ'કિક્) *a.*
Bacchanal, *a.* (બૅ'કનેલ્) Drunken છાકટું; તોફાની.
Bacchanalia, *n.* (બૅકને'લિઆ) Drunken revelry. દારૂડીયા મિજલસ.
Bachelor, *n.* (બૅ'ચલર્) Unmarried man. કુંવારો; વાંઢો; માસ્ટરની ડીગ્રીથી નીચી ડીગ્રી ધરાવનાર.— °**hood,** *n* વાંઢાપણું.
Back, *n. a. adv.* (બૅક્) Hinder part; hinder; support. પીઠ; પાછળ; પાછું; ટેકો આપવો.
Backbite, *v.* (બૅ'ક્બાઈટ્) Slander. ચાડી, નિંદા કરવી.
Backbone, *n.* (બૅ'ક્બોન) Stamina; spine. દઢતા; કરોડ.
Background, *n.* (બૅ'ક્ગ્રાઉન્ડ્) Back part of scene. પછાડી, છાંયો, અંધારૂં. [પાછું પાપમાં પડવું.
Backslide, *v.* (બૅક્સ્લા'ઇડ્) Fall back ino sin.
Backward, *adv. a.* (બૅ'ક્વર્ડ્) Away from front. પછાડી; પાછળ.
Bacon, *n.* (બે'ઇકન્) Flesh of pig. ભુંડરાનું માંસ.
Bacteria, *n.* (બૅક્ટી'રિઆ) સૂક્ષ્મ જંતુઓ.
Bad, *a.* (બૅ'ડ્) Defective; serious. ખરાબ; ગંભીર. —°**ddish** *a.* [ખરાબ, ખોટી રીતે; ભારે.
Badly, *adv.* (બૅ'ડલી) Wrongly; seriously.

Bade, *v.* (બેડ્) Told. ફરમાવ્યું.
Badge, *n.* (બૅજ) Mark. નિશાની; ચિહ્ન.
Badger, *vt.*(બૅ'જર્) Worry. પાછળ લાગવું —*n.* એક જાતનું પ્રાણી.
Badminton, *n.* (બૅ'ડ્મિન્ટન્) એક જાતની ટેનિસ જેવી નાની રમત; ક્લૅરેટ, સોડા વગેરેનું પીણું.
Baffle, *vt.* (બૅ'ફલ્) Defeat. હંફાવવું.
Bag, *n.* (બૅ'ગ્) Folding receptacle. કોથળી; શિકાર. —*v.* Put in bag; steal. શિકાર કરવો; ચાલી દેવું.
Bagpipe, *n.* (બૅ'ગ્પાઈપ્) Musical wind instrument. થેલીવાજું.
Baggage, *n.* (બૅ'ગિજ્) Luggage. સરસામન; ગાંસડાંપોટલાં.
Baggy, *a.* (બૅ'ગી) Putty; loose. ફુલેલું; ઢીલું.
Bagatelle, *n.* (બૅ'ગટેલ્) Trifle; minor billiard. ફોફડું; નજીવું; બિલિયર્ડ જેવી નાની રમત.
Bagnio, *n.* (બૅ'ન્યો) Prison; brothel. કેદ; વેશ્યાગાર.
Bah, *int.* (બ્હા) તુચ્છકાર; છટ્.
Bail, *n.* (બેઇલ) Security. જામીનગીરી—*v.* જામીન પડવું. (2) Cross-piece. ચીરકી; આટચ. (3) પાણી કાઢવું.
Bailable, *a.* (બે'ઇલબલ્) Admitting of security. જામીન આપી શકાય તેવું.
Bale, *vt.* (બેઇલ) Throw water out. પાણી ઉલેચવું.

Bailiff, *n.* (બે'ઇલિફ્) Agent; officer. બેલીફ; એજન્ટ; અમલદાર.

Bairn, *n.* (બેર્ન) Child. બાલક.

Bait, *v.* (બેઈટ્) Worry; tempt. મુંઝવવું; લલચાવવું. —*n.* Allurement. ગલ; લાલચ; વિશ્રામ.

Baize, *n* (બેઇઝ્) જાડું ગરમ કપ્પડ; બનાત.

Bake, *v* (બેઈક્) Harden by heat. પકવવું.—°**house**. રોટીખાનું.—°**kery**, *n.* [બનાવનાર.

Baker, *n* (બે'ઈકર્) Breadmaker. પાંઉ, રોટી

Baksheesh, *n.* (બૅ'ક્શીસ્) બક્ષીસ. Tip.

Ballam, *n.* (બે'યૂલૅમ્) નાઉમેદ કરે તેવો માણસ; છાપામાં કોરી જગ્યા પૂરવા રાખેલી વસ્તુ.

Balance, *n.* (બૅ'લન્સ્) Weighing apparatus; steadiness; excess. ત્રાજવું; સમતોલપણું; શિલક; વધારો. —*v* તુલના કરવી; ઢચુપચુ થવું.

Balance-sheet, *n.* (બૅ'લન્સ શીટ્) સરવૈયું.

Balcony, *n.* (બૅ'લ્કની) Platform. અટારી.

Bald, *a.* (બૉલ્ડ્) Hairless. બાડું.

Balderdash, *n.* (બૉ'લ્ડરડૅશ્) Nonsense. લવારો.

Baldric, *n.* (બૉ'લ્ડ્રિક્) Cross belt. પટ્ટો.

Bale, *n* (બે'ઇલ્) Bundle; evil. ગાંસડી; આફત.

Balefire, *n.* (બે'ઇલ્ફાયર્) Great fire. મોટી હોળી.

Baleful, *a.* (બે'ઇલ ફુલ) Destructive. નાશકારક.

Balk, Baulk, *n. v.* (બૉ'ક્) Beam; hindrance; ridge. થાંભલો; અડચણ; ધાર. Hinder; disapppoint. અડચણ કરવી; નાશીપાસ કરવું.

Ball, *n.*(બૉલ્) Sphere. દડો. (2) Dance party. નાચ મિજલસ.

Ballad, *n.* (બૅ'લડ્) Song; popular story poem. લાવણી; રાસો.

Ballast, *n.* (બૅ'લસ્ટ્) Standing material, force. વહાણને સમતોલ રાખવા ભરેલો ભાર; સમતોલક.

Ballet, *n.* (બૅ'લેટ્) સંયુક્ત નાચ.

Balloon, *n.* (બલૂ'ન્) બલુન.

Ballot, *n.* (બૅ'લટ્) Secret voting; lotdrawing. ચિઠ્ઠીથી મત આપવો તે; ચિઠ્ઠી નાંખવી તે.—*v.* તે પ્રમાણે કરવું.

Ballyrag, *a.* (બૅ'લીરૅગ્) Play practical jokes. અડપલું કરવું; મશ્કરી કરવી.

Balm, *n.* (બામ્) Fragrant juice. સુગંધી મલમ (2) Soothing influence. શાંતિકારક વસ્તુ.

Balmy, *a.* (બા'મી) Soothing. ખુશનુમા; શાંતિકારક.

Balsam, *n.* (બૉ'લ્ઝમ્) Ointment. મલમ.

Baluster, *n.* (બૅ'લસ્ટર) Short pillar. કઠેરાની ટેકણ.

Balustrade, *n.* (બૅલસ્ટ્રે'ઇડ્) A row of short [pillars. કઠેરો.

Bamboo, *n.* (બૅમ્બૂ') A hollow reed. વાંસ.

Bamboozle, *v.* (બૅમ્બૂ'ઝલ્) Confuse. ભડકાવવું; મુંઝવી નાખવું.

Ban, *n.* (બૅન્) Banishment; prohibition નિકાલ; મના. —*v.* મના, દેશનિકાલ કરવું.

Banal, *a.* (બૅ'નલ્) Trifling; absurd. તુચ્છ; મૂર્ખાઈ ભરેલું.

Banality, *n.* (બનૅ'લિટી) સામાન્યતા; તુચ્છતા.

Banana, *n.* (બના'ના) કેળ; કેળું. Plantain tree and its fruit.

Band, *n. v.* (બૅન્ડ્) Strap; company. પટો; ટુકડી; વાળંદ. Form a league. મંડળી કરવી.

Bandage, *n.* (બૅ'ન્ડિજ્) Strip of cloth. પાટો. —*vt.* પાટો બાંધવો. [ડબ્બો.

Bandbox, *n.* રિબન, ટોપી વગેરે રાખવાનો કાર્ડબોર્ડનો

Bandit, *n.* (બૅ'ન્ડિટ્) Outlaw. બારવટીયો; લુટારૂ.

Bandog, *n.* (બૅ'નડૉગ્) Chained dog; blood-hound. બાંધેલો, શિકારી કુતરો.

Bandoline, *n.* (બૅ'ન્ડલિન્) વાળ ચોટાડવાનો ગુંદર.

Bandy, *v. n. a.* (બૅ'ન્ડી) Pass. ફગોળવું. Curved stick. વાળેલી લાકડી. Wide apart રાંટા; પહોળા.

Bane, *n.* (બેઇન્) Ruin; poison. વિનાશ; ઝેર.

Baneful, *a.* (બે'ઇન્ફુલ) Causing ruin. નાશકારક.

Bang, *v. n. a.* (બૅન્ગ્) Shut; thrash. અફાળવું. ફટકારવું, Blow; sound. ફટકો; ફાટવાનો અવાજ. Abruptly; noisily. એકદમ; ધમ દઈને.

Bangle, *n.* (બૅ'ન્ગલ્) Bracelet. બંગડી.

Bani(y)an, *n.* (બૅ'ન્યન્) વાણીયો; બનયન; વડનું ઝાડ.

Banish, *vt.* (બૅ'નિશ્) Exile; dismiss. દેશનિકાલ કરવું. કાઢી નાંખવું. [સજા.

Banishment, *n.* (બૅ'નિશમન્ટ્) Exile. દેશનિકાલની

Banister, *n.* (બૅ'નિસ્ટર્) Short pillar. કઠેરાની [ટેકણ.

Banjo, *n.* (બૅ'ન્જો) સિતાર.

Bank, *n.* (બૅન્ક્) Raised ground. કિનારો; ચડાં. —*v.* એક બાજુ ઉંચી થઈ જવી; ઠસોઠસ ભરવું.

Bank, *n.* (બૅન્ક) Money-house. બૅંક. —*v.* નાણાં અનામત મેલવાં. Rely. આધાર રાખવો.

Banker, *n.* (બૅ'ન્કર્) બૅંકનો સંચાલક; શરાફ.

Bankrupt, *n.* (બૅ'ન્ક્રપ્ટ્) One who cannot pay. દેવાળીયો.

Bankruptcy, *n.* (બૅ'ન્ક્રપ્ટસી) દેવાળીયાપણું.

Banner, *n.* (બૅ'નર્) Flag. વાવટો.

Banns, (બૅ'ન્ઝ) Marriage notice. લગનની જાહેરાત.

Banquet, *n.* (બૅ'નક્વિટ્) Dinner. ખાણાનો મેળાવડો.

Bant, *vi.* (બૅન્ટ) ચરબી ઉતારવા, પતલા બનવાનો ખોરાક ખાવો.

Bantam, *n.* (બૅ'ન્ટમ્) નાનું પણ જુસ્સાદાર પક્ષી, માણસ.
Banter, *n. v.* (બૅ'ન્ટર્) Ridicule. કટાક્ષ; કટાક્ષ કરવી.
Bantling, *n.* (બૅ'ન્ટલીંગ્) Brat. રખડતું છોકરું.
Banyan, *n.* (બૅ'ન્યન્) હિંદુ વેપારી; વડ.
Baptism, *n.* (બૅ'પ્ટિઝમ્) Name-giving rite. નામસંસ્કરણ. વિધિ. [પવિત્ર કરવું.
Baptize, *vt.* (બૅપ્ટાઈઝ્) Christen. નામ પાડવું;
Bar, *n.* (બાર્) Long piece સળીયો; થાંભલો; લાટો; પટ્ટી. (2) Obstruction. આટચ. (3) Counter. ટેબલ. —*vt* Fasten; hinder; વાસવું; અડચણ કરવી.
Barb, *n* (બાર્બ્) Curved point. અણી.
Barbarian, *a. n.* (બાર્બે રિઅન્) Uncivilized; such person. જંગલી; બિનસુધરેલું.
Barbaric, *a.* (બાર્બૅ'રિક્) જંગલી; બિનસંસ્કારી.
Barbarism, *n.* (બા'ર્બરિઝમ્) Vulgar expression; rude state બીભત્સ, અણઘડ પ્રયોગ, સ્થિતિ.
Barbarity, *a.* (બાર્બૅ'રિટી) Cruelty. ક્રૂરતા.
Barbarous, *a.* (બા'ર્બરસ્) Crude; cruel. અણઘડ; ઘાતકી. [વાળંદ.
Barber, *n.* (બા'ર્બર્) One who shaves. હજામ;
Bard, *n.* (બાર્ડ) Minstrel. કવિ; ભાટ; ચારણ.
Bare, *a.* (બેઅર્) Uncovered. ખુલ્લું. Mere. માત્ર. —*v.* ખુલ્લું કરવું.

Bare-faced, *a.* (બે'અરફેસ્ડ્) Shameless. નિર્લજ્જ.
Barely, *adv.* (બે'અર્લી) Hardly. માંડમાંડ.
Bargain, *n.* (બા'ર્ગિન) Agreement. સાટું --*v.* Haggle. રકઝક કરવી. Be prepared. તૈયાર હોવું.
Barge, *n.* (બાર્જ) Boat. મછવો.—*v.* Dash. ભટકાવું.
Bark, *n. v.* (બાર્ક્) Rind; vessel. છાલ; છાલ ઉતારવી; વહાણ. Utter like a dog. ભસવું.
Barley, *n.* (બા'ર્લી) A cereal. જવ.
Barmecide, *a. n.* (બા'ર્મીસાઈડ્) કાલ્પનિક, હવાઈ ભેટ આપનાર.
Barmy, *a.* (બા'ર્મી) Frothy; crazy. ફીણવાળું; ગાંડું.
Barn, *n.* (બર્ન્) Grain store. કોઠાર; વખાર.
Barometer, *n.* (બૅરૉ'મિટર્) હવાનું દબાણ માપવાનું યંત્ર.
Baron, *n.* (બૅ'રન્) Peer. ઉમરાવ; અમીર.
Baroque, *a.* (બરો'ક્) Grotesque. વિચિત્ર; તોરી. *n.* વિચિત્ર શણગાર.
Barouche, *n.* (બરૂ'શ્) ચાર પૈડાંવાળી, ધમણવાળી ઘોડાગાડી.
Barque, Bark, (બાર્ક્) A vessel. વહાણ.
Barrack, *n* (બૅ'રક્) Lodge for soldiers. બરાક.
Barrage, *n.* (બા'રિજ્) Dam. બંધ.
Barrel, *n.* (બૅ'રલ્) Cylindrical vessel. કોઠી; પીપ.
Barren, *n.* (બૅ'રન્) Not bearing child or fruit. વાંઝીયું; વેરાન.

Barricade, *n.* (બૅ'રિકેઇડ્) Barrier. બંધ. —*vt.* બંધ, અટક કરવી.
Barrier, *n.* (બૅ'રિઅર્) Fence. વાડ; આડચ.
Barrister, *n.* (બૅ'રિસ્ટર્) Advocate. બારિસ્ટર.
Barrow, *n.* (બૅ'રો) Load box. ઠેલણ ભારગાડી.
Barter, *n. v.* (બા'ર્ટર) Exchange. સાટામાં આપવું; સાટું.
Base, *a.* (બેઇસ્) Mean. નીચ.—*n.* Foundation. પાયો; મૂળ સ્થાન, વસ્તુ.
Basic, *a.* બે'ઇસિક્) Fundamental. પ્રથમ મૌલિક.
Baseless, *a.* (બે'ઇસ્લિસ્) બિનપાયાદાર.
Basement, *n.* (બે'ઇસ્મન્ટ્) Lowest part. ભોંય-
Bashful, *a.* (બૅ'શ્ફુલ) Shy. શરમાળ. [તળીયું.
Basil, *n.* (બૅ'ઝિલ્) A herb. તુલસી.
Basin, *n.* (બે'ઇસિન) Round vessel; hollow. ગોળ વાસણ; ખીણ; ખાડો.
Basis, *n.* (બે'ઇસિસ્) Main principle. મુખ્ય સિદ્ધાંત, મુદ્દો.
Bask, *vi.* (બાસ્ક્) Lie happily. નિરાંતે રહેવું.
Basket, *n.* (બા'સ્કિટ્) Wicker vessel.—ટોપલી. —°**ful,** *n.* ટોપલી ભરી ને. —°**ry,** ટોપલી બનાવવાનું કામ. [વાળું.—*n.* તેવો અવાજ.
Bass, *a.* (બેઇસ) Deep-sounding. ઘોર, મંદ અવાજ-

Bastard, *a. n.* (બૅ'સ્ટર્ડ્) Illegitimate. નારેજ; વ્યભિચારથી થએલું; ખોટું.

Bastille, *n.*(બૅ'સ્ટીલ્) Prison; fortress. જેલ; દુર્ગ.

Bat, *n.* (બૅટ્) ચામાચીડીયું; છાપું; બૅટ; બૅટથી સારૂં રમનાર. —*v.* બૅટીંગ કરવી.

Batch, *n.* (બૅચ્) Party. ટુકડી; થોકડી.

Bate, *v* (બેઇટ્) Fall off; let down. ઓછું કરવું.

Bath, *n.* (બાથ્) Washing. સ્નાન; નહાવું તે.

Bathe, *v.* (બેઇધ્) Wash. નહાવું; બોળવું; ધોવું.

Baton, *n.* (બૅ'ટન્) Staff. દંડો.

Battalion, *n.* (બટૅ'લ્યન્) Body; troop. ટુકડી, આશરે હજાર માણસની.

Batten, *n. v.* (બૅ'ટન્) Board. પાટીયું; પાટીયું જડવું. (2) Grow fat on. ખૂબ ખાવું; તાગડધિન્ના કરવા.

Batter, *v.* (બૅ'ટર્) Strike down; તોડી પાડવું.

Battery, *n.* (બૅ'ટરી) Set of guns; blows. તોપખાનું; ફટકા. (2) Set of instruments. બૅટરી; મસાલો.

Battle, *n.* (બૅ'ટલ્) Combat. લડાઈ —*v.* To fight. [ઝુઝવું.

Battle-axe, *n.* ફરસી.

Battle-dore, *n.* (બૅ'ટલડોર્) કપડાં ધોવાનો ધોકો; બૅડમિન્ટન રમવાનું રૅકેટ. બૅટ.

Battlement, *n.* (બૅ'ટલ્મન્ટ્) Indented parapet. કાંગરાવાળી નીચી દિવાલ; અટારી; કોઠો.

Bauble, *n.* (બૉ'બલ્) Toy. રમકડું.
Baulk, *vt.* (બૉક્) Defeat. હંફાવવું; નિષ્ફળ કરવું.
Bawd, *n.* (બૉડ્) Procuress. વેશ્યા મેળવી આપનારી સ્રી; ભડવી.
Bawl, *v.* (બૉલ્) Speak noisily. ઘાંટો તાણવો.
Bay, *n. v. a.* (બે) Part of sea; recess. ઉપસાગર; ગુફા. (2) Projecting space. અટારી. (3) Bark. ભસવું (4) Reddish brown. બદામી.
Bayonet, *n.* (બૅ'યુનિટ્) Blade on rifle. સંગીન.
Bazaar, *n.* (બઝાર્) Market; fair. બજાર; મેળો.
Be, *vi.* (બી) હોવું; થવું.
Beach, *n.* (બીચ્) Shore; pebbles. કિનારો; કાંકરા.
Beacon, *n.* (બી'કન્) Signal-fire. મશાલ; હોળી.
Bead, *n.* (બીડ્) Small ball પારો; મણકો.
Beadle, *n.* (બી'ડલ્) Crier. છડીદાર.
Beak, *n.* (બીક્) Bill. ચાંચ.
Beaker, *n.* (બી'કર્) Large cup. મોટો પ્યાલો, [ગલાસ.
Beam, *n.* (બીમ્) Long piece of timber, થાંભલો. (2) Ray; light. કિરણ; પ્રકાશ. —*v.* પ્રકાશવું.
Bean, *n.* (બીન્) Seed in pod. શીંગદાણો.
Bear, *n.* (બેઅર્) A kind of beast. રીંછ. Speculator for a fall in price. મંદી સટોડીયો.—*v.* Carry; endure. લઈ જવું; સહન કરવું. To bring forth. જન્મ આપવો.

Bearable, *a.* (બે'અરબલ) Endurable. સહન થઈ શકે તેવું.
Beard, *n.* (બીઅર્ડ) દાઢીના વાળ.—*v.* Defy. સામે થવું.
Bearer, *n.* લાવનાર.
Bearing, *n.* Behaviour; aspect. ચાલ; દેખાવ.
Bearish, *a.* (બે'અરિશ્) Rough; falling. ઉદ્ધત; તોફાની; મંદ.
Beast, *n.* (બીસ્ટ્) Four-footed animal. પશુ.
Beastly, *a.* (બીસ્ટલી) પશુના જેવું Disgusting. ગંદું; નીચ.
Beat, *v.* (બીટ્) Strike. મારવું. (2) Surpass ચડીયાતા થવું.—*n.* Stroke. ફટકો; થડકો; અવાજ.
Beater, *n.* (બી'ટર્) ઢોલી; દાંડી. [પાવનકર.
Beatific, *a.* (બીઅટિફિક્) Making blessed.
Beatify, *v* (બીઍ'ટિફાઈ) Make happy. or blessed. સુખ આપવું; પાવન કરવું.
Beatitude, *n.* (બીઍ'ટિટ્યુડ્) Blessedness. સાચું સુખ; પરમ શાંતિ.
Beau, *n.* (બો') Fop; lover. ફાંકડો; આશક.
Beau ideal, *n.* (બો આઇડી'અલ) Type of excellence. ઉત્તમ નમુનો.
Beauteous, *v.* (બ્યૂ'ટીઅસ્) સુંદર. Beautiful.
Beautify, *a.* (બ્યૂ'ટિફાઈ) Adorn. સુશોભિત કરવું.

Beauty, *n.* (બ્યૂ'ટી) Charm. સૌંદર્ય; રૂપ.
Beautiful, *a.* (બ્યૂ'ટિફુલ્) Delightful. સુંદર; [રમણીય.
Became, *v.* (બીકે'ઇમ્) થયું; છાજ્યું.
Because, *adv.* (બીકૉઝ્) By reason of. કારણ કે.
Beckon, *v.* (બે'કન્) Signal. ઈસારત કરવી.
Become, *v.* (બીક'મ્) Come to be. થવું, થઈ જવું. (2) Befit. શોભવું; છાજવું.
Becoming, *a.* (બીક'મિંગ) Fit; graceful યોગ્ય શોભા આપનારૂં; શોભતું.
Bed, *n.* (બેડ્) Thing to sleep on. પથારી; પલંગ (2) Bottom. પાયો; તળીયું; સપાટી.
Bedabble, *vt.* (બીડૅ'બલ્) Splash. છાંટ મારવી.
Bedaub, *vt* (બીડૉ'બ્) Smear. લીપવું.
Bedding (બે'ડિંગ્) Mattress and bed clothes. [બિડીંગ.
Bedeck, *vt.* (બીડે'ક્) Adorn. શણગારવું.
Bedew, *v.* (બીડ્યૂ') Moisten. ભીંજવવું.
Bedlam, *n.* (બે'ડલમ્) Madhouse. ગાંડા નિવાસ.
Bedstead, (બે'ડસ્ટેડ્) ખાટલો.
Bedraggle, *vt.* (બીડ્રૅ'ગલ્) Wet. ભીંજવી નાખવું.
Bee, *n.* (બી) મધમાખી.
Beech, *n.* (બીચ્) એક જાતનું ઝાડ; તેનું લાકડું.
Beef, *n.* (બીફ્) Flesh of ox. ગોમાંસ.
Been, *p. p.* (બીન્) થયેલું.

Beer, *n.* (બીર્) Malt liquor. જવનો દારૂ.
Beestings, *n.* (બી'સ્ટીંગ્ઝ્) ખીરૂં.
Beet, *n.* (બીટ્) Kinds of plant. મીઠા રોપ.
Beetle, *n.* (બી'ટલ) એક જાતનો જીવડો; કાળો વાંદો.
Befall, *v.* (બી'ફૉલ્) Happen. માથે પડવું; બનવું.
Befit, *vt.* (બીફિ'ટ્) Suit. શોભવું.
Befool, *v.* (બીફુ'લ્) મૂર્ખ બનાવવો.
Before, *adv.* (બીફો'ર્) In front; previously. આગળ; પહેલાં.—*prep.* In presence of. આગળ.
Beforehand, *adv.* (બીફો'ર્હૅન્ડ્) In anticipation. આગમચ; આગળથી.
Befriend, *vt.* (બીફ્રે'ન્ડ્) Help. મદદ કરવી.
Beg, *v.* (બેગ્) Ask earnestly for. વિનંતિ, આજીજી કરવી; માગવું.
Began, *v.* (બીગૅ'ન્) Commenced. શરૂ થયું. કર્યું.
Beget, *vt.* (બીગે'ટ્) Produce. જન્મ આપવો; પેદા કરવું.
Beggar, *n.* (બે'ગર્) One who lives by begging. ભિખારી—*vt.* Exhaust; reduce to poverty. ખાલી, કોક કરવું. [ખરાબ.
Beggarly, *a.* (બે'ગર્લી) Poor; wretched. ગરીબ;
Begin, *v.* (બીગિ'ન્) Start. શરૂ થવું; કરવું.
Beginner, *n.* (બીગિ'નર્) Tiro. શિખાઉ.

Beginning, *n.* (બીગિ'નિંગ) Commencement. શરૂઆત; આરંભ.
Begone, *int.* (બીગૉ'ન) Go away. ચાલ્યો જા; હટ.
Beguile, *vt.* (બીગા'ઈલ્) Deceive. છેતરવું.
Begum, *n.* (બી'ગમ્) Mahomedan queen or lady. બેગમ.
Begun, *p. p.* (બીગ'ન્) શરૂ કરેલું, થયેલું.
Behalf, *n.* (બીહા'ફ્) Part. પક્ષ; તરફેણ. [વર્તવું.
Behave, *v.* (બીહે'ઇવ્) Conduct. ચલગત રાખવી.
Behaviour, *n.* (બીહે'ઇવ્યર્) Manners. ચાલચલગત
Behead, *vt.* (બીહે'ડ્) Cut the head of. માથું કાપવું; મારી નાંખવું.
Beheld, *v.* (બીહે'લ્ડ્) Saw. જોયું.
Behest, *n.* (બીહે'સ્ટ્) Order. હુકમ.
Behind, *adv.* (બીહા'ઈન્ડ્) In the rear. પછવાડે. Too late. બહુ મોડું.—*prep.* પછી; પછાડી.—*n.* પછવાડું.
Behold, *vt.* (બીહો'લ્ડ્) See. જોવું. [આભારી.
Beholden, *a.* (બીહો'લ્ડન્) Under obligation.
Behoof, *n.* (બીહૂ'ફ્) Use. ઉપયોગ; લાભ.
Behove, *vt.* (બીહો'વ્) Be duty of. છાજવું.
Being, *n.* (બી'ઇંગ્) Person or thing. વ્યક્તિ; વસ્તુ. (2) Becoming. થવું; હોવું.
Belabour, *vt.* (બીલે'ઇબર્) Thrash. ફટકારવું.

Belated, *a.* (બીલે'ઇટિડ્) બહુ મોડું; અંધકારગ્રસ્ત.
Beldam, *n.* (બે'લ્ડમ્) Hag. ડાકણ; ડોસલી.
Belch, *v.* (બેલ્ચ્) ઓડકાર ખાવો.
Belcher, *n.* (બે'લ્ચર્) બેરંગી ગલપટો.
Beleaguer, *vt.* (બીલી'ગર્) Besiege. ઘેરો ઘાલવો.
Belfry, *n.* (બે'લ્ફ્રી) Bell-tower. ઘંટ માટે ઘુમ્મટ.
Belie, *vt.* (બીલા'ય્) Fail to confirm. જૂઠું પાડવું.
Belief, *n.* (બીલી'ફ્) Trust. માન્યતા.
Believe, *v.* (બીલી'વ્) Accept as true. માનવું.
—*v.* °**er**, *n.* માનનાર.
Belike, *adv.* કદાચ; ઘણું કરીને.
Belittle, *v.* (બિલિ'ટલ્) Make little. નિંદા કરવી.
Bell, *n.v.* (બેલ્) ઘંટ; ઘંટ બાંધવો; સાબરનો અવાજ, તે કરવો. —°**wether**, *n.* ઘંટવાળું ઘેટું.
Belladonna, *n.* (બે'લડૉના) બેલેડોના.
Belle, *n.* (બે'લ્) Beautiful woman. સુંદરી.
Bellicose, *n.* (બે'લિકોસ્) Fighting. લડવાને તૈયાર.
Belligerent, *a.* (બે'લિજરન્ટ્) Warring. લડાઈ કરતું.
Bellow, *n. v.* (બે'લો) Roar. ભાંભરવું; ગર્જના. (pl.) [ધમણ.
Belly, *n.* (બે'લી) Stomach etc. પેટ.
Belong, *vi.* (બીલૉ'ન્ગ્) Be the property or party of. ની માલીકીનું હોવું; ને લગતું.—°**ings**, *n.* માલમિલકત; સગાંસંબંધી.

Beloved, *a. n.* (બીલ'વિડ્-વ્ડ્) પ્રીતિપાત્ર; પ્રિયતમ. Greatly loved.
Below, *adv.* (બીલો') Lower. નીચે; અણુછાજતું.
Belt, *n.* (બેલ્ટ્) Strap. પટ્ટો. [મિનારો; ઘુમ્મટ.
Belvedere, *n.* (બે'લ્વિડિઅર્) High turret.
Bemoan, *v.* (બીમો'ન્) Lament. કલ્પાંત કરવું.
Bench, *n.* (બેન્ચ્) Long seat. પાટલી; બાંકડો; કોરટ.
Bend, *v. n.* (બેન્ડ્) Curve. વાળવું; વળાંક
Beneath, *adv. prep.* (બીની'થ્) Below. નીચે.
Benediction, *n.* (બેનિડિ'કશન્) Blessing. આશીર્વાદ.
Benefactor, *n.* (બેનિફૅ'કટર) Donor. દાતા; ભલું કરનાર.—°**tion**, *n.* ભલું કરવું તે; ભેટ. —**Benefice**, *n.* ધર્માદો. —°**ficiary**, *a. n* લાભ લેનાર. [હિત.
Beneficence, *n.* (બીને'ફિસન્સ્) Good. પરોપકાર;
Beneficent, *a.* (બિને'ફિસન્ટ્) Doing good. પરોપકારી. [ગુણકારી; લાભદાયી.
Beneficial, *a.* (બેનિફિ'શલ્) Advantageous.
Benefit, *n. v.* (બે'નિફિટ્) Advantage; do good to. લાભ; લાભ કરવો. [પરોપકાર.
Benevolence, *n.* (બીને'વલન્સ્) Kindness. દયા;
Benevolent, *a.* (બીને'વલન્ટ્) Wishing to do good. હિતેચ્છુ; દયાળુ. [અંધકારગ્રસ્ત.
Benighted, *a.* (બિના'ઇટિડ્) In darkness.

Benign, *a.* (બીના'ઇન્) Kindly. માયાળુ.
Benignant, *a.* (બીનિ'ગ્નન્ટ્) Gracious; beneficial. દયાળુ; ઉપકારક.
Bent, *v. n.* (બેન્ટ્) વાળેલુ; વલણ.
Benumb, *vt.* (બીન'મ્) Deaden. બેરૂં, અક્કડ કરવું.
Benzoin, *n.* (બે'ન્ઝૉઈન્) લોબાન.
Bequeoth, *n.* (બિક્વી'ધ્) Leave by will વારસામાં [મુકવું.
Bequest, *n.* (બિક્વે'સ્ટ્) વારસો.
Bereave, *vt.* (બિરી'વ્) Deprive. છિન લેવું.
Bereavement, *n.* (બીરી'વમન્ટ્) Loss. મરણ વિયોગ; વિનાશ.
Berry, *n.* (બે'રી) ઠળીયા વગરનું બોર જેવું ફળ.
Berth, *n.* (બર્થ) Room. જગ્યા; ઓરડી
Beseech, *vt.* (બિસી'ચ્) Entreat. આજીજી કરવી.
Beseem, *vt.* (બિસી'મ્) Befit. છાજવું.
Beset, *vt.* (બિસે'ટ્) Surround. ઘેરી લેવું.
Beshrew, *vt.* (બિશ્રૂ') Curse. કદુવા દેવી.
Beside, *prep.* (બિસા'ઈડ્) પડખે; સરખામણીમાં દૂર.
Besides, *prep.* In addition to. ઉપરાંત. —*adv.* Also. વળી; પણ.
Besiege, *vt.* (બિસી'જ) Surround. ઘેરો ઘાલવો
Besmear, *vt.* (બિસ્મી'ર્) Cover over. લેપ કરવો.
Besmirch, *vt.* (બિસ્મ'ર્ચ) Discolour. ડાઘા પાડવા.

Besought, *v.* (બિસૉ'ટ્) આજીજી કરી.
Bespeak, *vt.* (બિસ્પી'ક્) Be proof of. સાબીતી હોવી; આગળથી રોકવું; મંગાવવું.
Besprinkle *v.* (બીસ્પ્રિ'ન્ગ્કલ્) છાંટવું.
Best, *a. adv.* (બેસ્ટ્) ઉત્તમ; ઉત્તમ રીતે.
Bestial, *a.* (બે'સ્ટિઅલ્) Brutish. પાશવ; પશુ જેવું.
Bestir, *v.* (બિ'સ્ટર્) Move. ધમાલ કરવી
Bestow, *v.* (બિસ્ટો') Give. આપવું.—°**al**, *n.* બક્ષિસ.
Bestride, *v.* (બિસ્ટ્રા'ઇડ્) પલાંગીને બેસવું.
Bet, *v. n.* (બેટ્) Wager. શરત બકવી; શરત.
Betake, *v.* (બીટે'ઇક્) Go to. જવું; આશ્રય લેવો.
Betel, *n.* (બી'ટલ્) નાગરવેલનું પાન.—°**nut**, *n.* સોપારી.
Bethink, *v.* (બિથિ'ન્ગ્ક્) Reflect. વિચાર કરવો.
Betide, *v.* (બીટા'ઇડ્) Happen (to). બનવું; પર ઉતરવું.
Betimes, *adv.* (બીટા'ઇમ્ઝ્) In good time. [વેળાસર.
Betoken, *v.* (બીટો'કન્) Be a sign of. નું ચિહ્ન હોવું.
Betray, *v.* (બીટ્રે') Be disloyal to. ફોડી દેવું; બેવફા થવું.
Betroth, *vt.* (બીટ્રો'ધ્) To pledge marriage [to. સગાઈ કરવી.
Betrothal, *n.* (બીટ્રો'ધલ) Contract of marriage. સગાઇ.

Better, *a. adv.* (બે'ટર્) વધારે સારૂં, સારી રીતે. —*n.* ચડીયાતું —*v.* Improve. સુધારવું. [સુધારણા.
Betterment, *n.* (બે'ટરમન્ટ્) Improvement.
Between, *prep. adv.* (બિટવી'ન્) In the interval. વચ્ચે.
Bevel, *n.* (બે'વલ્) સુથાર, કડીયાનો કાટખુણો.
Beverage, (બી'વરિજ્) Drink. માદક પીણું.
Bevy, *n.* (બે'વી) Company; flock of birds. મંડળ; પક્ષીનું ટોળું.
Bewail, *v.* (બીવે'ઇલ્) Mourn for. કલ્પાંત કરવું.
Beware, *v.* (બીવે'અર્) Take care. ચેતવું.
Bewilder, *v.* (બીવિ'લ્ડર્) Perplex ગભરાવવું.
Bewitch, *v.* (બીવિ'ચ્) Charm. જાદુ કરવું.
Beyond, *prep. adv.* (બીયૉ'ન્ડ્) Farther; further. દૂર; આગળ.
Bezique, *n.* (બીઝી'ક્) પત્તાંની રમત.
Bias, *n.* (બા'યસ્) Prejudice. પક્ષપાત.
Bib, *v. n.* (બિ'બ્) ખૂબ દારૂ પીવો; લાળીયું.
Bible, *n.* (બા'ઈબલ્) ખ્રીસ્તી ધર્મગ્રંથ.
Bibliography, *n.* (બિબ્લિગ્રૉ'અફી) પુસ્તકોની ટીપ; ગ્રંથસૂચી.
Bicameral, *a.* (બાયુકૅ'મરલ્) With two chambers. બે સભાવાળું.

Bicker, *v.* (બિ'કર્) Quarrel. તકરાર કરવી.
Bicycle, *n.* (બા'યુસિકલ્) સાયકલ.
Bid, *n. v.* (બિડ્) Offer; order. માગણી; હુકમ કરવો.
Bide, *v.* (બા'ઈડ્) Wait for. રાહ જોવી.
Biennial, *a.* (બાએ'નિઅલ્) Two-yearly. દ્વિવાર્ષિક.
Bier, *n.* (બીર્) Carriage to bear the dead. ઠાઠડી; શબવાહિની.
Bifurcate, *v.* (બા'યફર્કેઇટ્) બે શાખા કરવી.—°**tion**, *n.* બે વિભાગ કરવા તે.
Big, (બિગ્) Large. મોટું; ગર્ભવંતું.
Bigamy, *n.* (બિ'ગમી) એકી સાથે બે વહુ, વરને પરણવું તે. [—°**ry**, *n.* ધર્માંધતા.
Bigot, *n.* (બિ'ગટ્) Fanatic. ધર્માંધ. —°**ed**, *a.*
Bike, *n.*, *v.* (બા'ઈક્) Bicycle. સાયકલ (ચલાવવી).
Bilateral, *a.* (બાયલૅ'ટરલ્) Two-sided. બે બાજુનું.
Bile, *n.* (બાઈલ્) Ill-nature. પિત્ત; ચીડીયાપણું.
Bill, *n.* (બિલ્) ફરસી; ચાંચ; ખરડો; કિમ્મતપત્રિકા; ખબરપત્રિકા. —*v.* પંપાળવું; જાહેરાત કરવી.
Billet, *n.* (બિ'લિટ્) વાસાવરદી; નોકરી; મુકામ.
Billiards, *n.* (બિ'લ્યર્ડ્ઝ) એક જાતની રમત.
Billion, *a. n.* (બિ'લ્યન્) A million millions. મહાપદ્મ.
Billow, *n.* (બિ'લો) Wave. મોજું. —*v.* ઉછળવું.

Bimonthly, *a. n.* (બા'યૂમન્થ્લિ) પાક્ષિક; દ્વિમાસિક.
Bin, *n.* (બિન્) Receptacle for corn. પીપ.
Bind, *v.* (બાઈન્ડ્) Fasten. બાંધવું.—°**er**, બાંધનાર.
—°**ing**, *a. n.* બંધનકર્તા; બંધામણી.
Binocular, *a. n.* (બાયૂનૉ'ક્યુલર્) Having two eyes. બે આંખ માટેનું; દૂરબિન. [દ્વિપદી.
Binomial, *a. n.* (બાયૂનો'મિઅલ્) Of two terms.
Biography, *n.* (બાયૉ'ગ્રફી) Life story. જીવનચરિત.
Biographer, *n.* (બાયૉ'ગ્રફર) ચરિતલેખક.
Biology, *n.* (બાયૉ'લજી) પ્રાણી, વનસ્પતિ વિદ્યા.
Biped, *a. n.* (બા'યપેડ્) બેપગું.
Biplane, *n.* બે પ્લેઈનવાળું એરોપ્લેન.
Birch, *n.* (બર્ચ) એક જાતનું સુંવાળી છાલવાળું ઝાડ; સોટી. *v.* સોટી મારવી.
Bird, *n.* (બર્ડ) પક્ષી. —°**fancier**, *n.* પક્ષી વેચનાર. —°**lime**, *n.* પક્ષી પકડવાની લહી. —°**seed**, *n.* પક્ષી ખાય તે બીઆં. —°**of passage**, *n.* ઋતુ અનુસાર દેશાંતર કરતું પક્ષી; ફરતા રામ. —°'**s eye-view**, *n.* વિહંગાવલોકન.
Birth, *n.* (બર્થ્) Bringing forth. જન્મ; ઉત્પત્તિ. —**day**, *n.* વર્ષગાંઠ; જન્મદિવસ. —°**mark**, *n.* જન્મથીજ નિશાની. —°**place**, *n.* વતન —°**rate**, *n.* જન્મપ્રમાણ (દર હજારે).—°**right**, *n.* જન્મસિદ્ધ હક.

Biscuit, *n.* (બિ'સ્કિટ્) બીસ્કુટ.
Bisect, *vt.* (બાયસે'ક્ટ્) Divide into two parts બે ભાગ પાડવા.
Bishop, *n.* (બિ'શપ્) વડો પાદરી.
Bison, *n.* (બા'યસન્) જંગલી ગોધો, પાડો.
Bit. *n.* (બિટ્) Piece. ટુકડો; લગામનો ભાગ.
Bitch, *n.* (બિચ્) Female dog. કુતરી.
Bite, *v.* (બાઇટ્) કરડવું. —*n.* બટકું. —°**ing,** *a.*
Bitter, *a.* (બિ'ટર્) Harsh. કડવું: કડક [સખત.
Bivouac, *n.* (બિ'વુઍક્) Encampment. હંગામી છાવણી, પડાવ.
Bizarre, *a.* (બિઝા'ર્) વિચિત્ર; તરંગી.
Blab, *v.* (બ્લૅબ્) કહી નાંખવું. Let secret out.
Black, *a.* (બ્લૅક્) Dark; wicked. કાળું; અધમ. —*n.* કાળો રંગ; હબશી. —*v.* પૉલિશ કરવો. —**art,**
Blackbird, *n.* એક જાતનું ગાઢું પક્ષી. [*n* મેલું જાદુ.
Blackboard, *n* (બ્લૅ'ક્બૉર્ડ્) કલાસનું પાટીયું.
Blacken, *v.* (બ્લૅ'કન્) Stain. કાળું કરવું.
Blackguard, *n.* (બ્લૅ'ગાર્ડ્) Scoundrel. હરામખોર. —*v.* ગાળો ભાંડવી. [ધુતારો.
Blackleg, *n.* (બ્લૅ'ક્લેગ્) A notorious swindler.
Blacklist, *n.* (બ્લૅ'ક્લિસ્ટ્) A printed list of insolvents. દેવાળીયાની ટીપ.

Blacking, *n.* (બ્લૅ'કિંગ્) Boot-polish. બુટપાલિસ.
Blackmail, *v. n.* (બ્લૅ'ક્મેઇલ) ધમકી આપી પૈસા [કઢાવવા.
Blacksmith, *n.* (બ્લૅ'ક્સ્મિથ્) લુહાર.
Bladder, *n.* (બ્લૅ'ડર્) Bag. કોથળી; મૂત્રાશય; બહુ [બોલકો.
Blade, *n.* (બ્લેઇડ્) સળી; પાનું.
Blame, *v. n.* (બ્લેઇમ) Censure ઠપકો આપવો; ઠપકો.
Blanch, *v.* (બ્લાન્ચ્) Make white. સફેદ કરવું.
Bland, *a.* (બ્લૅન્ડ્) Polite; balmy. વિનયી; શાંતિજનક.
Blandish, *n.* (બ્લૅ'ન્ડિશ્) Flatter. લાડ લડાવવાં.
Blandishment, *n.* (બ્લૅ'ન્ડિશ્મેન્ટ) Flattery. ખુશામત; નખરાં.
Blank, *a.* (બ્લૅન્ગ્ક્) Void of interest; not written on. નીરસ; કોરૂં. —*n.* કોરી જગ્યા. —°**verse**, *n.* પ્રાસ વગરની કવિતા.
Blanket, *n.* (બ્લૅ'ન્ગ્કિટ્) ધાબળો. —*v.* ઢાંકી દેવું.
Blankly, *adv.* ચોકખી રીતે; લાચારીથી.
Blare, *v. n* (બ્લેઅર્) Trumpet. શીંગું, તુરી ફુંકવી; તેનો અવાજ.
Blaspheme, *v.* (બ્લૅસ્ફી'મ) Profane. અપવિત્ર બોલવું. —°**mous**, *a.* નાસ્તિક જેવું. —°**my**, *n.* નાસ્તિક વચન. [ઉડાવી દેવું.
Blast, *n.* (બ્લાસ્ટ્) Gust. સપાટો. —*v.* Blow up.
Blatant, *a.* (બ્લે'ઇટન્ટ્) Obvious. આંખે ચડે તેવું; ઉઘાડું.

Blaze, *n.* (બ્લેઇઝ્) Outburst of flame or passion. ભડકો; આવેશ. —*v.* સળગી ઉઠવું. —*n.* સફેદ નિશાની. —*v.* Proclaim. જાહેર કરવું. —°**er**, *n.* રંગીન જાકીટ.

Blazon, *n.* (બ્લેઇઝન્) A coat of arms. ઢાલ. મહોર. —*v.* Proclaim. જાહેર કરવું.

Bleach, *v.* (બ્લીચ્) Whiten. સફેદ કરવું; કાંજી પાવી.

Bleak, *a.* (બ્લીક્) Bare; chilly. વેરાન; ઠંડું.

Blear, *a. v.* (બ્લીર્) ઝાંખી નજરનું; ઝાંખું કરવું.

Bleat, *v. n.* (બ્લીટ્) Cry like goat etc. બેં બેં કરવું; બેં બેં.

Bleed, *v.* (બ્લીડ્) Draw or emit blood or money; suffer. લોહી, પૈસા કાઢવા; દુઃખી થવું. [ડાઘ.

Blemish, *v. n.* (બ્લે'મિશ્) Spoil; stain બગાડવું;

Blench, *v.* (બ્લે'ન્ચ્શ્) Flinch. સંકોચ પામવો.

Blend, *v.n.* (બ્લેન્ડ્) Mix; mixture. મેળવવું; મેળવણી.

Bless, *v.* (બ્લેસ્) Make happy. દુવા માગવી. આપવી; સુખી થવું, કરવું. —°**ed, t**, *a* પૂજ્ય; સ્વર્ગસ્થ. —°**ing**, *n.* આશીર્વાદ.

Blew, *v.* (બ્લૂ) ફુંક્યું. [છોડનો રોગ; સુકવી નાંખવું.

Blight, *n. v.* (બ્લાઇટ્) Plant disease; wither,

Blind, *a.* (બ્લાઈન્ડ્) Without sight. આંધળું. —*v.* આંધળું કરવું. —*n.* °**screen**, પડદો. —°**fold**, *a. adv. v.* પાટા બાંધેલું. બાંધવા. —°**man's-buff**,

n. આંધળો પાડો રમત. —'**ness,** *n.* અંધાપો.

Blink, *v.* (બ્લિન્ક્) To wink. આંખ પટપટાવવી, મીંચવી. [રમણીય.

Bliss, *n.* (બ્લિસ્) Joy. આનંદ. —'**ful,** *a.* સુખી;

Blister, *n.* (બ્લિ'સ્ટર્) Boil; plaster. ગડ; પ્લાસ્ટર. —*v.* ગડ નીકળવું.

Blithe, *a.* (બ્લાઈધ્) Gay. રમતીઆળ.

Blizzard, *n.* (બ્લિ'ઝર્ડ) Snowstorm. બરફનાં ઝાપટાં.

Bloat, *v.* (બ્લોઉટ્) Inflate. ફુલાવવું.

Block, *n.* (બ્લૉક્) Large piece of wood etc. ઠુંઠું; ઓટું; કકડો; મકાન; અડચણ. —*v.* Obstruct. રોકવું.

Blockade, *n. v.* (બ્લૉકે'ઇડ્)Siege. ઘેરો; ઘેરો ઘાલવો.

Blockhead, *n.* (બ્લૉ'કહેડ) Stupid fellow. મૂર્ખ.

Blond(e), *a.* (બ્લૉન્ડ્) A fair woman. ગોરા રંગનું. *n.* ગોરી.

Blood. *n.* (બ્લડ્) લોહી; વંશ; સગપણ.—'**hound,** *n.* શિકારી કુતરો —'**shed,** *n.* ખુનામરકી—'**shot,** *a.* લોહીઆળ.—'**vessel,** *n.* નસ.

Bloody, *a.* (બ્લ'ડિ) Cruel. ખુનખાર; લોહીઆળ.

Bloom, *n. v.* (બ્લૂમ્) Flower; flourish. ફુલ; ખીલવું. [ફુલવું.

Blossom, *n.* (બ્લૉ'સમ્) Flower. ફુલ. *v.* Bloom.

Blot. *n. v.* (બ્લૉટ) Spot; stain; dry. ડાઘો શાહીચૂસ

લગાડવું. To disgrace. to spot. કલંક લગાડવું. ડાઘ
Blotch, *n.* (બ્લૉચ્) Patch. ચાઠું; ડાઘ. [પાડવો.
Blotter, *n.* (બ્લૉ'ટર્) શાહીચૂસ, બ્લાટીંગનું પૅડ.
Blotting-paper, *n.* બ્લાટીંગ; શાહીચૂસ.
Blouse, *n.* (બ્લાઉઝ્) સ્ત્રીની ચોળી.
Blow, *v.* (બ્લો) Sound. ફુંકવું. —*v.* ખીલવું. — *n.* Stroke. ફટકો.
Bludgeon, *n.* (બ્લ'જન્) Heavy stick. ધોકો.
Blue, *a.* (બ્લૂ) ભુરૂં; આસમાની; ગુઢું
Blue-stocking, *n.* (બ્લૂ'સ્ટૉકિન્ગ) A literary lady. વિદુષી; પંડિતા.
Bluff, *a.* (બ્લફ્) Blunt. —*n.* Threat. ધમકી.
Blunder, *v.* (બ્લ'ન્ડર્) Make mistake. ભૂલ કરવી. —*n.* મોટી ભૂલ.
Blunt, *a.* (બ્લન્ટ્) Dull; plain-spoken. બુઠ્ઠું; ચોકખું કહી નાંખતું. —*v.* બુઠ્ઠું કરવું.
Blur, *v.* (બ્લર્) Make dim. ઝાંખું કરવું. *n.* Stain. ડાઘો; કલંક.
Blurt, *v.* (બ્લર્ટ્) Speak out. કહી દેવું.
Blush, *v.* (બ્લશ્) To redden. લાલી ચડવી. —*n.* લાલી; સુરખી.
Bluster, *v.* (બ્લ'સ્ટર્) To roar; to boast. ધાંધલ કરવું, બડાઈ મારવી. —*n.* Roar; boast. બડાઈ.

Boa-constrictor, *n.* (બોઅકન્સ્ટ્રિ'ક્ટર) Python. [અજગર.

Boar, *n.* (બોર) A male swine. ભુંડ.

Board, *n.* (બૉ'ર્ડ) Plank; table; food. પાટીયું. ભોજન (2) Committee. મંડળી–સભા. *v.* To embark; to supply with food. ચડવું; જમાડવું. **—er**, *n.* બોર્ડીંગમાં રહેનાર.

Boarding House, *n.* (બૉ'ર્ડિંગ હાઉસ) જમવા રહેવાની સગવડતાવાળી વીશી, છાત્રાલય.

Boast, *n.* (બોસ્ટ) Brag. બડાઈ; To brag. બડાઈ [મારવી.

Boat, *n.* (બોટ) Vessel. હોડી.

Boatswain, *n.* (બો'સન્) વહાણનો અમલદાર.

Bob, *n.* (બૉબ) ઝુમખો; ટુંકા વાળ; શિલીંગ.

Bobbin, *n.* (બૉ'બિન્) ફિરકી.

Bode, *v.* (બોડ) Foretell. આગાહી આપવી.

Bodice, *n.* (બૉ'ડિસ્) કાંચળી. Inner vest.

Body, *n.* (બૉ'ડિ) Person; trunk. માણસ; શરીર; મંડળ; સ્થૂલતા. **–°guard**, *n.* અંગરક્ષક.

Bog, *n.* (બૉગ) Morass. ભીની જમીન.

Boggle, *v.* (બૉ'ગલ્) Hesitate; be confused. ફાંફાં મારવાં; ઢચુપચુ રહેવું.

Bogie, *n.* (બો'ગી) Scarecrow. ચાડીયો; ભૂત.

Bogus, *a.* (બો'ગસ્) Sham. જૂઠું.

Bogy(gey), *n.* (બો'ગી) Bugbear. ભડકામણું.

Bohemian, *a.* (બોહી'મિઅન્) Of free habits. સ્વચ્છંદી; વિચિત્ર.

Boil, *v.* (બૉઈલ્) Heat. ઉકાળવું. —*n.* A swelling. ગુમડું. —°**er**, *n.* (બૉ'ઇલર્) વરાળ પેદા કરવાનું યંત્ર.

Boisterous, *a.* (બૉ'ઈસ્ટરસ્) Noisy. ધાંધલીયું.

Bold, *a.* (બોલ્ડ્) Courageous; impudent. બહાદુર; બેશરમ.

Bolshevik, *n.* (બૉ'લ્શિવિક્) Revolutionary. ચળવળીયો. —°**vism**, *n.* પરિવર્તનવાદ.

Bolster, *v. n.* (બો'લ્સ્ટર્) Support. ટેકો આપવો; લાંબું ઓશીકું.

Bolt, *v. n.* (બોલ્ટ્) Run away; fasten. નાસી જવું; આગળો વાસવો. આગળો મારવો. *n.* Bar of a door.

Bolus, *n.* (બો'લસ્) મોટી ગોળી (દવાની).

Bomb, *n. v.* (બૉમ્) Case of explosive. બૉમ્બ; તે મારવો. [ચલાવવો.

Bombard, *v.* (બૉ'મ્બાર્ડ્) ગોળા, ગાળનો મારો

Bombast, *n.* (બૉ'મ્બસ્ટ્) Tall talk. મોટી મોટી વાત. —°**ic**, *a.* શબ્દાડંબરી.

Bona-fide, *a.* (બો'નફા'યૃદિ) Genuine. ખરેખરૂં. —(*pl.*) *n.* પ્રમાણિકતા. *ad.* With good faith. પ્રમાણિકપણે. [—°**man**, ગુલામ.

Bond, *n.* (બૉન્ડ) What binds. બંધન; કરાર.

Bondage, *n.* (બૉ'ન્ડિજ્) Slavery; confinement. ગુલામી; બંધન.

Bone, *n.* (બોઉન્) હાડકું. —'**head**, *n.* મૂર્ખ. —**Bone setter**, *n.* હાડકાં બેસાડનાર —'**ny**, *a.* બહુ હાડકાંવાળું; બહુ પાતળું.

Bonfire, *n.* (બૉ'ન્ફાયર્) Triumphal fire. હોળી.

Bonhomie, *n.* (બૉ'નમી) Geniality. મિલનસાર [પ્રકૃતિ.

Bonnet, *n.* (બૉ'નિટ્) સ્ત્રીની ટોપી; હૅટ.

Bonny, *a.* (બૉ'ની) Comely. સુંદર.

Bonus, *n.* (બો'નસ્) Extra allowance. હકસી.

Booby, *n.* (બૂ'બી) A fool. મૂર્ખ.

Book, *n.* (બુક્) ચોપડી; પુસ્તક; પ્રકરણ. (pl.) ચોપડા; શરત. —*v.* ચોપડે ચડાવવું; ટીકીટ લેવી. —'**keeper**, *n.* હિસાબ રાખનાર. —'**worm**, *n.* બહુ વાંચનાર; ઉધઈ. —'**ing office**, *n.* ટીકીટ હૉફીસ. —'**ish** *a.* પુસ્તકીયું.

Boom, *n.* (બૂમ્) A deep sound. આડચ; ઘોર અવાજ; સનસનાટી —*v.* To roar. બરાડવું મોટે અવાજે બોલવું.

Boon, *n.* (બૂન્) Blessing; favour. વરદાન. —*a.* [આનંદી.

Boor, *n.* (બૂર્) Ill mannered person. લબાડ. —'**ish**, *a.* [ફેલાવવી.

Boost, *n.* *v.* (બૂસ્ટ) વખાણથી ચડાવવું; સનસનાટી

Boot, *n. v.* (બૂટ્) Use; leather covering for foot. ઉપયોગ; કામમાં આવવું; બુટ. —°**jack,** *n.* જીમ. —°**lace,** *n.* બુટની દોરી; વાદળી. —°**ed,** બુટ પહેરેલો. —°**less,** *a.* જોડા વગરનો; નિરુપયોગી. —°**ee,** *n.* સ્ત્રી કે બાલકનો બુટ. —°**s** *n.* હોટલનો નોકર.

Booth, *n.* (બૂથ્) Stall. માંડવો.

Bootlegger, *n.* (બૂ'ટ્લેગર્) છુપી રીતે છુટક દારૂ લેનાર, વેચનાર

Booty, *n.* (બૂ'ટિ) Plunder. લુંટનો માલ.

Bopeep, *n.* (બોપી'પ) નાસોગોસો. A child's play.

Boracic, *a.* (બરૅ'સિક્) બોરાસિક.

Border, *n.* (બૉ'ર્ડર્) Boundary. સીમા; કિનારી; તેના પર રહેવું.

Bore, *v.* (બોર્) Carried; make hole. ઉપાડયું; વીંધ પાડવું; કંટાળો આપવો. —*n.* વીંધ; કંટાળો આપનાર.

Born, *v.* (બૉર્ન્) Brought forth. જન્મેલો.

Borough, *n.* (બ્યૂ'ર) મ્યુનિસિપાલિટીવાળું શહેર.

Borrow, *v.* (બૉ'રો) Take on loan. ઉચ્છીનું લેવું. ચોરવું. [વાત; છટ્.

Bosh, *n. int.* (બૉશ્) Nonsense. મૂર્ખાઇભરેલી

Bosom, *n* (બૂઝમ્) Breast. છાતી; હૃદય.—°**friend,** *n.* દિલોજાન મિત્ર.

Boss, *n. v.* (બૉસ્) Master, ઉપરિ; ઉપરિ બનવું; ગઠ્ઠો,

Botany, *n.* (બૉ'ટની) Science of plants. વનસ્પતિ વિદ્યા. —°**nic**, *a.* તેને લગતું. —°**nist**, *n.* તે વિદ્યા જાણનાર.

Botch, *n. v.* (બૉ'ચ્) થીગડથાગડ; જેમ તેમ થીગડું [મારવું.

Both, *a. pron.* (બોઉથ્) Pair of. બન્ને.

Bother, *v.* (બૉ'ધર્) Give trouble. માથું પકવવું. —*n.* માથાકુટ. —**ation** *n.* —**some**, *a.*

Bottle, *n. v.* (બૉ'ટલ્) શીશી; તેમાં ભરવું; ઘાસની ભારી.

Bottom, *n.* (બૉ'ટમ્) Lowest part. તળીયું.

Boudoir, *n.* (બૂ'ડવાર્) Lady's private room.

Bough, *n.* (બાઉ) Branch. ડાળી.

Bought, *v.* (બૉટ્) Purchased. ખરીદ કર્યું.

Boulder, *n.* (બો'લ્ડર્) છુટો પડેલો ખડક; મોટી શિલા.

Boulevard, *n.* (બૂ'લ્વ્હાર્) ઝાડની લાઈનવાળો રસ્તો.

Bounce, *v.* (બા'ઉન્સ્) Spring. ઉછળવું. —*n.* કુદકો. —°**r**, *n.* મોટો નમુનો, જૂઠાણું. —°**cing**, *a.* પુષ્ટ અને આનંદી.

Bound, *n. v.* (બાઉન્ડ્) Limit; jump. હદ; હદ બાંધવી; કુદકો; તે મારવો.—*a.* તરફ જતું. —°**ary**, *n.* સીમા; બાઉન્ડરી. —°**en**, *a.* ચોક્કસ.

Bounteous(tiful), *a.* (બા'ઉન્ટીઅસ-ન્ટિફુલ) Generous. ઉદાર.

Bounty, *n.* (બા'ઉન્ટી) Gift. દાન; મદદ.
Bouquet, *n.* (બૂ'કે) Bunch of flowers. ફુલની કલગી.
Bourn (e), *n.* (બૂર્ન) Stream; goal. પ્રવાહ; ધામ.
Bout, *n.* (બાઉટ્) Turn. વારો.
Bovine, *a.* (બો'વાઈન્) Of oxen. ગાયબળદનું, જેવું.
Bow, *n.* (બો) ધનુષ્; ગજ; સરકીયું; —°**legged,** *a.* રાંટા પગવાળું. —°**man,** *n.* બાણાવલિ —°**window,** *n.* અટારી.
Bow, *v. n.* (બાઉ) Salute. નમન કરવું; નમન; આગલો ભાગ.
Bowels, *n.* (બા'વિલ્સ્) Intestines. આંતરડાં; દયા વગેરેની લાગણી; અંદરનો ભાગ.
Bower, *n.* (બા'વર્) Arbour. સ્ત્રીનો ઓરડો; લતા-[મંડપ.
Bowl, *n* (બોઉલ્) Basin. પ્યાલું; કુંડી. —*v.* દડો ફેંકવો; આઉટ કરવું —°**er,** *n.* દડો ફેંકનાર; કઠણ હૅટ.
Box, *n.* (બૉક્સ્) Shrub; chest; compartment. એક જાતની બારમાસી; પેટી; બેઠક; કમરો.—*v.* મુક્કાબાજી કરવી —°**er,** *n.* પહેલવાન.
Boy, *n.* (બૉય્) Male child. છોકરો. —°**hood,** *n.* કુમારાવસ્થા.—°**ish,** *a.* છોકરા જેવું.
Boycott, *v.* (બૉ'યૂકૉટ્) Stop dealings with. બહિષ્કાર કરવો.—*n.* બહિષ્કાર.

Brace, *n. v.* (બ્રેઇસ્) Pair; strengthen. જોડી; પટો; જોર આપવું. —°**let**, *n.* An ornament for the wrist. પોચી; સાંકળી.

Bracken, *n* (બ્રૅ'કન્) Fern. ઝાંખરાં.

Bracket, *n. v.* (બ્રૅ'કિટ્) કૌંસ; ટેકણ; જોડવું.

Brackish, *a.* (બ્રૅ'કિશ્) Saltish ખારૂં; ભાંભળું.

Brag, *v. n.* (બ્રૅગ્) Boast. બડાઈ હાંકવી; બડાઇ.
—**Braggart**, *n.* (બ્રૅ'ગર્ટ) Boaster. બડાઈખોર.

Brahmin, *n.* (બ્રા'હ્મિન) બ્રાહ્મણ.

Braid, *n.* (બ્રેઇડ્) Tress. વાળની લટ; દડો —*v.* To weave. ગુંથવું.

Brain, *n.* (બ્રેઇન્) મગજ; બુદ્ધિ.—°**y**, *a.* બુદ્ધિશાળી.

Brake, *n. v.* (બ્રેઇક્) ઝાંખરાં; ઝાડી; રોકવાનું યંત્ર; ખંપાળો; રોકવું.

Bramble, *n.* (બ્રૅ'મ્બલ્) Shrub. ઝાંખરૂં.

Bran, *n.* (બ્રૅન્) Husks. છોડાં; થુલું.

Branch, *n. v.* (બ્રાન્ચ્) Offshoot. શાખા —*v.* વિભાગ કરવા.

Brand, *n.* (બ્રૅ'ન્ડ્) Torch; stamp; sword; મશાલ; છાપ; તલવાર. —*v.* છાપ મારવી; કલંક લગાડવું. -°**new**, —ચકચકિત નવું.

Brandish, *v.* (બ્રૅ'ન્ડિશ્) Flourish. ફેરવવું.

Brandy, *n.* (બ્રૅ'ન્ડી) Spirit. દારૂનો અર્ક.

Brass, *n.* (બ્રાસ) Copper with zinc. પિત્તલ.
Brat, *n.* (બ્રૅટ્) Child, છોકરૂં (ખરાબ)
Bravado, *n.* (બ્રવા'ડો) ડોળઘાલુ બહાદુરી; બડાઈ.
Brave, *a.* (બ્રેવ્) Courageous. બહાદુર; ફાંકડું. બહાદુરી; —°**ry**, *n.* બહાદુરી.
Bravo, *n. int.* (બ્રાવો) ધાંધલીયો; વાહવાહ.
Brawl, *n. v.* (બ્રૉલ્) Quarrel; be noisy કજીયો; ઘોંઘાટ કરવો
Brawn *n* (બ્રૉન્) Muscle સ્નાયુ —°**y**, *a.* મજબૂત.
Bray, *n. v.* (બ્રે) Cry like ass. ભુંકવું. Pound. [ખાંડવું.
Braze, *v.* (બ્રેઇઝ્) રેણ દેવું.
Brazen *a p.* (બ્રે'ઝ્ઝન) Impudent બેશરમ. —*v.* નફટાઈ કરવી
Brazenfaced, *a* Shameless. બેશરમ.
Brazier, *n.* (બ્રે'શ્ઝર્) કંસારો; સગડી.
Breach, *n.* (બ્રીચ) Quarrel ભંગ; કજીયો; બાકોરૂં.
Bread, *n.* (બ્રેડ્) પાંઉ; રોટલો. [વિશાલતા.
Breadth *n.* (બ્રેડ્થ) Broadness. પહોળાઈ;
Break, *v.* (બ્રેક્) Burst. ભાંગી જવું. —*n.* ભંગ —°**able**, *a.* —°**age**, ભાંગતોડ. —°**down**, *n.* નબળા પડી, ભાંગી, જવું તે. —°**er**, *n.* મોજું. —°**fast**. *n.* (બ્રે'કફ્સ્ટ) સવારનું ખાણું. —°**neck**, *a.* (બ્રે'કનેક) ભયંકર. —°**water**, *n.* બંધ.

Breast, *n.* (બ્રેસ્ટ્) Chest. છાતી; સ્તન. *v.* To face. છાતી કહાડવી; સામા થવું.

Breath, *n.* (બ્રેથ્) Air taken in શ્વાસ; શબ્દમાત્ર. —°**less**, *a.* (બ્રે'થલિસ) હાંફતો.

Breathe, *v.* (બ્રીધ્) Respire. શ્વાસ લેવો; ધીમેથી કહેવું.—°**hing**, *n* (બ્રી'ધિંગ) શ્વાસક્રિયા.

Bred, *v.* (બ્રેડ્) Brought up. ઉછરેલો.

Breeches, *n.* (બ્રી'ચીઝ્) પગપટ્ટા; પાટલુન; ચડ્ડી.

Breed, *v. n.* (બ્રીડ્) Rear. ઉછેરવું. *n.* Offspring. સંતતિ.—°**ing**, *n.* કેળવણી; ઉછેર.

Breeze, *n* (બ્રી'ઝ્) Gentle wind. લહરી.—°**zy**, *a.* [હવાવાળું; લહેરી.

Brethren, *n.* (બ્રે'ધ્રિન્) સાથી.

Brevity, *n.* (બ્રે'વિટી) Shortness. ટુંકાણ.

Brew, *v.* (બ્રુ) દારૂ બનાવવો.—°**er**, *n.* તે બનાવનાર. —°**ery**, *n.* તે બનાવવાની જગ્યા.

Briar, *n.* (બ્રા'યર્) જંગલી ગુલાબ; ઝાંખરૂં.

Bribe, *n.* (બ્રાઈબ્) Inducement. લાંચ. *v.* તે આપવી.—°**ry**, *n.* લાંચરૂશ્વત.

Brick, *n.* (બ્રિક્) Baked clay. ઈંટ. —°**kiln**, [*n.* તેની ભઠ્ઠી.

Bricklayer, *n.* (બ્રિ'કલેયર) Mason કડીઓ

Bridal, *n. a.* (બ્રા'ઈડલ્) Marriage. લગ્ન; વહુ સંબંધી.

Bride, *n.* (બ્રા'ઈડ્) A woman about to be or newly married. કન્યા; નવવધૂ.

Expedition, *v.* (એક્સ્પીડિ'શન) સપાટો; સફર. **—nary**, *a.* પર્યટનમાં રોકેલું.
Expel, *v.* (ઇક્સ્પે'લ્) Drive out. બહાર કાઢવું.

Expend, *v.* (ઇકસપે'ન્ડ્) Spend. ખરચવું.
Expenditure, *n.* (ઇકસ્પે'ન્ડીચર્) ખર્ચ.
Expense, *n.* (ઇકસપે'ન્સ્) Charge. કિંમત; ખર્ચ.
Expensive, *a* (ઇકસપે'ન્સિવ્) કિમતી; ખર્ચાળ.
Experience, *n.* (ઇકસપી'રિઅન્સ્) Practical knowledge. અનુભવ.
Experiment, *n.* (ઇકસ્પે'રિમન્ટ્) Test. પ્રયોગ.
Expert, *a.* (ઇકસપ'ર્ટ્) Skilful. પ્રવીણ; પારંગત. —*n.* (એ'-)
Expiate, *v.* (ઇ'કસ્પિએઇટ્) Atone for. પ્રાયશ્ચિત્ત, બદલો આપવો.
Expire, *v.* (એકસ્પા'યર્) End; die. ખુટી જવું; મરવું.
Expiration, *n.* (એકસપિરે'ઇશન્) અંત. —**tory**, *a.* શ્વાસ બહાર કાઢવાનું.
Expiry, *n.* (ઇકસપા'યરિ) અંત.
Explain, *v* (ઇકસ્પ્લે'ઇન્) Make clear. સમજાવવું.
Explanation. *n* (એકસ્પ્લને'શઇન્) ખુલાસો. —**tory**, *a.* (ઇકસ્પ્લૅ'નટરી) ખુલાસાવાળું.
Expletive, *a. n* (ઇકસ્પ્લી'ટવ) વાકયપૂરક.
Explicable, *a.* (એ'કસ્પ્લિકબલ્) Explainable. સમજાવી શકાય તેવું.
Explicit, *a.* (ઇકસ્પ્લિ'સિટ્) Clear. સ્પષ્ટ. [ફાટવું.
Explode, *v.* (ઇકસ્પ્લો'ડ્) Blow up. ઉડાવી દેવું;

Exploit, *n.* (એ'ક્સ્પ્લૉઇટ્) Feat. પરાક્રમ. —*v.* (ઇકસ્પ્લૉ'ઈટ્) સ્વાર્થી ઉપયોગ કરવો.

Explore, *v.* (ઇક્સ્પ્લો'ર્) Travel to search. મુસાફરી કરી, શોધ કરવી.

Explosion, *n.* (ઇક્સ્પ્લો'શ્ઝન્) Burst. ધડાકો.

Explosive, *a. n.* (ઇક્સપ્લો'ઝિવ્) ફાટે તેવુ; તેવો પદાર્થ. [પ્રકાશક.

Exponent, *n.* (ઇક્સ્પો'નન્ટ્) બતાવનાર, ઘાતચિહ્ન;

Export, *v.* (ઇક્સ્પૉ'ર્ટ્) Send out. નિકાસ કરવી. —*n.* (એ'–) નિકાસ.

Expose, *v.* (ઇક્સ્પો'ઝ્) Lay open. ખુલ્લુ કરવું.

Exposure, *n.* (ઇક્સ્પો'શ્ઝર્) ખુલ્લુ મુકવું તે.

Exposition, *n.* (એક્સ્પઝિ'શન્) સમજુતી.

Expostulate, *v.* (ઇક્સ્પૉ'સ્ટ્યુલેઇટ્) Remonstrate. સમજાવવું. —**tion**, *n.* —**tulatory**, *a.*

Expound, *v.* (ઇક્સ્પા'ઉન્ડ્) Explain. સમજાવવું.

Express, *v.* (ઇક્સ્પ્રે'સ્) Represent. દર્શાવવું. —*n.* ખાસ, ઉતાવળે મોકલેલો માણસ, સંદેશો, ગાડી. —*a.* સ્પષ્ટ; તાકીદનું. —**ible**, *a.* દર્શાવી શકાય તેવું.

Expression, *n.* (ઇક્સપ્રે'શન્) શબ્દ; ભાવ.

Expressive, *a.* (ઇક્સપ્રે'સિવ્) ભાવસૂચક.

Expulsion, *n.* (ઇક્સપ'લ્શન્) Banishment. કાઢી મુકવું તે.

Expunge, *v.* (ઇક્સ્પ'ન્જ) Remove. કાઢી નાખવું.
Exquisite, *a.* (એ'ક્સ્ક્વિઝિટ્) Fine; acute. ઉત્તમ; તીવ્ર.
Extant. *a.* (એ'ક્સટન્ટ્) મળી આવતું.
Extempore, *adv.* (ઇક્સ્ટે'મ્પરી) Without preparation. તાત્કાલિક.
Extemporaneous, *a.* (ઇક્સ્ટેમ્પરે'નિઅસ્) તૈયારી વગરનું.
Extemporize, *v.* (ઇક્સ્ટે'મ્પરાઇઝ) એકદમ ઘડી કાઢવું.
Extend, *v.* (ઇક્સ્ટે'ન્ડ્) Lay out; accord. ફેલાવવું; આપવું.
Extensive, *a.* (ઇક્સટે'ન્સિવ્) Far-reaching. બહોળું; વિસ્તૃત.
Extension, *a.* (ઇક્સ્ટે'નશન્) વિસ્તાર.
Extent, *n* (ઇક્સ્ટે'ન્ટ્) Width. વિસ્તાર.
Extenuate, *v.* (ઇક્સ્ટે'ન્યુએઇટ) Lessen. ઓછું કરી બતાવવું
Extenuation, *n.* (ઇક્સ્ટેન્યુએ'ઇશન) અલ્પોક્તિ.
Exterior, *n. a.* (ઇક્સ્ટી'રીઅર્) Outer part. બહારનો ભાગ; બહારનું.
Exterminate, *v.* (ઇક્સટ'મિનેઇટ્) Destroy. નાશ કરવો.
Extermination, *n.* (ઇક્સટર્મિને'ઇશન્) વિનાશ.
External, *a* (ઇક્સટ'નલ) Outside બહારનું.

Extinct, *a.* (ઇકસટિ'ન્કટ્) Put out; not existing. ઓલવાઈ ગએલું; બાતલ થએલું.
Extinction, *n.* (ઇકસટિ'ન્કશન્) વિનાશ.
Extinguish, *v.* (ઇકસટિ'ન્ગ્વિશ્) Quench. ઓલવી નાખવું.
Extinguisher, *n.* (ઇકસટિ'ન્ગ્વિશર્) ઓલવી નાખવાનું ઢાંકણું. [નાખવું.
Extirpate, *v*, (એ'કસટર્પેઇટ્) Root out. ઉખેડી
Extirpation, *n.* (એકસટર્પે'ઇશન્) ઉચ્છેદ; નાશ.
Extol, *v.* (ઇકસટૉ'લ્) Praise. વખાણ કરવાં.
Extort, *v.* (ઇકસટૉ'ર્ટ્) Get by force. કઢાવવું.
Extortion, *n.* (ઇકસટૉ'ર્શન્) કઢાવવું તે.
Extortionate, *a.* (ઈકસટૉ'રશનેઈટ) જુલમી.
Extra, *a. adv. n.* (એ'કસ્ટ્રા) Additional. વધારાનું.
Extract, *v.* (ઇકસ્ટ્રૅ'કટ્) Draw. કાઢવું.—*n.* (એ'-) Passage; essence. ફકરો; તત્ત્વ; અર્ક.
Extraction, *n.* (ઇકસ્ટ્રૅ'કશન) ખેંચવું તે; ઓલાદ.
Extradition, *n.* (એકસટ્રડિ'શન્) નાસી આવેલાને સોંપી દેવો તે. [દેવું; કબજે મેળવવો.
Extradite, *v.* (એ'કસટ્રડાઇટ્) Hand over. સોંપી
Extraneous, *a.* (ઇકસ્ટ્રૅ'નિઅસ્) Foreign. બહારનું; વિજાતીય. [અસધારણ.
Extraordinary, *a.* (ઇકસ્ટ્રૉ'ર્ડિનરી) Unusual.

Extravagant, *a.* (ઇક્સટ્ર'વગન્ટ્) Absurd; wasteful. મૂર્ખાઈ ભર્યું; ઉડાઉ.

Extravagance, *n.* (ઇક્સટ્રૅ'વગન્સ્) ઉડાઉપણું.

Extravaganza, *v.* (ઇક્સટ્રૅવગૅ'ન્ઝા) વિચિત્ર પ્રબંધ.

Extreme, *a.* ૨ૂ. (ઇક્સ્ટ્રી'મ) Far-off; severe. અત્યંત; આકરૂં.

Extremely, *adv.* (ઇક્સ્ટ્રી'મલી) અત્યંત.

Extremeness, *n.* (ઇક્સ્ટ્રી'મનિસ્) અતિશયતા.

Extremist, *n.* (ઇક્સ્ટ્રી'મીસ્ટ્) ઉદ્દામ; અત્યંત આકરાં પગલાં લેનાર.

Extremity, *n.* (ઇક્સ્ટ્રે'મિટી) છેડો End.

Extricate, *v.* (એ'ક્સ્ટ્રીકેઇટ્) Free. છુટું, મુક્ત કરવું.

Extrication, *n.* (એક્સ્ટ્રીકે'ઇશન્) મુક્તિ.

Extricator, *n.* (એક્સ્ટ્રીકે'ઇટર્) છુટું કરનાર.

Extrinsic, *a.* (ઇક્સટ્રિ'ન્સિક્) Extraneous. બહારનું.

Exuberant, *a.* (ઇગ્ઝયૂ'બરન્ટ્) Overflowing. પુરપાટ; વિપુલ.

Exude, *v.* (ઇગઝયૂ'ડ્) Give off; ooze out. કાઢવું; નીકળવું.

Exult, *v.* (ઇગ્ઝ'લ્ટ્) Rejoice. હર્ષમાં આવવું; [ગર્વ કરવો.

Exultant, *a.* (ઇગ્ઝ'લ્ટન્ટ્) હર્ષોન્મત્ત.

Exultation, *n.* (એગઝલ્ટે'ઇશન્) હર્ષ.

Eye, *n.* (આઈ) Organ of sight. આંખ; દૃષ્ટિ; નજર.

Eye-ball, *n.* (આ'ઇબૉલ્) ડોળો.
Eye-brow, *n.* (આ'ઇબ્રાઉ) ભમર.
Eye-glass, *n.* (આ'ઇગ્લાસ્) ચશ્મું.
Eye-lash, *n.* *n.* (આ'ઇલૅશ્) પાંપણ.
Eye-lid. *n.* (આ'ઇલિડ્) પોપચું.
Eye-shot, *n.* (આ'ઇશૉટ્) દૃષ્ટિમર્યાદા.
Eye-sight, *n.* (આ'ઇસાઇટ્) નજરશક્તિ. [ડાઘ.
Eye-sore, *n.* (આ'ઇસોર્) નાપસંદ વસ્તુ, વ્યક્તિ,
Eye-tooth, *n.* (આ'ઇટૂથ્) રાક્ષી.
Eye-wash, *n.* (આ'ઇવૉશ્) ખોટી વાત.
Eye-witness, *n.* (આ'ઇવિટનિસ્) નજરે જોનાર.
Eye-let, *n.* (આ'ઇલિટ્) કાણું.
Eyre, *n.* (એ'અર્) Circuit. સરકીટ.
Eyrie, *n.* (આ'યુરિ) Nest of eagle etc. બહુ ઉંચો માળો, રહેઠાણ.

F

F, (એફ્) અંગ્રેજી મૂળાક્ષરનો છઠ્ઠો અક્ષર, વ્યંજન.
Fabian, *a.* (ફે'બિઅન્) Cautiously firm. સાવચેત ખંતીલું.
Fable, *n* (ફે'ઇબલ્) Story. જોડી કાઢેલી વાત.
Fabric, *n.* (ફૅ'બ્રિક્) Texture. બનાવટ.

Fabricate, *v.* (ફૅ'બ્રિકેઇટ) To build, devise falsely. બાંધવું; તરકટ રચવું.
Fabulous, *a.* (ફૅ'બ્યુલસ) Unreal. કલ્પિત.
Facade, *n.* (ફસા'ડ્) Face of building, etc. મકાન વગેરેનો રસ્તા પરનો મહોરો.
Face, *n. v.* (ફેઈસ્) Front. ચહેરો; સામા ઉભવું.
Facet, *n.* (ફૅ'સિટ) પાસો; પેલ.
Facetious, *a.* (ફસિ'શસ) Witty. રમુજી.
Facial, *a.* (ફે'ઇશલ્) ચહેરા સંબંધીનું
Facile, *a.* (ફૅ'સિલ્) Easy. સુગમ.
Facilitate, *v.* (ફસિ'લિટેઇટ) To make easy. સુગમ કરવું.
Facility, *n.* (ફસિ'લિટિ) Ease. સુગમતા.
Facsimile, *n.* (ફૅકસિ'મિલિ) Copy. નકલ.
Fact, *n.* (ફૅક્ટ્) Reality. ખરી વાત.
Faction, *n.* (ફૅ'કશન્) Party. પક્ષ.
Factious, *a.* (ફૅ'કશસ્) Quarrelsome. ફિતુરી.
Factitious, *a.* (ફૅક્ટિ'શસ) Artificial. બનાવટી.
Factor, *n* (ફૅ'કટર્) Part. ભાગ; અંકપદ.
Factory, *n.* (ફૅ'કટરી) Workshop. કારખાનું.
Faculty, *n* (ફૅ'કલ્ટી) Power; committee. શક્તિ; [સમિતિ.
Fad, *n.* (ફૅડ્) Pet notion. ધૂન; તરંગ.
Fade, *v.* (ફેઇડ) Lose colour. ઝાંખું થવું.

Faeces, *n.* (ફી'સિસ્) મળ; કચરો. Sediment.
Fag, *v.* (ફૅગ્) Become tired; drudge. થાકવું; વેઠ કરવી.
Fag-end, *n.* (ફૅ'ગેન્ડ્) છેડો; ઠુંઠું. Inferior remnant.
Faggot, *n.* (ફૅ'ગટ્) Bundle of sticks. ભારી.
Fail, *v.* (ફેઈલ્) Come short. Go bankrupt. નાપાસ થવું; હારી જવું; દિવાળું કાઢવું.
Failure, *n.* (ફે'ઇલર) Fault. નિષ્ફળતા.
Failing, *n.* (ફે'ઇલિંગ) Deficiency. ખામી.
Fain, *a. adv.* (ફેઇન્) Glad; with joy. ખુશ; ખુશીથી.
Faint, *v.* (ફેઇન્ટ્) Become weak or senseless. To swoon. બેભાન થવું; મૂર્છા ખાવી.—*a.* Weak. નબળું.
Fair, *a.* (ફેઅર્) Beautiful; just સુંદર; વ્યાજબી. *n.* Market મેળો. The female sex. સ્ત્રી જાત.
Fairy, *n.* (ફે'ઇરી) અપ્સરા; પરી. A fabled spirit.
Faith, *n.* (ફેઇથ્) Trust. શ્રદ્ધા; વિશ્વાસ.
Faithful, *a.* (ફે'ઇથફુલ) Loyal. વફાદાર. ભકત.
Faithless, *a.* (ફે'ઇથલિસ્) Disloyal; false. નિમકહરામ. [પીંડી.
Fake, *v.* (ફેઇક્) To deceive. છેતરવું. —*n.* છેતર-
Fakir, *n.* (ફકી'ર) ફકીર.
Falchion, *n.* (ફૉ'લ્ચન્) Scimitar. ટુંકી તલવાર.
Falcon, *n.* (ફૉ'કન્) Hawk. બાજ પક્ષી.

Fall, *v.* (ફૉલ્) Drop down. Decline. પડવું.—*n.* ઘટાડો, પતન, ઢોળાવ. Ruin; Descent. [માન્યતા.

Fallacy, *n.* (ફૅ'લસી) Wrong belief. ખોટી

Fallacious, *a.* (ફલે'ઇશસ્) ભૂલ ભરેલું.

Fallible, *a.* (ફૅ'લિબલ્) Liable to error. દોષપાત્ર.

Fallibility, *n* (ફૅલિબિ'લિટિ) દોષપાત્રતા.

Fallow, *a.* (ફૅ'લો) Uncultivated. પડતર. —*n.* પડતર જમીન. Land left untilled.

False, *a.* (ફૉલ્સ) Not true; unfaithful. જૂઠું.

Falsehood, *n.* (ફૉ'લ્સહુડ) Lie; falsity. જૂઠાણું.

Falsify, *v.* (ફૉ'લ્સિફાય્) Prove to be false; misrepresent. જૂઠું, ખોટું કરવું. પાડવું.

Falter, *v.* (ફૉ'લ્ટર્) Hesitate; stammer. ખંચાવું.

Fame, *n.* (ફેઈમ્) Renown. કીર્તિ; આબરૂ.

Familiar, *a.* (ફમિ'લ્યર) Well acquainted; intimate. પરિચિત.

Familiarity, *n.* (ફમિલિઍ'રિટિ) Close acquaintance. પરિચય; ઓળખાણ.

Family, *n.* (ફૅ'મિલી) House-hold. કુટુમ્બ.

Famine, *n.* (ફૅ'મિન્) Scarcity. દુકાળ.

Famish, *v.* (ફૅ'મિશ્) Starve. ભુખે મરવું.

Famous, *a.* (ફે'ઇમસ્) Renowned. Illustrious. કીર્તિવંત.

Fan, *n.* (ફૅન્) An instrument to blow and cool the face; an instrument to winnow grain. પંખો; ધમણ; સુપડું; રસીયો; પ્રશંસક. —*v* પંખો કરવો.

Fanatic, (al), *a.* (ફનૅ'ટિક્) Bigoted. ઝનુની; ધર્માંધ. —*n.* Enthusiast. ઝનુની માણસ.

Fanaticism, *n.* (ફને'ટિસિઝમ) Bigotry. ઝનુન.

Fancy, *n* (ફૅ'ન્સી) Supposition. Notion. ધારણા; કલ્પના. —*a.* Fine. સુંદર. [તરંગી.

Fanciful, *n.* (ફૅ'ન્સીફુલ્) Whimsical. Capricious.

Fane, *n.* (ફેઈન) Temple. દહેરૂં.

Fang, *n.* (ફૅન્ગ) Venomous tooth ઝેરી દાઢ; નહોર.

Fantastic, *a.* (ફન્ટૅ'સ્ટિક્) Odd. વિચિત્ર.

Fantasy, *n.* (ફૅ'ન્ટસી) Fancy. કલ્પના.

Far, *a.* (ફાર્) Distant. Remote. *adv* At a great distance. દૂર; આઘે. છેટેનું; દૂરનું.

Farfetched *a.* (ફા'રફેચ્ડ્) તાણી કાઢેલું; અસ્પષ્ટ.

Farce, *n.* (ફાર્સ્) Ridiculous show. ફારસ.

Fare, *v.* (ફેઅર્) Go; feed. ખાવું; ચાલવું. —*n.* Cost of conveyance. ભાડું, Food. ભોજન.

Farewell, *int. a.* (ફેઅરવે'લ) Good-bye. સલામ; વિદાયગીરીનું.

Farm, *n. v.* (ફામ્) A landed estate; to cultivate. ખેતર. ખેડવું;

Farmer, *n* (ફા'મૅર્) Cultivator. જમીનદાર; ખેડુત.
Farming, *n.* (ફા'મિન્ગ) Agriculture. ખેતી.
Farrier, *n.* (ફૅ'રીઅર્) House doctor. ઘોડાનો વૈદ્ય.
Fart, *v n.* (ફાર્ટ્) પાદવું; તે અવાજ.
Farther, *a. adv.* (ફા'ધૅર્) More remote. વધારે દૂર.
Farthing, *n.* (ફા'ધિન્ગ્) ¼ Penny. ¼ પેની.
Fascinate, *v.* (ફૅ'સિનેઇટ્) Charm. મોહ પમાડવો.
Fascination, *n.* (ફૅસિને'ઇશન) Charm મોહ.
Fashion, *n.* (ફૅ'શન) Custom; style of dress. ઢબ; ઘાટ. —*v.* Mould. ઘડવું.
Fashionable, *a.* (ફૅ'શનબલ્) Current; genteel. ચાલુ જમાનાનું.
Fast, *a. adv.* (ફાસ્ટ્) Firm; swift. મજબૂત; ઝડપી; *n.* ઉપવાસ. —*v.* Abstain fromfood. ભૂખ્યા રહેવું.
Fastness, *n.* (ફા'સ્ટનિસ્) Stronghold. કિલ્લો.
Fasten, *v.* (ફા'સન્) Fix. બાંધવું; ખોસવું.
Fastidious, *a.* (ફૅસ્ટિ'ડિઅસ્) Overnice. ચિપાસીયુ.
Fat, *a.* (ફૅટ્) Plump. જાડું. —*n.* Grease. ચરબી. Oily part of animal body. [જીવલેણ.
Fatal, *a.* (ફે'ઇટલ્) Deadly; ruinous. વિનાશક;
Fatalism, *n.* (ફે'ઇટલિઝમ) Doctrine of fate. દૈવવાદ.
Fatality, *n.* (ફૅટૅ'લિટી) દૈવ; અચાનક મોત.

Fate, *n.* (ફેઈટ્) Destiny. કિસમત; મરણ

Father, *n.* (ફા'ધર્) Male parent. બાપ.

Father-land, One's mother country. જન્મભૂમિ.

Father-in-law, *n.* (ફા'ધર ઇન લૉ) સસરો.

Fatherly, *a.* (ફા'ધર્લી) Of father. પિતાનું.

Fathom, *n.* (ફૅ'ધમ્) Six feet; depth. છ ફૂટનું માપ; ઉંડાઈ *v.* Try the depth of. ઉંડાઈ માપવી. માપવું.

Fatigue, *n.* (ફટીગ્) Exhaustion. થાક. —*v.* Tire. થકવવું.

Fatten, *v.* (ફૅ'ટન્) Make fat. જાડું કરવું.

Fatuity, *n* (ફચ્યુ'ઈટિ) Folly. મૂર્ખાઈ; મિથ્યાપણું.

Fatuous, *a.* (ફૅ'ચ્યુઅસ) Silly. મૂર્ખાઈભર્યું.

Fault, *n.* (ફૉલ્ટ્) Defect. Offence. વાંક; દોષ; ભૂલ.

Faulty, *a.* (ફૉલ્ટી) Defective. ખામીવાળું.

Favour, *n.* *v.* (ફે'ઇવર્) Good-will; benefit. મહેરબાની; લાભ; મહેરબાની દેખાડવી.

Favourable, *a.* (ફે'ઇવરબલ્) Kind; odvantageous. લાભકારક.

Favourite, *n.* *a* (ફે'વરિટ્) A person or thing regarded with kindness. મહેરબાનીનું માણસ; મનપસંદ.

Favouritism, *n.* (ફે'વરિટિઝમ્) Partiality. પક્ષપાત.

Fawn, *n.* (ફૅાન્) Young deer. હરણનું બચ્ચું. *-v.* ગેલ, ખુશામત કરવી. [હલાલી.

Fealty, *n.* (ફી'અલ્ટી) Fidelity. વફાદારી; નિમક-

Fear, *n.* (ફીઅર્) Dread; anxiety. બીક; ભય. *-v.* To be afraid of બીવું; ડરવું. [ભયંકર.

Fearful, *a.* (ફી'અરફુલ) Timid; dreadful. બીધેલું;

Feasible, *a.* (ફી'ઝિબલ્) Practicable. શકય.

Feast, *n.* (ફીસ્ટ) Treat. મિજબાની; ઉત્સવ. *—v.* To entertain. ઉજાણી આપવી.

Feat, *n.* (ફીટ્) Exploit. Act. પરાક્રમ; કાર્ય

Feather, *n.* (ફે'ધર્) Plume of birds. પીછું; ગુચ્છ.

Feature, *n.* (ફી'ચર) Form. સુરત; આકૃતિ. *-pl.* The face. રૂપરેખા; ચહેરો.

February, *n.* (ફે'બ્રુઅરી) ફેબ્રુઆરી મહીનો.

Fecundity, *n.* (ફિક'ન્ડિટી) Fertility. ફળદ્રુપતા.

Fed, *p.p.* (ફેડ્) પાળેલું; પુષ્ટ.

Federal, *a.* (ફે'ડરલ્) Pertaining to a league. સંયુક્ત સંસ્થાન, સંઘ સંબંધીનું

Federation, *n.* (ફેડરે'શન્) League. સંયુક્ત રાજ્યતંત્ર; રાષ્ટ્રસંઘ.

Fee, *n.* (ફી) Reward. મહેનતાણું; હકસાઈ. *—v.* To pay a fee to. ને ફી આપવી.

Feeble, *a.* (ફી'બલ) Weak; infirm. નબળું; કમજોર.

Feed, *v.* (ફીડ્) Give food; graze. ચરાવવું; ખવરાવવું.
Feeder, *n.* (ફી'ડર્) Tributary. ઝરો; ફાંટો.
Feel, *v.* (ફીલ્) Experience. લાગણી થવી. Sense of feeling. સ્પર્શ.
Feeling, *n.* (ફી'લીંગ) Sensation. લાગણી.
Feign, *v.* (ફેઇન્) To pretend. ઢોંગ કરવો.
Feint, *n.* (ફેઇન્ટ) Sham attack. ઢોંગ; દાવ.
Felicitate, *v.* (ફિલિ'સિટેટ્) To congratulate. અભિનંદન આપવું.
Felicity, *n.* (ફિલિ'સિટી) Happiness; prosperity. [પરમસુખ.
Fell, *a.* (ફેલ) Savage; cruel. ક્રૂર. *v.* Knock or cut. તોડી પાડવું.
Fellow, *n.* (ફે'લો) Companion. Associate. [સોબતી; સભ્ય.
Fellow-ship, (ફે'લોશિપ) Companionship. સોબત; સભ્યપદ.
Felon, *n.* (ફે'લન્) Criminal. ગુનેગાર. *a.* Malicious. ખારીલું.
Felony, *n.* (ફે'લની) Crime. ગુનો.
Felt, *n.* (ફેલ્ટ) Woolen stuff or cloth. ઉનનું કપડું.
Female, *n.* (ફી'મેઈલ) Woman. સ્ત્રી. ઓરત.
Feminine, *a.* (ફે'મિનિન્) Womanly. સ્ત્રી સંબંધી.
Fence, *n.* (ફેન્સ્) An enclosure. વાડ. *v.* Enclose with a fence. વાડ બાંધવી. Practise sword-play. પટા ખેલવા.

Fen, *n*. (ફેન્) Low moist land. નીચી ભેજવાળી [જમીન.
Fencing, *n*. (ફે'ન્સિંગ) પટાબાજી.
Fend, *vt*. (ફેન્ડ્) To ward; keep off. રોકવું.
Ferment, *v*. (ફર્મે'ન્ટ્) To effervesce. આથો ચડવો; ઉભરાવું. —*n*. (ફ') ઉભરો. આથો. Agitation; leaven.
Fermentation, *n* (ફર્મેન્ટે'ઈશન્) ઉભરો; આથો.
Fern, *n*. (ફર્ન્) ઝાંખરાં.
Ferocious, *a*. (ફરો'શસ્) Ravenous; savage. ઘાતકી; વિકરાળ. [વિકરાળતા.
Ferocity, *n*. (ફરૉ'સીટી) Fierceness. ક્રૂરતા;
Ferret, *n* (ફે'રટ્) Pole-cat. બિલાડી. —*v*. Find out. શોધી કાઢવું.
Ferrule (rel), *n*. (ફે'રલ્) લાકડીની ઠેસી.
Ferry, *v*. (ફે'રી) To row across. નદીપાર લઈ જવું. —*n*. ઓવારો.
Fertile, *a*. (ફ'ર્ટાઇલ્) Fruitful; abundant. ફળદ્રુપ. [ફળદ્રુપ કરવું.
Fertilize, *v*. (ફ'ર્ટિલાઇઝ) To make fruitful.
Fervent, *a*. (ફ'ર્વન્ટ્) Warm; ardent; hot. હાર્દિક; આવેશભર્યું. [મંગળ.
Festal, *a*. (ફે'સ્ટલ્) Joyous; gay. રહેલાઓ. શુભ;
Fester, *vi*. (ફે'સ્ટર) To generate pus. પરુ કરવું.

Festival, *n.* (ફે'સ્ટીવલ્) Day of joy. ઉત્સવ; આનંદનો દિવસ.

Festive, *a.* (ફે'સ્ટિવ) Joyous. ખુશાલીનું.

Festoon, *n.* (ફેસ્ટૂ'ન્) Chain of flowers, etc. Garland. તોરણ.

Fetch, *vt.* (ફેચ) Go and bring. આણવું.

Fete, *n.* (ફેઇટ્) Festival. ઉત્સવ.

Fetid, *a.* (ફી'ટીડ્) Stinking. દુર્ગંધ મારતું.

Fetish, *n.* (ફે'ટિશ્) ખોટું પૂજાપાત્ર; ઘમંડ.

Fetter, *n* (ફે'ટર્) Chain for the feet. બેડી.

Fetus, *n.* (ફી'ટસ્) Embryo. ગર્ભ.

Feud, *n.* (ફ્યુડ્) Fief. જાગીર; Hostility. દુશ્મનાવટ.

Feudal, *a.* (ફ્યૂ'ડલ્) જમીનદારી.

Fever, *n.* (ફી'વર્) A kind of disease. તાવ; બુખાર

Feverish, (ફી'વરિશ) Having fever; excited. તાવથી પીડાતું; આવેશવાળું.

Few, *a.* (ફ્યુ) Small in number. અલ્પ; થોડા.

Fez, *n.* (ફેઝ્) તુર્કી ટોપી.

Fiance, *n.* (ફિઆં'સે) One's betrothed. સગાઈ થએલી, અવિવાહિત પત્ની.

Fiasco, *n.* (ફીઍ'સ્કો) Failure; breakdown. ફારસ.

Fiat, *n.* (ફા'યટ્) હુકમ. Decree.

Fib, *n.* (ફિબ) જુઠાણું.

Fibre, *n.* (ફા'ઈબર્) Fine thread. રેસો.
Fickle, *a.* (ફિ'કલ્) Changing; unsteady. ઢંગ વિનાનું, ઢચુપચુ.
Fiction, *n.* (ફિ'કશન્) Lie; feigned story. [કલ્પિત. જોડેલી વાત; નવલકથા
Fictitious, *a.* (ફિકુટિ'શસ્) Imaginary; false.
Fiddle, *n.* (ફિ'ડલ્) Violin. સારંગી.
Fidelity, *n.* (ફિડે'લીટી) Faithfulness; loyalty. નિમકહલાલી.
Fie, *inter.* (ફાઈ) છટ; ધિક્કાર.
Fief, *n.* (ફીફ) Estate, feud. જાગીર.
Field, *n.* (ફીલ્ડ્) Cultivated land. ખેતર. Battle ground. રણભૂમિ.
Fiend, *n.* (ફીન્ડ્) The devil. શેતાન.
Fierce, *a.* (ફી'અર્સ) Savage; easily enraged. વિકરાળ; ઝનુની.
Fiercely, (ફી'અર્સલી) Cruelly. ક્રૂરતાથી.
Fiery, *a* (ફા'યરી) Fierce. ઝનુની.
Fife, *n.* (ફાઈફ) Flute. મોરલી.
Fig, *n.* (ફિગ્) અંજીર.
Fight, *n.* (ફાઈટ) Battle; combat. લડાઈ. —*v.* [વઢવું. લડવું. To struggle.
Figment, *n.* (ફિ'ગમન્ટ્) Fiction. કલ્પિત વાત,

Figurative, *a* (ફિ'ગ્યુરટિવ્)Metaphorical.અલંકારી.
Figure, *n* (ફિ'ગર્) A form આકૃતિ. Image પુતળું. A character denoting number. અંક; આંકડો. *v.* To compute ગણવું. Form into any shape આકૃતિ કાઢવી.
Filament, *n.* (ફિ'લમન્ટ્) Fibre. તંતુ; રેસો.
Filch, *v.* (ફિલ્ચ્) To pilfer. ચોરવું.
Filial, *a.* (ફિ'લિઅલ્) Befitting a child. દિકરા દિકરી સંબંધી, ને છાજે તેવું.
Fill, *v. n.* (ફિલ્) Make full; store. ભરવું; ભરણ.
Fillet, *n.* (ફિ'લિટ્) Ribbon. પટ્ટી; કોર. [છોકરી.
Filly, *n.* (ફિ'લી) Young mare. વછેરી; સ્વચ્છંદી
Film, *n.* (ફિલ્મ્) પોપડી; પડ. Thin layer.
Filter, *n.* (ફિ'લ્ટર્) Strainer for clearing liquids. ગરણી. —*v.* Percolate. ગાળવું.
Filth, *n* (ફિલ્થ્) Dirt. કચરો.
Filthy, *a.* (ફિ'લ્થી) Dirty; nasty. ગંદું.
Fin, *n.* (ફિન્) માછલાની પાંખ
Final, *a* (ફા'યનલ્) Conclusive; last. છેવટનું.
Finality, *n.* (ફાયન'લિટી) Conclusion. સમાપ્તિ.
Finance, *n.* (ફિનૅ'ન્સ્) Revenue; income. મહેસુલ. —*v.* નાણાં આપવાં.
Financial, *a.* (ફિનૅ'ન્શલ) Pertaining to public revenue. મહેસુલી; નાણાં વિષયક.

Financier, *n.* (ફિનૅ'ન્સીઅર્) નાણાવટી; સરાફ.

Find, *v.* (ફાઈન્ડ્) Discover. માલુમ પડવું; શોધવું — *n* Discovery. શોધ.

Fine, *a* (ફાઈન્) Nice; pure; minute. સુંદર; ઝીણું. —*n*. Punishment. દંડ. —*v*. દંડ કરવો.

Finery, *n* (ફા'ઇનરી) Decoration. Show. ભપકો. Gay clothes. ભપકાદાર પોશાક.

Finger, *n*. (ફિ'ન્ગર્) One of the members of the hand. આંગળી. —*v*. અડકવું. ચોરી જવું.

Finis, *n*. (ફા'યુનિસ્) End. સમાપ્તિ.

Finish, *v*. (ફિ'નિશ્) Conclude Complete. પૂરૂં કરવું.

Finite, *a*. (ફા'યુનાઈટ્) Limited. અંતવાળું; સાંત.

Fir, *n*. (ફર્) દેવદાર.

Fire, *n* (ફાયર્) Heat and Light. અગ્નિ; આગ; જુસ્સો. —*v* સળગાવવું; ફોડવું; ઉશ્કેરાવું; બરતરફ કરવું.

Fire-arm, *n*. (ફા'યર્આર્મ) બંદુક વગેરે.

Fireworks, *n*.(ફા'યરવર્કસ્) Various combustible preparations. આતસબાજી.

Firm, *a*. (ફર્મ) Steady. Strong. Firm. દૃઢ; મજબૂત. —*n*. પેઢી. Business partnership.

Firmness, *n*. (ફ'ર્મનિસ્) Stability; constancy. દૃઢતા; તાકાત; મક્કમતા.

Firmament, *n*. (ફ'ર્મમન્ટ) Sky. આકાશ.

First, *a.* (ફર્ટ) Foremost; chief. પહેલું. —*adv.* આગળ; પ્રથમ.

Firsthand, *a. adv.*(ફ'ર્સ્ટ હૅન્ડ) સીધેસીધું; અસલ.

Firstrate, (ફ'ર્ટ રેઇટ) Of the first estimate. સરસ; ઉત્તમ.

Firth, *n.* (ફર્થ) An arm of the sea. ખાડી.

Fiscal, *a.* (ફિ'સ્કલ્) Of public revenue. મહેસુલી.

Fish, (ફિશ) An animal that lives in water. માછલું.—*v.* ફાંફાં મારવાં.—**y**, *a.* માછલીવાળું; શક ભરેલું.

Fisherman, *n.* (ફિશરમન્) One who catches fish. માછી. [ડવાનું સ્થાન.

Fishery, *n.* (ફિ'શરી) માછીનો ધંધો; માછલાં પક-

Fissure, *n.* (ફિ'શર્) Cleft. ચીર; ફાટ.

Fist, *n.* (ફિસ્ટ્) Clenched human hand. મુઠી. —*v.* તે મારવી. [ભગંદર.

Fistula, *n.* (ફિ'સ્ટયુલૅ) Chronic abscess. નળી;

Fit, *a.* (ફિટ્) Suitable. બંધબેસતું; લાયક. —*v.* તૈયાર કરવું. —*n.* Epilepsy, convulsion; paroxysm. વાઈ; ઘેલછા આંકડી, મૂર્છા.

Five, *a.* (ફા'ઈવ્) પાંચ. [ગણું.

Fivefold, *a. adv.* (ફા'ઇવફોલ્ડ્) In fives. પાંચ.

Fix, *v.* (ફિક્સ્) Make firm; to settle. નક્કી કરવું. ગોઠવવું. —*n.* Difficulty; dilemma. સંકડામણ.

Flabby, *a.* (ફ્લૅ'બી) Loose. ઢીલું. પોચું; નરમ.
Flaccid, *a.* (ફ્લૅ'ક્સિડ્) Soft. Flabby. પોચું. અતિ નરમ.
Flag, *n.* (ફ્લૅગ્) Banner. વાવટો; ધ્વજ, નિશાન. —*v.* Fall off. ઘટી, થાકી જવું.
Flagitious, *a.* (ફ્લજી'શસ્) Wicked ઘોર.
Flagon, *n.* (ફ્લૅ'ગન્) A vessel with a narrow mouth for holding liquors. સિરોઇ; ચંબુ.
Flagrant, *a.* (ફ્લે'ગ્રન્ટ્) Glaring. Glowing. હડહડતું ઘોર.
Flail, *n* (ફ્લેઇલ્) A wooden instrument for beating grain. બુધું; ઝુડીયું.
Flair, *n* (ફ્લેઅર્) Selective instinct સારું પસંદ કરવાની શક્તિ.
Flake, *n.* (ફ્લેઇક્) Layer; piece. પોપડી; કકડો.
Flambeau, *n.* (ફ્લૅ'મ્બો) Torch. મશાલ; કાકડો.
Flamboyant, *a.* (ફ્લૅમ્બૉ'યન્ટ્) Gorgeous. ઝાકઝમાળ.
Flame, *n.* (ફ્લેઇમ્) Blaze. જ્વાલા. Passion. આવેશ. —*v.* To burn up. ભડકો થવો
Flamingo, *n.* (ફ્લમિ'ન્ગો) રાજહંસ.
Flank, *n.* (ફ્લૅન્ક્) The division of an army; side. લશ્કરની ટુકડી; ઇમારતનો એક ભાગ; બાજુ.

Flannel, *n.* (ફ્લૅ'નલ્) A soft woollen cloth. ફ્લાલીન.

Flap, *n* (ફ્લૅપ્) Skirt. ઢાંકણું; ઝુલ; ફફડાટ —*v.* ફફડાવવું. —*v.* To move as wings. પાંખો ફફડાવવી.

Flapper, *n.* (ફ્લૅ'પર્) Fly-killer. ઝાપટીયું; અપરિચિત છોકરી; યાદ દેનાર; ઝુલ.

Flare, *v* (ફ્લેઅર્) To burn with an unsteady light. ભડભડ બળવું; ચળકવું.

Flash, *n.* (ફ્લૅશ્) Sudden burst of light. ઝબકારો. —*v.* To give out a flash. ઝબકવું.

Flashy, *a.* (ફ્લૅ'શી) Showy. ભભકાદાર, ડોળી.

Flask, *n.* (ફ્લાસ્ક્) Bottle. બાટલો.

Flat, *a.* (ફ્લૅટ્) Level; plain. ચપટું; નીરસ; સાફ.

Flatten, *v.* (ફ્લૅ'ટન્) To make fiat. સપાટ કરવું.

Flatter, *v.* (ફ્લૅ'ટર્) To praise falsely. ખુશામત કરવી.

Flatterer, *n.* (ફ્લૅ'ટરર્) One who flatters. [ખુશામત કરનાર.

Flattery, *n.* (ફ્લૅ'ટરી) False praise. ખુશામત.

Flatulent, *a.* (ફ્લૅ'ટ્યુલન્ટ્) Fatty. જાડું; વાયુ કરતું.

Flaunt, *v. n.* (ફ્લૉન્ટ્) Parade. શેખી કરવી; ડોળ.

Flavour, *n.* (ફ્લે'ઇવર્) Taste. સોરમ —*v.* ખુશબોદાર કરવું.

Flaw, *n.* (ફ્લૉ) Defect. ખામી; તડ, ફાટ. Crack.

Flax, *n.* (ફ્લૅક્સ્) A plant of which linen is made. શણ.
Flaxen, *a.* (ફ્લૅ'ક્સન્) Made of flax. શણનું.
Flay, *v.* (ફ્લે) Strip off skin. ચામડી ઉતારવી. છાલું ઉતારવું.
Flea, *n.* (ફ્લી) An insect. ચાંચડ.
Fleabane, *n.* (ફ્લી'બેઇન્) કાળીજીરી.
Fleck, *n. v.* (ફ્લેક્) Stain. ટપકું; ડાઘ પાડવો.
Fled, *v.* (ફ્લેડ્) Ran away. નાસી ગયું.
Fledge, *v.* (ફ્લેજ્) To furnish with feathers. પીછાં ઉગવાં; પાંખ આવવી.
Flee, *v.* (ફ્લી) Run away. નાસી જવું.
Fleece, *n.* (ફ્લીસ્) Wool. ઉન. —*v.* લુટવું.
Fleecy, *a.* (ફ્લી'સી) Woolly. ઉનથી ભરાયેલું.
Fleet, *n.* (ફ્લીટ્) Squadron વહાણનો કાફલો. —*a.* Swift. ઝડપદાર. —*v.* To fly swiftly; To hasten. જલદીથી ચાલવું.
Flesh, *n.* (ફ્લેશ્) Muscles. માંસ; ગર. [એવું.
Flexible, *a.* (ફ્લે'ક્સિબલ્) Pliant. Pliable. વળે
Flick, *n.* (ફ્લિક્) Light blow. હળવો ફટકો. —*v.* તે મારવો.
Flicker, *v* (ફ્લિ'કર્) Be fitful. ફરકવું; ઝબુકવું.
Flickering *a* (ફ્લિકરિંગ) ઝબુકતું.

Flight, *n.* (ફ્લાઈટ) Flock of birds. A number of steps. પક્ષીનું ટોળું; નિસરણી.

Flimsy, *a.* (ફ્લિ'મ્ઝી) Weak; shallow. તકલાદી.

Flinch, *v.* (ફ્લિન્ચ્) Draw back સંકોચાવું; ચમકવું.

Fling, *v.* (ફ્લિન્ગ્) Throw. ફેંકવું.

Flint, *v.* (ફ્લિન્ટ્) A hard stone. ચકમક.

Flip, *n.* (ફ્લિપ્) A blow with a whip ચમરી, ચાબુકનો સપાટો.

Flippant, *a.* (ફ્લિ'પન્ટ્) Talkative. Disrespectful. વાચાળ; અવિચારી.

Flirt, (ફ્લર્ટ્) Coquette; sudden jerk. *n.* નખરાખોર સ્ત્રી; આંચકો. *v.* To coquet. નખરાં કરવાં.

Flit, *v.* (ફ્લિટ્) Fly. Flutter. ઉટવું; ફરકવું.

Float, *v.* (ફ્લોઉટ્) To swim. ઉતરવું; ચલાવવું.

Flock, *n.* (ફ્લૉક્) Company. ટોળું. —*v.* Assemble. ટોળે મળવું.

Floe, *n.* (ફ્લો) Sheet of ice તરતો બરફ.

Flog, *v.* (ફ્લૉગ્) To whip. ચાબુક મારવો.

Flogging, *n.* (ફ્લૉ'ગિન્ગ) Whipping. ચાબખાનો માર.

Flood, *n.* (ફ્લડ્) Deluge. પૂર રેલ. —*v.* To overflow. રેલ આવવી.

Floor, *n.* (ફ્લોર્) Surface of room; deck. ભોંયતળીયું.

Flora, *n.* (ફ્લૉ'રા) (Goddess of) flowers. ફુલની દેવી; વનસ્પતિ.

Floral, *a.* (ફ્લૉ'·લ્) Of flowers. ફુલનું.
Florid, *a.* (ફ્લૉ'રિડ્) Red. લાલ; ભપકેદાર.
Florin, *n.* (ફ્લૉ'રિન્) બે શિલિંગનો સિક્કો.
Florist, *n.* (ફ્લૉ'રિસ્ટ્) ફુલ વેચનાર; માળી.
Flounce, *v. n.* (ફ્લાઉન્સ્) Twist. મરડવું; આંચકો. —*n* ઝાલર. [વલખાં મારવાં; બાફવું.
Flounder, *v.* (ફ્લા'ઉન્ડર્) Struggle; bungle.
Flour, *n.* (ફ્લાવર્) Meal. આટો; લોટ.
Flourish, *v. n.* (ફ્લ'રિશ્) Thrive; wave. આબાદ થવું; ફેરવવું; ઝટકો.
Flout, *v.* (ફ્લાઉટ્) Scoff at. તિરસ્કાર કરવો.
Flow, *v. n.* (ફ્લો) Move easily. વહેવું. પ્રવાહ.
Flower, (ફ્લા'વર્) Blossom of a plant. ફુલ. *v.* To blossom. ફુલ આવવાં, ફાલવું; ખીલવું.
Flowery, *a* (ફ્લા'વરી) પ્રફુલ્લ; અલંકારિક.
Flown, *v.* (ફ્લોઉન્) ઉડેલું.
Fluctuate, *v.* (ફ્લ'ક્ચુએઇટ્) Waver. Rise and fall. ચઢઉતર, અસ્થિર થવું.
Fluctuation, *n.* Unsteadiness. અસ્થિરતા.
Flu, *n. v.* ઈનફ્લુએન્ઝા.
Flue, *n.* (ફ્લુ) ઇનફ્લુએન્ઝા; રૂંવાટી; ધુમાડીયું; જાળ.
Fluent, *a.* (ફ્લુ'અન્ટ્) Flowing; graceful. સરસરાટ; છટાદાર.

Fluff, *n* (ફલફ) Soft down from cotton. રૂંવાટી.
Fluid, *n. v.* (ફ્લુ'ઈડ્) Liquid. પ્રવાહી.
Fluke, *n.* (ફ્લૂક્) નશીબનો તુકો.
Flummery, *n.* (ફ્લ'મરી) Nonsense. અર્થહીન વખાણ; એક જાતની મીઠાઈ.
Flung. *v.* (ફ્લંગ્) Threw. ફેંક્યું.
Flunkey, *n.* (ફ્લં'ન્કી) ચપરાસી; ખુશામતીઓ.
Flurry, *n.* (ફ્લરી) Agitation. ક્ષોભ.
Flush, *n.* (ફ્લશ્) Flow of blood to the face; Blush. જુસ્સો; જોમ; પ્રવાહ. —*v.* To blush; cleanse. લાલ થવું; જુસ્સાને ઉશ્કેરવું. ધોરીયાથી સાફ કરવું.
Fluster, *v. n.* (ફ્લ'સ્ટર્) Flurry. ગભરાવવું; પીધેલા બનાવવું; ક્ષોભ.
Flute, *n.* (ફ્લૂટ્) A musical pipe. બંસરી; ખાંચ.
Flutter, *v.* (ફ્લ'ટર્) Flap; stir. ફફડાવવવું. ફરકવું. *n.* Rapid motion; agitation. ફડફડાટ.
Flux, *n.* (ફ્લક્સ્) Inflow. પ્રવાહ
Fly, *n.* (ફ્લાઇ) A small insect. માખી. —*v.* To move with wings. ઉડવું; ભાગવું; નાસી જવું.
Foal, *n. v.* (ફોઉલ્) Young of horse, etc. વછેરૂં; ખોલકું; વિયાવું.
Foam, *n.* (ફોઉમ્) Froth. ફીણ; પરપોટા.
Fob, *n.* (ફૉબ) A pocket. ગજવું. —*v.* Cheat. છેતરવું.

Focal, *a.* (ફો'કલ્) ફોકસ, કેન્દ્ર સંબંધી.
Focus, *n.* (ફો'કસ્) Point of meeting. કેન્દ્ર. —*v.* Concentrate. એકાગ્ર કરવું [ચંદી.
Fodder, *n.* (ફૉ'ડર્) Food for cattle. ચારો;
Foe, (ફો) Enemy; foeman. દુશ્મન. શત્રુ.
Foetus, Fetus, *n.* (ફી'ટસ્) Developed embryo વિકસિત ગર્ભ [ગોટાળો કરવો.
Fog, *n.* (ફૉગ્) Vapour. ધુમ્મસ. —*v.* Perplex.
Fogy, Fogey, *n.* (ફોગી) Old-fashioned fellow. જૂનવાણી.
Foible, *n.* (ફૉ'ઇબલ્) Weak point. નબળાઈ;ખામી
Foil, *n.* (ફૉઈલ્) Rolled metal; setting off; blunt sound. પતરું; દીપક; બુઠ્ઠી ધારવાળી તલવાર. —*v.* Baffle. હંફાવવું.
Foist, *v.* (ફૉઇસ્ટ્) Palm off. ઘુસાડવું. લાદવું.
Fold, *n. v.* (ફોલ્ડ્) Enclosure; shut; bend. વાડો; પૂરવું; ઘડી વાળવી.
Foliage, *n* (ફો'લિએજ) Leaves of a tree. પાંદડાં.
Folio, *v.* (ફો'લીઓ) એક તાવનાં, ચોપડાનાં બે પાનાં.
Folk, *n.* (ફોક્) People in general. લોક; પ્રજા.
Folklore, *n.* (ફો'કલોર) Popular tradition. લોકકથા. [જવું, આવવું; અનુસરવું.
Follow, *v.* (ફૉ'લો) Go, come after. પાછળ, પછી

Follower, *n.* અનુયાયી

Following, *n.* (ફૉ'લોઇંગ્) Body of followers. અનુયાયી મંડળ. —*a.* Succeeding. નીચેનું; પછીનું.

Folly, *n.* (ફૉ'લી) Foolishness મૂર્ખાઈ, બેવકુફી.

Foment, *v.* (ફમે'ન્ટ્) Apply warmth to. શેક કરવો; ઉશ્કેરવું.

Fond, *a.* (ફૉન્ડ્) Loving too much. શોખીન; મુગ્ધ; અતિશય પ્રેમાળ.

Fondle, *v.* (ફૉ'ન્ડલ્) Caress. લાડ, ચુંબન કરવાં.

Font, *n.* (ફૉન્ટ્) Stone vessel. કુંડી.

Food, *n.* (ફુડ્) Victuals. Provisions. ખોરાક.

Fool, *n.* (ફૂલ્) Idiot. મૂર્ખ; બોઘો.

Foolhardy, *a.* (ફૂ'લહાર્ડી) Foolishly rash. અવિચારી. [મૂર્ખાઈભર્યું.

Foolish, *a.* (ફૂ'લિશ્) Without sense; silly.

Foolscap, *n.* (ફૂ'લ્સકૅપ્) ફુલેસકેપ કાગળ.

Foot, *n.* (ફૂટ્) Bottom part of the leg; base; 12 inches. પંજો; પગ; પાયો; ફુટ.

Football, *n.* (ફૂ'ટબૉલ્) Ball kicked by the foot. પગદડો.

Foothold, *n.* (ફૂ'ટહોલ્ડ્) A place to set the foot. આધાર.

Footing, *n.* (ફૂ'ટિંગ) Support; foundation. આધાર.

Footman *n.* (ફૂ'ટમન્) A servant. નોકર.
Footnote, *n* (ફૂ'ટનોટ્) Note at the bottom of a page. નીચે લખેલી નોટ.
Footpath, *n.* (ફૂ'ટપાથ્) Way for foot passengers. પગથી, પગવાટ.
Footprint, *n.* (ફૂ'ટપ્રિન્ટ્) Impression of the foot. પગલું.
Footstep, *n.* (ફૂ'ટસ્ટેપ) Mark of a foot. પગલું.
Fop, *n.*(ફૉપ્) Dandy. શીશીયારીવાળો; છેલ.
Foppery, *n.* (ફૉ'પરિ) Vanity in dress. શીશીઆરી. [ડોળી; છેલબટાઉ.
Foppish, *a.* (ફૉ'પિશ્) Too fine in manners.
For, *prep.* (ફૉર્) In place of; on account of. માટે; લીધે; છતાં.
Forage, *n.* (ફૉ'રિજ્) Food for horses. ઘાસચારો.
Foray, *n.* (ફૉ'રે) Attack. હુમલો.
Forbear, *v.* (ફરૂબે'અર્) To cease; to bear with. સબુરી પકડવી.
Forbearance, *n.* (ફરબે'અરન્સ) Command of temper. સહનશીલતા; ક્ષમા.
Forbid, *vt.* (ફર્બિડ્) To prohibit. to tell not to do. —*a.* **Forbidding**, અનાકર્ષક; ન ગમે તેવું. મના કરવું.

Force, *v.* (ફો'ર્સ) To compel. ફરજ પાડવી —*n.* Troops. લશ્કર. Strength જોર.

Forceps, *n.* (ફો'રસેપ્સ્) Tongs. સાણસી ચીપીઓ.

Forcible, (ફો'ર્સીબલ્) Violent. સબળ; જોરદાર.

Ford, *n.* (ફાર્ડ) A shallow place. ઉતાર; ઓવારો.

Fore, *a.* (ફોર્) પ્રથમ; આગલું.

Forebode, *v.* (ફરબો'ઉડ્) Foretell. ભવિષ્ય સૂચવવું.

Forecast, *v.* (ફોરકા'સ્ટ્) To frame beforehand. અગાઉથી યોજના કરવી *n.* (ફો'–) આગાહી.

Forefather, *n.* (ફો'રફાધર્) Ancestor. પૂર્વજ.

Forego, *vt.* (ફોગો') Go before; precede અગાઉ આવવું.

Forehead, *n.* (ફૉ'રિડ્) The brow. લલાટ; કપાળ.

Foreign, *a.* (ફૉ'રિન્) Coming from abroad; alien. પારકું; પરદેશી. — **er**, *n.*

Foreland, *n.* (ફો'રલૅન્ડ) A cape. ભૂશિર

Foreman, *n.* (ફો'રમન્) Headman. ઉપરિ; મુકાદમ.

Forensic, *a* (ફરે'ન્સીક્) અદાલતને લગતું.

Foremost, *a.* (ફો'રમોસ્ટ્) First. પ્રથમ.

Foresight, *n.* (ફો'રસાઈટ્) Forethought. દીર્ઘ દૃષ્ટિ; અગમચેતી.

Forest, *n.* (ફૉ'રિસ્ટ્) Wood. વન, જંગલ.

Forestall, *v.* (ફોર્સ્ટૉ'લ) Baffle. હંફાવવું.

Foretaste, *n.* (ફો'ર્ટેઇસ્ટ) અગાઉથી અનુભવ, ચખણી.
Foretell, *v.* (ફોરટે'લ્) To tell beforehand. Predict. ભવિષ્ય કહેવું; અગાઉથી કહેવું.
Forfeit, *v.* (ફૉ'રફીટ્) To fine. To lose by wrong doing. જપ્ત કરવું; ખોવું.—*n.* Penalty. જપ્તિ; દંડ.
Forfeiture, *n.* (ફૉ'રફિચર્) Loss. ખાલસા કરવું, થવું તે; ગુમાવવું તે
Forfend, *v.* (ફોર્ફે'ન્ડ્) To ward off. નિવારવું.
Forge, *v.* (ફૉર્જ્) To beat. ટીપવું; ખોટી સહી કરવી. —*n.* Furnance. ભઠ્ઠી. [સહી.
Forgery, *n.* (ફૉ'ર્જરી) Act of forging. બનાવટી
Forget, *v.* (ફરગે'ટ્) Not to rememb'r. ભુલી જવું.
Forgive, *v.* (ફરગિ'વ્) To pardon. માફ કરવું; માફી આપવી.
Forgiveness. *n.* (ફરગિ'વનિસ) Pardon. માફી.
Forgo, *v.* (ફરગો') To go without. જતું કરવું.
Fork, *n.* (ફૉર્ક) Tongs. ચીપીઓ.
Forlorn, *a.* (ફરલૉ'ર્ન) Abandoned; deserted. ત્યજાએલુ; અટુલુ.
Form *n.* (ફૉર્મ) Shape. આકાર. Manner. રીતિ. Class. વર્ગ. Paper. ફારમ; પત્રક. *v.* To shape. બનાવવું; ઘડવું.
Formal, *a.* (ફૉ'ર્મલ) Regular. નિયમિત.

Former, *a.* (ફૉ'મૅર્) Prior. આગલું.
Formerly, *adv.* (ફૉર્મર્લી) In the past. અગાઉ.
Formidable, *a.* (ફૉ'ર્મિડબલ્) Dreadful બિહામણું.
Formula, *n.* (ફૉ'ર્મ્યુલા) Rule. નિયમ.
Formulate, *v.* (ફૉ'ર્મ્યુલેઇટ્) To express clearly. સ્પષ્ટ રીતે દર્શાવવું.
Fornicate, *v.* (ફૉ'નિકેઇટ્) સ્વેચ્છા વ્યભિચાર કરવો.
Forsake, *v.* (ફર્સે'ઇક્) To abandon. ત્યજવું.
Forsooth, *adv.* (ફરસૂ'થ્) Certainly. જરૂર.
Forswear, *v.* (ફર્સ્વે'અર્) To swear falsely. જુઠા સોગન ખાવા.
Fort, *n.* (ફૉર્ટ્) A castle કિલ્લો. ગઢ. કોટ.
Forte (ફૉ'ર્ટિ) *adv.* Loudly. મોટેથી.—(ફૉર્ટ્) *n.* Strong point. ખાસ આવડત, ગુણ.
Forth, *ad.* (ફૉર્થ્) Forward. આગળ.
Fortification, *n.* (ફૉર્ટિફિકે'ઇશન્) કીલ્લેબંધી.
Forthwith, *ad.* (ફૉ'ર્થવિથ્) At once. તરતજ.
Fortify, *v.* (ફૉ'ર્ટીફાઈ) To strengthen. મજબૂત કરવું.
Fortitude, *n.* (ફૉ'ર્ટિટ્યુડ્) Firmness of mind. [ધૈર્ય.
Fortnight, *n.* (ફૉ'ર્ટ્નાઇટ્) Space of two weeks, પખવાડીઉં.
Fortress, *n.* (ફૉ'ર્ટ્રિસ્) Castle. કિલ્લો.

Fortuitous, *a.* (ફૉટ્યુ'ઈટસ્) Accidental. ઓચિન્તું; આકસ્મિક. [દાર.

Fortunate, *a.* (ફૉ'ર્ચ્યુનટ) Lucky; happy. નશીબ-

Fortune, *n.* (ફૉ'ર્ચુન્) Luck; chance; wealth. નશીબ; પુંજી.

Fortuneteller, *n.* (ફૉ'ર્ચુનટેલર્) ભવિષ્ય જોનાર.

Forty, *a. n.* (ફૉ'ર્ટી) ચાળીશ.

Forum, *n.* (ફૉ'રમ્) કચેરી. ચોકું. [આગળ.

Forward, *adv.* (ફૉ'ર્વર્ડ્) Onward. In advance.

Forwardness, *n* (ફૉ'ર્વર્ડનિસ્) આતુરતા; નિર્લજ્જતા.

Foster, *v.* (ફૉ'સ્ટર્) Nurse; cherish. પાલન કરવું.

Fosterbrother, *n.* (ફૉ'સ્ટર બ્રધર્) દુધભાઈ.

Foul, *a.* (ફાઉલ્) Dirty; cloudy. મેલુ; ગંધાતું.

Found, *v.* (ફાઉન્ડ્) Establish; discovered. સ્થાપવું; માલૂમ પડ્યું.

Foundation, *n.* (ફાઉન્ડે'ઇશન્) Basis of anything. પાયો; સ્થાપના.

Founder, *n.* (ફા'ઉન્ડર્) Originator. સ્થાપક.

Foundling, *n.* (ફા'ઉન્ડ્લિંગ્) Deserted child. જડી આવેલું બાળક. [ડુબી જવું. —*n.* સ્થાપક.

Founder, *v.* (ફા'ઉન્ડર્) Go down. લુલુ થવું;

Foundry, *n.* (ફા'ઉન્ડ્રી) Place for casting metals. ધાતુ ગાળવાનું કારખાનું.

Fount, *n.* (ફાઉન્ટ્) Spring. ઝરણ [મૂળ.
Fountain, *n.* (ફા'ઉન્ટિન્) Spring; source. ઝરો;
Fountainpen, *n.* (ફા'ઉન્ટિનપેન્) ઈન્ડીપેન.
Four, *a.* (ફોર્) ચાર. **Fourfold**, *a.* (ફો'ર્ફોલ્ડ્) ચારગણું **Four-in-hand**, *n.* (ફોરઈનહૅન્ડ્) ચાર ઘોડાની ગાડી. **Fourteen** *a.* (ફો'ર્ટીન્) ચૌદ. **Fourth**, *n.* (ફોર્થ) ચોથું.
Fowler, *n.* (ફા'ઉલર્) Hunter. પારધિ.
Fowl, *n.* (ફાઉલ્) Bird. પક્ષી; મરઘું.
Fox, *n* (ફૉક્સ્) શિયાળ. Sly person. લુચ્ચો માણસ.
Fracas, *n* (ફ્રૅ'કા) Disturbance; noisy quarrel. તોફાન. [અપૂર્ણાંક.
Fraction, *n.* (ફ્રૅ'કશન્) Part. વિભાગ; અંશ;
Fractious, *a.* (ફ્રૅ'કશસ્) Cross. કજીઆખોર.
Fracture, *n.* (ફ્રૅ'ક્ચર્) Break. ભાંગવું તે.
Fragile, *a.* (ફ્રૅ'જાઇલ્) Easily broken. નબળું; બટકણું. [ટુકડો.
Fragment, *n.* (ફ્રૅ'ગમન્ટ્) Part broken off.
Fragrance, *n.* (ફ્રે'ગ્રન્સ) Perfume. સુગંધ.
Fragrant, *a.* (ફ્રે'ગ્રન્ટ) Sweet-smelling. સુગંધી.
Frail, *a.* (ફ્રે'ઇલ્) Weak; infirm. નબળું; બટકણું.
Frailty, *n.* (ફ્રે'ઇલ્ટી) નબળાઈ.

'rame, *v.* (ફ્રેઇમ) Devise. ચોકઠું બેસાડવું; ઘડવું. —*n* ચોકઠું. [મતાધિકાર.

'ranchise, *n.* (ફ્રૅ'ન્ચાઈઝ્) Right to vote.

'rangible, *a.* (ફ્રૅ'ન્જીબલ્) Brittle. તકલાદી.

'rank, *a.* (ફ્રૅન્ક્) Outspoken; sincere નિખાલસ.

'rankincense, *n.* (ફ્રૅ'ન્કીન્સેન્સ્) લોબાન; ધૂપ.

'rantic, *a.* (ફ્રૅ'ન્ટિક્) Mad. Furious ગાંડું; ઝનુની.

'raternal, *a.* (ફ્રટ'ર્નલ્) Brotherly. ભાઇના જેવું.

'ratricide, *n.* (ફ્રૅ'ટ્રિસાઈડ્) ભાઈ કે બેનનું ખુન; તે કરનાર.

'raud, *n.* (ફ્રૉડ્) Cheating. Deceit. ઠગાઈ.

'raudulence. *n.* (ફ્રૉ'ડ્યુલન્સ્) ઠગલબાજી.

Fraudulent, *a.* (ફ્રૉ'ડ્યુલન્ટ્) Dishonest. કપટી.

Fraught, *a.* (ફ્રૉટ્) Full of. ભરેલું

Fray, *n.* (ફ્રે') Quarrel. ટંટો. —*v.* ઘસી નાખવું.

Freak, *n.* (ફ્રીક્) Whim. Fancy. તોર; છંદ.

Freakish, *a.* (ફ્રી'કીશ્) Capricious. તોરી; વિચિત્ર.

Freckle, *n.* (ફ્રે'કલ્) Spot. કરચલી; મસા વગેરે.

Free, *a.* (ફ્રી) At liberty. Candid. હાથનું છુટું; ઉદાર; સ્વતંત્ર. —*v.* Set at liberty. દોષમુક્ત સ્વતંત્ર કરવું.

Freebooter, *n.* (ફ્રી'બુટર) Robber. લુટારૂ.

Freedom, *n.* (ફ્રી'ડમ્) Liberty. સ્વતંત્રતા.

Freehold, *n.* (ફ્રી'હોલ્ડ) વતન; જાગીર.

Freethinker, *n.* (ફ્રી'થિંકર્) નાસ્તિક.
Freetrade, *n.* (ફ્રી'ટ્રેઇડ્) જગાત મુક્ત વેપાર. Trade free from custom duties.
Freewill, *n.* (ફ્રી'વિલ્) રાજીખુશી; સ્વતંત્ર પુરુષાર્થ.
Freeze, *v.* (ફ્રીઝ્) To be congealed by cold. ઠરી જવું.
Freight, *n.* (ફ્રેઇટ) Load; charge for carrying goods. માલ; ભાડું.
French, *a. n.* (ફ્રેન્ચ્) ફ્રાંસનું; ફ્રેંચ ભાષા.
Frenzy, *n.* (ફ્રે'ન્ઝી) Madness. દિવાનાપણું; આવેશ.
Frequent, *a.* (ફ્રી'ક્વન્ટ્) Repeated; common. વારંવાર થતું. —*v.* (–ક્વે'–) વારંવાર આવવું.
Frequence, Frequency, *n.* (ફ્રી'ક્વન્સી) સામાન્યતા.
Fresh, *a.* (ફ્રેશ્) New; recent. તાજું; નવું; મીઠું.
Freshen, *v.* (ફ્રે'શન્) તાજું કરવું.
Fret, *v.* (ફ્રેટ્) To eat into; irritate. To vex. ખવાઈ જવું; ચીડવવું; ઉપસેલ કોતરણી કરવી.
Fretful, *a.* (ફ્રે'ટફુલ્) Irritable. ચીડીયું.
Friable, *a.* (ફ્રા'યબલ્) ટુકડા થઈ જાય એવું.
Friar, *n.* (ફ્રા'યર્) Monk. સાધુ.
Friction, *n.* (ફ્રિ'કશન્) Rubbing. ઘર્ષણ.
Friday, *n.* (ફ્રા'ઈડિ) શુક્રવાર.

Friend, *n.* (ફ્રેન્ડ) Well-wisher; companion. મિત્ર; દોસ્ત.

[મિત્રાચારીભર્યું.

Friendly, *a.* (ફ્રે'ન્ડલિ) Kind; favourable.

Friendship, *n.* (ફ્રે'ન્ડશિપ્) મિત્રાચારી.

Frigate, *n.* (ફ્રિ'ગિટ્) Swift sailing warship. ફ્રુગર; લડાયક વહાણ.

Fright, *n.* (ફ્રાઈટ) Fear. બીક; ભય.

Frighten, *v.* (ફ્રા'ઈટન્) Terrify. બ્હીવરાવવું.

Frightful, *a.* (ફ્રા'ઈટફુલ્) Horrible, awful. ભયંકર; બીધેલું.

Frigid, *a.* (ફ્રિ'જીડ્) Cold. શીત; થંડું; જડ.

Frigidity, *n.* (ફ્રિજી'ડિટી) શીતલતા; જડતા.

Frill, *n.* (ફ્રિલ્) ઝાલર; સીમ.

Fringe, *n.* (ફ્રિન્જ) Appendage. Margin. ઝુલ; ઝાલર લગાડવી.

Frippery, *n.* (ફ્રિ'પરી) Finery. ફિશીઆરી.

Frisk, *v. n.* (ફ્રિસ્ક્) Frolic. ગેલ કરવી; કુદકો.

Fritter, *v.* (ફ્રિ'ટર્) Waste. ગુમાવવું.

Frivolous, *a.* (ફ્રિ'વલસ્) Trifling. છાલકું.

Frivolity, *n.* (ફ્રિવૉ'લિટી) હલકાઈ; છાલકાઈ.

Fro, *adv.* (ફ્રો) Backward, To and fro. આમતેમ. પાછું.

Frock, *n.* (ફ્રૉક) Outer garment. ફ્રૉક; ઝભ્ભો.

Frog, *n*. (ફ્રૉગ્) Amphibious animal દેડકું.
Frolic, *v*. (ફ્રૉ'લિક્) Gambol. ગેલ કરવી. —*a*. Playful: gay. રમતિયાળ. —*n*. Prank. અડપલું.
Frolicsome, *a*. (ફ્રૉ'લિકસમ) Playful. ખેલતું.
From, *prep*. (ફ્રૉમ) Out of; since. માંથી; થી
Front, *n*. (ફ્રન્ટ્) Fore part; face. આગલો ભાગ. —*v*. Oppose face to face. સામે હોવું.
Frontispiece, *n*. (ફ્ર'ન્ટિસપીસ્) Picture at the first page of a book. મુખચિત્ર; મહોરો
Frontier, *n*. (ફ્ર'ન્ટિઅર્) Border; limit. સરહદ.
Frost, *n*. (ફ્રૉસ્ટ્) Severe cold. હિમ; સખત થંડી.
Froth, *n*. (ફ્રૉથ્) Foam. ફીણ. | હઠીલું.
Froward, *a* (ફ્રૉ'વર્ડ) Disobedient; self-willed.
Frown, *v*.(ફ્રાઉન્) Scowl; look stern. ભવાં ચઢાવવાં
Frozen, *a* (ફ્રો'ઝન્) Congealed. ઠરી ગએલું.
Fructify, *v*. (ફ્ર'ક્ટિફાય્) Make fruitful સફળ થવું.
Frugal, *a* (ફ્રૂ'ગલ્) Thrifty. Sparing. કરકસરીયું.
Fruit. *n* (ફ્રૂ'ટ્) Product of a tree; consequence. ફળ; પરિણામ.
Fruiterer, *n*. (ફ્રૂ'ટરર્) મેવાવાળો.
Fruitful *a* (ફ્રૂ'ટફુલ્) Productive. સફળ.
Frump, *n*. (ફ્રમ્પ્) A dowdy woman. ફુવડ.
[**Fruition**, *n*. (ફ્રુ'ઇશન્) Enjoyment. ઉપભોગ,

Frustrate, *v.* (ફ્રસ્ટ્રે'ઇટ) Defeat. નિષ્ફળ કરવું.
Fry, *v.* (ફ્રાય્) Cook with fat. તળવું.
Frying-pan, *n.* (ફ્રા'ઈંગપૅન્) પેણી; તપેલું.
Fuel, *n.* (ફ્યૂ'ઇલ્) Combustible matter. બળતણ.
Fugitive, *a.* (ફ્યુ'જીટિવ્) Fleeting. નાશવંત.–*n.* Runaway. Deserter. નાસી જનાર.
Fulcrum, *n.* (ફે'લ્ક્રમ) Support. ટેકણ
Fulfil, *v.* (ફુલફિ'લ્) Carry out; to complete. બર લાવવું.
Fulgent, *a.* (ફે'લજન્ટ્) Glittering. ચળકતું.
Full, *a.* (ફુલ્) Filled up. ભરેલું; પૂરૂં.
Fulminate, *v.* (ફે'લ્મિનેઇટ્) Explode; threaten. ફાટવું; ધમકી દેવી.
Fulsome, *a.* (ફુ'લ્સમ) Disgusting. દુઃછાટ ઉપજાવે તેવું; ભારેભાર.
Fumble, *v.* (ફે'મ્બલ્) Do awkwardly. ફાંફાં મારવાં. [કરવો.
Fume, *n v.* (ફ્યૂમ) Vapour; rage. વરાળ; ગુસ્સો
Fumigation, *n.* (ફ્યુમિગે'ઇશન્) બાફ; ધુણી દેવી તે.
Fun, *n.* (ફન્) Merriment. રમુજ; ગમ્મત.
Function, *n. v.* (ફે'ન્ક્શન્) Duty; occasion; perform. કામ; પ્રસંગ; કામ કરવું.
Functionary, *n.* (ફે'ન્કશનરી) અમલદાર.

Fund, *n.* (ફન્ડ્) Stock. ભંડોળ.

Fundamental, *a. n.* (ફન્ડમે'મન્ટલ) Essential મૌલિક; મુખ્ય; તત્વ.

Funeral, *n. a.* (ફ્યૂ'નરલ્) Burial ceremony ઉત્તરક્રિયા; દફનાવવાની ક્રિયાનું.

Fungus, *n.* (ફ'ન્ગસ્) Mushroom. બિલાડીનો ટોપ છિદરાં. —*pl.* **Fungi**, (ફ'ન્જાઇ)

Funnel, *n.* (ફ'નલ્) Channel. ગરણી; ધુમાડીયું.

Funny, *a.* (ફ'ની) Amusing; comical. રમુજી.

Fur, *n.* (ફર્) Soft hair. રૂંવાટી.

Furbish, *v.* (ફ'બિશ્) Polish. ઉજાળવું.

Furious, *a.* (ફ્યૂ'રિઅસ) Fierce; raging. ઝનુની ક્રોધે ભરાએલો.

Furl, *n.* (ફર્લ્) Roll up. લપેટી દેવું.

Furlong, *n.* (ફ'રલૉન્ગ્) Forty rods; 220 yards $\frac{1}{8}$ માઇલ.

Furlough, *n.* (ફ'ર્લો) Leave of absence. રજા

Furnace, *n.* (ફ'ર્નિસ્) Place for heating o melting metals. ભઠ્ઠી; તાપવાળી જગ્યા.

Furnish, *v.* (ફ'નિશ) Provide. સામગ્રી પુરી પાડવી

Furniture, *n.* (ફ'ર્નિચર્) Outfit. સરંજામ; રાચરચીલું

Furrow, *n.* (ફ'રો) Groove. ચાસ; ખાંચ.—*v.* ખેડવું

Further, *adv.* (ફ'ર્ધર્) Besides. આગળ; વળી. —*a.* Additional. વધારાનું. —*v.* Advance; promote. આગળ ધપાવવું.

Furtherance, *n.* (ફ'ર્ધરન્સ્) પ્રગતિ.

Furtive, *a.* (ફ'ર્ટિવ્) Stealthy. છુપું; તિરકસ.

Fury, *n.* (ફ્યૂ'રી) Rage. Violent passion. આવેશ; ઝનુન.

Fuse, *v. n.* (ફ્યૂઝ્) Melt. ઓગાળવું; ભેળા થઈ જવું; સળગાવવાની નળી, તાર.

Fusion, *n.* (ફ્યૂ'શ્ઝન્) Coalition. સમાવેશ.

Fuss, *n.* (ફસ્) Bustle. ધાંધલ.

Futile, *a.* (ફ્યૂ'ટાઇલ્) Of no effect. મિથ્યા; નકામું.

Futility, *n.* (ફ્યૂટિ'લિટી) નિષ્ફલતા; મિથ્યાપણું.

Future, *n.* (ફ્યૂ'ચર્) Time to come. ભવિષ્ય. —*a.* Going to be. ભવિષ્યનું.

Futurity, *n.* (ફ્યૂચ્યુ'રિટી) Future time ભાવિ.

Fy, Fie, *int.* (ફાય્) Shame. શરમ !

Fylfot, *n.* (ફિ'લ્ફટ્) Swastika. સ્વસ્તિક; સાથીયો.



G

G, (જી) અંગ્રેજી મૂળાક્ષરનો સાતમો અક્ષર; વ્યંજન.

Gab, *n.* (ગૅબ્) Idle talk; mouth. લવારી; મોઢું; —*v.* To talk fast. લવારી કરવી. [બડાટ.

Gabbie, *v n.* (ગૅ'બલ્) Talk fast. બડબડવું; બડ-

Gable, *n.* (ગે'ઇબલ્) Triangular end of a house. મકાનનો ત્રિકોણાકાર અંતભાગ.

Gad, *v.* (ગૅડ્) Go about. ભટકવું —*n.* Point of a spear. ભાલાની અણી.

Gael, *n a.* (ગેઇલ્) હાયલૅન્ડનો વતની. સ્કૉટલાંડનો.

Gad-fly, *n.* (ગૅ'ડફ્લાઇ) Cattle-biting fly. ડાંસ. બગાઈ.

Gaelic, *n a.* (ગે'ઇલિક્) સ્કૉટલાંડનું. [—*n* ડુચો.

Gag, *v.* (ગૅગ્) Stop the mouth. ડુચો મારવો.

Gage, *n.* (ગેઇજ્) Pledge; standard. જામીનગીરી; માપ; માપવું. —*v.* To pledge. સાનમાં મુકવું.

Gaiety, *n.* (ગે'ઇટિ) Mirth; cheerfulness. મોજમજા.

Gaily, *adv.* (ગે'ઈલી) Merrily; finely. ખુશીથી; સરસ રીતે.

Gain, *n. v.* (ગેઇન) Profit. ફાયદો; લાભ મેળવવો.

Gainsay, *v.* (ગેઇનસે') Contradict; deny. સામું, વિરુદ્ધ બોલવું.

Gait, *n.* (ગેઇટ્) Manner of walking. ચાલ.
Gaiter, *n.* (ગે'ઇટર્) પાદપટ.
Gala, *n.* (ગૅ'લા) Festivity. ઉત્સવ.
Galaxy, *n.* (ગૅ'લક્સી) Brilliant company. આકાશગંગા; સુંદર સમુદાય.
Gale, *n.* (ગેઇલ્) Strong wind. પવનનું ઝાપટું.
Gall, *n.* (ગૉલ્) Bile; bitterness. પિત્ત; કડવાશ. (2) Swelling. સોજો; ફોલ્લો; ગાંઠ. —*v.* Vex. ચીડવવું.
Gallant, *a.* (ગૅ'લન્ટ્) Splendid; brave. સુશોભિત; બહાદુર. —*n.* (ગલૅ'ન્ટ્) Ladies' man. આશક; ફાંકડો.
Gallant, *n.* (ગૅ'લન્ટ્રી) Bravery. બહાદુરી; પ્રેમચેષ્ટા.
Galleon, *n.* (ગૅ'લિઅન્) War-ship. લડાઈનું. વહાણ.
Gallery, *n.* (ગૅ'લરી) Balcony. રવેશ; પગસાળ.
Galley, *n.* (ગૅ'લી) Boat; frame. મછવો; ચોકઠું.
Gallon, *n.* (ગૅ'લન્) Four quarts. ૨૭૭$\frac{1}{4}$ ક્યુબિક ઇન્ચનું માપ. [પૂરદોડ.
Gallop, *v.* (ગૅ'લપ્) Run. દોડવું. —*n.* Full pace.
Gallows, *n.* (ગૅ'લોઝ) Frame for hanging criminals. વધસ્તંભ; ફાંસી.
Galvanize, *v.* (ગૅ'લ્વનાઈઝ્) To electrify. વિજળિક ઓપ આપવો; ચમકાવવું.
Gambit, *n.* (ગૅ'મ્બિટ્) સોગઠું મારવું તે. [રમવું.
Gamble, *v.* (ગૅ'મ્બલ્) Play for money. જુગાર

Gambling, *n*. Playing for money. જુગાર.
Gambol, *v*. (ગૅ'મ્બલ્) Play about. ગેલ કરવી.
n. Frolic. ગેલ. [રમત; શિકાર.
Game, *n*. (ગેઇમ) Sport; animals hunted.
Gamester, *n*. (ગે'ઇમસ્ટર્) જુગારી. A gambler.
Gamut, *n*. (ગૅ'મટ્) સંપૂર્ણ સારીગમ, વિસ્તાર.
Gander, *n*. (ગૅ'ન્ડર્) Male goose. નરબતક.
Gang, *n*. (ગૅન્ગ્) Band; company of persons; set. ટોળી.
Gangway, *n*. (ગૅ'ન્ગવે) A narrow passage; a foot bridge. પુલ; સાંકડો રસ્તો.
Gangrene, *n*. (ગૅ'ન્ગ્રીન્) Mortification of part of body. ભાઠું.
Gaol, *n*. (જેઇલ્) Prison-house; jail. કેદખાનું.
Gaoler, *n*. (જે'ઇલર) Jailer. દરોગો. [તફાવત.
Gap, *n*. (ગૅપ) Opening; defect. બાકોરું; ખાડો;
Gape, *v*. *n*. (ગેઇપ્) Yawn. બગાસું ખાવું; તે.
Garage, *n*. (ગૅ'રિજ્ ; ગરા'ઝ્) મોટર રાખવાની જગ્યા.
Garb, *n*. (ગાર્બ્) Clothes; fashion. કપડાં; શણગાર.
Garbage, *n*. (ગા'બજ્) Offal. છંડામણ; કચરો.
Garble, *v*. (ગા'ર્બલ્) Make unfair selection. બગાડી દેવું; તફડાવવું. [etc. વાડી; બાગબગીચો.
Garden, *n*. (ગા'ર્ડન્) Place for growing flowers

Gargle, *v.* (ગા'ર્ગલ્) Wash. કોગળા કરવા; સાફ કરવું. —*n.* કોગળો.
Garish, *a.* (ગે'અરિશ્) Showy. ઝળકતું; ડોળી.
Garland, *n. v.* (ગા'ર્લન્ડ્) Wreath of flowers. હાર; માળા પહેરાવવી.
Garlic, *n.* (ગા'ર્લિક્) A kind of plant. લસણ.
Garment, *n.* (ગા'ર્મન્ટ્) Clothing; dress. વસ્ત્ર; કપડું.
Garner, *n.* (ગા'ર્નર્) Store-house; granary. કોઠાર. —*v.* ભરવું.
Garnish, *v.* (ગા'ર્નિશ્) Decorate. શણગારવું.
Garret, *n.* (ગૅ'રિટ્) Attic; top room or floor. માળીયું.
Garrison, *n* (ગૅ'રિસન્) Body of soldiers for defence. કિલ્લાના રક્ષણ વાસ્તે સેના. —*v.* Furnish with garrison. ફોજ રાખવી [વાતોડીયો.
Garrulous, *a.* (ગૅ'રુલસ્) Talkative, prattling.
Garter, *n.* (ગા'ર્ટર્) Band for stocking. મોજાંબંધ.
Gas, *n.* (ગૅસ્) Airlike fluid. વાયુ; ગૅસ. [કરવી.
Gasconade, *n. v.* (ગૅસ્કને'ઇડ્) Boast, પતરાજી; તે
Gaselier, *n.* (ગૅસિલિ'આર્) ઝુમ્મર; હાંડી.
Gaseous, *a.* (ગૅ'સિઅસ્) In the form of gas. વાયુરૂપ.
Gash, *n.* (ગૅશ) Deep cut. ઘા. —*v.* જખમ કરવો.

Gas(z)ogene, *n.* (ગૅ'સજીન્) સોડા લેમનનો સંચો.
Gasometer, *n.* (ગસૉ'મિટર્) ગ્યાસની ટાંકી.
Gasp, *v. n* (ગાસ્પ્) Catch breath. મોઢું વકાસવું; [હેબતાવું; તે.
Gastric, *a.* (ગૅ'સ્ટ્રિક્) જઠર, આંતરડાનું.
Gate, *n.* (ગેઇટ) Large door. દરવાજો.
Gather, *v.* (ગૅ'ધર્) Collect. ભેગું કરવું.
Gathering, *n.* (ગૅ'ધરિંગ્) Assembly of people. સંમેલન; સોજો.
Gauche, *a. n.* (ગૉશ્) Awkward. બેડોળ; કઢંગો.
Gaudy, *a.* (ગૉ'ડી) Showy. ડોળઘાલુ.
Gauge, *n.* (ગેઇજ્) Measure. માપ; *v.* **Measure** the contents. માપ કાઢવું.
Gaunt, *a.* (ગૉન્ટ્) Haggard. ફિક્કું; પતલું.
Gauntlet, *n.* (ગૉ'ન્ટલિટ્) Iron glovs. બખ્તરમાંનું હાથનું મોજું. [ગાજ; જાળી.
Gauze, *n.* (ગૉઝ્) Cloth of linen; fine wire.
Gawk, *n.* (ગૉક્) Awkward, bashful person. કઢંગો, શરમાળ માણસ.
Gay, *a.* (ગે) Cheerful; merry. મોજીલું; આનંદી.
Gaze, *v.* (ગેઇઝ્) Look steadily. એકીટસે જોવું.
Gazelle, *n.* (ગઝે'લ્) Small antelope. હરણીયું.
Gazette, *n.* (ગઝે'ટ્) Official newspaper. સરકારી છાપું. —*v.* Publish officially. તેમાં જાહેર કરવું.

Gazetteer, *n.* (ગૅઝિટી'અર્) Geographical dictionary. તવારીખ; કોશ.

Gear, *n.* (ગીઅર્) Goods. સામાન. 2 Harness. ઘોડાનો સાજ. 3 Toothed wheels. દાંતાવાળાં પૈડાં.

Geese, *n.* (ગીસ્) બતકો.

Gelatin(e), *n.* (જે'લટિન્) સરસ.

Geld, *v.* (ગેલ્ડ્) Castrate. ખસી કરવી.

Gelid, *a.* (જે'લિડ) Cold. થંડું.

Gem, *n.* (જેમ્) Precious stone. રત્ન; નંગ.

Gender, *n.* (જે'ન્ડર્) Class. જાતિ.

Genealogy, *n.* (જીનિઍ'લજી) Lineage. વંશાવલી.

General, *a.* (જે'નરલ્) Common; public. સામાન્ય. —*n.* Commander of an army; chief. સરદાર.

Generalize, *v.* (જે'નરલાઇઝ્) સામાન્ય રીતે વાપરવું; બધાને લાગુ પાડવું. [કરવું.

Generate, *v.* (જે'નરેઇટ્) Beget; produce. પેદા

Generative, *a.* (જે'નરેઇટિવ્) ઉત્પાદક.

Generation, *n.* (જેનરેઇ'શન્) Offspring; breed; An age. ઉત્પાદન; પેઢી; જમાનો. [ઉદારતા.

Generosity, *n* (જનરૉ'સિટી) Magnanimity.

Generous, *a.* (જે'નરસ્) Noble-minded; liberal.

Genesis, *n.* (જે'નિસિસ્) Creation. ઉત્પત્તિ. [ઉદાર.

Genial, *a.* (જી'નિઅલ્) Kindly મિલનસાર; અનુકૂળ.

Genii, *n. pl.* (જી'નિઆઈ) ભૂતો.
Genital, *a.* (જે'નિટલ્) ઉત્પાદક. —*pl.* જનનેન્દ્રિયે.
Genitive, *a. n.* (જે'નિટિવ્) છઠ્ઠી વિભક્તિ.
Genius, *n.* (જી'નિઅસ્) mental power. પ્રતિભા. Spirit; man of genius. ભૂત; ખાસ લક્ષણ; પ્રતિભાશાળી માણસ.
Genteel, *a.* (જેન્ટી'લ્) Well-bred; polite. ખાનદાન.
Gentility, *n.* (જેન્ટિ'લિટી) Politeness. ખાનદાની; સભ્યતા.
Gentle, *a.* (જે'ન્ટલ્) Well-born; quiet. કુલીન; [નમ્ર; શાંત.
Gentleman, *n.* (જે'ન્ટલ્મન્) Man of good family. ગૃહસ્થ.
Gentry, *n.* (જે'ન્ટ્રી) People above the common. સારા લોકો; ગૃહસ્થો.
Genuine, *a.* (જે'ન્યુઇન્) Real ખરેખરૂં; અસલ.
Genus, *n.* (જી'નસ) સામાન્ય વર્ગ, જાતિ.
Geography, *n.* (જિઑ'ગ્રફી) The science of the earth. ભૂગોળવિદ્યા.
Geology, *n* (જિઑ'લજી) The science that tells of soil and rocks. ભૂસ્તરવિદ્યા.
Geometry, *n.* (જિઑ'મિટ્રિ) The science of measuring. ભૂમિતિ; રેખાગણિત.
Germ, *n.* (જર્મ્) Rudiment. બીજ; જંતુ.

German, *a. n.* (જ'ર્મેન્) જર્મનીનું; સંબંધી.
Germane, *a.* (જર્મે'ઇન) Relevant. સંબંધી; પ્રસ્તુત.
Germinate, *v.* (જ'ર્મિનેઇટ્) To sprout. અંકુર, ફણગા ફુટવા.
Germicide, *a. n.* (જ'ર્મિસાઇડ્) જંતુવિનાશક.
Gerund, *n.* (જે'રન્ડ્) ધાતુસાધિત; કૃદંતનામ.
Gestation, *n.* (જેસ્ટેઇ'શન્) ગર્ભધારણ.
Gesticulate, *v.* (જેસ્ટિ'ક્યુલેઇટ્) Express with gesture. અભિનય. લટકા કરવા.
Gesture, *n.* (જે'સ્ચર્) Movement of the body. અભિનય; ઇસારત.
Get, *v.* (ગેટ્) Obtain; gain. મેળવવું; પહોંચવું.
Get-up, *n.* (ગે'ટઅપ્) બહારની રચના; દેખાવ.
Geyser *n.* (ગે'ઇસર) Hot spring. ગરમ ઝરણું.
Ghastly, *a.* (ગા'સ્ટ્લિ) Deathlike; Horrible. ભયંકર; ફિક્કું.
Ghost, *n.* (ગોઉસ્ટ્) Spectre. Spirit. ભૂત; આભાસ.
Giant, *n.* (જા'યન્ટ્) Man of extraordinary stature. દૈત્ય; રાક્ષસ. [બકવાદ.
Gibberish, *n.* (ગિ'બરિશ્) Nonsense. લવારો;
Gibbet, *n.* (ગિ'બિટ્) Gallows. ફાંસી. [કાઢવું.
Gibe, *n.* (જાઇબ્) Taunt. મહેણું. *v.* Sneer. હસી
Giddy, *a.* (ગિ'ડી) Dizzy. ચકરી, ફેર આવે તેવું.

Gift, *n.* (ગિફ્ટ્) Present. ભેટ. —*v.* શક્તિ આપવી.
Gig, *n.* (ગિગ્) ઘોડાગાડી; શરતની હોડી.
Gigantic, *a.* (જાયગૅ'ન્ટિક્) Of very large size. રાક્ષસી; ગંજાવર.
Giggle, *v.* (ગિ'ગલ્) Titter. ખીખી કરવું.
Gild, *v.* (ગિલ્ડ્) Overlay with gold. સોનેરી ઓપ ચઢાવવો.
Gilt, *a.* (ગિલ્ટ્) Gilded. ઓપ ચઢાવેલું.
Gimlet, *n.* (ગિ'મ્લિટ્) Boring–tool. સારડી.
Gin, *n* (જિન્) Machine for cleaning cotton; trap; snare. કપાસયંત્ર; ફંદો; જાળ.
Ginger, *n.* (જિ'ન્જર્) Spicy root. આદું; સુંઠ.
Gingerly, *a.* (જિ'ન્જરલી) કાળજીવાળું, પૂર્વક.
Gipsy, *n.* (જિ'પ્સી) Vagabond race. ચારણયાણી; ભટકતી ટોળીનો માણસ.
Giraffe, *n.* (જિરા'ફ્) Camelopard. જીરાફ.
Gird, *v* (ગર્ડ્) Bind; tie round. બાંધવું; વીંટવું.
Girder, *n.* (ગ'ર્ડર્) An iron beam. મોભ.
Girdle, *v. n.* (ગ'ર્ડલ્) Belt. કમરબંધ; વીંટાળવું. —*n.* લોઢી; તાવી.
Girl, *n* (ગર્લ્) Female child. છોકરી.
Girt, *n.* (ગર્ટ્) Girde. વીંટાળેલું.
Girth, *n.* (ગર્થ્) Strap for saddle. તંગ; બંધ.
Gist, *n.* (જિસ્ટ્) Substance. સાર; મુદ્દો.

Give, *v.* (ગિવ્) Bestow. આપવું. —*n.* સ્થિતિ-સ્થાપકતા [ધસરાનો બરફનો ઢગ.

Glacier, *n.* (ગ્લૅસિઅર્) Moving mass of ice.

Glad, *a.* (ગ્લૅડ્) Cheerful; joyous. ખુશ.

Gladden, *v.* (ગ્લૅ'ડન્) Make glad; cheer. ખુશ કરવું.

Glade, *n.* (ગ્લેઇડ્) Passage in a forest. વનરાજિ.

Gladiator, *n* (ગ્લૅડિએટર્) Sword-player; trained fighter. મલ્લ.

Glamour, *n* (ગ્લૅ'મર્) Charm. મોહ

Giance, *n. v.* (ગ્લાન્સ્) Look; glide. નજર; તે કરવી; છટકી જવું.

Gland, *n* (ગ્લૅન્ડ્) Soft fleshy organ in animal & plants. ગ્રન્થિ; કોથળી.

Glare, *n.* (ગ્લેઅર્) Dazzling light. —*v.* Look with fierce or piercing eyes. ડોળા કાઢવા. ઝળઝળાટ; ઝળકવું.

Glass, *n.v.* (ગ્લાસ્) Hard transparent substance; cup; Mirror. કાચ; પ્યાલો; પ્રતિબિંબ પાડવું. Glasses=Spectacles.

Glaucoma, *n.* (ગ્લૉકો'મા) આંખનો ઝામરવા. [પ્યાલું.

Glaze, *v. n.* (ગ્લેઇઝ) Polish. કાચ, ઓપ ચઢાવવો. Glassy coating. ઓપ. [ness. ઝળકાર.

Gleam, *v.* (ગ્લીમ) Shine. ઝળકવું. —*n.* Bright-

Glean, *v.* (ગ્લીન) Pick up. વીણવું.
Glee, *n* (ગ્લી) Joy; merriment. આનંદ.
Gleet, *n.* (ગ્લીટ્) પરમીઓ; પ્રમેહ.
Glen, *n.* (ગ્લેન) Narrow valley; dale. ખીણ.
Glib, *a.* (ગ્લિબ્) Talkative; insincere. વાચાળ;
ડોળઘાલુ. [જવું.
Glide, *v.* (ગ્લાઇડ્) Pass smoothly; slide. સરી
Glimmer, *v.* (ગ્લિ'મર્) Shine faintly. ઝાંખું
તેજ નાંખવું. [દર્શન; ઝાંખી.
Glimpse, *n.* (ગ્લિમ્પ્સ્) Sudden flash. ઝાંખું
Glint, *v.* (ગ્લિન્ટ) Glitter. ઝગારા મારવા.
Glisten, *v.* (ગ્લિ'સન્) Sparkle with light. ચળકવું.
Glitter, *v.* (ગ્લિ'ટર્) Sparkle. ચળકવું. —*n.*
Bright light. ચળકાટ.
Gloat, *v.* (ગ્લોઉટ્) Feast malignantly. રાજી થવું;
ધારી ધારીને જોવું.
Globe, *n.* (ગ્લોઉબ્) Sphere. Ball. ગોળો.
Globule, *n.* (ગ્લૉ'બ્યુલ) Little globe
Gloom, *n.* (ગ્લૂમ) Darkness. અંધકાર; ગમગિની.
Gloomy, *a.* (ગ્લૂ'મી) Dark; sullen. અંધારૂં;
ઉદાસીન. [ભપકો.
Glory, *n.* (ગ્લો'રી) Renown; splendour. કીર્તિ;
Glorify, *v.* (ગ્લો'રિફાય) Exalt. મહિમા વધારવો.

Gloss, *n.* (ગ્લૉસ્) Brightness; comment. ઓપ; ચળકાટ; ટીકા.

Glossary, *n.* (ગ્લૉ'સરી) List of words. શબ્દકોષ.

Glove, *n.* (ગ્લવ્) Cover for the hand. હાથનું મોજું.

Glow, *v.* (ગ્લો) To shine. ઝળકવું; તપવું; લાલ થવું.

Glowworm, *n.* (ગ્લો'વર્મ) આગિયો.

Glower, *v.* (ગ્લા'વર્) Frown. ગુસ્સાથી જોવું.

Gloze, *v.* (ગ્લોઝ્) To explain away. બહાનું કાઢી સમજાવવું.

Glue, *n.* (ગ્લૂ) Adhesive substance. સરેશ; *-v.* Join with glue. ચોટાડવું.

Glum, *a.* (ગ્લમ) Sullen. મુંઝી; ચીડાએલો.

Glut, *v.* (ગ્લટ્) Feed to the full. ઠાંસવું.

Glutton, *n.* (ગ્લ'ટન્) Excessive eater. અકરાંતિયો.

Gluttony, *n.* (ગ્લ'ટની) ખાઉધરાપણું.

Ingrained, *a.* (ઇનગ્રે'ઇન્ડ) ઠેઠ અંદર રહેલું; પાકું.
Ingratiate, *v.* (ઇન્ગ્રે'શિએઇટ્) મહેરબાની મેળવવી.
Ingratitude, *v.* (ઇનગ્રૅ'ટિટ્યુડ્) કૃતઘ્નતા; બેકદરપણું.
Ingredient, *n.* (ઇન્ગ્રી'ડીઅન્ટ્) Component. ભાગ.
Ingress, *n.* (ઇ'ન્ગ્રેસ્) Entrance. પ્રવેશ.
Inhabit *v.* (ઇન્હૅ'બિટ્) To dwell માં વસવું.
Inhabitant, *n.* (ઇન્હૅ'બિટન્ટ્) Resident. રહેવાશી.
Inhale, *v.* (ઇન્હે'ઇલ્) To breathe in. શ્વાસ લેવો.
Inherent, *a* (ઇ'ન્હે'રન્ટ) Innate. અંતર્ગત.
Inherit, *a.* (ઇન્હે'રિટ) To receive by right. વારસામાં મેળવવું.
Inhuman, *a.* (ઇનહ્યૂ'મન) Cruel. ઘાતકી; દયાહીન.
Inhume, *v.* (ઇન્હ્યૂ'મ) To bury. દાટવું (મુડદાંને).
Inimical *a.* (ઇનિ'મિકલ્) Adverse. દુશ્મનાવટભર્યું.

Inimitable, *a.* (ઇનિમિ'ટબલ્) Matchless. અપ્રતિમ.
Iniquitous, *a* (ઇનિ'કુવિટસ્) Unjust. અન્યાયી.
Iniquity, *n* (ઇનિ'ક્વિટી) Injustice. અન્યાય.
Initial, *n.* (ઇનિ'શલ્) First. શરૂઆતનું. *n.* First letter of one's name નામનો પહેલો અક્ષર.
Initiate, *v.* (ઇનિ'શિએઇટ્) To introduce. ઓળખાણ કરવી; to begin. પ્રારંભ કરવો.
Inject, *v.* (ઇન્જે'ક્ટ્) To throw in માં નાખવું.
Injudicious, *a* (ઇન્જુડિ'શસ્) Unwise અવિચારી.
Injunction, *n.* (ઇન્જ'ન્કશન્) Order. હુકમ
Injure, *v.* (ઇ'ન્જર્) To hurt; damage. હરકત કરવી; નુકશાન કરવું. [નુકશાન.
Injury, *n.* (ઇ'ન્જરી) Harm; damage. હરકત;
Injustice, *n.* (ઇન્જ'સ્ટીસ્) Wrong. અન્યાય.
Ink, *n.* (ઇન્ક્) Fluid for writing શાહી.
Inkling, *n.* (ઇન્ક્લિંગ્) Hint. ઈસારો; સૂચના.
Inlay, *n.* (ઇ'ન્લે) To stud with. જડવુ; બેસાડવું.
Inlet *n.* (ઇ'ન્લિટ્) Way in ખાડી.
Inmate, *n.* (ઇ'ન્મેઇટ્) Resident. રહેવાસી.
Inn, *n.* (ઇન) Tavern; hotel. વીશી.
Innate, *a.* (ઇ'નેઇટ્) Natural; inborn. કુદરતી.
Innings, *n.* (ઇ'નિંગ્સ્) Turn of a side to bat. દાવ.
Innocent, *a.* (ઇ'નસન્ટ) Free form guilt. નિર્દોષ.

Innocuous, *v.* (ઇનૉ'ક્યુઅસ્) Harmless. ઈજા ન કરે એવું.

Innovate, *v.* (ઇ'નવેઇટ્) To introduce novelties. નવીનતા કરવી. [અગણિત.

Innumerable, *a.* (ઇન્યૂ'મરબલ્) Countless.

Inoculate, *v.* (ઇનૉ'ક્યુલેઇટ્) રસી મુકવી.

Inopportune, *a.* (ઇનૉ'પર્ચ્યુન્) Untimely. કવખતનું.

Inordinate, *a.* (ઇનૉ'ર્ડિનટ્) Excessive. બેહદ.

Inquest, *n.* (ઇ'ન્ક્વેસ્ટ્) Judicial inquiry. તપાસ.

Inquire, *v.* (ઇન્ક્વા'યર) To ask; examine. તપાસ કરવી.

Inquiry, *n.* (ઇન્ક્વા'યરી) Research. તપાસ.

Inquisitive, *a.* (ઇન્ક્વિ'ઝિટિવ) Curious. જિજ્ઞાસુ.

Inroad, *n.* (ઇ'નરોડ) Sudden invasion. હુમલો; હલ્લો.

Insane, *a.* (ઇન્સે'ઇન્) Mad; senseless. મૂર્ખ; પાગલ.

Insanitary, *a.* (ઇનસૅ'નિટરી) અસ્વચ્છ; રોગજનક.

Insatiable, *a.* (ઇન્સે'ઇશબલ્) લોભી; ખાઉધરૂં.

Inscribe, *a.* (ઇન્સ્ક્રા'ઇબ્) Write on stone; engrave. લખવું; કોતરવું; અર્પણ કરવું. [ખિતાબ.

Inscription, *n.* (ઇનસ્ક્રિ'પ્શન્) Writing. લેખ;

Inscrutable, *a.* (ઇન્સ્ક્રૂ'ટબલ) Unsearchable. ગહન.

Insect, *n.* (ઇ'ન્સેક્ટ્) Small flying animal. જંતુ.
Insecure, *a.* (ઇન્સીક્યો'ર્) Not safe. જોખમભરેલું.
Insecurity, *n.* (ઇન્સીક્યુ'રિટી) Danger. ભય; જોખમ.
Insensate, *a.* (ઇન્સે'ન્સટ્) Stupid. મૂર્ખ.
Insensible, *a.* (ઇન્સે'ન્સિબલ્) Callous; without feeling. બેભાન; લાગણી વગરનું [મૂર્ખતા.
Insensibility, *n.* (ઇન્સેન્સિબિ'લિટી) બેભાનપણું;
Insert, *v.* (ઇન્સ'ર્ટ્) Put in. મુકવું; દાખલ કરવું.
Inset, *a.* (ઇ'ન્સેટ્) અંદર મુકેલું. —*n.* તે. [અંદર.
Inside, *a.* (ઇ'ન્સાઈડ્) Interior. અંદરનું. —*adv.*
Insidious, *a.* (ઇન્સી'ડિઅસ્) Deceitful. કપટી;
Insight, *n.* (ઇ'ન્સાઇટ્) Skill. ઉંડી નજર [છુપું.
Insignia, *n.* (ઇ'ન્સિગ્નિઆ) Marks. ચિહ્નો.
Insignificant, *a.* (ઇનસિગ્નિ'ફિકન્ટ્) Unimportant. નજીવું.
Insignificance, *n* (ઇન્સિગ્નિ'ફિકન્સ્) Want of meaning. નજીવાપણું; નિરર્થકતા.
Insincere, *a.* (ઇન્સિન્સી'અર્) Deceitful; false.
Insincerity, *n.* (ઇ'ન્સિન્સેરિટી) દંભ. [ઢોંગી
Insinuate, *v.* (ઇન્સિ'ન્યુએઇટ) Hint; instil. સૂચવવું; ધીરેધીરે મનમાં ઘાલવું.
Insipid, *a.* (ઇન્સિ'પિડ્) Tasteless. નીરસ.
Insist, *v.* (ઇન્સિ'સ્ટ) Urge. આગ્રહ કરવો.

Insolent, *a.* (ઇ'ન્સલન્ટ) Haughty. ધૃષ્ટ; ઉદ્ધત.
Insolence, *n.* (ઇ'ન્સલન્સ્) Pride. મગરૂબી, તોર; અહંકાર. [થઇ શકાય તેવું.
Insoluble, *a.* (ઇન્સૉ'લ્યુબલ્) અધરૂં; પીગળાવી ન
Insolvent, *a. n.* (ઇન્સૉ'લ્વન્ટ્) Bankrupt. દેવાળીઓ; નાદાર. [નાદારી.
Insolvency, *n.* (ઇન્સૉ'લ્વન્સિ) Bankruptcy.
Insomnia, *n.* (ઇન્સૉ'મ્નિઆ) Sleeplessness અનિદ્રા.
Inspect, *v.* (ઇન્સ્પે'ક્ટ્) Examine. તપાસ કરવી.
Inspection, *n.* (ઇન્સ્પે'ક્શન્) Official examination સરકારી તપાસ; પરીક્ષા.
Inspector, *n.* (ઇન્સ્પે'ક્ટર) તપાસનાર, પરીક્ષા લેનાર અધિકારી; નિરીક્ષક. [પ્રેરણા આપવી.
Inspire, *v* (ઇસ્પા'યર) Animate. Breathe. ચૈતન્ય,
Instable, *a.* (ઇન્સ્ટે'બલ્) Changeable. અસ્થિર.
Instablity, *n.* (ઇન્સ્ટબિ'લિટી) Inconstancy. અસ્થિરતા. [સ્થાપના.
Installation, *n.* (ઇ'ન્સ્ટૉલેઇશન્) પટ્ટાભિષેક;
Install, *n.* (ઇન્સ્ટૉ'લ્) રાજ્યાભિષેક કરવો; સ્થાપવું.
Instalment, *n.* (ઇન્સ્ટા'લ્મન્ટ્) Part payment. હપતો; કાંધું.
Instance, *n.* (ઇ'ન્સ્ટન્સ્) Example. દાખલો.
Instant, *n.* (ઇ'ન્સ્ટન્ટ્) Moment. પળ. Date. ચાલુ માસની તારીખ. —*a* Urgent. તાકીદનું.

Instantaneous, *a.* (ઇન્સ્ટન્ટે'નિઅસ્) Done in an instant. તાત્કાલિક.

Instantly, *a.* (ઇ'ન્સ્ટન્ટ્લી) Immediately. તુર્તજ.

Instead, *adv.* (ઇન્સ્ટે'ડ્) In place of બદલે.

Instep, *n.* (ઇ'ન્સ્ટેપ) પગનો, જોડાનો, ઉપલો ભાગ.

Instigate, *v.* (ઇ'ન્સ્ટિગેઇટ્) Incite; set on. ઉશ્કેરવું.

Instigation, *n.* (ઇન્સ્ટિગે'ઇશન્) Incitement. ઉશ્કેરણી.

Instil, *v.* (ઇન્સ્ટિ'લ્) Infuse. રેડવું; ઉતારવું.

Instinct, *n* (ઇ'ન્સ્ટિન્ક્ટ્) Intuition. સહજ પ્રેરણા.

Instinctive, *a.* (ઇન્સ્ટિ'ન્ક્ટિવ્) સાહજિક.

Institute, *v.* (ઇ'ન્સ્ટિટ્યુટ્) Establish; set up. સ્થાપવું. —*n.* Established law; body. કાયદો; સંસ્થા.

Institution, *n.* (ઇન્સ્ટિટ્યુ'શન્) Establishment. સંસ્થા. Custom. રિવાજ; વસ્તુ. [આદેશ આપવો.

Instruct, *v.* (ઇન્સ્ટ્ર'ક્ટ્) Teach; direct શિખવવું;

Instructive, *a.* (ઇન્સ્ટ્ર'ક્ટિવ્) બોધદાયક. [સૂચના.

Instruction, *n.* (ઇન્સ્ટ્ર'કશન) Teaching કેળવણી;

Instrument, *n.* (ઇ'ન્સ્ટ્રુમન્ટ્) Tool. Machine; document. સાધન; વાદ્ય; હથીઆર; દસ્તાવેજ. [ઉદ્ધત.

Insubordinate, *a.* (ઇન્સબૉ'ર્ડિનટ્) Unruly.

Insufficient, *a.* (ઇનસફિ'શન્ટ) Inadequate. અપૂરતું.

Insular, *a.* (ઇ'ન્સ્યુલર્) Narrow-minded; of an island. સાંકડા મનનું; દ્વીપનું.

Insult, *n.* (ઇ'ન્સલ્ટ્) Contempt. અપમાન. —*v.* To treat with contempt. અપમાન કરવું.

Insuperable, *a.* (ઇ'ન્સ્યૂ'પરબલ્) Insurmountable. દૂર ન થઈ શકે તેવું; અનુલ્લંઘનીય. [ઉતારવો.

Insure, *v.* (ઇન્શૂ'ર્) Secure ageinst loss. વીમો

Insurance, *n.* (ઇન્શૂ'રન્સ્) વીમો; સલામતી.

Insurgent, *a.* (ઇન્સ'ર્જન્ટ્) Rising; rebellious. ઉછળતું; બંડ મચાવતું.

Insurmountable, *a.* (ઇન્સર્મા'ઉન્ટબલ) દુસ્તર; ટાળી ન શકાય તેવું. [lion. બંડ.

Insurrection, *n.* (ઇન્સરે'ક્શન્) Revolt, rebel-

Intact, *a.* (ઇન્ટૅ'ક્ટ્) Unimpaired. તેવું ને તેવું.

Intangible, *a.* (ઇન્ટૅ'ન્જીબલ્) અસ્પર્શનીય; સૂક્ષ્મ.

Integer, *n.* (ઇ'ન્ટિજર્) Whole number. પૂર્ણાંક.

Integral, *n.* (ઇન્ટી'ગ્રલ્) Whole. પૂર્ણ; સંબદ્ધ.

Integrity, *n.* (ઇન્ટે'ગ્રિટી) Honesty; wholeness; પ્રામાણિકતા; અખંડતા.

Intellect, *n.* (ઇ'ન્ટિલેક્ટ્) Mental power. બુદ્ધિ.

Intellectual, *a.* (ઇન્ટિલે'ક્ચુઅલ્) માનસિક; બુદ્ધિનું.

Intelligent, *a.* (ઇન્ટે'લિજન્ટ્) Sensible. બુદ્ધિશાળી.

Intelligence, *n.* (ઇન્ટે'લિજન્સ્) Power of under-

standing; news. સમજ શક્તિ; સમાચાર.

Intelligible, *n.* (ઇન્ટે'લિજિબલ્) Clear. સ્પષ્ટ; સમજી શકાય એવું.

Intemperance, *n* (ઇન્ટે'મ્પરન્સ) Drunkenness. અમિતાહાર; અતિભોગ, ખાનપાન.

Intemperate, *a.* (ઇન્ટે'મ્પરિટ્) Immoderate. અમિતાહારી. [યોજવું.

Intend, *v.* (ઇન્ટે'ન્ડ) Mean; design. ઈરાદો રાખવો;

Intense, *a.* (ઇન્ટે'ન્સ્) Extreme; very severe. સખત. [અતિશયતા.

Intensity, *n.* (ઇન્ટે'ન્સિટી) High degree. તીવ્રતા;

Intent, *a.* (ઇન્ટે'ન્ટ્) Bent. તત્પર. —*n.* Intention; meaning. આશય; અર્થ.

Intention, *n.* (ઇન્ટે'ન્શન્) Desire. ઇરાદો.

Intentional, *a.* (ઇન્ટે'ન્શનલ્) Done on purpose. જાણીજોઈને કરેલું.

Inter, *v.* (ઇન્ટ'ર્) Bury. દાટવું.

Interment, *n.* (ઇન્ટ'ર્મેન્ટ્) દફનક્રિયા.

Intercede, *v.* (ઇ'ન્ટસીડ્) Mediate. વચમાં પડવું.

Intercession, *n.* (ઇન્ટરસે'શન્) Meditation. દરમ્યાનગીરી.

Intercept, *v.* (ઇન્ટર્સે'પ્ટ) Stop on the way; cut off. વચમાંથી અટકાવવું.

Interohange, *v.* (ઇન્ટર્ચે'ઇન્જ) Exchange અદલબદલ કરવું. —*n.* (ઇ'-) તે.

Intercourse, *n.* (ઇન્ટર્કો'સ્) Communication; familiarity. વ્યવહાર: સંબંધ.

Interdict, *v.* (ઇન્ટાડક્ટ્) Forbid. મના કરવી.

Interest, *n.* (ઇ'ન્ટરિસ્ટ્) Concern; premium. રસ; લાભ; વ્યાજ. —*v* To concern. રસ લેવો, આપવો.

Interested, *a.* (ઇ'ન્ટરિસ્ટિડ્) Concerned for one's interest. સ્વાર્થ, રસ ધરાવતું.

Interesting, *a.* (ઇ'ન્ટરિસ્ટિંગ) Charming. મનોરંજક; રસિક.

Interfere *v.* (ઇન્ટર્ફી'અર્) Meddle. વચમાં આવવું.

Interim, *n.* (ઇ'ન્ટ્રિમ્) The mean time. વચલો વખત. —*a.* Temporary. વચ્ચેનું.

Interior, *a.* (ઇન્ટીરિ'અર્) Inner. અંદરનું. —*n.* The inside. અંદરનો ભાગ.

Interjection, *n.* (ઇન્ટર્જે'ક્શન્) Exclamation. કેવળપ્રયોગી અવ્યય; ઉદ્ગાર.

Interlude, *n.* (ઇ'ન્ટર્લ્યૂડ્) Performance between the acts of play. મધ્યરંગ; વચગાળેનો તમાસો.

Intermarriage, *n.* (ઇ'ન્ટર્મૅરિજ્) Marriage between two families or castes. માંહોમાંહે, આંતરલગ્ન.

Intermediate, *a.* (ઇન્ટરમી'ડિઅટ્) વચલું; અંતર્ગત.

Interminable, *a.* (ઇન્ટ'મિનબલ્) Endless. છેડા વગરનું; નિઃસીમ.

Intermingle, *v.* (ઇન્ટરૂમિ'ન્ગલ્) To mix together. સેળભેળ થવું; કરવું.

Intermission, *n.* (ઇન્ટર્મિ'શન્) Temporary pause. આરામ; ગાળો.

Intermittent, *a.* (ઇન્ટર્મિ'ટન્ટ્) Stopping at intervals વચ્ચે અટકતું; આંતરીયું [સેળભેળ કરવું.

Intermix, *v.* (ઇન્ટરૂમિ'ક્સ્) To mix together.

Intermixture, *n.* (ઇન્ટરૂમિ'ક્સ્ચર્) સેળભેળ.

Internal, *a* (ઇન્ટર્ન'લ્) Inward. અંદરનું.

International, *a.* (ઇન્ટરૂનૅ'શનલ્) Relating to various nations. દેશ દેશાન્તરનું; આંતરરાષ્ટ્રીય

Interpellate, *v.* (ઇન્ટરપે'લેઇટ્) To question. સવાલ કરવો. [સમન્સ.

Interpellation, *n.* (ઇન્ટપેલે'ઇશન) સવાલ;

Interpolate, *v.* (ઇન્ટ'પલેઇટ્) Insert. ઘાલવું; ઉમેરવું

Interpose, *v.* (ઇન્ટર્પો'ઝ્) Intrude. વચમાં પડવું.

Interposition, *n.* (ઇન્ટર્પ'ઝિશન્) મધ્યસ્થતા.

Interpret, *v.* (ઇન્ટ'રૂપ્રિટ્) Explain. અર્થ કરવો.

Interpretation, *n.* (ઇન્ટરૂપ્રિટે'ઇશન્) Meaning.

Interpreter, *n.* (ઇન્ટ'રૂપ્રિટર્) દુભાષિયો. [અર્થ.

Interregnum, *n.* (ઇન્ટરૂરે'ગ્નમ) રાજા વગરનો વખત. [પૂછવો.

Interrogate, *v.* (ઇન્ટે'રગેઇટ્) Question. સવાલ

Interrogative, *a. n.* (ઇન્ટરૉ'ગટિવ) Denoting a question. પ્રશ્નાર્થ. [પ્રશ્નાવલિ.

Interrogatory, *a. n.* (ઇન્ટરૉ'ગટરી) પ્રશ્નાર્થ;

Interrupt, *v.* (ઇન્ટર'પ્ટ્) Hinder. અટકાવવું.

Interruption, *n.* (ઇન્ટર'પ્શન્) Hindrance, અડચણ; વચમાં બોલવું તે. [કાપવું.

Intersect, *v.* (ઇન્ટર્સે'ક્ટ્) Cut across. વચમાંથી

Intersperse, *v.* (ઇન્ટરૂસ્પર્સ્) Scatter. વેરણું; વચ્ચે મેલવું.

Interstice, *n.* (ઇ'ન્ટર્સ્ટિસ્) Crevice. ફાટ.

Interval, *n.* (ઇ'ન્ટરવલ્) Pause; distance between. વચગાળો; વિરામ; તફાવત. [આવવું.

Intervene. *v.* (ઇન્ટર્વી'ન્) Come between. વચ્ચે

Intervention, *n.* (ઇન્ટર્વે'ન્શન્) Interposition. વચમાં પડવું તે. [મુલાકાત; તે લેવી.

Interview, *n. v.* (ઇ'ન્ટર્વ્યૂ) Formal meeting.

Intestate, *a.* (ઇન્ટે'સ્ટટ્) Dying without a will. વારસનામા વગરનું. [*a* અંદરનું.

Intestine, *n.* (ઇન્ટે'સ્ટિન્) The bowels. આંતરડું.

Intestinal, *a.* (ઇન્ટે'સ્ટિનલ) આંતરડાનું; અંદરનું.

Intimate, *a.* (ઇ'ન્ટિમિટ્) Close;familiar. દિલોજાન; નિકટનું —*v.* To make known; to give notice: ખબર કરવી.

Intimacy, *n.* (ઇન્ટિ'મસી) Close friendship. ગાઢ પરિચય.

Intimation, *n.* (ઇન્ટિમે'ઇશન્) Information; announcement. ખબર.

Intimidate, *v.* (ઇન્ટિ'મિડેઇટ્) To terrify. બીવ-રાવવું.

Into, *prep.* (ઇ'ન્ટુ) અંદર; માંહે

Intolerable, *a.* (ઇન્ટૉ'લરબલ્) Unbearable. [અસહ્ય.

Intolerance, *n.* (ઇન્ટૉ'લરન્સ્) અસહિષ્ણુતા [તેવું.

Intolerant, *a.* (ઇન્ટૉ'લરન્ટ્) અસહિષ્ણુ; સહન ન કરે

Intoxicate, *v.* (ઇન્ટૉ'કિસકેઇટ્) Make drunk; elate. ઉન્મત્ત કરવું.

Intoxication, *n.* (ઇન્ટૉક્સિકે'ઇશન્) Drukenness. મદ; કેફ

Intractable, *a.* (ઇન્ટ્ર'કટબલ્) Stubborn. હઠીલું; કહ્યામાં ન રહે એવું.

Intramural, *a.* (ઇન્ટ્રમ્યૂ'રલ્) દિવાલની અંદર કરેલું.

Intransitive, *a.* (ઇન્ટ્રા'ન્સિટિવ્) Not taking direct object. અકર્મક.

Intrench, *v.* (ઇન્ટ્રે'ન્ચ) Fortify with a ditch. ખાઈથી રક્ષણ લેવું.

Intrenchment, *n.* (ઇન્ટ્રેન્ચ'મન્ટ્) મોરચો.
Intrepid, *a.* (ઇન્ટ્રે'પિડ્) Brave; fearless. હિંમતવાળુ.
Intrepidity, *n.* (ઇન્ટ્રેપિ'ડિટી) Courage. હિમ્મત.
Intricacy, *n* (ઇ'ન્ટ્રિકસી) Complication; perplexity. ગુંચવાણ. [ભરેલુ.
Intricate, *a.* (ઇ'ન્ટ્રિકિટ્) Complicated. ગુંચવાડા
Intrigue, *n.* (ઇન્ટ્રી'ગ્) Plot; stratagem. કાવતરૂં; કારસ્તાન. —*v.* ગુંચવવું; જિજ્ઞાસા આણવી. [અંદરનું.
Intrinsic, *a.* (ઇન્ટ્રિ'ન્સિક્) Genuine; true. ખરેખરૂં;
Introduce, *v.* (ઇન્ટ્રડયૂ'સ્) Lead in; begin પિછાન, પ્રસ્તાવ કરવો; શરૂ કરવું.
Introduction, *n.* (ઇન્ટ્ર'ડકશન્) Presentation. પ્રસ્તાવના; ઓળખાણ.
Introductory, *a.* (ઇન્ટ્રડ'કટરી) પ્રાસ્તાવિક.
Introspection, *n.* (ઇન્ટ્રસ્પે'કશન્) Reflection. આત્મનિરીક્ષણ.
Intrude, *v.* (ઇન્ટ્રૂ'ડ્) Encroach; thrut. ઘુસવું. વગર બોલાવે જવું માથું મારવું.
Intuition, *n.* (ઇન્ટ્યુ'ઇશન્) Knowledge. સહજ જ્ઞાન; અંતઃપ્રેરણા.
Inundate, *v.* (ઇ'નન્ડેઇટ્) Flood. રેલ, પુર આણવું.
Inundation, *n.* (ઇનન્ડે'ઇશન્) Flood. પુર; રેલ.

Inure, *v.* (ઇન્યૂ'રૂ) Accustom. મહાવરો પાડવો.
Invade, *v.* (ઇન્વે'ઇડ્) Attack ; violate. હલ્લો કરવો.
Invalid. *a n* (ઇ'ન્વલિડ્) Sickly. અશક્ત; માંદો, માણસ. Void. રદ બાતલ.
Invalidate, *v.* (ઇન્વૅ'લિડેઇટ્) રદ કરવું.
Invalidity, *n.* (ઇન્વલિ'ડિટી) બાતલપણું.
Invaluable, *a.* (ઇન્વૅ'લ્યુઅબલ્) Precious. કિંમતી.
Invariable. *a.* (ઇન્વે'રિઅબલ્) Unchangeable. નિર્વિકારી; નિયમિત.
Invasion, *n.* (ઇન્વે'ઇશ્ઝન્) Attack હુમલો.
Invective, *n.* (ઇન્વે'ક્ટિવ્) Satire. કટાક્ષ.
Inveigh, *v.* (ઇન્વે') Speak violently. ગુસ્સાથી નિંદા કરવી; ગાળ દેવી
Inveigle, *v.* (ઇન્વે'ઇગ્લ્) To allure. મોહમાં નાંખવું.
Invent. *vt.* (ઇન્વે'ન્ટ્) To devise. શોધવું.
Invention. *n.* (ઇન્વે'ન્શન) શોધ; જુઠાણું
Inventory, *n.* (ઇન્વે'ન્ટરી) નોંધ.
Inverse, *a.* (ઇન્વ'ર્સ) Inverted. ઉલટું.
Inversion. *n.* (ઇન્વ'ર્સન્) અવળો ક્રમ.
Invert, *v.* (ઇન્વ'ર્ટ) To upset. ઉલટાવવું.
Invest, *v.* (ઇન્વે'સ્ટ્) To dress; lay out money. શણગારવું. સત્તા આપવી; નાણાં રોકવાં.
Investigate *v.* (ઇન્વે'સ્ટિગેઇટ) To search;

examine. તપાસ, શોધ કરવી.

Inveterate, *a.* (ઇન્વે'ટરિટ્) Obstinate; old. ઘણા દહાડાનું; દઢ થયેલું. [ખાઈ કરે તેવું.

Invidious *a.* (ઇન્વિ'ડિઅસ્) Unpleasant. અદે-

Invigorate, *v.* (ન્વિ'ગરેટ્) To strengthen. પુષ્ટિ કરવી. [અજય્ય.

Invincible, *a.* (ઇન્વિ'ન્સિબલ્) Unconquerable.

Inviolable, *a.* (ઇન્વા'યલબલ્) Not violable. અખંડ.

Invisible, *a.* (ઇન્વિ'ઝિબલ્) અદૃશ્ય. [આપવું.

Invite, *v.* (ઇન્વા'ઇટ) Summon; request. નિમંત્રણ

Invoice, *n.* (ઇન્વૉ'ઈસ્) Bill of goods with prices. ભરતીયું. [આવાહન કરવું; માગવું.

Invoke, *v.* (ઇન્વો'ક્) To address in prayer.

Involuntary, *a.* (ઇન્વૉ'લન્ટરી) Unwilling. મરજી વિનાનું [લપેટવું; સંડોવવું.

Involve, *v.* (ઇન્વૉ'લ્વ્) To roll up; to complicate.

Involution, *n.* (ઇન્વલ્યૂ'શન્) Complication; raising. ગુંચવાડો: વળાંક; ઘાતચિહ્ન ઉમેરવું તે.

Invulnerable, *a* (ઇન્વ'લ્નરબલ્) અભેદ્ય.

Inward, *a.* (ઇ'ન્વર્ડ) Interior. અંદરનું.

Iodine, *n.* (આ'યડાઇન) એક જાતની ઝેરી દવા.

Iota, *n.* (આયો'ટા) Particle. પરમાણુ.

Irascible, *a.* (આયૂરૅ'સિબલ) Irritable. ચીઢીયું.

Ire, *n.* (આ'યર્) Anger. ગુસ્સો.
Irksome. *a.* (અ'ર્કસમ્) Tedious. કંટાળા ભરેલું.
Iron, *n.* (આયર્ન) લોખંડ.
Ironical, *a.* (આઇરૉ'નિકલ્) Sarcastic. વક્રોક્તિવાળું.
Irony, *n.* (આ'યુરની) Sarcasm. મર્મવચન; વક્રગતિ.
Irradiate, *v* (ઇરે'ડિએઇટ્) To shine upon રોશની [કરવી.
Irrational, *a.* (ઇર્રૅ'શનલ્) બુદ્ધિ વગરનું.
Irregular, *a.* (ઇર્રે'ગ્યુલર્) Not regular. અનિયમિત.
Irrelative, *a.* (ઇર્રે'લટિવ્) Not to the purpose. પારકું; અસંબદ્ધ.
Irreligious, *a.* (ઇર્રીલિ'જસ) Impious. નાસ્તિક.
Irresistible, *a* (ઇર્રીઝિ'સ્ટિબલ્) That cannot be opposed. સામા થઇ શકાય નહિ તેવું; દુર્ધર્ષ.
Irresponsible, *a.* (ઇર્રીસ્પૉ'ન્સિબલ) બિનજોખમી; બેજવાબ.
Irretrievable, *a.* (ઇર્રિટ્રી'વબલ્) Irrecoverable. પાછું મેળવી શકાય નહિ તેવું.
Irrevocable, *a.* (ઇર્રેવ'કબલ્) ન ફેરવાય એવું.
Irrigation, *n.* (ઇ'રિગેઇશન્) Canal supply. નહેરકામ.
Irrigate, *v.* (ઇ'રિગેઇટ્) To water. નહેરકામ કરવું.
Irritate, *v.* (ઇ'રિટેઇટ) To provoke. ગુસ્સે કરવું.

Irruption, *n.* (ઇરપ્શન્) Bursting out. ફાટી નીકળવું તે. Invasion. આક્રમણ.

Is, *v.* (ઇઝ્) Exists. છે.

Islam, *n.* (ઇ'ઝ્લામ્) મુસલમાની ધર્મ.

Island, **Isle**. *n.* (આ'ઇલન્ડ્ આઇલ્) A tract of land surrounded by water. દ્વીપ.

Islet *n.* (આ'ઇલિટ્) A little island. નાનો ટાપુ.

Isolate. *v.* (આ'ઇસલેઇટ) To detach. અલગ રાખવું. છુટું પાડવું.

Isosceles, *a.* (આઇસૉ'સલિઝ) Having two equal sides. બે સરખી બાજુવાળું.

Issue, *n.* (ઇ'સ્યુ) Progeny; ultimate result. સંતાન. બનાવ મુદ્દો. —*v.* To deliver for use; come out. ઉપયોગ માટે આપવું; બહાર કાઢવું. નીકળવું.

Isthmus, *n.* (ઇ'સ્થમસ્) સંયોગીભૂમિ.

Italics, *n.* (ઇટૅ'લિક્સ્) વાંકા અક્ષર.

Itch, *n. v.* (ઇચ્) ખસ; ખુજલી આવવી.

Item. *n.* (આ'ઇટેમ) An article. બાબત.

Iterate *v* (ઇ'ટરેઇટ્) Repeat. કહેવું; ફરી ફરી કહેવું.

Itinerant, *a.* (ઇટિ'નરન્ટ્) Wandering. ફરતું.

Itself, *pron.* (ઇટ્સે'લ્ફ્) પોતે.

Ivory, *n.* (આ'યુવરી) Tusk of the elephant [હાથીદાંત.

Ivy, *n.* (આ'યુવી) એક જાતની બારમાસી.

J

J, (જે) અંગ્રેજી મૂળાક્ષરનો દશમો અક્ષર: વ્યંજન.
Jabber, *v* (જૅ'બર્) To chatter બબડવું. *n.* બકબક.
Jabot, *n.* (શ્ઝૅબો') Frill. ઝાલર
Jack, *n.* (જૅક્) Sailor. ખારવો. A small flag. વાવટો. Saucy fellow. ઉદ્ધત માણસ; ગુસ્સો
Jackal, *n.* (જ'કૉલ્) A dog-like animal. શિયાળ.
Jackass, *n.* (જૅ'કઍસ્) Donkey. ગધેડો; મૂર્ખ.
Jack-daw, *n.* (જૅ'કડૉ) Wild crow. જંગલી કાગડો.
Jacket, *n.* (જૅ'કિટ્) Sleeveless coat; cover. જાકીટ; પૂંઠું
Jackonet. *n.* (જૅ'કનિટ્) જગન્નાથી.
Jade, *n.* (જે'ઇડ્) A poor horse: mean woman. ઘરડી ઘોડી; નીચ સ્ત્રી. —*v.* To exhaust. થકવવું.
Jadish, *a.* (જે'ઇડિશ્) થાકેલું; વ્યભિચારી.
Jag, *n.* (જૅગ્) Notch. ખાંચ. —*v.* To notch. ખાંચ પાડવી.
Jail, *n. v.* (જેઇલ્) Prison. કેદખાનું; જેલમાં પૂરવું.
Jam, *v.* (જૅમ્) Squeeze. ચગદવું; જામ થવું. *n.* Conserve. મુરબ્બો.
Jangle, *v.* (જૅ'ન્ગલ્) કજીયા કરવો; બેસુરો અવાજ કરવો.
Janitor, *n.* (જૅ'નિટર) Door-keeper. દ્વારપાળ.

January, *n* (જૅન્યુઆરી) First month of the year. જાનેવારી.
Japan. *n*. (જપૅ'ન) A varnish જાપાન; વાર્નીસ. *v*. રોગાન દેવો.
Japanese. *a*. *n* (જૅ'પનીઝ્) જાપાનનું; તેનો વતની.
Jar, *v*. (જાર્) Sound discordantly. બેસુરૂં, કર્કશ બોલવું. *n*. Round vessel. બરણી.
Jargon, *n*. (જા'ર્ગન્) Babble; slang. બબડાટ; [પરિભાષા.
Jasmine, *n*. (જૅ'સ્મિન્) જુઈ
Jaundice, *n*. (જૉ'ન્ડિસ્) A disease in which body becomes yellow. કમળો.
Jaunt, *v* (જૉ'ન્ટ્) Ramble. અથડાવું.
Jaunty, *n*. (જૉ'ન્ટી) Showy. ડોળઘાલુ.
Javelin, *n* (જૅ'વલિન્) Light spear. ભાલુ.
Jaw, *n*. (જૉ) જડબું; મોઢું; લવારી.
Jay, *n* (જે) Chattering bird. બેરંગી પક્ષી; વાતોડીયો.
Jealous, *a*. (જે'લસ્) Envious. વહેમીલું; અદેખું.
Jealousy, *n*. (જે'લસિ) Envy અદેખાઈ.
Jean, *n*. (જેઇન્) જીન (કાપડ).
Jeer, *v*. (જીઅર્) Laugh at; mock. મશ્કરી કરવી.
Jejune, *a*. (જિજૂ'ન્) Empty. નીરસ; ખાલી.
Jelly, *n*. (જે'લી) મુરબ્બો: ચાસણી.
Jeopardy, *n*. (જે'પર્ડી) Hazard; danger. જોખમ.

Jeopardize, *v.* (જે'પર્ડાઇઝ્) To endanger. ભયમાં નાંખવું.

Jerk, *n.* (જર્ક્) Sudden pull. આંચકો; ધક્કો.

Jerkin, *n.* (જર્'કિન્) કબજો; બંડી.

Jersey, *n.* (જર્'ઝી) Undervest. બૈરાનું જાકીટ; ગંજીફરાક. [મશ્કરી.

Jest, *v.* (જેસ્ટ્) To joke. મશ્કરી કરવી *n.* Joke.

Jester, *n.* Buffoon. મશ્કરો.

Jet, *n.* (જેટ્) Spouting stream. વહેતો પ્રવાહ; ફુવારો; સેર. --*v.* બહાર નીકળવું. [માલ.

Jetsam, *n.* (જે'ટ્સમ) નાખી દીધેલો, તણાઇ આવેલો

Jetty, *a. n.* (જે'ટિ) Protection; pier. બંધ; ડક્કો;

Jew, *n.* (જૂ) Hebrew. યાહુદી. [ઓવારો.

Jewess, *n.* (જૂ'ઇસ્) યાહુદણ.

Jewel, *n.* (જૂ'ઇલ્) Gem. રત્ન; જડાવ ઘરેણું.

Jeweller, *n.* (જૂ'ઇલર્) ઝવેરી.

Jibe, *n. v.* (જાઇબ્) Taunt. ટોણું, મારવું.

Jiffy, *n.* (જિ'ફી) થોરો વખત; ક્ષણ.

Jig, *n.* (જિ'ગ્) Light dance. ઝડપની ગત; લાવણી.

Jilt, *n.* (જિલ્ટ્) વ્યભિચારિણી. —*v.* વ્યાભિચાર કરવો.

Jingle, *v.* (જિ'ન્ગલ્) Tinkle. ઝનઝન થવું —*n.* ઝણકાર. [ને વેચવું; ઘાંચવું.

Job, *n.* (જૉબ) Piece of work. કામ, - *v.* ખરીદવું

Jobber, *n.* (જૉ'બર્) ઉધડ કામ કરનાર; જાબર.
Jockey, *n.* (જૉ'કી) A horse rider શરતનો ઘોડો હાંકનાર, પલોટનાર. [Jesting. મશ્કરૂં.
Jocose, Jocular, *a.* (જકો'સ્, જૉ'ક્યુલર્)
Jocund, *a.* (જૉ'કન્ડ) Gay; merry મોજીલું.
Jog, *v.* (જૉગ્) Push; proceed. હડસેલવું; ચાલવું.
Jogtrot, *n.* ઝુલતી ચાલ.
Join, *v.* (જૉઇન્) Connect; associate. જોડવું.
Joiner, *n.* (જૉ'ઇનર) સુથાર.
Joint, *a* (જૉઇન્ટ્) Combined. જોડીયું —*n.* સાંધો.
Jointer, *n.* (જો'ઇન્ટર્) Carpenter. સુથાર; રંદો.
Jointure, *n* (જૉ'ઇન્ચર્) Widow's portion of property. વિધવાધન.
Joist, *n.* (જૉઇસ્ટ્) ભારોટીયું; પીઢીયુ.
Joke, *v. n.* (જોઉક્) Jest. મશ્કરી કરવી; મશ્કરી.
Jolly, *a.* (જૉ'લી) Jovial. આનંદી.
Jollity, *n* (જૉ'લિટી) Gaiety, ખુશી; મજા.
Jolt, *v. n* (જોલ્ટ્) આંચકો ખાવો; આંચકો.
Jostle, *v.* (જૉ'સલ) Push. હડસેલવું.
Jot, *n.* (જૉટ્) Point. લેશમાત્ર. *v.* To make a short note. લખી લેવું.
Jotting, *n.* (જૉ'ટિંગ્) નોંધ. [છાપું.
Journal, *n.* (જ'ર્નલ) Diary; newspaper. રોજમેળ;

Journalist, *n* (જર્નલિસ્ટ્) Newspaper writer. વર્તમાનપત્ર ચલાવનાર, નો લેખક.

Journey, *n. v.* (જર્'ર્ની) Travel. મુસાફરી, કરવી.

Joust, *n.* (જૂસ્ટ્) Tournament. ભાલાંબાજી.

Jovial, *a.* (જો'વિઅલ્) Merry; gay. આનંદી.

Jowl, *n.* (જાઉલ) જડબા, નું હાડકું; ગાલ; જાડી ગરદન.

Joy, *n.* (જૉય્) Pleasure; mirth. આનંદ; મજા.

Joyful, *a.* (જૉ'યફુલ) આનંદી; ખુશાલીનું.

Joyous, *a.* (જૉ'યસ્) Glad; gay. આનંદી; ખુશાલીનું.

Jubilant, *a.* (જૂ'બિલન્ટ્) Joyful હર્ષ ઘેલું.

Jubilee, *n.* (જૂ'બિલી) Celebration of fiftieth anniversary. મહોત્સવ.

Judge, *n.* (જજ્) Umpire; a civil officer appointed to administer law. ન્યાયાધીશ. *v.* Examine. ન્યાય કરવો.

Judgement, *n.* (જ'જમન્ટ્) Decision of a court; decree. ચુકાદો; ફેસલો; અભિપ્રાય; વિચારશક્તિ.

Judicature, *n.* (જૂ'ડિકેચર્) ન્યાયકામ, મંડળ.

Judicial, *a.* (જૂડિ'શલ્) કોરટનું; ન્યાયકારી.

Judicious, *a.* (જૂડિ'શસ્) Wise. ડહાપણભરેલું.

Jug, *n.* (જગ્) Pitcher. કુંજો; લોટો.

Juggle, *a.* (જ'ગલ્) Play tricks. હાથચાલાકી કરવી.

Juggler, *n.* (જ'ગલર) Conjuror. જાદુગર.

Jugglery, *n.* (જ'ગ્લરી) હાથચાલાકી કરવી તે.

Juice, *n.* (જૂ'સ્) Sap of fruits. રસ.

Juicy, *a.* (જૂ'સી) Abounding with juice. રસદાર.

Jumble, *v.* (જ'મ્બલ) Mix. સેળભેળ કરવી. *n.* લોચો.

Jump, *v. n.* (જમ્પ્) Leap; spring. કુદવું; કુદકો.

Junction, *n.* (જ'ન્કશન્) Place of union. સંયોગ; સંગમસ્થાન.

Juncture, *n.* (જ'ન્કચર્) Critical time. અણીનો પ્રસંગ.

Jungle, *n.* (જ'ન્ગલ) Dense wood. જંગલ.

Junior, *a.* (જૂ'નિઅર્) Younger. વધારે નાનું; ઉતરતું.

Junket, *n.* (જ'ન્કિટ્) Sweetmeat. શિખંડ

Junta, *n.* (જ'ન્ટા) Clique. ટોળી.

Jupiter, *n.* (જૂ'પિટર્) Largest planet of solar system. બૃહસ્પતિ; ગુરુનો ગ્રહ.

Jurisdiction, *n.* (જૂરિસ્ડિ'કશન્) Territory; control. પ્રદેશ; અમલ.

Juror, *n.* (જૂ'રર્) Juryman. પંચનો સભ્ય.

Jury, *n.* (જુ'રી) પંચ.

Just, *a.* (જસ્ટ્) Upright; true. ન્યાયી.

Justice, *n.* (જ'સ્ટિસ્) Fairness; judge. ન્યાય; ન્યાયાધીશ.

Justiciary, *n.* (જસ્ટિ'શ્યરી) ન્યાયકારી.

Justify, *v.* (જ'સ્ટિફાય્) Prove to be just. સાચું ઠરાવવું.

Justifiable, *a.* (જસ્ટિફા'યબલ) વાજબી ગણી શકાય એવું

Justification, *n.* (જસ્ટિફિકે'ઇશન્) Act of justifying; defence. વ્યાજબી ઠરાવવું તે; બચાવ.
Jut, *v.* (જટ્) Project. બહાર નીકળવું. [કંતાન.
Jute, *n.* (જૂટ્) Coarse fibre of an Indian plant.
Juvenile, *a* (જૂવિનાઇલ) Childish; youthful. જુવાનીનું. *n.* જુવાનીયો [પડખે મેલવું.
Juxtapose, *v.* (જ'ક્સ્ટપોઝ્) Put side by side.
Juxtaposition, *n.* (જક્સ્ટપઝિ'શન્) Contiguity. સંગમ.

K

K, (કે) અંગ્રેજી મૂળાક્ષરનો અગીઆરમો અક્ષર; વ્યંજન.
Kaiser, *n.* (કા'યઝર્) German Emperor. પાદશાહ.
Kangaroo, *n.* (કૅન્ગરૂ') કાંગારૂ.
Keel, *n.* (કીલ્) Bottom of a ship. વહાણનું તળીયું.
Keen, *a.* (કીન્) Sharp; eager. તીક્ષ્ણ; આતુર.
Keep, *v.* (કીપ્) Retain; maintain રાખવું; રહેવું. —*n.* Castle; stronghold. કિલ્લો; પોષણ.
Keeper, *n.* (કી'પર્) Defender રખેવાળ. [સંગતિ.
Keeping, *n.* (કી'પિંગ) Custody; charge. સંભાળ;
Keepsake, *n.* (કી'પસેઇક્) Token of friendship સંભારણું.
Keg, *n.* (કેગ) Barrel. પીપ.

Ken, *n.* (કેન્) Sight. દૃષ્ટિ મર્યાદા. —*v.* Know; recognize. જોવું; જાણવું.

Kennel, *n.* (કે'નલ) House for dog. કુતરાખાનું.

Kept, *v.* (કેપ્ટ્) રાખ્યું.

Kerchief, *n.* (ક'ર્ચિફ) Cloth worn on the head. માથે ઓઢવાનો રૂમાલ.

Kermez. *n.* (ક'ર્મિઝ્) કીરમચી રંગ. [બી· ગર; મુદ્દો.

Kernel, *n.* (ક'ર્નલ) Seed; edible part of a root.

Kerosene, *n.* (કે'રસિન્) ઘાસતેલ.

Kettle, *n.* (કે'ટલ્) Iron vessel. કિટલી.

Kettledrum, *n* (કે'ટલ્ ડ્રમ્) A drum. પડઘમ.

Key, *n.* (કી) Instrument for closing and opening a lock કુંચી; ચાવી; કળ; ઘાટ.

Keynote, *n.* (કી'નોટ્) મુખ્ય મુદ્દો.

Keystone, *n.* (કી'સ્ટોન્) Highest central stone of an arch. કમાનનો વચલો પત્થર; મુખ્ય સિદ્ધાંત.

Kick, *v.* (કિક્) Strike with the foot. લાત મારવી; ધકેલવું —*n.* Blow with the foot. લાત; બળ. [ચામડું.

Kid, *n.* (કિડ્) Young goat. બકરીનું બચ્ચું; તેનું

Kidnap, *v.* (કિ'ડ્નૅપ્) Steal a person. મનુષ્યહરણ

Kidnapper, *n.* (કિ'ડ્નૅપર્) હરણ કરનાર. [કરવું.

Kidney, *n.* (કિ'ડ્ની) The part of the viscera which secretes the wrine. મૂત્રપિંડ.

Kidneybean, *n.* (કિ'ડ્નીબીન્) અડદ.
Kill, *v.* (કિલ્) Destroy; put to death. મારી નાખવું.
Kiln, *n.* (કિલ્) Large oven. ભઠ્ઠી; નિંભાડો.
Kilogram *n.* (કિ'લોગ્રૅમ) આશરે સવાબશેરનું વજન.
Kin, *n.* (કિન્) Relative. સંબંધી; સગપણ.
Kind, *a.* (કાઇન્ડ્) Obliging; benevolent. માયાળુ; ભલું. —*n.* Sort; race. જાત.
Kindness, *n.* (કા'ઇન્ડ્નિસ) માયાળુપણું; મહેરબાની.
Kindle, *v.* (કિ'ન્ડલ્) Set on fire; light. સળગાવવું; પ્રદીપ્ત કરવું.
Kindliness, *n.* (કા'ઇન્ડ્લિનિસ્) સ્નેહભાવ; દયાવૃત્તિ.
Kindred, *n.* (કિ'ન્ડ્રિડ) Relatives. સગાંવહાલાં. —*a.* Related; cognate. સજાતીય.
Kine, *n.* (કાઈન્) Cows. ગાયો.
King, *n.* (કિન્ગ્) Sovereign. રાજા.
Kingdom, *n.* (કિ'ન્ગ્ડમ્) Monarchy. રાજ્ય.
Kingly, *a.* (કિ'ન્ગ્લી) Regal રાજવી.
Kinsman, *n.* (કિ'ન્સમન્) Relative. સગું.
Kirk, *n.* (કર્ક) Church દેવળ.
Kiss, *v.* (કિસ્) Touch with lips or gently. ચુંબન કરવું. —*n.* Salute with lips. ચુમી.
Kit, *n.* (કિટ્) Outfit. સરંજામ; સામાન.
Kitchen, *n.* (કિ'ચન) Cooking room. રસોડું.

Kite, *n.* (કાઇટ્) Bird of prey; paper toy for flying. સમળી; પતંગ.
Kith, *n.* (કિથ્) Kindred. સંબંધી.
Kitten, *n.* (કિ'ટન્) Young cat. બિલાડીનું બચ્ચું.
Knack, *n.* (નૅક્) Skill. યુક્તિ; પેચ.
Knag, *n.* (નૅગ્) Knot in wood. ગાંઠ; ગઠ્ઠો.
Knap, *n.* (નૅપ્) Slap. તૂટવાનો અવાજ.
Knapsack, *n.* (નૅ'પસૅક્) Soldier's bag. થેલો.
Knave, *n.* (નેઇવ્) Rogue; rascal. લુચ્ચો; ગુલામ.
Knavery, *n.* (નૅ'ઇવરી) Dishonesty. લુચ્ચાઈ.
Knead, *v.* (નીડ્) Press into a mass. ગુંદવું.
Knee, *n.* (ની) Joint in the leg. ઘુંટણ.
Kneedeep, *a.* (ની'ડીપ્) ગોઠણ જેટલું ઉંડું.
Kneel, *v.* (નીલ્) Bend the knee. ઘુંટણીએ પડવું.
Knell, *n.* (નેલ્) Death signal. મૃત્યુઘંટ.
Knick-knack, *n.* (નિ'ક્નૅક્) Toy. રમકડું.
Knife, *n.* (નાઈફ્) છરી; કટાર. *v.* તેનાથી કાપવું.
Knight, *n.* (નાઈટ) Champion; a title. શૂરવીર; સર. *v.* સરનો ખિતાબ આપવો.
Knighthood, *n.* (ના'ઈટહુડ્) સરની પદ્વી.
Knit, *v.* (નિટ્) Tie together. ગુંથવું; ખેંચવું.
Knob, *n.* (નૉબ્) Knot. ટોચકું; હાથો; કઠ્ઠો; ગાંઠો.
Knock. *v.* (નૉક) Strike; rap upon. ઠોકવું.

Knoll, *n.* (નોલ્) Small hill. ટેકરી.
Knot, *n.* (નૉટ્) Loop. ગાંઠ. દરિયાઇ માઇલ (૬૦૮૦ ફુટ)
Knotty, *a.* (નૉ'ટી) ગુંચવણ ભરેલું. [જાણ.
Know, *v.* (નો) Perceive; be aware. જાણવું. –*n.*
Knowable, *a.* (નો'અબલ્) સમજાય તેવું. [લુચ્ચું.
Knowing, *a.* (નો'ઇંગ્) Clever, cunning. ચતુર;
Knowingly, *adv.* (નો'ઇંગ્લી) Deliberatily. જાણી જોઈને. [tion. જ્ઞાન; સમજણ.
Knowledge, *n.* (નૉ'લિજ) Learning; informa-
Knuckle, *n.* (ન'કલ્) Joint of a finger. વેઢો.
Knut, *n.* (નટ્) રંગીલો; લોફર.
Kohl, *n.* (કોલ્) કાજળ; મેસ. [કુરાન.
Koran, *n.* (કો'રાન) Mahomedan sacred Book.
Kotow, *n.* (કોટા'ઉ) તાબેદારી કરવી. *n.* પુજા.

L

L, (એલ્) અંગ્રેજી મૂળાક્ષરનો બારમો અક્ષર; વ્યંજન.
Label, *n. v.* (લે'ઇબલ્) An address; tag. ટિકિટ; ચિઠ્ઠી લગાડવી. [સ્થાની.
Labial, *a.* (લે'બિઅલ્) Pentaining to lips. ઓષ્ઠ-
Laboratory, *n.* (લૅ'બરટરી) Work-room of a chemist. પ્રયોગશાળા.

Labour, *n* (લે'ઇબર્) Work. મહેનત; મજુરી.—*v.* Work; toil. મહેનત કરવી. [વૈતરો.

Labourer, *n.* (લે'ઇબરર) One who labours. મજુર

Laborious, *a.* (લબો'રિઅસ્)Toilsome. મહેનતભરેલું.

Labyrinth, *n.* (લૅ'બિરિંથ્) Maze. ભુલભુલામણી.

Lac, *n.* (લૅક્) Resinous substance. લાખ.

Lace, *n.* (લેઇસ્) કોર *v.* કોર ચોઢવી.

Lacerate, *a.* (લૅ'સરેઇટ) To rend. છેદવું.

Lachrymal, *a.* (લૅ'ક્રિમલ્) આંસુનું.

Lack, *v.* (લૅક્) To want. ખોટ હોવી. —*n.* Want. ખોટ; ખામી. [ટુંકું.

Laconic, *a.* (લકૉ'નિક્) Brief; short. મિતભાષી;

Lacteal, *a.* (લૅ'ક્ટીઅલ્) Milky. દુધવાળું.

Lad, *n.* (લૅડ્) Boy. છોકરો.

Ladder, *n.* (લૅ'ડર્) Stair-case. સીડી.

Lade, *vt.* (લેઇડ) To load; freight. લાદવું.

Lading, *n* (લે'ઇડિંગ્) Cargo. લાદેલો માલ.

Ladle, *n.* (લે'ઇડલ્) Dipper with a handle. કડછી.

Lady, *n.* (લે'ઇડી) A woman of rank. સ્ત્રી; કુલાંગના.

Lag, *v.* (લૅગ્) To stay behind. પાછળ પડવું. —*n.* સજા પામેલો ગુનેગાર.

Laggard, *a.* (લૅ'ગર્ડ) Slow; sluggish. સુસ્ત.

Lagoon, *n.* (લગૂ'ન્) Shallow pond. છીછરૂં તળાવ.

Lair, *n* (લેઅર) Den. ગુફા. [land. સરોવર.
Lake, *n.* (લેક્) Body of water surrounded by
Lamb, *n.* (લૅમ્) Young of the sheep. મેંઢું; ઘેટું.
Lame, *a.* (લેઇમ્) Crippled. લૂલું. Imperfect. અધુરૂં.
Lament, *vt.* (લમે'ન્ટ્) To mourn; grieve over. વિલાપ કરવો. —*n.* Mourning. શોક; વિલાપ. **able**, *a.*
Lamentation, *n.* (લૅમિન્ટે'ઇશન) Expression of sorrow. રડારોળ; વિલાપ.
Lamina, *n.* (લૅ'મિના) Scale. પડ.
Lamp, *n.* (લૅમ્પ્) Light. દીવો.
Lampoon, *n.* (લૅમ્પૂ'ન્) Personal satire. નાલેશીભર્યું
Lance, *n.* (લાન્સ્) A spear. ભાલું. [લખાણ.
Lancer, *n.* (લા'ન્સર્) Soldier with a spear. ભાલાવાળો સિપાઈ. [ઓજાર.
Lancet, *n.* (લા'ન્સિટ્) Surgical instrument. દાક્તરી
Land, *n.* (લૅન્ડ્) Ground. જમીન; દેશ. —*v.* To disembark. વહાણ પરથી કિનારે ઉતરવું.
Land force, જમીન ઉપર લડવાનું લશ્કર.
Landing place, *n.* બંદર. [ઘરધણી.
Land-lord, *n.* (લૅ'ન્ડલૉર્ડ) Lord of land. જમીનદાર;
Land-mark, *n.* (લૅ'ન્ડમાર્ક) હદનું ચિહ્ન.
Landau, *n.* (લૅ'ન્ડૉ) બગી [પ્રદેશનો દેખાવ.
Landscape, *n.* (લૅ'ન્ડસ્કેઇપ) Scenery of a place.

Lane, *n.* (લેઇન્) Street. પોળ; ગલી.
Language, *n.* (લૅ'ન્ગ્વિજ્) Speech. ભાષા.
Languid, *a.* (લૅ'ન્ગ્વિડ્) Dull. મંદ; સુસ્ત.
Languish, *v.* (લૅ'ન્ગ્વિશ્) Lose strength; pine. નબળા, આતુર થવું.
Languor, *n.* (લૅ'ન્ગર્) Faintness; lassitude. સુસ્તી.
Lank(y), *a.* (લૅન્ક્) Thin; tall. પાતળું; ઉંચું.
Lantern, *n.* (લૅ'ન્ટર્ન) ફાનસ.
Lap, *n.* (લૅપ્) Loose part of a coat. ચાળ; ફડક; ખોળો. —*v.* To lick up. ચાટવું.
Lapidary, *n.* (લૅ'પિડરી) Jeweller. ઝવેરી.
Lapse, *v.* (લૅપ્સ્) To pass; slip. પસાર થવું. *n.* Error. ભૂલ.
Larceny, *n.* (લા'ર્સની) Theft. ચોરી.
Lard, *n.* (લાર્ડ) Pig's fat. ડુક્કરની ચરબી.
Large, *a.* (લાર્જ્) Big; abundant. વિશાળ; મોટું.
Largesse, *n.* (લા'ર્જેસ્) Gift. ભેટ.
Lark, *n.* (લાર્ક) Singing bird. ચંડોળ પક્ષી; લાવરી.
Larva, *n.* (લા'ર્વા) Insect in first stage કીડો.
Larynx, *n* (લૅ'રિન્કસ્) કંઠસ્થાન.
Lascivious, *a.* (લ'સિવિઅસ્) Lewd. કામી; વિષયી.
Lash, *n* (લૅશ્) Stroke. ફટકો; પાંપણ. —*v.* Whip. [ફટકારવું.
Lass, *n.* (લૅસ) Girl. છોકરી.

Lassitude, *n.* (લૅ'સિટ્યુડ્) Weariness. સુસ્તી.
Lasso, *n.*(લૅ'સો) Rope with a running noose. ફાંદો.
Last, *a.* (લાસ્ટ્) Latest; final. છેલ્લું. —*v* To continue. ટકવું. —*n.* કાલબુટ.
Lasting, *a.* (લા'સ્ટિંગ્) Durable. ટકાઉ; કાયમનું.
Latch, *n.* (લૅચ) Wooden catch. આગળી; કડી.
Latchet, *n* (લૅ'ચિટ્) જોડાની પટ્ટી.
Late, *a.* (લેઇટ્) After due time. મોડો. Out of office. મહુમ, માજી *ad.* After time. મોડું. Of late. હમણાં હમણાં. Lately=હમણાં.
Latent, *a.* (લે'ઇટન્ટ્) Hidden; secret. ગુપ્ત.
Later, *adv.* (લે'ઇટર્) Afterwards. પછી.
Lateral, *a* (લૅ'ટરલ્) Of a side. બાજુ સંબંધી.
Lathe, *n* (લેઇધ્)Turning machine. સંચાડો; ચરખ.
Lather, *n. v.* (લૅ'ધર્) Soap froth. સાબુનાં ફીણ; તે ચોપડવાં.
Latin, *n* (લૅ'ટિન્) પ્રાચીન રોમ સંબંધી. ની ભાષા.
Latitude, *n.* (લૅ'ટિટ્યુડ્) Distance N or S. from the equator. પહોળાઈ; અક્ષાંશ; છુટ. [જાજરૂ.
Latrine, *n.* (લૅ'ટ્રિન્) Water-closet; privy મૂતરડી;
Latter, *a.* (લૅ'ટર્) Coming after, પાછલું; હમણાંનું.
Lattice, *n.* (લૅ'ટિસ્) Net-work of crossed bars. [જાળી
Laud, *v.* (લૉડ્) Praise. વખાણ કરવાં.

Laudable, *a.* (લૉ'ડબલ્) Praiseworthy. વખાણવા લાયક. [અરીણુનો અર્ક.

Laudanum, *n.* (લૉ'ડ્નમ્) Tincture of opium.

Laudation, *n.* (લૉડે'શન્) Praise. સ્તુતિ.

Laugh, *v. n.* (લાફ્) હસવું.

Laughable, *a.* (લા'ફ્બલ્) Funny; ridiculous. હાસ્યજનક. [હાસ્ય; હાંસી.

Laughter, *n.* (લા'ફ્ટર્) Expression of mirth.

Launch, *v.* (લૉન્ચ્) Set going. ચાલતું કરવું. *n.* Kind of boat. હોડી.

Launder, *n.* (લૉ'ન્ડર્) Washerman. ધોબી.

Laundry, *n.* (લૉ'ન્ડ્રી) A place for washing. ધોવું તે; ધોબીની દુકાન.

Laureate, *n.* (લૉ'રિઅટ્) King's poet. રાજ (કવિ.)

Laurel, *n* (લૉ'રલ્) Evergreen shrub બારમાસી;

Lava, *n.* (લાવા) જ્વાલામુખીનો રસ. [વિજયચિહ્ન; ફતેહ.

Lavender, *n.* (લૅ'વિન્ડર્) લવંડર

Lavish, *a.* (લૅ'વિશ્) Extravagant. છુટે હાથે કરેલું; ઉડાઉ. —*v.* ખૂબ આપવું.

Law, *n.* (લૉ) Rule of action; statute. કાયદો.

Lawful, *a.* (લૉ'ફુલ્) Legal; rightful. કાયદેસર.

Lawgiver, *n* (લૉ'ગિવર્) કાયદા ઘડનાર.

Lawless *a.* (લૉ'લિસ) અવ્યવસ્થિત.

Lawn, *n.* (લૉન્) Grassy open space. લીલું મેદાન.
Lawyer, *n.* (લૉ'યર્) Pleader. વકીલ.
Lax, *a.* (લૅક્સ) Loose; not strict. શિથિલ; ઢીલું.
Laxative, *a. n.* (લૅ'ક્સટિવ્) Purgative. રેચક.
Laxity, *n.* (લૅ'ક્સિટિ) Slackness. શિથિલતા.
Lay, *v.* (લે) Deposit produce; bury. મુકવું. Remained. પડેલું હતું —*n* Song. ગીત. —*a* બિનધંધાદારી; બહારનું.
Layer, *n.* (લે'યર્) Stratum; bed થર.
Layman, *n.* (લે'મન્) Common man. બિનધંધાદારી, અજાણ્યુ માણસ.
Lazy, *a.* (લે'ઇઝી) Indolent; idle. આળસુ.
Lea, *n.* (લી) Meadow. ગોચર; બીડ.
Lead, *n.* (લેડ્) Metal સીસું.--*v.* (લીડ્) Conduct; guide. દોરવું; આગેવાની લેવી. —*n.* Guidance. આગેવાની.
Leader, *n.* (લી'ડર્) અગ્રેસર. Guide.
Leaf, *n.* (લીફ્) પાંદડું; પાનું.
Leafy, *a.* (લી'ફી) પાદડાંથી ભરપૂર.
Leaflet, *n.* (લી'ફ્લિટ્) ચોપાનીયું.
League, *n.* (લીગ્) Union. મંડળ; સંઘ. —*v.* To unite. એક થવું League of Nations. રાષ્ટસંઘ.
Leak, *v.* (લીક્) Let out. ગળવું. —*n.* Small crack. ફાટ.
Leaky, *a.* (લી'કી) ગળતું; ચુતું; છાની વાત ઉઘાડી પાડે તેવું.

Lean, *a.* (લીન્) Meagre; thin. પાતળું. —*v.* Incline; to rest upon. અઢેલવું.

Leap, *v.* (લીપ્) Jump; spring. કુદકો મારવો. *n.* [કુદકો.

Leap year, *n.* (લી'પયીર્) Year of 366 days.

Learn, *v.* (લર્ન્) Get knowledge. શિખવું; જાણવું.

Learned, *a.* (લ'ર્નિડ) Well-informed. વિદ્વાન.

Learning, *n.* (લ'ર્નિગ્) Knowledge. જ્ઞાન.

Lease, *n.* (લીસ્) Grant. પટો; પરવાનો. —*v.* Let. કિરાયે દેવું.

Leash, *n.* (લીશ્) Throng. વાધરી; દોરી.

Least, *n.* (લીસ્ટ્) Lowest. થોડામાં થોડું.

Leather, *n.* (લે'ધર્) Skin of an animal. ચામડું.

Leave, *v.* (લીવ) Start; give up. નીકળવું; છોડી દેવું. —*n.* Permission; absence. રજા.

Leavings, *n.* (લી'વિંગ્સ્) Remnant. કચરો; [છંડામણ.

Leaven, *n. v.* (લી'વન્) Yeast; modify. આખરણ; આથો; નરમ કરવું.

Lecher, *n.* (લે'ચર્) Lewd person. વ્યભિચારી.

Lecture, *n.* (લે'કચર્) Discourse. વ્યાખ્યાન.—*v.* Instruct by discourses. વ્યાખ્યાન આપવું;ઠપકો આપવો.

Led, *v.* (લેડ્) દોર્યું.

Ledge, *n.* (લેજ્) Shelf. ધાર; થર. [ચોપડો.

Ledger, *n.* (લે'જર) Account book. ખાતાવહી;

Lee, *n.* (લી) Dregs; side opposite the wind. જે તરફ પવન વહે તે દિશા. Lees=Dregs. કચરો.
Leeward, *a. adv.* (લી'વર્ડ્)

Leech, *n.* (લીચ્) Physician. વૈદ્ય; જળો.

Leer, *v.* (લીર્) Glance. કટાક્ષ, આંખ મારવી.

Left, *v.* (લેફ્ટ્) છોડયું; છોડેલું. —*a* Opposite to right. ડાબું.

Leg, *n.* (લેગ્) પગ; પાયો.

Legacy, *n.* (લે'ગસી) Bequest by will. વારસો.

Legal, *a.* (લી'ગલ) Lawful. કાયદેસર.

Legalize, *v.* (લી'ગલાઈઝ) Make lawful. કાયદેસર કરવું.

Legality, *n.* (લીગૅ'લિટી) કાયદેસરપણું.

Legate, *n.* (લી'ગિટ્) Envoy. પાદરી પ્રતિનિધિ.

Legatee, *n.* (લે'ગટી) વારસદાર.

Legend, *n.* (લે'જન્ડ્) Myth. દંતકથા.

Legendary, *a.* (લે'જન્ડરી) Fabulous. પૈરાણિક.

Legerdemain, *n.* (લે'જરદમે'ઇન્) Sleight of hand. હાથ, શબ્દ, ચાલાકી.

Legible, *a.* (લે'જીબલ્) Easily read. ઉકલે એવા.

Legion, *a.* (લી'જન્) Numerous. અસંખ્ય —*n.* Multitude. મોટી સંખ્યા.

Legislate, *v.* (લે'જિસ્લેઇટ્) Make laws. કાયદા ઘડવા.

Legislation, *n.* (લેજિસ્લે'ઇશન્) કાયદાકાનુન.

Legislative, *a.* (લે'જિસ્લેઇટિવ્) Enacting laws. ધારા ઘડવું.

Legislator, *n.* (લે'જિસ્લેઇટર્) Lawyer. કાયદા ઘડનાર.

Legislature, *n.* (લે'જિસ્લેઇચર્) Body that enacts laws. ધારાસભા.

Legitimate, *a.* (લિજિ'ટિમિટ્) Lawful. કાયદેસરનું.

Leguminous, *a.* (લિગ્યૂ'મિનસ્) કઠોળનું; શીંગનું.

Leisure, *n.* (લે'શ્ઝર્) Spare time. નવરાશ; ફુરસદ.

Lemon, *n.* (લે'મન્) લીંબુ.

Lemonade, *n.* (લેમને'ઇડ્) લીંબુનું શરબત.

Lend, *v.* (લેન્ડ્) Loan; let. ઉચ્છીનું આપવું.

Length, *n.* (લેન્ગ્થ્) Extension; duration. લંબાઈ.

Lengthen, *v.* (લે'ન્ગ્થન્) To extend. લંબાવવું.

Lengthy, *a.* (લે'ન્ગ્થી) લાંબુ [દયાળુ.

Lenient, *a.* (લી'ન્યન્ટ્) Mild; merciful. ઉદાર;

Leniency, *n.* (લી'ન્યન્સી) Clemency. દયા; ઉદારતા.

Lenity, *n.* (લે'નિટી) Kindness. દયા.

Lens, *n.* (લેન્ઝ્) કેન્દ્રવસ્તુ, કાચ.

Lent, *pp.* (લેન્ટ્) ધીરેલું. —*n.* ઉપવાસના દિવસ.

Lentil, *n* (લે'ન્ટિલ્) Kind of pulse. મસુરની દાળ.

Leopard, *n.* (લે'પર્ડ્) Panther. ચિત્તો.

Leper, *n.* (લે'પર્) કોઢીઓ.

Leprosy, *n.* (લે'પ્રસી) A cutaneous disease. કોઢ.

Less, *a.* (લેસ્) Smaller. ઓછું.
Lesser, *a.* (લે'સર્) નાનું.
Lessee, *n.* (લેસી') ગણોતીયો; પટેદાર.
Lessen, *v* (લે'સન્) Reduce. ઓછું કરવું.
Lesson, *n.* (લે'સન્) Portion of a book. પાઠ, ઉપદેશ; અનુભવ.
Lessor, *n.* (લે'સૉર્) પટે, ભાડે દેનાર.
Lest, *conj.* (લેસ્ટ્) For fear that. રખેને.
Let, *v.* (લેટ્) Permit; lease. પરવાનગી આપવી; ભાડે દેવું. —*n.* અડચણ.
Lethal, *a.* (લી'થલ્) Deadly; mortal. ઘાતક.
Lethargy, *n.* (લે'થર્જી) Morbid drowsiness. સુસ્તી.
Letter, *n.* (લે'ટર્) Epistle. અક્ષર; કાગળ. Letters, *pl.* Learning. જ્ઞાન. [sovereign દરબાર; મિજલસ.
Levee, *n.* (લે'વી) Assembly received by a
Level, *a n.* (લે'વલ્) Even surface. સપાટ; સપાટ પ્રદેશ. —*n.* Standard. ધોરણ [ઉચ્ચાલન.
Lever, *n.* (લી'વર્) Bar used for raising weights.
Leviathan, *n.* (લિવા'અથન્) મચ્છ; જંગીસ વહાણ.
Levity, *n.* (લે'વિટી) Lightness of temper. છોકરમત; હલકાઈ.
Levy, *n.* (લે'વિ) Raise; collect. ઉઘરાવવું. —*n.* Raised troop. એકઠું કરેલ લશ્કર, કર, નાણું.

Lewd, *a.* (લ્યૂડ્) Sensual; lustful. લંપટ; વિષયી.
Lexicographer, *n.* (લેક્સિકૉ'ગ્રફર્) Compiler of a dictionary. ડીક્શનેરી બનાવનાર.
Lexicon, *n.* (લે'ક્સિકન્) Dictionary. શબ્દકોષ.
Liable, *a.* (લા'યબલ્) Responsible; subject. જોખમદાર.
Liability, *n.* (લાયબિ'લિટિ) Responsibility. [જોખમદારી; કરજ.
Liar, *n.* (લા'યર્) One who tells lies. જૂઠું બોલનાર.
Libation, *n.* (લાયૂબે'ઇશન્) Bath; drinking. સિંચન; મદ્યપાન.
Libel, *n.* (લા'ઇબલ્) Defamation. બદનક્ષી. [ભરેલું.
Libellous, *a* (લા'ઇબલસ) Defamatory. બદનક્ષી
Liberal, *a.*(લિ'બરલ્)Generous. ઉદાર. —*n.* વિનીત.
Liberality, *n.* (લિબરૅ'લિટિ) ઉદારતા. [કરવું.
Liberate, *v.* (લિ'બરેઇટ્) Release; set free. છુટું
Liberation, *n.* (લિબરે'ઇશન્) Free from bondage. મુક્તિ.
Libertine, *n.* (લિ'બટિન્) Rake. લંપટ; રંડીબાજ.
Liberty, *n.* (લિ'બર્ટી) Freedom. છુટ; સ્વતંત્રતા.
Libra, *n.* (લિ'બ્રા) તુલારાશિ.
Librarian, *n.* (લાયબ્રે'રિઅન્) પુસ્તકાલયનો અધિકારી.
Library, *n.* (લા'યબ્રરી) Collection, place of books. પુસ્તકાલય.

Licence, *n.* (લા'યૂસન્સ્)Certificate; leave. પરવાનો;
License, *v.* ઇજારો આપવો. [ઇજારો.
Licentiate, *n.* (લાયૂસે'ન્શિઅટ્) One who holds a licence. સનદ ધરાવનાર.
Licentious,*a.*(લાયૂસે'ન્શસ્) Profligate.વ્યભિચારી.
Lick, *v.* (લિક્) Lap ચાટવું. (2) Subdue. સીધું
Licorice, *n.* (લિ'કરિસ્) જેઠીમધ. [કરવું.
Lid, *n.* (લિડ્) Cover of a vessel. ઢાંકણું.
Lie, *v.* (લાઇ) Utter falsehood; remain. જૂઠું બોલવું; પડેલું હોવું. —*n.* Falsehood. જુઠાણું. [ખુશીથી.
Lief, *a.* (લીફ્) Beloved. વહાલું. —*adv.* Gladly.
Liege, *n.* (લીજ્) Lord; sovereign. રાજા. —*a.* Subject; rightful. તાબાનું; ઉપરિ.
Lien, *n.* (લી'અન્) Legal claim. હક.
Lieu, *n.* (લ્યુ) Place. જગ્યા. [ઉપકપ્તાન; પ્રતિનિધિ.
Lieutenant, *n.* (લેફ્ટે'નન્ટ્) Military officer.
Life, *n.* (લાઇફ્) Existence. જીંદગી; જીવન.
Life assurance, *n.* (લાઇફ્અશૂ'રન્સ્) જીંદગીનો
Life-blood, *n.*(લા'ઇફ્ બ્લડ્)પ્રાણ; જીવનરસ [વીમો.
Lifebuoy, *n.* (લા'ઇફ્બૉય્) તરવાનો પટો
Lifelike, *a.* (લા'ઇફ્લાઇક્) આબેહુબ.
Lift, *v.* (લિફ્ટ્) Raise. ઉંચકવું. —*n.* ઉચ્ચાલક.
Ligament, *n.* (લિ'ગમન્ટ્) Band. અસ્થિતંતુ; પાટો.

Ligature, *n.* (લિ'ગચર્) Bandage. પાટાપટી.

Light, *n.* (લાઇટ્) તેજ; પ્રકાશ; દિવો; જ્ઞાન; પ્રભાત. —*a.* Not heavy. હલકું; આછું. —*v.* Kindle; come upon. સળગાવવું; પ્રકાશિત કરવું; મળવું.

Lighten, *v.* (લા'ઇટન્) To shine. પ્રકાશવું. To make light. હળવું કરવું.

Light-house, *n.* (લા'ઇટ્હાઉસ્) Tower with powerful light used as a guide to sailors. દિવાદાંડી

Lightning, *n.* (લા'ઇટ્નિંગ્) Flash. વિજળી.

Like, *v.* (લાઇક્) Be fond of. ગમવું; ચાહવું. —*a.* Resembling. જેવું. —*prep.* રીતથી. —*n.* An equal. સમોવડિયો.

Likelihood, *n.*(લા'ઇક્લિહુડ્) Probability. સંભવ.

Likeness, *n.* (લા'ઇકનિસ્) Similarity. મળતાપણું; દેખાવ.

Liking, *n.* (લા'ઇકિંગ્) Fondness. શોખ; પ્રેમ.

Likewise, *adv.* (લા'ઇક્વાઇઝ્) In like manner. તેમજ.

Lilt, *n. v.* (લિલ્ટ્) હલક; લલકારવું. [કમળનું ફુલ.

Lily, *n.* (લિ લી) Beautiful flowering plant.

Limb, *n* (લિમ) Member; branch. અવયવ.

Lime, *n.* (લાઇમ) ચુનો; લીંબુ. —*v.* To deceive. ફસાવવું. —**light**, *n.* કાંતપ્રકાશ; જાહેરાત.

Limit, *n*. (લિ'મિટ્) Boundary. હદ. —*v*. To set a limit. હદ બાંધવી. [બંધન.

Limitation, *n*. (લિમિટે'શન્) Respiiction. સીમા;

Limp, *v*. (લિમ્પ્) To walk lamoly લંગડાતા ચાલવું.

Limpid, *a*. (લિ'મ્પિડ્) Pure; clear. સ્વચ્છ.

Line, *n*. (લાઇન્) Slender cord. દોરડું. Row. હાર. Road. માર્ગ. —*v*. આલેખવું.

Lineage, *n*. (લિ'નીઇજ્) Progeny. વંશ. [વંશનું.

Lineal, *a*. (લિ'નીઅલ્) In the direct line. સીધા

Lineament, *n*. (લિ'નીઅમન્ટ્) Features. ચહેરો.

Linear, *a*. (લિ'નીઅર્) લીટીનું; લંબચોરસ.

Linen, *n*. (લિ'નન્) Flax; calico. શણ; સુતરાઉ કપડાં.

Liner, *n*. (લા'ઇનર્) A ship. વહાણ.

Linger, *v*. (લિ'ન્ગર્) Delay; hesitate. ઢીલ કરવી.

Lingual, *a*. (લિં'ગ્વલ્) મૂર્ધસ્થાની.

Liniment, *n*. (લિ'નિમન્ટ્) Ointment. મલમ.

Lining, *n*. (લા'ઇનિંગ્) અસ્તર.

Link, *v*. (લિન્ક્) Unite. જોડવું. —*n*. Single ring of a chain. અંકોડો; સંબંધ. —*pl*. ગૉલ્ફ રમવાનું મેદાન.

Linseed, *n*. (લિ'નસીડ્) Flax-seed. અળસી.

Lint, *n*. (લિન્ટ્) Flax. શણનું કપડું.

Lion, *n*. (લા'યન્) A beast of prey. સિંહ; સાવજ.

Lioness, *n*. (લા'યનિસ્) સિંહણ

Lip, *n.* (લિપ્) Border of the mouth. હોઠ.
Liquefy, *v.* (લિ'ક્વીફાય્) To dissolve. રસ કરવો; ઓગાળવું.
Liquid. *n. a.* (લિ'ક્વિડ્) Fluid; soft. પ્રવાહી.
Liquidation, *n.* (લિક્વિડે'શન્) Settlement. નિકાલ; ફડચો.
Liquidator, *n.* (લિ'ક્વિડેઇટર્) ફડચો લાવનાર.
Liquor, *n.* (લિ'કર્) Drink. આસવ; મદ્ય. [બોલવું.
Lisp, *vt.* (લિસ્પ્) To speak imperfectly. તોતડું
List, *v.* (લિસ્ટ્) To enrol. યાદીમાં દાખલ કરવું. —*n.* Catalogue; field of combat. યાદી; રણભૂમિ.
Listen, *v.* (લિ'સન્) To hear; give ear to. સાંભળવું.
Listless, *a.* (લિ'સ્ટ્લિસ્) Weary. કંટાળી ગએલો.
Literal, *a.* (લિ'ટરલ્) Word for word. શાબ્દિક.
Literary. *a.* (લિ'ટરરી) Learned. સાહિત્યનું.
Literature,*a.*(લિ'ટરચર્)Learning books.સાહિત્ય.
Lithograph, *n.* (લિ'થગ્રાફ્) શિલાછાપ. —*v.* To print from stone. શિલા મુદ્રણ કરવું. [જવું.
Litigate, *v.* (લિ'ટિગેઇટ્) To go to law. અદાલતે
Litigation, *n.* (લિટિગે'શન્) Lawsuit. દાવો.
Litter, *n.* (લિ'ટર્) A vehicular bed; young of some animals. ડોળી; કચરો; વેતર.
Lit'le. *n* (લિ'ટલ) Small. નાનું; થોડું.

Live, *vi.* (લિવ્) To exist. હયાત હોવું; જીવવું. To reside. રહેવું.—*a.* (લાઇવ્) Burning. સળગતું. Active; vivid. ચપળ

Livelihood, *n.*(લા'ઇવ્લીહુડ્)Maintenance. પોષણ.

Liveliness, *n.* (લા'ઇવ્લીનિસ્) Animation. ઉત્સાહ.

Lively, *a.* (લા'ઇવ્લી) Active; brisk. ચપળ.

Liver, *n.* (લિ'વર્) Organ of the body which secretes bile. કાળજું; યકૃત.

Livid, *a.* (લિ'વિડ્) ફીકું.

Lizard, *n.* (લિ'ઝર્ડ) ગરોળી.

Lo, *int.* (લો) See. જુઓ. [ભાર ભરવો.

Load, *n.* (લોઉડ્) Burden. બોજો. *v.* To burden.

Load-star, *n.* (લો'ડસ્ટાર્) ધ્રુવનો તારો.

Load-stone, *n.* (લો'ડ્સ્ટોન્)A magnet. લોહચુંબક.

Loaf, *n.* (લોઉફ્) Cake. પાઉં. રોટલાનો ટુકડો.

Loafer, *n.* (લો'ફર્) Lazy lounger. રખડેલ માણસ.

Loan, *n.* (લોઉન્) Lending. ધીરધાર; ઉચ્છીનું નાણું;

Loath, *a.* (લોઉથ્) Unwilling નાખુશ. [વસ્તુ.

Loathe, *v.* (લોઉધ્) To abhor; hate. ધિક્કારવું.

Lobby, *n.* (લૉ'બી) A passage. પરસાળ.

Lobe, *n.* (લોઉબ્) કાનની બુટ.

Local, *a* (લો'કલ્) Of the place. સ્થાનિક.

Locality, *n.* (લકૅ'લિટિ) Situation. લતો; સ્થાન.

Localize, *v.* (લો'કલાઇઝ્) સ્થાનિક કરવું.

Locate, *v.* (લકે'ઇટ્) Reside. રહેવું. To set in. મૂકવું; સ્થાન નક્કી કરવું.

Loch, *n* (લૉક્) Lake. સરોવર.

Lock, *n.* (લૉક્) Fastening; tuft of hair. તાળું; ગુચ્છો. —*v.* To fasten. સાથે જોડવું; તાળું દેવું.

Lockup, *n.*(લૉ'કઅપ્) Custody. કાચી જેલ, કેદખાનું.

Locket, *n.* (લૉ'કિટ્) Little lock or case. ડાબલી; પંખીઆરૂં.

Locomotive, *n.* (લો'કમોટિવ્) Steam engine. રેલગાડીનું, વરાળ ઇંજન. —*a.* Moving from place to place. હાલતુંચાલતું.

Locust, *n.* (લો'કસ્ટ્) Gra sophopper. તીડ.

Locus, *n.* (લો'કસ્) ઇષ્ટસ્થાનચલન રેખા; મર્યાદા

Lodge, *n.* (લૉજ્) Place of abode. નિવાસ. —*v.* To dwell. રહેવું.

Lodging, *n* (લૉ'જિંગ્) Abode; dwell ng. ઉતારો.

Loft, *n.* (લૉફ્ટ્) Top room મેડો; માળીયું.

Lofty, *v.* (લૉ'ફ્ટી) High. ઉંચું; મોટું.

Log, *n.* (લૉગ્) Large piece of timber. મોટું લાકડું.

Logbook, *n.* (લૉ'ગબુક્) નોંધપોથી. Diary.

Loggerhead, *n.* (લૉ'ગરહેડ્) Dunce. મૂર્ખ.

Logic, *n.* (લૉ'જિક) તર્કશાસ્ત્ર. Art of reasoning.

Loin, *n.* (લૉઇન્) કમર ભાગ.
Loiter, *v.* (લૉ'ઇટર્) To linger. રખડવું; ટેલવું.
Lone, *a.* (લોઉન્) Alone; solitary. એકલું.
Loneliness, *n* (લો'નલિનિસ્) Solitude. એકાંત,વાસ.
Lonely, *a.* (લો'નલી) Solitary. એકલું; એકાંત.
Lonesome. *a.* (લો'નસમ્) Solitary. નિર્જન.
Long, *a.* (લૉંગ્) Extended. લાંબું. —*adv.* લાંબે સુધી. —*v.* Desire. ઉત્કંઠા રાખવી.
Longing, *n.* (લૉ'ન્ગિન્ગ્) Eager desire. ઉત્કંઠા.
Longevity, *n.* (લૅ ન્જે'વિટી) Long life. લાંબું આયુષ.
Longitude, *n.* (લૅ.'ન્જિટયુડ્) Distance of a place east or west. રેખાંશ; લંબાઇ.
Look, *v* (લુક્) Gazeat. નીહાળવું; જોવું; નજર રાખવી. —*n.* Appearance. નજર; દૃષ્ટિ; દેખાવ. [આરસી.
Looking-glass, *n.* (લુ'કિંગગ્લાસ્) Mirror.
Lookout, *n.* (લુ'કઆઉટ્) Careful watching. તપાસ.
Loom, *v.* (લૂમ) મોટું દેખાવું. —*n.* Weaver's frame. સાળ. [ગુલાંટ.
Loop, *n.* (લૂપ્) Fold of thread. ગાળો; સરકીયું;
Loophole, *n.* (લૂ'પહોલ્) Means of escape. છટકી જવાની બારી.
Loose, *a.* (લૂસ્) Unfixed; vague. ઢીલું; અચોક્કસ. —*v*, To release; to let go. છુટકારો કરવો; ઢીલું મૂકવું.

Loosen. *v*. (લૂ'સન્) To make loose. ઢીલુ કરવું; મૂકવું.
Looseness, *n*. (લૂ'સનિસ્) સ્વચ્છંદ; ઢીલાપણું.
Lop, *v*. (લૉપ્) Cut off. કાપી નાંખવું.
Loquacious, *a*. (લકવે'શ્યસ્) Talkative. વાચાળ.
Loquacity, *n*. (લકવૅ'સિટી) Talkaltiveness. વાચાળતા.
Lord, n. (લૉર્ડ્) Nobleman; master. અમીર; સ્વામી.
Lordliness, *n*. (લૉ'ર્ડલિનિસ્) પાદશાહી; અમીરી.
Lordly, *a*. (લૉ'ર્ડ્લી) અમીરી; વિલાસી.
Lordship, *n*. (લૉ'ર્ડ્શિપ્) નામદાર.
Lore, *n*. (લોર્) Learning. કથાવાર્તા; વિદ્યા.
Lorry, *n*. (લૉ'રી) A large truck ખટારો; લારી.
Lose, *v*. (લૂઝ્) Suffer loss; miss. ખોવું.
Loss, *n*. (લૉસ્) Damage; enjury. ખોટ; નુકશાન
Lost, *v* (લૉસ્ટ્) ખોયું; ખોવાયેલું; રખડી ગએલું.
Lot, *n*. (લૉટ્) Fate. નશીબ. (2) Portion. ભાગ.
Lotion, *n*. (લો'શન્) Wash. ધોવાની દવા; લેપ.
Lotus, *n*. (લો'ટસ્) Water-lily. કમળ.
Lottery, *n*. (લૉ'ટરી) લોટરી. [હોકારીને.
Loud, *a*. *adv*. (લાઉડ્) Noisy. મોટા અવાજવાળું;
Lough, *v*. (લૉફ્) Lake. સરોવર તળાવ. [આસન.
Lounge, *v*. (લાઉન્જ્) Loiter. રઝળવું.—*n*. આરામ
Louse, *n*. (લાઉસ્) જૂ. [—*v*. Like. તે હોવો.
Love, *n*. (લવ) Affection; courtship. પ્રેમ; શોખ.

Lovely, *a*. (લ'વ્લી) Charming. સુંદર.
Lover, *n*. (લ'વર્) Suitor. આશક.
Lovable, *a*. (લ'વબલ્) Amiable. પ્રીતિયોગ્ય.
Lovesick, *a*. (લ'વસિક્) વિરહાતુર.
Low, *a*. *adv*. (લો) Not high; base. નીચું; ધીમે અવાજે; નીચ —*v*. Bellow. આરડવું.
Lower, *v*. (લો'અર્) To set down. ઉતારવું –*a*. નીચું
Lower, *v*. (લા'વર્) Frown. ભવાં ચઢાવવાં; ઘનઘોર [થવું.
Lowland, *n*. (લો'લન્ડ્) નીચો, સપાટ પ્રદેશ.
Lowly, *a*. (લો'લી) Low; humble. નીચું; નમ્ર.
Loyal, *a* (લૉ'યલ્) Faithful. વફાદાર.
Loyality, *n*. (લૉ'યલ્ટી) Fidelity. વફાદારી.
Lozenge, *n*. (લૉ'ઝિન્જ્) ઢાલ ચોકડી; ટીકડી.
L s. d., *n*. (એલેસડી') Money. પાઉન્ડ, શિલિંગ, પેન્સ; નાણું.
Lubber, *n*. (લ'બર્) Lout. કઢંગો માણસ.
Lubricate, *v*. (લુ'બ્રિકેઇટ્) Make smooth. સુંવાળું કરવું; તેલ પૂરવું.
Lucent, *a*. (લ્યુ'સન્ટ) Bright. ચળકતું.
Lucid, *a*. (લુ'સિડ્) Clear. સ્પષ્ટ; સ્વચ્છ.
Lucifer, *n*. (લુ'સિફર્) Morning star; match. શુક્રનો તારો; શયતાન; દિવાસળી; કાંડી.
Luck, *n*. (લક) Fortune; fate. નશીબ.

Lucky, *a.* (લ'કી) Fortunate. નશીબદાર.
Lucrative, *a.* (લૂ'ક્રટિવ્) Profitable. નફાવાળું.
Lucre, *n.* (લૂ'કર્) Profit; money. નફો; નાણું.
Ludicrous, *a.* (લુ'ડિક્રસ્) Laughable. હસવા જેવું.
Lug, *v.* (લગ્) Drag. ઘસડવું.
Luggage, *n.* (લ'ગિજ્) Baggage. સરસામાન.
Lugubrious, *a.* (લુગ્યુ'બ્રિઅસ્) Doleful. કલ્પાંતીઉં; રડતું.
Lukewarm, *a.* (લુ'કૂવૉમ) Tepid; not ardent. મળમળું; ઉમળકા વિનાનું.
Lull, *v.* (લલ્) Soothe; quiet. શાંત કરવું. —*n.* Season of calm. શાંતિસમય.
Lullaby, *n.* (લ'લબાઇ) Nursery song. હાલરડું.
Lumbago, *n.* (લમ્બે'ગો) Rheumatic pains about the loins. કેડનો સંધિવા.
Lumber, *n.* (લ'મ્બર્) Useless things. કચરો.
Luminary, *n.* (લૂ'મિનરી) Light-giving body. તેજસ્વી વ્યક્તિ, પદાર્થ.
Luminous, *a.* (લૂ'મિનસ્) Shining. તેજોમય.
Lump, *n.* (લમ્પ્) Mass. લોંદો; ગઠ્ઠો; એકસાથ.
Lunacy, *n.* (લૂ'નસી) Madness. ગાંડપણ.
Lunar, *a.* (લૂ'નર્) ચંદ્રનું. Of the moon.
Lunatic, *a.* (લૂ'નટિક) Insane. ગાંડું. —*n.* પાગલ.

Lunch, *n.* (લન્ચ્) બપોરનું ખાણું. Luncheon.
Lung, *n.* (લન્ગ્) Breathing organ. ફેફસું.
Lupine, *a.* (લૂ'પાઇન્) વરૂનું.
Lurch, *v.* (લર્ચ) Stagger. લથડવું. —*n.* નિરાધાર સ્થિતિ. [લોભાવવું.
Lure, *n. v.* (લ્યુર્) Attraction. લાલચ; લલચાવનાર.
Lurid, *a.* (લ્યૂ'રિડ્) Ghastly. ભયંકર; ભભકતું.
Lurk, *v* (લર્ક્) Lie hidden in wait. છુપાઇ રહેવું.
Luscious, *a.* (લ'શસ્) Juicy. રસભર્યું; શૃંગારિક.
Lust, *n.* (લસ્ટ્) Sexual craving. વિષયવાસના.
Lustily, *adv.* (લ'સ્ટીલી) જહેમતથી.
Lustre, *n.* (લ'સ્ટર્) Brightness. તેજ; શોભા.
Lustrous, *a.* (લ'સ્ટ્રસ્) Shining. તેજસ્વી.
Lute, *n.* (લ્યુટ્) A harp. વીણા. *v.* તંબુરો વગાડવો.
Luxuriant, *a.* (લક્ષૂ'રિઅન્ટ્) Excessive. અત્યંત વધી ગયેલું; ફાલેલું. [મોજશોખી; વિલાસી.
Luxurious, *a.* (લક્ષ'રિઅસ્) Full of luxury.
Luxury, *n.* (લ'ક્ષુરિ) Pleasure; comfort. મોજશોખ; એશઆરામ. [ment. વીણા.
Lyre, *n.* (લાયર્) A stringed musical instru-
Lyric, *n.* (લિ'રિક્) An emotional song. ઊર્મિગીત.

M

M, (એમ્) અંગ્રેજી મૂળાક્ષરનો તેરમો અક્ષર; વ્યંજન.
Ma, *n.* (મૅ) Mother. મા.
Ma'am, *n.* (મમ્) Madam. બાઇ સાહેબ.
Mace, *n.* (મેઇસ્) Staff. ગદા; દંડ. [ખટપટ.
Machination, *n.* (મૅકિને'ઇશન્) Intrigue.
Machine, *n.* (મશી'ન્) Engine. યંત્ર.
Machinery, *n.* (મશી'નરી) સાંચાકામ.
Mad, *a.* (મૅડ્) Insane. ગાંડું. [અવિચારી માણસ.
Madcap, *n.* (મૅ'ડ્કૅપ્) Hot-headed person.
Madden, *v.* (મૅ'ડન્) To become mad. ગાંડા કરવું.
Madhouse, *n.* (મૅ'ડ્હાઉસ્) દિવાનાશાળા.
Madman, *n.* (મૅ'ડમન્) Lunatic. ગાંડો માણસ.
Madam, *n.* (મૅ'ડમ્) મડમ; બાઇ.
Made, *v.* (મેઇડ્) Did. કર્યું. [ચોપાનીયું; શસ્ત્રાગાર.
Magazine, *n.* (મૅગઝી'ન્) Periodical publication.
Magic, *n.* (મૅ'જિક્) Sorcery; enchantment. જાદુ.
Magical, *a* (મૅ'જિકલ્) જાદુઇ; માયાળી.
Obsequies, *n.* (ઑ'બ્સિક્વીઝ્) Funeral rites. ઉત્તરક્રિયા. [ખુશામતીઉ.

Obsequious, *a.* (અબ્સિ'ક્વિઅસ્) Submissive.

Observance, *n.* (અબ્ઝ'ર્વન્સ્) Performance; rite. પાલન; વિધિ.

Observant, *a.* (અબ્ઝ'ર્વન્ટ્) Attentive; watchful. નજરબાજ; દેખતું; પાળતું.

Observation, *n* (ઑબ્ઝર્વે'શન્) Notice; viewing; remark. અવલોકન; નિરીક્ષણ; સૂચના; કથન.

Observatory, *n.* (અબ્ઝ'ર્વટરી) Building for making astronomical observation. વેધશાળા.

Observe, *v.* (અબ્ઝ'ર્વ્) To remark; see. ટીકા કરવી; માનવું; જોવું; પાળવું

Obsess, *v.* (અબ્સે'સ્) To haunt ભરાવું.

Obsolete, *a.* (ઑ'બ્સલીટ્) Out of use; old-faishoned. બાતલ; જૂના જમાનાનું.

Obstacle, *n.* (ઑ'બ્સ્ટકલ) Hindrance. અડચણ.

Obstinacy, *n.* (ઑ'બ્સ્ટિનસી) Stubborness. હઠ.

Obstinate, *a.* (ઑ'બ્સ્ટિનટ્) Stubborn. હઠીલુ; જક્કી. [અડચણ કરવી.

Obstruct, *vt.* (અબ્સ્ટ્ર'કટ્) To hinder; bar.

Obstruction, *n.* (અબ્સ્ટ્ર'કશન્) Obstacle. અડચણ.

Obtain, *v.* (અબ્ટે'ઇન્) To get; gain. પ્રાપ્ત કરવું.

Obtrude, *v* (અબ્ટ્રૂ'ડ્) Thrust forward. બહાર નીકળવું. [આગળ પડતું તે.

Obtrusion, *n.* (અબ્ટ્રુ'શ્ઝન્) Intrusion. ઘુસવું,

Obtrusive, *a.* (અબ્ ટ્રુ'સિવ્) Forward. આગળ પડતું.

Obtuse, *a.* (અબ્ટ્યૂ'ઝ્) Dull; not a cute. જડ;વિષમ.

Obverse, *n.* (ઑ'બ્વર્સ) Side of a coin bearing. the head. સિક્કાની મહોરાંવાળી બાજુ. [નિવારવું.

Obviate, *vt.* (ઑ'બ્વિએઇટ્) To avoid; remove.

Obvious, *a* (ઑ'બ્વિઅસ્) Clear; evident. ખુલ્લું.

Occasion, *n.* (અકે'ઇશ્ઝન્) Opportunity; need; favourable time. તક; લાગ. *v.* Cause. કારણ થવું, બનવું.

Occasional, *a* (અકેઇ'શ્ઝનલ્)Incidental.પ્રસંગોપાત્ત.

Occidental, *a.* (ઑક્સિ'ડેન્ટલ્) Western. પશ્ચિમનું.

Occult, *a.* (ઑ'કલ્ટ્) Secret. ગુપ્ત.

Occupant, *n.* (ઑ'ક્યુપન્ટ્) Possessor, કબજેદાર.

Occupation, *n.* (ઑક્યુપે'ઇશન્) Possession. કબજો; ભોગવટો. A calling. ધંધો.

Occupy, *v.* (ઑ'ક્યુપાઈ) Possess; use; fill. નો કબજો લેવો; ભોગવટો કરવો; લેવું.

Occur, *v.* (અક'ર્) To happen બનવું; થવું.

Occurrence, *n.* (અક'રન્સ્) Event. બનાવ.

Ocean, *n.* (ઓ'ઉશન્) The sea. મહાસાગર.

Ochre, *n.* (ઓ'કર્) ગેરૂ.

Octagon, *n.* (ઑ'ક્ટગન્) Figure of eight sides. અષ્ટકોણ.

Octavo, *n.* (ઑક્ટે'વો) Having eight pages per form. આઠ પેજી. [ઑક્ટોબર.

October, *n* (અક્ટો'બર્) અંગ્રેજી દશમો મહિનો;

Octroi, *n.* (ઑ'ક્ટ્રૂયા) Town duty શહેરની જકાત.

Ocular, *a.* (ઑ'ક્યુલર્) Pertaining to the eye. આંખ સંબંધી. [seases of eye. આંખનો વૈદ્ય.

Oculist, (ઑ'ક્યુલિસ્ટ્) One skilled in the di-

Odd, *a.* (ઑડ્) Uneven, વિષમ; એકી. Queer. વિલક્ષણ; પરચુરણ.

Odds, *n.* (ઑડ્ઝ્) Inequalities. વિષમતાઓ.

Ode, *n.* (ઓડ્) Lyric poem. ગીત.

Odious, *a.* (ઓ'ડિઅસ્) Hateful. ધિક્કારવા જોગ.

Odium, *n.* (ઓ'ડિયમ્) Hatred. તિરસ્કાર

Odour, *n.* (ઓ'ડર્) Scent; fragrance. ગંધ; સુગંધ.

Of, *prep.* (ઑવ્) Belonging to; about. નું; વિષે

Off, *adv.* (ઑફ્) Far; away. દૂર.

Offal, *n* (ઑ'ફલ) Refuse. કચરો. [અપમાન.

Offence, *n.* (અફે'ન્સ) Fault; umbrage. અપરાધ;

Offend, *n.* (અફે'ન્ડ્) To displease. ખોટું લગાડવું; વાંક કરવો [gusting. દુ:ખ કરે તેવું; ચઢાઇ કરવું; ચડાઇ.

Offensive. *a. n.* (અફે'ન્સિવ્) Insulting; dis-

Offer, *v.* (ઑ'ફર્) Present; to give; sacrifice. આપવું; બળિદાન આપવું. — *n.* Proposal; price bid. દરખાસ્ત; માંગણી.
Offering, *n.* (ઑ'ફરિંગ્) Sacrifice. બળિદાન. Present. ભેટ.
Off-hand, *a.* (ઑ'ફ્ હૅન્ડ્) વિલંબ વગર કરેલું. *ad.* without previous preparation. એકદમ; જેમ તેમ.
Office, *n.* (ઑ'ફિસ્) Duty; employment, place of business; pl. out-houses. અધિકાર; હોદ્દો; પેઢી; કચેરી.
Officer, *n.* (ઑ'ફિસર્) Holder of the office. અમલદાર; અફસર. [servant. કામદાર.
Official, *a.* (અફિ'શલ્) અમલદારી. *n.* Public
Officiate, *v.* (અફિ'શિએટ્) Work. કામ કરવું.
Officious, *a.* (અફિ'શસ્) Meddlesome. માથું મારતું.
Offing, *n.* (ઑ'ફિંગ્) દરિયાનો દૂરનો ભાગ.
Offset, *n.* (ઑ'ફ્સેટ્) Shoot. ફણગો; સામી રકમ.
Offshoot, *n.* (ઑ'ફ્શૂટ્) A branch. ફાંટો; શાખા.
Offspring, *n.* (ઑ'ફ્સ્પ્રિંગ્) Descendant. વંશજ.
Oft, Often, *adv.* (ઑ'ફ્ન્) Frequently. વારંવાર.
Ogle, *v.* (ઓ'ગલ્) Make eyes. આંખ મારવી.
Ogre, *n* (ઓ'ગર) Man-eating monster. મનુષ્ય માંસાહારી રાક્ષસ.
Oh, *int.* (ઓહ્) An exclamation. અરેરે !

Oil, *n.* (ઑઇલ) Unctuous liquid. તેલ. —*v.* To smear with oil. તેલ ચોપડવું.
Oilcake, *n.* (ઑ'ઇલકેઇક્) ખોળ.
Oilcloth, *n.* (ઑ'ઇલક્લૉથ્) મીણિયું.
Oilpainting, *n.* (ઑ'ઇલપેઇન્ટિંગ્) તૈલચિત્ર.
Oily, *a.* (ઑ'ઇલી) Smooth સુંવાળું.
Ointment, *n.* (ઑ'ઇન્ટ્મન્ટ્) Unguent મલમ.
Old, *a.* (ઓઉલ્ડ્) Aged; ancient. ઘરડું; જૂનું.
Oligarchy, *n.* (ઑ'લિગાર્કિ) Government in the hands of a few. થોડાં માણસોની રાજ્યસત્તા.
Olive, *n.* (ઑ'લિવ્) Well-known tree. જૈતવૃક્ષ, ફળ; સુલેહચિહ્ન.
Omen, *n.* (ઓ'મેન્) Foreboding; sign. શુકન.
Ominous, *a.* (ઑ'મિનસ્) Foreboding evil. અપશુકનીઉં.
Omission, *n.* (અમિ'શન્) Failure; what is left out. નહિં કરવું તે; ક્ષતિ.
Omit, *v.* (અમિ'ટ્) Leave out; neglect. છોડી દેવું.
Omnibus, *n.* (ઑ'મ્નિબસ્) Public vehicle. ભાડુતી ગાડી.
Omnipotent, *a.* (ઑમ્નિ'પટન્ટ્) All-powerful. સર્વશક્તિમાન. [ding. સર્વવ્યાપક.
Omnipresent, *a.* (ઑમ્નિપ્રે'ઝન્ટ્) All-perva-

Omniscient, *a.* (ઑમ્નિ'શન્ટ્) All-knowing. સર્વજ્ઞ.
Omnivorous, *a.* (ઑમ્નિ'વરસ્) સર્વભક્ષી.
On, *prep* (ઑન્) Upon; at. ઉપર; આગળ.
Once, *adv.* (વન્સ્) One time. એક વખત. Suddenly. એકદમ.
One, *a. n. pron.* (વન્) એક.
Oneself, *pron.* (વનસે'લ્ફ્) પોતે.
One-sided, (વ'નસાઇડિડ્) Partial; unfair. એકતરફી.
Oncoming, *a.* (ઑ'ન્કમિંગ્) Appoaching. આવતુ.
Onerous, *a.* (ઑ'નરસ્) Heavy; burdensome. ભારે.
Onion, *n.* (અ'ન્યન્) કુંગળી; કાંદો
Onlooker, *n.* (ઑ'નલુકર્) Spectator. પ્રેક્ષક.
Only, *a. adv.* (ઓ'ન્લી) Single. એકનું એક. *ad.* Alone. એકલું; ફક્ત. *conj.* પણ.
Onset, *n.* (ઑ'ન્સેટ્) Attack. હલ્લો. [હુમલો.
Onslaught, *n.* (ઑ'નસ્લૉટ્) Sudden attack.
Onus, *n.* (ઓ'નસ) Burden. ફરજ; ભાર.
Onward, *a* (ઑ'નવર્ડ્) આગળનું.
Onwards, *adv.* (ઑ'નવર્ડ્ઝ્) Forward. આગળ.
Ooze, *v.* (ઊઝ્) Flow gently. ગળવું; ટપકવું.
Opal, *a.* (ઓ'પલ) Precious stone. ક્ષીરસ્ફટિક; લસણીઓ. [દર્શક.
Opaque, *a.* (અપે'ઇક) Not transparent. અપાર-

Open, *a.* (ઓ'પન્) Not closed; clear; sincere; liberal. ખુલ્લું; ઉઘાડું; ખુલ્લા દિલનું; સ્પષ્ટ. —*v.* Disclose; begin. જાહેર કરવું; પ્રારંભ કરવો.

Open-handed, *a.* (ઓ'પનહૅન્ડિડ્) ઉદાર.

Open-hearted, *a.* (ઓ'પનહાર્ટિડ્) Frank. નિખાલસ.

Opening, *n.* (ઓ'પનિંગ્) Hole; beginning. બાકોરું; ખુલ્લું મેદાન; પ્રારંભ. [નાટક.

Opera, *n.* (ઑ'પરા) Dramatic performance. સંગીત

Operate, *v.* (ઑ'પરેઇટ્) Work. ચાલવું.

Operation, *n.* (ઑપરે'ઇશન્) Surgical performance; movements. શસ્ત્રક્રિયા; વાઢકાપ; નસ્તર; ક્રિયા;

Operator, *n.* (ઑ'પરેટર્) ચલાવનાર. [હીલચાલ.

Opine, *v.* (અપા'ઇન્) Think મત આપવો.

Opinion, *n* (અપિ'ન્યન્) Belief; judgement. મત; અભિપ્રાય. [અફીણ.

Opium, *n.* (ઓ'પિઅમ્) Juice of the poppy.

Opponent, *n.* (અપો'નન્ટ્) Adversary. વિરોધી.

Opportune, *n.* (ઑ'પર્ચ્યુન) Timely. ખરી તકનું.

Opportunist, *n.* (ઑ'પર્ચ્યુનિસ્ટ્) તકનો લાભ લેનાર.

Opportunity, *n.* (ઑપર્ચ્યૂ'નિટી) Fit time. તક.

Oppose, *v.* (અપો'ઝ્) Resist; act against. સામા હોવું, થવું. [પ્રતિકૂળ; સામું: ઉલટું.

Opposite, *a. n.* (ઑ'પઝિટ) Facing; against.

Opposition. *n.* (ઑપઝિ'શન્) Resistance. વિરોધ.
Oppress, *v.* (અપ્રે'સ્) Treat severely. દુઃખ દેવું.
Oppression, *n.* (અપ્રેશન્) Tyranny. પીડા; ત્રાસ.
Opprobrious, *a.* (અપ્રો'બ્રિઅસ્) Disgraceful. નિંદવા જેવું.
Opprobrium, *n.* (અપ્રો'બ્રિઅમ્) Reproach; disgrace બદનામી.
Optative, *a.* (ઑપ્ટે'ટિવ્) Expressing wish. ઇચ્છાદર્શક.
Optic, *n.* (ઑ'પ્ટિક્) Organ of vision. નેત્રવૈદું; [આંખ.
Optician, *n.* (ઑપ્ટિ'શન્) નેત્રવૈદ.
Option, *n.* (ઑ'પ્શન્) Choice; wish. પસંદગી. મરજી.
Optional, *a.* (ઑ'પ્શનલ્) Left to choice. મરજીઆત.
Optimist, *n.* (ઑ'પ્ટિમિસ્ટ્) આશાવાદી.
Opulent, *a.* (ઑ'પ્યુલન્ટ્) Rich. તવંગર.
Opulence, *n.* (ઑ'પ્યુલન્સ્) Wealth. પૈસાદારપણું.
Or. *conj* (ઑર્) Uniting alternatives. અથવા.
Oracle. *n.* (ઑ'રકલ્) Divine answer. દેવવાણી; મહાપુરૂષ વચન.
Oral, *a.* (ઓ'રલ્) Spoken. મોઢાનું; મૌખિક.
Orange, *n.* (ઑ'રિન્જ્) Well-known fruit. નારંગી.
Oration, *n.* (અરે'શન્) Public speech. ભાષણ.
Orator, *n.* (ઑ'રટર) Public speaker. વક્તા.

Oratory, *n.* (ઑ'રટરી) Eloquence. વક્તૃત્વ કળા; ભાષણશક્તિ; પ્રાર્થનાગૃહ.

Orb, *n.* (ઑર્બ્) Sphere; eye. ગોળો; આંખ.

Orbit, *n.* (ઑ'ર્બિટ્) Path. કક્ષા.

Orchard, *n.* (ઑ'ર્ચર્ડ્) Fruit garden. ફળવાડી.

Orchestra, *n.* (ઑ'ર્કિસ્ટ્રા) વાજિંત્ર સ્થાન; વાજકમંડળ.

Ordain, *v.* (ઑર્ડે'ઇન્) Appoint; regulate. કાયદો, હુકમ કરવો; નિર્માણ કરવું.

Ordinance, *n.* (ઑ'ર્ડિનન્સ્) Rule of action. નિયમ.

Ordeal, *n.* (ઑર્ડી'અલ્) Severe test. આકરી કસોટી; દિવ્ય.

Order, *n.* (ઑ'ર્ડર્) Method; command; arrangement. વ્યવસ્થા; હુકમ. —*v.* Regulate; command. વ્યવસ્થા, આજ્ઞા કરવી.

Orderly, *a.* (ઑ'ર્ડર્લિ) Regular. વ્યવસ્થિત. *n.* સિપાઈ.

Ordinal, *a.* (ઑ'ર્ડિનલ્) Noting order. સંખ્યાપૂર્ણાંક; [ક્રમવાચક.

Ordinary, *a.* (ઑ'ર્ડિનરી) Usual. સાધારણ.

Ordure, *n.* (ઑ'ર્ડ્યુર્) Excrements. છાણ; મળ.

Ore, *n.* (ઓર્) Motal as dug up. કાચી ધાતુ; ભેળ.

Organ, *n.* (ઑ'ર્ગન્) Instrument. ઇંદ્રિય; સાધન; વાજું

Organize, *v.* (ઑ'ર્ગનાઇઝ) Arrange. ગોઠવવું.

Oriental, *a.* (ઑરિએ'ન્ટલ્) Eastern. પૂર્વનું.

Orifice, *n.* (ઑ'રિફિસ્) Opening. છિદ્ર.
Origin, *n.* (ઑ'રિજીન્) Source; root. મૂળ.
Original, *a* (અરિ'જીનલ્) First; primary. મૂળ; પ્રાથમિક; અસલ.
Originality, *n.* (અરિજીને'લિટી) Power of starting new thought. અપૂર્વ યોજક બુદ્ધિ; અપૂર્વતા.
Originate, *v.* (અરિ'જીનેઇટ્) Produce. ઉત્પન્ન કરવું.
Ornament, *n.* (ઑ'ર્નમન્ટ્) Decoration. ઘરેણું. —*v.* To adorn શણગારવું. [શણગારનું.
Ornamental, *a.* (ઑર્નમે'ન્ટલ્) Adorning.
Ornate, *a* (ઑર્ને'ઇટ્) Adorned; beautiful ભપકેદાર.
Orphan, *n.* (ઑ'ર્ફન્) Child who has lost parents. માબાપ વગરનું છોકરું. [અનાથગૃહ.
Orphanage, *n.* (ઑ'ર્ફનિજ્) Home for orphans.
Orthodox, *a.* (ઑ'ર્થડૉક્સ્) Sound in belief. ધર્મચુસ્ત; જૂના વિચારનું.
Orthodoxy, *n.* (ઑ'ર્થડૉક્સી) જૂના વિચાર; આસ્થા.
Oscillate, *v.* (ઑ'સિલેઇટ્) Swing; vebrate. ઝુલવું.
Oscillation, *n.* (ઑસિલે'ઇશન્) ચલન; હેલણ.
Osculate, *v.* (ઑ'સ્કયુલેઇટ્) To kiss. ચુંબન કરવું.
Osier, *n.* (ઓ'શ્ઝર્) વાંસસળી.
Ostensible, *a* (ઑસ્ટે'ન્સિબલ્) Seeming. દેખીતું.
Ostentation, *n.* (ઑસ્ટન્ટે'શન્) Show. ભપકો.

Ostentatious, *n.* (ઑસ્ટન્ટે'ઇશસ્) Showy. ડોળઘાલુ.
Ostrich, *n.* (ઑ'સ્ટ્રિચ્) શાહમૃગ.—*a.* ભ્રમણાત્મક.
Other, *a.* (અ'ધર) Not the same. બીજું.
Otherwise, *adv.* (અ'ધરવાઈઝ્) In a different manner. નહિતર.
Ought, *v.* (ઑટ્) Should. જોઈએ.
Ounce, *n* (આઉન્સ્) A weight. અધોળ.
Our, Ours, *a. pron.* (આવર્) આપણું; અમારું.
Oust, *v.* (આઉસ્ટ્) Expel. કાઢી નાખવું. [*int.* હટ્.
Out, *adv.* (આઉટ્) Away; not at home. બહાર.
Outer, *a.* (આ'ઉટર્) બહારનું.
Outfit, *n.* (આ'ઉટફિટ) Equipment. વસ્ત્ર; સરંજામ
Outing, *n.* (આ'ઉટિંગ) Excursion. પર્યટન.
Out-lying, *a.* (આ'ઉટલાઈંગ) Distant. વેગળું; દૂર.
Outward, *a.* (આ'ઉટવર્ડ્) બહારનું.
Outbreak, *n.* (આ'ઉટબ્રેક્) Disturbance. ઉપદ્રવ.
Outburst, *n.* (આ'ઉટબર્સ્ટ્) Bursting out. ઉભરો.
Outcast, *n.* (આ'ઉટકાસ્ટ્) Vagabond; exile. *a.* Rejected. ભ્રષ્ટ; ત્યજાએલું.
Outcome, *n.* (આ'ઉટકમ) Result; issue. પરિણામ.
Outcry, *n.* (આ'ઉટક્રાય્) Clamour. બૂમરાણ.
Outdoor, *a.* (આ'ઉટડોર્) Abroad. ઘરબહારનું.
Outlandish, *a.* (આઉટલૅ'ન્ડિશ) વિદેશી; વિચિત્ર

Outlaw, *n.* (આ'ઉટલૉ) Robber. બારવટીયો.
Outlook, *n.* (આ'ઉટલુક્) View. દૃષ્ટિ.
Outlay, *n.* (આ'ઉટલે) Expenditure. ખર્ચ
Outline, *n.v.* (આ'ઉટલાઇન્) Sketch રૂપરેખા, દોરવી.
Outhouse, *n.* (આ'ઉટહાઉસ્) ઉપગૃહ; કોડ; ઝુંપડું.
Output, *n.*(આ'ઉટપુટ્) Quantity produced. પેદાશ.
Outsider, *n.* (આઉટસા'ઇડર) બહારનો માણસ.
Outpost, *n.* (આ'ઉટપોસ્ટ) થાણું.
Outrage, *n.*(આ'ઉટરિજ્) Insult;extreme violence. અપમાન; આક્રમણ; અત્યાચાર. —*v.* (–રે'ઇજ) તે કરવું.
Outrageous. (આઉટ્રે'ઇજસ્) Violent; exorbitant. જુલમી; ઘોર.
Outright, *adv.* (આ'ઉટરાઇટ્) Completely. પૂરેપૂરૂં.
Outset, *n.* (આઉટસેટ) Beginning. પ્રારંભ.
Outside, *a.* (આઉટસા'ઇડ્) External. બહારનું. —*n.* Exterior. બહારનો ભાગ.
Outstanding, *a.* (આઉટ્સ્ટૅ'ન્ડિંગ્) Prominent; undischarged. પ્રસિદ્ધ; બાકી.
Outwit, *v.* (આઉટ્વિ'ટ્) To cheat. છેતરવું.
Out-ward, *a* (આ'ઉટવર્ડ) External. બહારનું.
Oval, *a.* (ઓ'વલ) Oblong. લંબગોળ; અંડાકાર.
Ovation, *n.* (અવે'ઇશન્) સન્માન; જયજયકાર.
Oven, *n.* (અ'વન્) Furnace. ચુલો.

Over, *prep.* (ઓ'વર્) Above; across; beyond. ઉપર; ઉપર થઇને. Crosswise; throughout. છેવટ સુધી; આરપાર. —*a* Past. સમાપ્ત. [નાંખવું.

Overawe, *v.* (ઓવરઑ') Terrify. ભયગ્રસ્ત કરી

Over-balance, *v.* (ઓવર બૅ'લન્સ) Weigh down. તોલમાં વધારે હોવું [મિલ્ક્ત.

Overbearing, *a.* (ઓવરબે'અરિંગ્) Haughty.

Overboard, *ad.* (ઓ'વરબોર્ડ) Out of a vessel. વહાણ પરથી. [અતિશય ભાર ભરવો.

Overburden, *v.* (ઓવરબ'ર્ડન) To load heavily.

Overcharge, *v.* (ઓવર્ચા'ર્જ) Charge to excess. *n.* (ઓ'–) Excessive charge. વધારે લીધેલી રકમ

Overcome, *v.* (ઓવરક'મ્) To prevail over.

Overcoat, *n.* (ઓ'વરકોટ્) ઉપરનો ડગલો. [હરાવવું.

Overdo, *v.* (ઓવરડુ') Do too much. અતિશય કરવું.

Overdraw, (ઓવરડ્રૉ') To draw beyond one's credit. વધારે પૈસા ઉપાડવા.

Overdue. *a.* (ઓવરડ્યુ') Past the time of payment. મુદ્દત બાદ થયેલું; ચડત; જરૂરી.

Overflow, *n.* (ઓ'વરફ્લો) Deluge. રેલ. (–ફ્લો) To flow; out. ઉભરાઇ જવું; વધી જવું.

Overgrowth, *n.* (ઓ'વરગ્રોઉથ્) ઘણું વધી જવું તે.

Overhaul, *v.* (ઑવરહૉ'લ) ઉથલાવી પાડવું.

Overlay, *v.* (ઓવરલે) Cover. ઢાંકવું.
Overlook, *v.* (ઓવરલૂ'ક્) Miss; excuse; have view. નજરચુક થવી; જતું કરવું; ઉપરથી જોવું.
Over-nice, *a* (ઓવરના'ઇસ) Fastidious. ચપાસીયું.
Oversee, *v.* (ઓવરસી') Superintend. દેખરેખ રાખવી.
[દેખરેખ રાખનાર.
Overseer, *n.* (ઓવરસી'અર્) An Inspector.
Oversight, *n* (ઓ'વરસાઇટ્) Mistake. ચૂક; ભૂલ.
Overpower, *v* (ઓવરપા'વર્) Overcome. હંફાવવું.
Overt, *a.* (અવ'ર્ટ્) Unconcealed. ખુલ્લું; ઉઘાડું.
Overtake, *v.* (ઓવર્ટે'ઇક્) Catch up. પકડી પાડવું.
Overthrow, *v.* (ઓવર્થ્રો') Upset; ruin. ઉથલાવી નાખવું; હરાવવું.—*n.* (ઓ'–) હાર. [ઉપરાંત, કામ કરવું તે.
Overtime, *adv. n.* (ઓ'વર્ટાઇમ) નિયમિત કલાક
Overture, *n.* (ઓ'વર્ચર્) Proposal. માગણી.
Overturn, *v.* (ઓવર્ટ'ર્ન્) Upset; defeat. ઉંધું વાળવું; હરાવવું.
[અભિમાની.
Overweening, *a.* (ઓવર્વી'નિંગ્) Conceited.
Overwhelm, *a.*(ઓવર્હ્વે'લ્મ) Immerse; crush. દબાવી દેવું
Overwise, *a.* (ઓવર્વા'ઇઝ્) દોઢડાહ્યું.
Overwork, *n.* (ઓ'વર્વર્ક્) વધારે કામ.–*v.*(–વ'–) To work to excess. ગજા ઉપરાંત કામ કરવું, કરાવવું.

Overwrought, *a.* (ઓવરૂરૉ'ટ્) થાકેલું; અતિશય કરેલું; તંગ. [ને લીધે હોવું.
Owe, *v.* (ઓ) Be indebted to. દેવું હોવું;
Owing, *pr.* (ઓ'ઈંગ્) Due. ને લીધે.
Owl, *n.* (આઉલ્) A bird. ઘુવડ; ઘૂડ.
Own, *v.* (ઓઉન્) Possess. માલીક હોવું. (2) Admit. કબુલ કરવું. —*a.* પોતાનું.
Owner, *n.* (ઓ'ઉનર્) Rightful proprietor. માલીક.
Ox, *n* (ઑક્સ્) બળદ.
Oxygen, *n.* (ઑ'ક્સિજન્) A gas forming the chief support of life. પ્રાણવાયુ. [છીપ.
Oyster, *n.* (ઑ'યૂસ્ટર્) Shell-fish. કાળુ માછલી;

P

P, (પી) અંગ્રેજી મૂળાક્ષરનો સોળમો અક્ષર; વ્યંજન.
Pace, *n* (પેઇસ્) Step; rate of movement. પગલું; કદમ; ગતિ. —*v.* To walk slowly. સાધારણ ચાલે ચાલવું.
Pacific, *a* (પસિ'ફિક્) Peaceful; calm. શાંત.
Pacification, *n.* (પૅસિફિકે'ઇશન્)Reconcilement. સાંત્વન.
Pacify, *v.* (પૅ'સિફાય્) શાંત કરવું. Calm; still.
Pack, *v.* (પૅક્) Fasten up. બાંધી મુકવું; ગાંસડી

બાંધવી. —*n*. Bundle; parcel. ગાંસડી Gang. ટોળી.
Package, *n*. (પૅ'કિજ) Small bundle. પોટલી.
Packcloth, *n* (પૅ'ક્ક્લૉથ્) મીણુ.
Packet, *n*. (પૅ'કિટ્) Small parcel. પડીકું.
Packsaddle, *n*. (પૅ'કસૅડલ્) Saddle to put sacks on. ઓઠું; કાઠું.
Pact, *n*. (પૅક્ટ્) Contract. કરાર.
Pad, *n*. (પૅડ્) Cushion; sheets for writing. ગાદી; પુંઠું; ખોળીયું. —*v*. પગે ચાલીને જવું.
Padding, *n*. (પૅ'ડિંગ) ભરવાની વસ્તુ.
Paddle, *v*. (પૅ'ડલ્) To row. હલેસાં મારવાં. —*n*. Short oar. હલેસું.
Paddock, *v*. (પૅ'ડક્) Enclosure for cattle. ઢોરનો વાડો; ઘોડાર. A frog. દેડકો.
Paddy, *n*. (પૅ'ડી) Rice in the husks. ડાંગર; [ભાત.
Padlock, *n*.. (પૅ'ડ્લૉક્) તાળું.
Paean, *n*. (પી અન્) Song of triumph. જયગાન.
Pagan, *a*. *n* (પે'ઇગન્) Heathen. પરધર્મી; મૂર્તિપૂજક.
Page, *n* (પેઇજ્) One side of a leaf; boy. પાનું; નોકર.
Pageant, *n*. (પૅ'જન્ટ્) Show. તમાસો.
Pagoda, *n* (પગો'ડા) Idol-house. દેવાલય.
Pail, *n*. (પેઇલ્) Bucket. ડોલચી.
Pain, *n*. (પેઇન્) Suffering; bodily distress. વેદના.

(2) *pl.* Trouble. મહેનત. —*v.* Torture; distress. દુ:ખ કરવું, દેવું.

Painful, *a.* (પે'ઇનફુલ્) Distressing. દુ:ખકારક.

Painstaking, *a.* (પે'ઇનસ્ટેઇકિંગ્) Sparing no pains. મહેનતુ.

Paint, *v. n,* (પેઇન્ટ્) Colour. ચિતરવું; રંગ; લેપ.

Painter, *n.* (પે'ઇન્ટર્) One who paints. ચિત્રકાર; રંગ દેનાર. [જોડ કરવી.

Pair, *n.* (પેઅર્) Couple. જોડું. —*v.* To match.

Pal, *n.* (પેલ્) Comrade. અંગત મિત્ર.

Palace, *n.* (પૅ'લસ્) Royal residence. મહેલ.

Palatial, *a* (પૅલે'શલ્) ભવ્ય; આલિશાન.

Palanquin, *n.* (પૅલન્કી'ન્) Light covered conveyance. પાલખી; મિયાનો.

Palate, *n.* (પૅ'લટ્) Roof of mouth. તાળવું.

Palatable, *a.* (પૅ'લટબલ) Savoury. સ્વાદિષ્ટ.

Palatal, *a.* (પૅ'લટલ્) તાલવ્ય; તાળવાનું.

Pale, *a.* (પેઇલ્) Not ruddy; dim; ફિક્કું: ઝાંખું —*v.* ઝાંખું કરવું. —*n.* Fence. વાડ.

Palfrey, *n.* (પૉ'લ્ફ્રી) Small saddle horse. ટટ્ટુ

Palisade, *n.* (પૅલિસે'ઇડ્) Fence of stakes. ઉભ વાડ. [કંટાળી જવું

Pall, *n.* (પૉલ) Cloak. ઝભ્ભો; આચ્છાદન. —

Pallet, *n* (પૅ'લિટ્) Straw bed. પથારી; રંગનું પાટીયું; પટપટીયું.
Palliate, *v.* (પૅ'લિએઇટ્) Alleviate. ઓછું કરવું.
Pallid., *a.* (પૅ'લિડ્) Pale ફિક્કું.
Pallor, *n.* (પૅ'લર્) Paleness. ફિકાશ.
Palm, *n* (પામ્) Inner part of the hand. હથેળી; તાડ; શ્રેષ્ઠતા. —*v.* ધબડાવવું; પોરવવું.
Palmy, *a.* (પા'મી) જાહોજલાલીનું.
Palmer, *n.* (પા'મર્) Pilgrim. જાત્રાળુ; ઠગ.
Palmist, *n.* (પા'મિસ્ટ્) Fortune-teller. હાથ જોનાર; સામુદ્રિક.
Palmistry, *n.* (પા'મિસ્ટ્રી) હાથ જોવાની વિદ્યા.
Palpable *a.* (પૅ'લ્પબલ્) Obvious. પ્રત્યક્ષ.
Palpitate, *v.* (પૅ'લ્પિટેઇટ્) Throb; flutter. થડકવું.
Palsy, *n.* (પૉ'લ્ઝી) Paralysis. લકવો.
Palter, *v.* (પૉ'લ્ટર્) To play false. દગો દેવો.
Paltry, *a* (પૉ'લ્ટ્રી) Worthless; mean. નજીવું.
Pamper, *v.* (પૅ'મ્પર્) To gratify to the full. પોષવું; તૃપ્ત કરવું.
Pamphlet, *n.* (પૅ'મ્ફ્લિટ્) Booklet. ચોપાનીયું.
Pan, *n.* (પૅન્) Broad shallow vessel. પેણી; તાવડી.
Panacea, *n.* (પૅનસી'આ) Universal medicine સર્વવ્યાધિવિનાશક; સર્વોપચાર.

Pander, *n.* (પૅ'ન્ડર્) Procurer. ભડવો; દલાલ.
—*v.* દુષ્ટ ઇચ્છા પૂરી કરવી.
Pane, *n* (પેન્) Sheet of glass તકતી. [તારીફ.
Panegyric, *n.* (પૅનિજ઼ા'યુરિક્) Praise; eulogy.
Panel, *n.* (પૅ'નલ્) Compartment of a surface; list of jurors. ખાંચ; કાંગરી; પંચ; તકતી.
Pang, *n.* (પૅન્ગ્) Pain; agony. વેદના. [ત્રાસ.
Panic, *n.* (પૅ'નિક) Terror; sudden fright. ભય;
Pannier, *n.* (પૅ'ન્યર્) Basket, કંડીયો; કાઠું.
Panoply, *n.* (પૅ'નપ્લી) Armour. કવચ; બખતર.
Panaroma, *n.* (પૅનરા'મા) Complete view. ફરતું દર્શન; દૃશ્ય. [—*pl.* પાટલુન.
Pant *v.* (પૅન્ટ્) Breathe hard. હાંફવું; ઝંખવું
Pantaloon *n.* (પૅન્ટલૂ'ન્) Buffoon મશ્કરો.
—(*pl.*) Trousers. સુરવાળ; પાટલુન.
Panther, *n.* (પૅ'ન્થર્) Leopard. ચિત્રો; વાઘ.
Pantomime, (પૅ'ન્ટમાઈમ્) A dumb show. પૂતળાં નાચ.
Pantry, *n.* (પૅ'ન્ટ્રી) Store-house. કોઠાર.
Pap, *n* (પૅપ્) Teat. ડીંટડી; ગર.
Papa, *n* (પપા') Father. બાપા. [સત્તા, ધર્મ.
Papacy, *n.* (પે'ઇપસી) Office of the pope. પોપની
Paper, *n.* (પે'ઇપર) Newspaper; substance for

writing on. કાગળ; લેખ; તુમાર; છાપું.
Papyrus, *n.* (પપા'યરસ્) તાલપત્ર.
Par, *n.* (પાર્) Equality. સમાનતા; લખેલી કિંમત.
Parable, *n.* (પૅ'રબલ્) Allegory. દૃષ્ટાંત; વાર્તા.
Parabola, *n.* (પરૅ'બલા) Conic section. પરવલય; સમકુલ.
Parade, *n.* (પરે'ઇડ્) Display. કવાયત; ડોળ. —*v.* To make a show of. ડોળ કરવો; પરેટ કરવી.
Paradise, *n.* (પૅ'રડાઈઝ્) Heaven. સ્વર્ગ.
Paradox, *n.* (પૅ'રડૅાક્સ્) કોયડો; વિરોધાભાસ.
Paradoxical, *a.* (પૅરડૅા'ક્સિકલ્) વિપરીત.
Paragon, *n.* (પૅ'રગન્) Perfect pattern. નમુનો; આદર્શ [આફ; ફકરો.
Paragraph, *n.* (પૅ'રગ્રાફ્) Short passage. પારા-
Parallax, *n.* (પૅ'રલૅક્સ્) લંબન.
Parallel, *a.n.* (પૅ'રલલ્) Side by side; likeness. સમાંતર; સમાનતા.
Parallelogram, *n.* (પૅરલે'લગ્રૅમ્) સમાન્તર ચતુર્ભુજ.
Paralyse, *v.* (પૅ'રલાઇઝ્) Affect with palsy. અશક્ત કરી નાંખવું; લકવો કરવો. [પક્ષઘાત.
Paralysis, *n.* (પરૅ'લિસિસ્) Loss of function.
Paramount, *a.* (પૅ'રમાઉન્ટ) Supreme. સર્વોપરિ.
Paramour, *n.* (પૅ'રમૂર) Lover. આશક.

Parapet, *n.* (પૅ'રપિટ્) Low wall. ભીંતડી; કરેઠી.
Paraphernalia, *n.* (પૅરફર્નૅ'લિઆ) Equipment. સાજ. [—*r.* State in other words. વિવરણ કરવું.
Paraphrase, *n.*(પૅ'રફ્રેઇઝ્)Explanation. વિવરણ.
Parasite, *n.* (પૅ'રસાઇટ્) પરોપજીવી. Hanger-on; sycophant.
Parasitic, *a.* (પૅરસિટિક્) ખુશામતીયું; પરોપજીવી
Parasol, *n.* (પૅ'રસૉલ્) નાની છત્રી.
Parcel, *r.* (પા'ર્સલ્) Package; bundle. પોટલું.
Parcener, *n.* (પા'ર્સનર્) A joint heir. ભાગીદાર વારસ. [શેકવું.
Parch, *vt.* (પાર્ચ્) To bake; scorch. ભુંજવું;
Parchment, *n.* (પા'ર્ચમન્ટ્) The skin of sheep dressed for writing. ચર્મપત્ર.
Pardon, *n.* (પા'ર્ડન્) Forgiveness. ક્ષમા. —*v.* To forgive. માફી આપવી. [કાતરવું; કાપવું.
Pare, *v.* (પેઅર્) To cut off little by little.
Parent, *n.* (પે'ઇરન્ટ્) Father or mother. માતા અથવા પિતા. Cause. કારણ.
Parentage, *n.* (પે'રન્ટેજ્) Family. કુળ.
Parenthesis, *n.* (પ'રેન્થિસીસ્) Clause. કૌંસ.
Parish, *n.* (પૅ'રિશ્) District. જીલ્લો.
Parity, *n* (પૅ'રિટિ) Equality; likeness. સમાનતા.

Park, *n.* (પાર્ક) Garden. બાગ; વાડી. *v.* To enclose in a park put a side. વાડી કરવી; હારબંધ મૂકવું.
Parlance, *n.* (પા'લંસ) Talk. વાતચીત.
Parley, *n* (પા'લીં) Conversation; talk. વાતચીત. —*v.* Discuss orally મસલત કરવી.
Parliament, *n.* (પા'લમેન્ટ) National legislative body. ધારાસભા.
Parlour, *n.* (પા'લર) Sitting room. સ્વાગત મંદિર; દિવાનખાનું. [પ્રતિજ્ઞા; સંકેતશબ્દ.
Parole, *n.* (પરો'ઉલ) Word; military password
Paroxysm, *n.* (પૅ'રક્સીસમ્) Passion. જોશ.
Parricide, *n.* (પૅ'રિસાઈડ) Murderer of a father. પિતૃહત્યા કરનાર
Parrot, *n.* (પૅ'રટ) A well-known bird પોપટ.
Parry, *v.* (પૅ'રિ) To avoid; ward off નિવારવું.
Parse. *v.* (પાર્સ) વ્યાકરણ કરવું. [કરકસરીયું.
Parsimonius, *a.* (પાર્સિમો'નિઅસ) Frugal
Parsimony, *v.* (પા'સિમનિ) Economy; frugality. કરકસર.
Parson, *n.* (પા'સૅન) A clergyman. પાદરી.
Part, *n.* (પાર્ટ) Portion; share. ભાગ; હિસ્સો. Duty. ફરજ; પાઠ. —*v.* To divide; take leave, જુદા પાડવા, પડવું.

Partake, *vt.* (પાર્ટેઇક્) To share. ભાગ લેવો.

Partial, *n.* (પા'ર્શલ્) Unjust; of part. પક્ષપાતી; એકતરફી; અમુક ભાગનું. [પક્ષપાત.

Partiality, *n.* (પાાશ્યૅ'લિટી) Undue favour.

Participate, *v.* (પાટ'સિપેઇટ્) To partake. સામેલ થવું.

Participle, *n.* (પા'ાટસિપલ્) કૃદન્ત.

Particle, *n.* (પાર્ટિકલ્) Atom. રજ; અણુ.

Particular, *a.* (પર્ટિ'કયુલર્) Special. અમુક; ખાસ. —*n* Detail. વિગત. [વિગતવાર કહેવું.

Particularize, *v.* (પર્ટિ'કયુલરાઇઝ્) To specify.

Particularly, *ad.* (પાટ'કયુલરલી) Especially. ખાસ કરીને. [પક્ષનો માણસ; અનુયાયી.

Partisan, *n.* (પાર્ટિઝૅ'ન્) Adherent to faction.

Partition, *n* (પાાટ'શન્) Division. વિભાગ: પડદો.

Partner, *n.* (પા'ર્ટ્નર્) Sharer. ભાગીદાર. [તેતર.

Partridge, *n.* (પા'ટ્રિજ્) Well-known bird.

Party, *n.* (પા'ર્ટી) Company. ટોળી. Faction. પક્ષ; ભાગીદાર.

Pass, *n.* (પાસ્) Licence; narrow entrance. પરવાનો; સાંકડો રસ્તો. —*v.* To go by; spend. આગળ જવું; પસાર થવું, કરવું.

Passable, *a.* (પા'સબલ્) સાધારણ; પાર જવાય તેવું.

Passage, *n.* (પૅ'સિજ્) Path; para. રસ્તો; જવું તે; ફકરો.

Passenger, *n.* (પૅ'સિન્જર્) Traveller. ઉતારૂ.

Passer-by, *n.* (પા'સર્બાય) વટેમાર્ગુ. [છવાયા.

Passim, *adv.* (પૅ'સિમ્) Here and there. છુટા-

Passing, *a.* (પા'સિંગ્) ચાલતું; ચઢીયાતું.—*n.* અધવચ.

Passion, *n.* (પૅ'શન્) Strong feeling; anger. જુસ્સો; લાગણી; ગુસ્સો. [કામી; ક્રોધી.

Passionate, *a.* (પૅ'શનટ્) Easily excited. વ્યાકુળ;

Passive, *a.* (પૅ'સિવ) Unresisting; patient. શાંત; નિષ્ક્રિય; સહ્ય.

Passport, *n.* (પા'સ્પોર્ટ્) Written licence to travel. રજાચિટ્ઠી. [આગળ.

Past, *a.* (પાસ્ટ્) Gone by. ગએલું. *prep.* Beyond.

Paste, *n.* (પે'ઇસ્ટ્) Cement of flour boiled in water. લહી. —*v.* ચોટાડવું.

Pastel, *n* (પૅ'સ્ટલ્) સુકી રંગલહી.

Pastil(le), *n.* (પૅ'સ્ટિલ્) અગરબત્તી. [રમત.

Pastime, *n* (પા'સ્ટાઇમ્) Amusement. વિનોદ;

Pastor, *n* (પા'સ્ટર્) Clergyman. ગોપ; પાદરી.

Pastry, *n* (પે'ઇસ્ટ્રી) મિઠાઈ; તે બનાવવાની જગ્યા.

Pasture, *n.* (પા'સ્ચર્) Grass; plot. ચારો; ચરાઉ જમીન. —*v.* To graze. ચરવું.

Pat, *v. n.* (પૅટ્) Stroke. થાબડવું; ટાપલી.

Patch, *n.* (પૅચ્) Piece sewn in a garment. થીગડું. જમીનનો ટુકડો. *v.* To put a patch on. થીગડું દેવું.

Patent, *a.* (પે'ઇટન્ટ્) Obvious; licensed. ખુલ્લું. ખાસ. —*n.* પરવાનો.

Paternal. *a.* (પટ'ર્નલ) Fatherly. બાપનું.

Paternity, *n.* (પટ'ર્નિટી) પિતૃત્વ.

Path, *n.* (પાથ્) Road; footway. રસ્તો; જીવનમાર્ગ.

Pathetic, *a* (પથે'ટિક્) Touching કરુણ [રસ.

Pathos, *n.* (પે'ઇથૅાસ્)Compassion. કરુણ લાગણી,

Pathway, (પા'થવે) Narrow way. સાંકડો રસ્તો.

Patience, *n.* (પે'ઇશન્સ્) Forbearance; power of suffering ધીરજ; સહનશક્તિ

Patient *a* (પે'ઇશન્ટ્ Not hasty, ધીરજવાળું.

Patriarch, *n.* (પે'ટ્રિઆર્ક) Head of a family. કુટુંબનો વડિલ; મૂળ પુરૂષ [દેશભક્ત

Patriot, *n.* (પે'ટ્રિઅટ્) Lover of one's country.

Patriotic, *a.* (પેટ્રિઑ'ટિક્) દેશાભિમાની.

Patriotism *n.* (પે'ટ્રિઅટિઝમ્) Love of one's country. દેશદાઝ

Patrol, *v.* (પટ્રો'લ) Pass round. રોન ફરવી —*n.* રોન.

Patron, *n.*(પે'ઇટ્રન્) Protector. આશ્રયદાતા; મુરબ્બી.

Patronage, *n.* (પે'ટ્રનિજ્) Support. આશ્રય.

Patten, *n*. (પૅ'ટન્) Wooden shoe પાવડી; ચાંખડી.
Patter *v*. (પૅ'ટર્) પટ પટ અવાજ કરવો. — *n*. તે અવાજ. [ભાત.
Pattern *n*. (પૅ'ટર્ન) Model; design. નમુનો;
Paucity, *n*. (પૉ'સિટિ) Scarcity; fewness અછત.
Pauper, *n*. (પૉ'પર્) Poor person. ભિખારી
Pause, *v*. (પૉઝ્) Stop. અટકવું. —*n*. Temporary rest. વિસામો. [તૈયાર કરવું.
Pave, *v*. (પેઇવ્) Cover with stone. પથ્થર જડવા;
Pavement, *n*. (પે'ઇવમન્ટ્) Footpath of stone. ફરસબંધી.
Pavilion. *n*.(પવિ'લ્યન્) Tent; building. તંબુ; ચોરો.
Paw, *n*. (પૉ) Foot of a beast. પંજો —*v*. ખોતરવું.
Pawn, *n*. (પૉન્) Security. ગિરો માલ; પ્યાદું. —*v*. To pledge. હોડમાં-ગિરો મૂકવું.
Pay, *v*. (પે) Discharge a debt; to make payment ચુકવવું; પગાર આપવો.—*n*. Wages. પગાર; બદલો.
Payable, *a*. (પે'અબલ્) Due. અપાય એવું.
Payment, *n*. (પે'મન્ટ્) Money paid. પગાર; નાણું આપવાં તે.
Payee, *n*. (પેઈ') પૈસા લેનાર.
Paymaster, *n*. (પે'માસ્ટર્) પૈસા આપનાર અમલદાર.
Pea, *n*. (પી) વટાણો.

Peace, *n.* (પીસ્) Quietness; tranquillity. શાંતિ; સુલેહ.
Peaceable, *n.* (પી'સઅબલ્) Quiet. ગરીબડું.
Peaceful, *a.* (પી'સફુલ) Quiet; pacific. શાન્ત.
Peacock. *n.* (પી'કૉક્) A beautiful fowl. મોર.
Peahen, *n.* (પી'હેન) Female of the peacock. ઢેલ.
Peak, *n.* (પીક્) Top of a hill. ટોચ.
Peal, *n* (પીલ્) Loud sound. નાદ. કોલાહલ —*v.* To clang. મોટો નાદ કરવો.
Pear, *n.* (પે'અર્) એક જાતનું ફળ.
Pearl, *n.* (પર્લ) Gem. મોતી.
Peasant, *n.* (પે'ઝન્ટ્) Rustic. ગામડીયો; ખેડુત.
Peasantry, *n.* (પે'ઝન્ટ્રી) ખેડુત વર્ગ. ગ્રામ્યજન.
Pebble, *n.* (પે'બલ્) Small round stone. કાંકરો.
Peccable, *a.* (પે'કબલ્) Liable to sin. પામર.
Peck, *v.* (પેક્) Strike with the beak. ઘોંચવું; ચણવું. —*n.* બુશેલનો ચોથો ભાગ.
Peckish, *a.* (પે'કિશ્) Hungry. ભુખ્યું.
Peculate, *v* (પે'ક્યુલેશ્ટ્) ઉચાપત કરવી. [ખાયકી.
Peculation, *n.* (પેક્યુલે'શન્) Embezzlement.
Peculiar, *a.* (પિક્યુ'લિઅર) Special. ખાસ; લાક્ષણિક.
Peculiarity, *n.* (પિક્યૂલિઍ'રિટી) Speciality. ખાસિયત; વિચિત્રતા. [સંબંધી.
Pecuniary, *a.* (પિક્યુ'નિઅરી) Monetary. નાણાં

Pedagogue, *n.* (પે'ડગૉગ્)School-master. પંતુજી.
Pedal, *a. n* (પે'ડલ્) Of a foot. પગ સંબંધી; ધમણુ; સાયકલનું પેડલ.
Pedant, *n.* (પે'ડન્ટ્) One who makes a vain show of his learning. ડોળઘાલુ પંડિત.
Pedantry, *n.* (પે'ડન્ટરી) પંડિતાઈ. [વેચવો.
Peddle, *v* (પે'ડલ્) To hawk. ફેરી કરીને માલ
Peddler, Pedlar, *n* (પે'ડલર્) Hawker. ફેરીયો.
Pedestal *n.* (પે'ડિસ્ટલ્) Foot of a column. બેસણી.
Pedestrian, *n.* (પિ'ડેસ્ટ્રિઅન્) Walker. One who goes on foot. પગે ચાલનાર.
Pedigree, *n.* (પે'ડિગ્રી) Lineage. પેઢી; વંશ.
Peel. (પીલ્) Strip. છાલ ઉતારવી.
Peep, *v.n* (પીપ્) Sly(ly) look. ડોકીયું કરવું; ડોકીયું.
Peer, *n.* (પીર્) Equal. બરોબરીયો. (2) Nobleman. ઉમરાવ.
Peeress, *n* (પી'રિસ્) ઉમરાવ સ્ત્રી. [અનુપમ.
Peerless, *a* (પી'રલિસ્) Without an equal.
Peevish, *a.* (પી'વિશ્) Ill-tempered. ચીડીયું.
Peg, *n.* (પેગ્) ખીંતી. —*v.* ખીંતી મારવી.
Pelf, *n.* (પેલ્ફ્) Money. પૈસો.
Pellet, *n.* (પે'લિટ) Pill. A little ball. ગોળી; દડી.
Pellmell, *adv.* (પૅલમે'લ) Confusedly. સેળભેળ.

Pellucid, *a.* (પિલૂસિ'ડ્) Clear. નિર્મળ
Pelt, *v.* (પે'લ્ટ્) Strike. મારવું.
Pen, *n.* (પેન્) Instrument for writing; enclosure. કલમ; વાડો. —*v.* To write; enclose. [લખવું; પૂરવું.
Pen-man, *n.* (પે'ન્મન્) લેખક.
Penal, *a.* (પી'નલ્) Inflicting punishment. શિક્ષા સંબંધી, રૂપ.
Penalty, *n.* (પે'નલ્ટી) Punishment દંડ; શિક્ષા.
Penance, *n.* (પે'નન્સ્) Austerity. તપ; પ્રાયશ્ચિત્ત.
Pencil, *n.* (પે'ન્સિલ્) સીસાપેન; કિરણસમૂહ
Penda(e)nt, *a n.* (પે'ન્ડન્ટ્) Hanging (ornamant). લટકતું; લોલક.
Pendent, *a.* (પે'ન્ડન્ટ્) લટકતું. [લટકતું.
Pending, *prep.* (પૉ'ન્ડિંગ્) During દરમ્યાન.—*a.*
Pendulum, *n.* (પે'ન્ડયુલમ્) A weight suspended and vibrating. ઘડીયાળનું લોલક.
Penetrate, *v.* (પે'નિટ્રેઇટ્) Enter; pierce. પેસવું
Penetrable, *a.* (પે'નિટ્રબલ્) ભેદ્ય
Penetration, *n.* (પેનિટ્રે'ઇશન્) તીક્ષ્ણ બુદ્ધિ; પ્રવેશ.
Penetrating, *a.* (પે'નિટ્રેટિંગ્) વેધક.
Peninsula, *n.* (પનિ'ન્સ્યુલા) Portion of land nearly surrounded by water. દ્વીપકલ્પ.
Penitence, *n* (પે'નિટન્સ્) Sorrow for sin. પશ્ચાત્તાપ.

Penitent, *a.* (પે'નિટન્ટ્) Sorry for sin. પશ્ચાત્તાપ કરતું.
Penknife, *n.* (પે'નનાઇફ્) ચપ્પુ.
Pennant, *n.* (પે'નન્ટ્) ત્રિકોણ વાવટો. (વહાણ પરનો)
Pennon, *n.* (પે'નન્) Small flag. વાવટો.
Penniless, *a.* (પે'નિલિસ) Very poor નિર્ધન; ગરીબ.
Penny, *n.* (પે'ની) Twelfth pert of a shilling. શિલિંગનો બારમો ભાગ
Pennywise, *n.* (પે'નીવાઇઝ્) Saving in small matters. મૂર્ખ; પૈસો બચાવી રૂપિયો ખર્ચે કરે તેવું.
Pension, *n.* (પે'ન્શન્) Allowance for past service. બેઠો પગાર.
Pensive, *a.* (પે'ન્સિવ્) Thoughtful. ગમગીન; [વિચારગ્રસ્ત.
Pent, *a.* (પેન્ટ) Closed; shut in પુરાયેલું.
Pentagon, *n* (પે'ન્ટગૅાન્) પંચકોણ
Penthouse, *n.* (પે'ન્ટહાઉસ્) રવેશી; વાછંટીયું.
Penultimate, *a.* (પિન'લ્ટિમટ્) Last but one. ઉપાન્ત્ય. —*n* તે અક્ષર.
Penury, *n.* (પે'ન્યુરી) Povert; need. ગરીબી.
Peon, *n.* (પી'અન્) Sepoy. સિપાઇ; પટાવાળો.
People, *n.* (પી'પલ્) Masses; person nation. લોકો; પ્રજા. —*v.* To populate. વસાવવું.
Pepper, *n.* (પે'પર્) મરી
Peppermint, *n.* (પે'પરમિન્ટ) Aromatic herb. [પીપરમેટ.

Peradventure, *ad.* (પરઅડવે'ન્ચર્) Perhaps. કદાચ.

Perambulator, *n.* (પરૅ'મ્બ્યુલેઇટર્) Child's carriage. ઠેલણ ગાડી. [જાણવું.

Perceive, *v.* (પર્સીં'વ્) Understand; see. જોવું;

Perception, *n.* (પર્સે'પ્શન્) Knowledge. જ્ઞાન.

Perceptible, *a.* (પર્સે'પ્ટિબલ્) Able to be seen. સમજાય, દેખાય એવું.

Percentage, *n.* (પર્સે'ન્ટિજ્) Rate on a hundred. સેંકડે સરાસરી, દલાલી. [વાસ.

Perch, *v.* (પ'ર્ચ્) Roost. (પક્ષીનું) બેસવું. —*n.*

Perchance, *adv.* (પર્ચા'ન્સ્) ભોગજોગે; કદાચ.

Percolate, *v.* (પ'ર્કલેઇટ્) Filter. ગળવું.

Percussion, *n.* (પર્ક'શન્) Collision. અથડામણ.

Perdition, *n.* (પડિ'શન્) Utter ruin. સત્યાનાશ.

Peremptory, *a.* (પે'રિમ્ટરી) Positive. નિશ્ચયાત્મક; સ્પષ્ટ; તાકીદનું.

Perennial, *a.* (પરે'ન્યલ્) Perpetual. હમેશનું.

Perfect, *a.* (પ'ર્ફિક્ટ્) Complete; skilled. સંપૂર્ણ. —*v.* (-ફે'-) ઉત્તમ બનાવવું.

Perfection, *n.* (પર્ફે'કશન્) State of being perfect. પૂર્ણતા; સંપૂર્ણતા. [trust. બેવફાઈ.

Perfidy, *n.* (પ'ર્ફિડી) Treachery; breach of

Perfidious, *a.* (પર્ફિ'ડિઅસ) Faithless. વિશ્વાસઘાતી; દગાખોર. [પાડવાં.

Perforate, *v.* (પ'ર્ફરેઇટ્) Make holes. કાણું

Perforce, *adv.* (પર્ ફો'ર્સ્) Forcibly. પરાણે.

Perform, *v.* (પર્ ફો'ર્મ) Do. બનાવવું; કરવું.

Performance, *n.* (પર્ ફો'ર્મન્સ્) Execution; deed. ક્રિયા; ખેલ. [(–ફ્યૂ'–)To scent. સુગંધીદાર કરવું.

Perfume, *n.* (પ'ર્ ફ્યુમ્) Fragrance. સુગંધ. *v.*

Perfumer, *n.* (પ'ર્ફ્યુમર) Dealer in perfumes. અત્તર, સુગંધી તેલ વેચનાર. [વેઠ; બેદરકાર.

Perfunctory, *a.* (પર્ ફ'ન્કટરી) Careless. વેઠીયા

Perhaps, *adv.* (પર્ હૅ'પ્સ્) By chance. કદાચ.

Peril, *n.* (પે'રિલ્) Risk; danger. જોખમ.

Perimeter, *n.* (પ'રિમીટર) External boundary. ઘેર; પરિમાણ.

Period, *n.* (પી'રિઅડ્) Division of time; full stop. સમય; પૂર્ણ વિરામ. [સામયિક.

Periodic, *a.* (પિરિઑ'ડિક્) Cyclical. આંતરીયું;

Periodical, *a.* (પિરિઑ'ડિકલ્) A publication appearing at regular intervals ચોપાનીયું; સામયિક.

Peripatetic, *a.* (પેરિપટે'ટિક્) Stinerant. ભમતું.

Periphrasis, *n.* (પરિફ્રસિસ્)લાંબું ગોળગોળ વાક્ય, વચન; ચક્રવાણી.

Perish, *v.* (પે'રિશ્) Decay; die. નાશ પામવો.

Perishable, *a.* (પે'રિશબલ્) Liable to decay. નાશવંત. [ખાવા.

Perjure, *v.* (પ'ર્જર્) Swear falsely. ખોટા સોગંદ

Perjury, *v.* (પ'ર્જરી) Crime of giving false evidence. જુઠી સાક્ષી, સોગંદ. [કાયમી.

Permanent, *a.* (પ'ર્મનન્ટ્) Lasting; durable.

Permeate, *v* (પ'ર્મિએઇટ્) Pervade. પસરવું; વ્યાપવું.

Permit, *v.* (પર્મિ'ટ્) Allow. રજા આપવી. — *n.* (પ'–) Written warrant રજા; પરવાનો [હોવા જેવું.

Permissible, *a.* (પર્મિ'સિબલ્) Allowable. કરવા

Permission, *n.* (પર્મિ'શન્) Leave રજા; છુટ.

Purmutation, *n.* (પર્મ્યુટે'ઇશન્) અંકપાશ.

Pernicious *a.* (પ'ર્નિશસ્) Injurious હાનિકારક.

Perpendicular, *n* (પર્પે'ન્ડિક્યુલર્) Line falling on another at right angles લંબરેખા. — *a.* Upright; vertical. પાધરૂંદોર.

Perpetual, *a* (પર્પે'ચ્યુઅલ્) Constant. નિરંતર; અખંડ. [nent. કાયમી કરવું.

Perpetuate, *v* (પર્પે'ચ્યુએઇટ) Make perma-

Perplex, *v* (પર્પ્લે'ક્સ્) Puzzle. મુંઝવવું.

Perplexity, *n.* (પર્પ્લે'ક્સિટિ) Dilemma મુંઝવણ.

Perquisite, *n* (પ'ર્ક્વિઝિટ્) પરચુરણ ઈનામ

Persecute, *v* (પ'ર્સિક્યુટ) Harass. ત્રાસ દેવો.
Perseverance, *n.* (પાસવી'રન્સ્) Steadiness. persistence. ખંત; પ્રયત્ન.
Peasevere, *v.* (પર્સિવી'રૂ) Persist. મંડયા રહેવું.
Persist, *v.* (પરૂસિ'સ્ટ્) Continue. જારી રહેવું.
Persistent, *a.* (પ'ર્સિસ્ટન્ટ્) Persevering. આગ્રહી; ચાલુ.
Person, *n.* (પ'ર્સન્) Human being. માણસ; પુરુષ.
Personable, *a.* (પ'ર્સનબલ્) દેખાવડું. [માણસ.
Personage, *n* (પ'ર્સનિજ્) A man of rank. મોટું
Personal, *a* (પ'ર્સનલ્) Relating to one's self. individual. અંગત; પોતાનું; પુરુષવાચક.
Personality, *n* (પર્સને'લિટિ) Appearance; character. વ્યક્તિત્વ. [ભજવવો.
Personate, *v* (પ'ર્સનેઇટ્) Play the part of પાઠ
Personify, *v.* (પરૂસૉ'નિફાઇ) Treat as a person. સજીવ ગણવું.
Personnel, *n* (પર્સને'લ્) The staff. માણસો.
Perspective, *n.* (પરૂસ્પે'ક્ટિવ્) Art of drawing on paper. ઘનદર્શન; પ્રમાણ. —*a.* Pertaining to a vision. અવલોકન સંબંધી [સચોટ.
Perspicuous, *a.* (પરૂસ્પિ'ક્યુઅસ્) Clear. સ્પષ્ટ;
Perspire, *v.* (પરસ્પા'અર) To sweat. પસીનો થવો.

Perspiration, *n.* (પર્સ્પિરે'શન્) Sweat. પરસેવો.

Persuade, *v.* (પર્સ્વે'ઇડ) Advise. સમજાવવું.

Persuasion, *n.* (પર્સ્વે'ઇશ્ઝન્) Conviction; advice. ખાતરી; પટાવત.

Persuasive, *a.* (પર્સ્વે'ઇસિવ્) Tending to convince. મનને અસર કરે એવું; મોહક; પટાવતું.

Pert, *a.* (પ'ર્ટ્) Forward; smart. દોઢડાહ્યું; ચંચળ.

Pertain, *v.* (પર્ટે'ઇન્) Relate. નું હોવું. [આશ્રુ.

Pertinacious, *a.* (પર્ટિને'ઇશસ્)Resolute. દૃઢાગ્રહી;

Pertinent, *a.* (પ'ર્ટિનન્ટ્) Appropriate. સંબદ્ધ.

Perturb, *v.* (પર્ટ'ર્બ્) To disturb. અશાંતિ કરવી.

Perusal, *n.* (પરૂ'ઝલ્) Act of reading. વાંચન.

Peruse, *v.* (પ'રૂઝ્) Read with attention. વાંચવું.

Pervade, *a.* (પર્વે'ઇડ્) Spread through. વ્યાપવું.

Perverse, *a.* (પર્વ'ર્સ્) Obstinate; petulant. જીદ્દી; દુષ્ટ.

Pervert, *v.* (પર્વ'ર્ટ્) To turn from right course. ખોટું લેવું; ફરી જવું; અવળો અર્થ કરવો.

Pervious, *a.* (પ'ર્વિઅસ્) Penetrable. ભેદ્ય; ઉઘાડું.

Pessimist, *a.* (પે'સિમિસ્ટ્) A despairing person. નિરાશાવાદી.

Pessimism, *n.* (પે'સિમિઝ્મ્) નિરાશાવાદ.

Pest, *n.* (પેસ્ટ) Plague. મરકી; પ્લેગ; ભય.

Pester, *v.* (પે'સ્ટર્) Annoy; harass. હેરાન કરવું.
Pestilence, *n.* (પે'સ્ટિલન્સ્) Plague. પ્લેગ.
Pestle, *n.* (પે'સલ્) Instrum nt for pounding substance in a mortar. દસ્તો, સાંબેલું. [વહાલું; લાડકું.
Pet, *n.* (પેટ્) Favour te. વહાલું; રીસ.—*a.* Dear.
Petal, *n.* (પે'ટલ્) Flower leaf. ફુલની પાંખડી.
Petition, *n.* (પીટિ'શન્) Request; prayer. અરજ.
Petrify, *v.* (પે'ટ્રિફાય્) To turn to stone; astonish. સ્તબ્ધ બનાવવું.
Petrol, *n.* (પે'ટ્રલ્) મોટરનું તેલ. [ખનીજ તેલ.
Petroleum, *n.* (પિટ્રો'લિઅમ્) Mineral oil.
Petticoat, *n.* (પે'ટિકોટ્) ઘાઘરો; ચણીયો.
Pettifog, *v.* (પે'ટિફૉગ્) લુચ્ચાઈ-નીચતા કરવી.
Petty, *a.* (પે'ટિ) Trivial; small. નજીવું; નાનું.
Petulant, *a.* (પે'ટ્યુલન્ટ્) Fretfu'; peevish ચીડીયું.
Peewit, *n.* (પી'વિટ્) The lapwing. ટીટોડી.
Phaeton, *n.* (ફે'ઇટન્) Open four-wheeled carriage. ફેટન ગાડી. [array. સંગઠન; બનવ્યૂહ.
Phalanx, *n.* (ફૅ'લૅન્ક્સ્) Body of troops in close
Phantom, *n.* (ફૅ'ન્ટમ્) Apparition. ભૂત; આભાસ.
Pharmacy, *n.* (ફા'ર્મસી) Art of compounding medicines. દવાની દુકાન, કારખાનું. [સ્થિતિ.
Phase, *n.* (ફેઇઝ઼્) Aspect; appearance. દેખાવ;

Phenomenon, *a.* (ફિનૉ'મિનન) Appearance, બનાવ; વસ્તુ. [અસાધારણ.
Phenomenal *a.* (ફિનૉ'મિનલ્) Extraordinary.
Phial, *n.* (ફા'યલ્) Small bottle. શીશી.
Philander, *v.* (ફિલૅ'ન્ડર્) Flirt. નખરાં કરવાં.
Philanthropy, *n.* (ફિલૅ'ન્થ્રપી) Love of mankind. જીવદયા [રવી તે.
Philately, *n.* (ફિલૅ'ટલી) જૂની ટપાલ ટિકિટ સંઘ-
Philology, *n.* (ફિલૉ'લજી) Critical study of languages. ભાષાશાસ્ત્ર
Philomel, *n.* (ફિ'લમેલ્) Nightingale બુલબુલ
Philosopher, *n.* (ફિલૉ'સફર્) Sage; man of true knowledge તત્ત્વવેત્તા; જ્ઞાની.
Philosophic, *a* (ફિલૉસૉ'ફિક્) જ્ઞાનવાળું.
Philosophy, *a.* (ફિલૉ'સફી) Science of causes and principles. તત્ત્વજ્ઞાન; સિદ્ધાંત. [ઠંડી વૃત્તિ.
Phlegm *n.* (ફ્લેમ્) Cold animal fluid. કફ;
Phone, *n.* (ફોઉન્) ટેલીફોન. —*v.* તે કરવો.
Phonetic, *a.* (ફને'ટિક્) Science of vocal sounds. સ્વર, શુદ્ધોચ્ચાર, અવાજ સંબંધી. —*pl. n.* તે વિદ્યા.
Phonograph, *n.* (ફો'નગ્રાફ્) Instrument that reproduces recorded sounds. ગ્રામોફોન.
Photo, *n* (ફો'ટો) છબી.

Photograph, *n*, *v*. (ફો'ટગ્રાફ઼્) ફોટો; તે પાડવો.
Phrase, *n*. (ફ્રે'ઝ્) Portion of a sentence. વાક્યભાગ.
Phraseology, *n*. (ફ્રેઝિઑ'લજી) Style of expression. શબ્દ-રચના.
Phrenology, *n*. (ફ્રિનૉ'લજી) મસ્તક વિદ્યા.
Phthisis, *n* (થા'યુસિસ્) Consumption, ફેફ્સાંનો ક્ષય.
Physic, *n*. (ફી'ઝિક) Art of healing. વૈદક.
Physical, *a*. (ફિ'ઝિકલ્) Bodily. ભૌતિક; શારીરિક.
Physician, *n* (ફિઝિ'શન્) Doctor. ડાક્ટર; વૈદ્ય.
Physics, *n* (ફિ'ઝિક્સ્) Science of natural objects પદાર્થવિજ્ઞાન.
Physiognomy, *n*. (ફિઝિઑ'નમી) Expression of countenance. ચહેરો; સિકલ
Physiology, *n*. (ફિઝિઑ'લજી) Science of animal & vegetable life. જીવનક્રમવિદ્યા.
Physique, *n*. (ફિઝી'ક્) Bodily constitution. શરીરનો બાંધો.
Piano, *n*, (પિઍ'નો) A musical instrument. પીઆનો.
Pica, *n*. (પા'યકા) A kind of types છાપવાના ટાઇપ.
Pick, *v*. (પિ'ક્) Pluck; gather; select. ચુંટવું; લઇ લેવું.—*n* Pointed iron tool. કોદાળી, Choice. પસંદગી; ઉત્તમ વાની.
Pick-axe, *n*. (પિ'કઍક્સ) Axe that has sharp point. કોદાળી.

Pickings, *n.* (પિ'કિંગ્સ્) પરચુરણ કમાણી.
Picket, *n.* (પિ'કિટ્) Sharp pointed stake; an outpost. વાડ; ચોકી. —*v.* પહેરો કરવો.
Pickle, *n.* (પિ'કલ્) Fruit preserved. આથણું. Difficulty. સંકડામણ.
Picnic, *n.* (પિ'ક્નિક્) Pleasure party. ઉજાણી; [વનભોજન.
Picture, *n.* (પિ'ક્ચર્) Drawing; likeness. ચિત્ર.
Pictorial, *v* (પિક્ટો'રિઅલ્) Relating to pictures. ચિત્રવાળું; ચિત્રનું [ચિત્રવા યોગ્ય; સુંદર.
Picturesque, *a.* (પિક્ચરે'સ્ક્) Striking; graphic.
Piebald, *a.* (પા'યબૉાલ્ડ્) Of various colours ચિત્રવિચિત્ર. —*n.* તેવું પ્રાણી.
Piece, *n.* (પીસ્) Part; fragment; patch; literary composition. ટુકડો; સાંધો; ખંડ; નિબંધ. [છુટક.
Piecemeal, *adv.* (પી'સમીલ) By pieces. ટુકડે;
Pier, *n.* (પીઅર્) Support સ્તંભ; ગંજ. [ઘોચવું.
Pierce, *v.* (પીઅર્સ) Go through; penetrate. વીંધવું;
Piety, *n.* (પા'ઇટિ) Godliness. ધાર્મિક ભાવના.
Pig, *n.* (પિગ્) Hog. ડુક્કર-ભુંડ.
Pig-iron, *n.* (પિ'ગઆયર્ન) ઢાળેલું લોઢું; ભાગતર લોઢું.
Pig-headed, *a.* (પિ'ગહેડિડ્) Stupid. મૂર્ખ.
Pigeon, *n.* (પિ'જન્) Dove. કબુતર.
Pigeon-hole, *n.* (પિ'જન્હોલ) ખાનું.

Pigment, *n.* (પિ'ગ્મન્ટ્) Paint. રંગ.
Pigmy, *n.* (પિ'ગ્મી) Dwarf. વેંતીયુ; વામનજી.
Pike, *n.* (પાઇક્) Lance; spear. ભાલો; બરછી.
Pile, *n.* (પાઇલ્) Heap. ઢગલો. A kind of disease. હરસ; મસા. —*v.* To accumulate. ઢગલો કરવો.
Pilfer, *v.* (પિ'લ્ફર્) Steal. ચોરવું.
Pilgrim, n. (પિ'લ્ગ્રિમ્) Traveller. જાત્રાળુ.
Pilgrimage, *n.* (પિ'લ્ગ્રિમિજ્) Journey to a sacred place. યાત્રા.
Pill, *n.* (પિલ્) ગોળી.
Pillage, *n.* (પિ'લિજ્) Plunder. —*v.* To plunder લૂટ; લૂટવું.
Pillar, *n.* (પિ'લર્) Column. થાંભલો.
Pillow, *n.* (પિ'લો) Cushion. ઓશીકું.
Pilot, *n* (પા'યલટ્) Steersman. દોરનાર. Guide. ભોમિયો. —*v.* દોરવું. [ખીલ.
Pimple, *n.* (પિ'મ્પલ્) Small red pustule. ફોડકી;
Pin, *n. v.* (પિન્) ટાંકણી; જડ; જડી દેવું.
Pinafore, *n.* (પિ'નફોર્) ઝભલું. [સાણસી.
Pincers, *n.* (પિ'ન્સર્ઝ્) Gripping tool. પકડ;
Pinch, *v.* (પિન્ચ્) Squeeze ચીમટી દેવી. —*n.* Grip. સંકડામણ. [rest tree. એક જાતનું ઝાડ.
Pine, *v.* (પાઇન્) Waste away. ઝુરવું. —*n.* For-

Pine-apple, *n.* (પા'ઇનઍપલ્) Well known fruit. અનનાસ.

Pinion, *n.* (પિ'ન્યન્) Wing. પાંખ.

Pink, *n.* (પિ'ન્ક્) Light red colour. ગુલાબી રંગ; અવધિ. —*a.* ગુલાબી.

Pin-money, *n.* Wife's pocket-money.

Pinnace, *n.* (પિ'નસ્) Small vessel. નાનું વહાણ.

Pinnacle, *n* (પિ'નૅકલ્) Peak. શિખર; કળશ.

Pint, *n.* (પાઇન્ટ્) Half quart. ગૅલનનો આઠમો ભાગ.

Pioneer, *n.* (પા'યનીર્) Leader. અગ્રેસર. —*v.* પહેલ કરવી

Pious, *a.* (પા'યસ્) Godly; devout. ધાર્મિક.

Pip, *n* (પિપ્) બી: ફુદડી. [તે વગાડવી; ચલમ.

Pipe, *n.* *v.* (પાઇપ્) Whistle; tube. વાંસળી;

Piquant. *a.* (પિ'કન્ટ) Sharp; pungent. તમતમું.

Piquancy *n.* (પિ'કન્સી) Pungency. તીખાશ;લહેજત.

Pique, *n.* (પિક્) Anger. રીસ. —*v.* ગુસ્સે કરવું.

Piracy, *n.* (પા'યરસિ) Robbery on high seas. ચાંચીઆનો ધંધો; ચોરી.

Pirate, *n.* (પા'યરટ્) Sea robber. ચાંચીઓ.

Pistachio, *n.* (પિસ્ટૅ'શિઓ) A nut. પિસ્તું.

Pistil, *n* (પિ'સ્ટિલ્) પુષ્પકેસર.

Pistol, *n.* (પિ'સ્ટલ્) Hand-gun. પિસ્તોલ; બંદૂક.

Piston, *n.* (પિ'સ્ટન) પંપનો દાંડો.

Pit, *n.* (પિટ્) Cavity. ખાડો.—*v.* અફાળવું; ગોબા કરવા; ખાડામાં ભરવું.

Pitch, *n.* (પિચ) Tar. ડામર. A degree of elevation. પ્રમાણ; દરજ્જો. Cricket-ground. —*v* To throw. ફેંકવું. To fix. ઠોકવું. To encamp મુકામ કરવો. Adjust. ચડઉતર કરવું

Pitcher, *n.* (પિ'ચર્) Jug. ઘડો; કુજો.

Piteous, *a.* (પિ'ટીઅસ્) Sorrowful. દયાજનક ;કરુણ.

Pith, *n.* (પિથ્) Force; essence. બલ; સાર; ગર.

Pithy, *a* (પિ'થી) Terse. રસદાર; માર્મિક.

Pitiful, (પિ'ટિફુલ) Feeling pity. દયાળુ; કરુણ.

Pitiable, *a* (પિ'ટિઅબલ્) Deserving pity. દયાપાત્ર.

Pittance, *n.* (પિ'ટન્સ્) Allowance. ભથ્થું.

Pity, *n* (પિ'ટી) Compassion. દયા —*v.* Compassionate. દયા લાવવી.

Pitiless, *a.* (પિ'ટિલિસ્) Hard-hearted. નિર્દય.

Pivot, *n.* (પિ'વટ્) Axis. વચલો ખીલો. Turning point. મુખ્ય આધાર [તેવું.

Placable, *a.* (પ્લૅ'કબલ્) Appeasable. મનાવાય

Placability, *n.* (પ્લૅકબિ'લિટિ) વળકણો સ્વભાવ.

Placard, *n.* (પ્લે'કાર્ડ્) Poster. જાહેરનામું. —*v.* (-કા'-) જાહેરખબર ચોડવી.

Placate, *v.* (પ્લકે'ઇટ્) Pacify. શાંત પાડવું; ખુશામત કરવી. [જગ્યા.

Place, *v.* (પ્લે'ઇસ્) Put. મૂકવું. —*n.* Seat; room.

Placid, *a.* (પ્લૅ'સિડ્) Calm; contended. શાંત; પ્રસન્ન.

Plagiarize, *v.* (પ્લે'જિઅરાઇઝ્) Copy. લખાણ ચોરવું.

Plagiarism, *n.* (પ્લે'જિઅરિઝમ્) Literary theft. તફડંચી. [કરવું.

Plague, *n.* (પ્લેઇગ્) Pestilence. મરકી. —*v.* હેરાન

Plaid, *n.* (પ્લૅ'ડ્) Shawl. શાલ.

Plain, *a.* (પ્લે'ઇન્) Smooth; evident. સપાટ; સ્પષ્ટ. —*n.* Level ground. મેદાન.

Plaint, *n.* (પ્લે'ઇન્ટ્) Complaint. ફરિયાદ. [ફરિયાદી.

Plaintiff, *n.* (પ્લે'ઇન્ટીફ્) Complainant. વાદી;

Plait, *n.* (પ્લૅટ્) Fold. કરચલી; પાટલી; લટ. —*v.* To fold. To braid. લટ પાડવી; પાટલી વાળવી.

Plan, *n.* (પ્લૅન્) Scheme; form. યોજના; નકશો. *v.* To Devise; scheme. નકશો કાઢવો; યુક્તિ કરવી.

Plane, *n.* (પ્લેઇન) Carpenter's tool for smoothing. રંદો. —*a.* Flat; level સપાટ. —*v.* To make smooth. રંદો ફેરવવો.

Planet, *n.* (પ્લૅ'નિટ્) A celestial body. ગ્રહ.

Plank, *n.* (પ્લૅન્ક્) Thick board. પાટીયું.

Plant, *n.* (પ્લા'ન્ટ્) A herb. છોડવો. —*v.* To

settle; to set in the ground. વસવું; રોપવું. [કેળ.

Plantain, *n.* (પ્લૅ'ન્ટિન્) Tree and its fruit. કેળું;

Plantation, *n.* (પ્લૅન્ટે'ઇશન્) Cultivated estate. વાવેતર. —*n.* A colony. સંસ્થાન. [છબકાર કરવો; ગુંથવું.

Plash, *n. v.* (પ્લૅ'શ્) Sound into water; weave.

Plaster, *n.* (પ્લા'સ્ટર્) A mixture of lime sand and hair; heling application. પિલાસ્તર; લેપ.

Plastic, *n.* (પ્લૅ'સ્ટિક્) Soft and pliable. નરમ.

Plat, *v.* (પ્લૅટ) ગુંથવું.

Plate, *n.* (પ્લે'ઇટ્) Dish; Sheet; gold or silver utensils. રકાબી; તકતી; સોનારૂપાનાં વાસણો. To cover with metal. ઢોળ ચઢાવવો. [મેદાન.

Plateau, *n.* (પ્લટો') Table-land. ઉંચું, સપાટ

Platform, *n.* (પ્લૅ'ટ્ફોર્મ્) Stage; dais. ઓટલો; સભામાં ઉંચી બેઠક; પાટીયું. [ટીકા.

Platitude, *n.* (પ્લૅ'ટિટ્યુડ્) Trite remark. નજીવી

Platoon, *n.* (પ્લટૂ'ન્) Troop. લશ્કરની ટુકડી.

Plaudit, *n.* (પ્લૉ'ડિટ્) Loud praise. શાબાશી; વખાણ.

Plausible, *a.* (પ્લૉ'ઝિબલ) Specious. ડોળઘાલુ; મનાય તેવું.

Play, *n.* (પ્લે) Gest; drama; sportive exercise; performance. રમત; ખેલ; નાટક; ક્રિયા. —*v.* To put in motion; to perform a drama. વગાડવું; ભજવવું.

Player, *n*. (પ્લે'અર્) Actor; one who plays. નાટક ભજવનાર; રમનાર.

Playful, *a*. (પ્લે'ફુલ) Sportive. રમતિઆળ.

Playground. *n*. (પ્લે'ગ્રાઉન્ડ્) રમત રમવાની જગા.

Play-house, *n*. (પ્લે'હાઉસ) A theatre. નાટક-શાળા. [ગોઠીઓ.

Playmate, *n*.(પ્લે'મેઇટ્) Play-fellow. સોબતી; દાવો.

Plea. *n*. (પ્લી) Excuse; law-suit. બહાનું; દલીલ;

Plead, *v*. (પ્લીડ્) To defend. વકીલાત કરવી; To argue પક્ષ ખેંચીને બોલવું. Try to persuade. સમજાવવું.

Pleader, *n*. (પ્લી'ડર્) Advocate. વકીલ.

Pleasant, *a*. (પ્લે'ઝન્ટ્) Cheerful. આનંદી; મનોરંજક.

Please, *vt*. (પ્લીઝ) To gratify: content. ખુશ કરવું.

Pleasure, *n*. (પ્લે'ઝરઝર) Delight; favour. ખુશી; આનંદ; મહેરબાની.

Plebeian, *n*. (પ્લી'બિઅન) One of common people. આમજન. —*a*. Of the common people. મધ્યમવર્ગનું; આમલોકોનું.

Plebiscite, *n*. (પ્લે'બિસાઇટ) સમસ્ત પ્રજાનો મત.

Pledge, *n*. (પ્લેજ્) Promise; security. જામીન; વચન —*v*. To give as security. ઘરેણે મૂકવું; આપવું.

Plenary, *a*. (પ્લી'નરી) Full. સંપૂર્ણ.

Plenipotentiary, *n* (પ્લેનીપટે'ન્શરી) Special

envoy. ખાસ એલચી; પ્રતિનિધી.

Plenish, *v.* (પ્લે'નિશ) To furnish. પૂરૂં પાડવું.

Plenitude, *n.* (પ્લે'નિટ્યુડ્) Completeness. પૂર્ણતા.

Plentiful, *a.* (પ્લે'ન્ટિફુલ) Copious. બહુ.

Plenteous, *a.* (પ્લે'ન્ટિઅસ્) Ample. પુષ્કળ.

Plenty, *n.* (પ્લે'ન્ટી) Abundance. પુષ્કળતા.

Plethora, *n.* (પ્લે'થરા) Over-supply. ભરાવો; લોહીનાં લાલ કણની અતિશયતા.

Pleurisy, *n.* (પ્લ્યુ'રિસી) ફેફસાંના પરનો સોજો.

Pliable, *a.* (પ્લા'યબલ્) Flexible. નરમ.

Pliant, *a.* (પ્લા'અન્ટ્) Docile. વળકણું.

Pliers, *n.* (પ્લા'યર્સ) Small pincers. નાનો ચીમટો.

Plight, *n.* (પ્લાઇટ્) State. દશા —*a.* To pledge. (વચન) આપવું.

Plinth, *n.* (પ્લિન્થ) Lowest part. બેસણી.

Plod, *v.* (પ્લૉડ્) To toil. મહેનત કરવી.

Plot, *v.* (પ્લૉટ્) Conspiracy; small piece of ground. કાવત્રું; જમીનનો ટુકડો —*v.* રચવું, કાવત્રું કરવું.

Plough, *a.* (પ્લાઉ) To till. ખેડવું. —*n* Instrument for turning up the soil. હળ.

Ploughman, *n.* (પ્લા'ઉમન્) Peasant. ખેડુત.

Ploughshare, *n.* (પ્લા'ઉશેર) The cutting part of a plough હળપુણી.

Plover, *n.* (પ્લ'વર્) ટીટોડી; હરિયાઇ પક્ષી.
Pluck. *v.* (પ્લક્) Pick; reject; to pull away. ચુંટવું; તોડવું; નાપાસ કરવું. —*n.* Courage. હિમ્મત.
Plucky, *a.* (પ્લ'કી) Spirited. હિંમતવાન.
Plug, *n.* (પ્લગ્) Stopper. ડાટો. —*v.* બુચ મારવો.
Plumage, *n.* (પ્લૂ'મિજ્) Feathers of a bird. પીંછાં.
Plumb, *n.* (પ્લમ્) A weight of lead attached to a cord. ઓળંબો. —*v.* To test. ઉંડાઇ માપવી
Plumber, *n.* (પ્લ'મર્) સીસાગર; ઉંડાઇ માપનાર.
Plume. *n.* (પ્લૂમ્) Feather. પીછું. —*v.* પીછું સમારવું, ખોસવું. To boast. પતરાજી કરવી.
Plump, *a.* (પ્લ'મ્પ્) Fat; full. ભરાઉ; જાડું.
Plunder. *n.* (પ્લ'ન્ડર્) Booty; pillage. લૂંટ. —*v.* To pillage; to rob લૂટવું. [ડુબકી.
Plunge, *v.* (પ્લ'ન્જ્) Dive ઝંપલાવવું. —*n* Dive.
Pluperfect, *a. n.* (પ્લૂ'પર્ફિક્ટ્) પૂર્ણ ભૂતકાળ.
Plural, *a. n.* (પ્લૂ'રલ્) Expressing more than one or two. બહુવચન
Plurality, *n.* (પ્લૂરૅ'લિટી) Majority. અનેકતા.
Plus, *a. prep. n.* (પ્લસ્) With; additional; more sign of addition. વત્તા.
Pluto, *n.* (પ્લૂ'ટો) God of death. પાતાળપતિ; યમરાજા.
Plutocracy, *n.* (પ્લુટૉ'ક્રસી) ધનસત્તા.

Pluvial, *a* (પ્લુ'વિઅલ્) Caused by rain. વરસાદથી [થએલું.
Ply. *v.* (પ્લાય્) Work. ચલાવવું.
Pneumatic. *a.* (ન્યૂમૅ'ટિક) Relating to air. હવાને લગતું. Filled with air. હવાથી ભરેલું.
Pneumonia, *n.* (ન્યુમો'નિઆ) Inflammation of the lungs. ફેફસાંનો સોજો, જ્વર. [શિકાર ચોરવો.
Poach, *v.* (પોઉચ્)Boil eggs; steal game. ઉકાળવું;
Pock, *n.* (પૉ'ક્) સૈયડ; શીળીનો દાણો.
Pocket, *n* (પૉ'કિટ્) Small bag. ગજવું. —*a.* નાનું. —*v.* ખીસામાં મૂકવું; સહન કરી લેવું.
Pod. *n.* (પૉડ્) ફળી; સીંગ. Long seed-vessel.
Poem, *n.* (પો'ઇમ) Metrical composition. કવિતા; કાવ્ય
Poet, *n.* (પો'ઇટ્) Writer of poems. કવિ.
Poetic, *a.* (પોએ'ટિક્) Relating to poems. કાવ્યનું.
Poetry, *n.* (પો'ઇટ્રી) Poet's work or art. પદ્ય; કાવ્યકલા. [તીવ્ર; તીક્ષ્ણ.
Poignant, *a.* (પૉ'ઇનન્ટ્) Acute; pungent.
Pont, *n.* (પૉ'ઇન્ટ્) Sharp end; dot; nicety. અણી; બિંદુ; મુદ્દો. —*v.* Show. આંગળીથી બતાવવું; તરફ હોવું.
Pointed, *a.* (પૉ'ઇન્ટિડ) Sharp. અણીદાર; સ્પષ્ટ.
Pointer, *n.* (પૉ'ઇન્ટર) કાંટો.
Pointsman, *n.* (પૉ'ઈન્ટ્સમન્) સાંધાવાળો.

Poise, *n.* (પૉઇઝ્) Weight; balance. વજન; સમતોલપણું.—*v.* To balance. સમતોલ રાખવું.

Poison, *n.* (પૉ'ઇઝન્) Venom. ઝેર. —*v.* To kill by poison. ઝેર દેવું. [—*v.* To thrust. ઘોંચવું.

Poke, *n.* (પોઉક્) Pocket. ગજવું. Sack. કોથળો.

Poker, *n.* (પો'ઉકર્) Bar of iron for stirring. દેવતા ખોરવાનો ગજીઓ.

Polar, *a.* (પો'લર્) Of the pole. ધ્રુવ સંબંધી.

Pole, *n.* (પોઉલ્) Long stick. વાંસ; ધ્રુવ.

Poleaxe, *n.* (પો'લ્ ઍક્સ્) Kind of axe. ફરસી.

Polemic, *a.* (પોલે'મિક્) Disputative. વિવાદરૂપ; તકરારી. [ધ્રુવનો તારો; ગુરુનિશાન.

Pole-star, *n.* (પો'લ્સ્ટાર્) North star; a guide.

Police, *n.* (પલી'સ્) Department keeping order in a town. પોલીસખાતું.

Police station, *n.* (પલી'સ સ્ટે'ઇશન) Headquarters of the police. ચોકી; ગેટ [force. સિપાઇ.

Policeman, *n.* (પલી'સમન્) Member of a police

Policy, *n.* (પૉ'લિસી) System of management; contract of insurance. રાજ્યનીતિ; પદ્ધતિ; વીમો.

Polish, *v.* (પૉ'લિશ્) Make smooth and glossy; refine. સફાઇદાર, ચળકતું કરવું. —*n.* Glossy paint; politeness. ઓપ; સભ્યતા.

Polite, *a.* (પલા'ઇટ્) Courteous; well-bred. વિવેકી.
Politeness, *n.* (પલા'ઇટ્નિસ્)Good breeding વિનય.
Politic, *a.* (પૅા'લિટિક્) Prudent; sagacious. ડાહ્યું.
Political, *a.* (પલિ'ટિકલ્) Pertaining to public affairs. રાજકીય. [રાજ્યનીતિશાસ્ત્ર.
Politics, *n.* (પૅા'લિટિક્સ્) Science of government.
Politician, *n.* (પૅાલિટિ'શન્) One versed in politics. મુત્સદ્દી; કારસ્થાની [રાજ્યબંધારણ, વ્યવસ્થા.
Polity, *n.* (પૅા'લિટી) Principles of government.
Poll, *n.* (પો'લ્) માથું; મતની ગણત્રી; પાસવર્ગ; પોપટ.
—*v.* To get or give vote. મત મેળવવો–આ ાવો.
Pollen, *n.* (પા'લિન્) પુષ્પરજ.
Pollute, *v.* (પલૂ'ટ્) Defile; corrupt. ભ્રષ્ટ કરવું.
Pollution, *n.* (પલૂ'શન્) Corruption. ભ્રષ્ટ કરવું તે.
Pollo, *n.*(પો'લો) ઘોડાપર બેસીને રમવાની ગેંડીદડાની રમત.
Poltroon, *n.* (પલટ્રૂ'ન્) Dastard; coward. બાયલો.
Poltroonery, *n.* (પલટ્રૂ'નરી) બાયલાપણું.
Polygamy, *n* (પૅા'લિગમી) અનેક પતિ કે પત્ની કરવાનો રિવાજ.
Polygon, *n.* (પૅા'લિગન્) Figure having more than four sides and angles. બહુકોણાકૃતિ. [માટિ લેપ.
Pomatum, *n.* (પમે'ઇટમ્)Pomade. (પમા'ડ્) વાળ
Pomegranate, *n.* (પૅા'મ્ગ્રૅનટ) દાડમ; અનાર.

Pommel, *v.* (પ'મલ્) Beat soundly. પીટવું.
—*n.* Knob. ગટ્ટો; મોગરો [ઠાઠ.
Pomp, *n.* (પૅામ્પ્) Grandeur; display. દબદબો;
Pond, *n.* (પૅાન્ડ્) A small lake. તળાવ
Ponder, *v.* (પૅા'ન્ડર્) Think (over). વિચારવું.
Poniard, *n.* (પૅા'ન્યડ્) Small dagger. કટાર; ખંજર.
Pony, *n.* (પો'ઉની) Small horse. ટટ્ટુ.
Pooh-pooh. *v.* (પૂ'પૂ) Ridicule. છિટ્કારવું.
Pool, *n.* (પુલ્) Puddle. ખાબોચિયું. –*v.* Organize. ભેળું કરવું.
Poop, *n.* (પુપ્) વહાણનો પાછલો ભાગ, ઉંચું તુતક; મૂર્ખ.
Poor, *a.* (પૂઅર્) Needy; weak. ગરીબ; નબળું.
Pop, *v.* (પૅાપ્) To appear or go off suddenly. દેખાવું; ફુટી નીકળવું. —*adv.* Suddenly. ફટ દઈને.
Pope, *n.* (પોઉપ્) Head of Roman Catholic church. રોમન કૅથલિકોનો વડો ધર્મગુરુ.
Poplar, *n.* (પૅા'પ્લર્) એક જાતનું ઝાડ.
Poppy, *n.* (પૅા'પી) Opium plant. ખસખસ.
Poplin, *n.* (પૅા'પ્લિન) પાપલિન.
Populace, *n.* (પૅા'પ્યુલિસ્) Common people. લોકો.
Popular, *a.* (પૅા'પ્યુલર્) Public; dear to the people. પ્રજાકીય; લોકપ્રિય. [people. લોકપ્રિયતા.
Popularity, *n.* (પૅાપ્યુલૅ'રિટી) Favour of the

Population, *n.* (પૉપ્યુલે'શન્) (Number of) people of a country. વસ્તી. [વસ્તીવાળું.

Populous, *a.* (પૉ'પ્યુલસ્) Full of people. ઘીચ

Porcelain, *n.* (પૉ'સ઼િલિન્)China ware. ચીનાઈ વાસણ.

Porch, *n.* (પૉર્ચ્) Portico; covered entrance. મુખમંડપ, દ્વાર.

Porcupine, *n.* (પૉ'ર્ક્યુપાઇન્) શાહુડી.

Pore, *n* (પોર્) A small hole. છિદ્ર —*v.* Look steadily and minutely. ધારી ધારીને જોવું. [કાંજી.

Porridge, *n.* (પૉ'રિજ્) A kind of broth. રાબડી;

Porpoise, *n.* (પૉ'ર્પસ્) દરિયાઈ ડુક્કર.

Porringer, *n.* (પૉ'રિન્જર્) Small dish. વાટકો.

Port, *n* (પૉર્ટ્) Harbour. બંદર; ઢબ; લાલ દારૂ. —*v.* Carry. લઈ જવું

orter, *n.* (પૉ'ર્ટર્) Carrier. મજૂર; હેલકારી.

ortable, *a.* (પૉ'ર્ટબલ્) Able to be carried. ફેરવી શકાય તેવું

ortal, *n.* (પૉ'ર્ટલ્) Gate. દરવાજો; બારી.

ortend, *v.* (પૉર્ટે'ન્ડ) Forbode. આગળથી સૂચવવું.

ortent, *n.* (પૉ'ર્ટેન્ટ્) Ill-omen. અપશુકન.

ortfolio. *n.* (પૉર્ટ્ફો'લિઓ) Case for carrying apers; the office of the head of a department f state. જોરતાન; ખાતું.

Portico, *n.* (પૅા'ટિકો) Porch. મુખમંડપ.

Portion, *n.* (પૅા'ર્શન્) Part; dowry ભાગ; દાયજો.
—*v.* To divi le in shares. ભાગ પાડવા.

Portly, *a.* (પૅા'ર્ટ્લી) Stout. કદાવર.

Portmanteau, *n.* (પૅાર્ટમૅ'ન્ટો) Traveller's large leather bag. ખલેચી; જોરતાન.

Portrait, *n.* (પૅા'ર્ટ્રિટ્) Painting. છબી; વર્ણન.

Portray, *v.* (પૅાર્ ટ્રે') To draw the likeness of. છબી કાઢવી; ચિતાર આપવો.

Portuguese, *a. n.* (પો'ર્ચુગીઝ્) ફિરંગી.

Pose, *v.* (પોઉઝ્) To arrange. ગોઠવવું; ડોળ કરવો; ગુંચવી દેવું. —*n.* Showy attitude. ડોળ; છટા. [પ્રશ્ન.

Poser, *n.* (પો'ઉઝર્) Difficult problem. આકરો

Position, *n.* (પઝિ'શન્) Place; social rank attitude; state of affairs. સ્થિતિ; દરજ્જો. [સ્પષ્ટ.

Positive, *a.* (પૅા'ઝિટિવ્) Real; certain. ખરેખરૂં;

Posse, *n.* (પૅા'સી) Police party. પોલિસ ટુકડી.

Possess, *v.* (પઝે'સ) Hold. પાસે હોવું; ભરાવું

Possession, *n.* (પઝે'શન્) Ownership કબજો. Things owned. માલમીલકત. [ssion. સંબંધવાચક.

Possessive, *a.* (પઝે'સિવ) Relating to posse-

Possible, *a.* (પૅા'સિબલ્) That may or can be. શકય.

Possibility, *n.* (પૅાસિબિ'લિટિ) શકયતા; સંભવ.

Post, *v.* (પો'ઉસ્ટ્) Place. મૂકવું —*n* Pillar; place; mail. થાંભલો; સ્થાન; ટપાલ. —*v.* Put in the post office; place. ટપાલમાં નાખવું; મૂકવું.

Postage, *n.* (પો'સ્ટિજ) Payment for letters. ટપાલખર્ચ; લવાજમ.

Postman, *n.* (પો'સ્ટમન્) Man who delivers letters. ટપાલી.

Postal, *a.* (પો'સ્ટલ્) Relating to post office. ટપાલને લગતું.

Postcard, *n* (પો'સ્ટકાર્ડ) કાર્ડ; પત્ર.

Postchaise, *n.* (પો'સ્ટશેઇઝ) ટપાગાડી.

Postdate, *v.* (પોસ્ટ-ડે'ઇટ) To put a date later than actual. હોય તે કરતાં મોડી તારીખ નાખવી.

Post-haste, *adv.* (પોસ્ટહે'ઇસ્ટ) With great speed. ઝડપથી.

Postmark, *n.* (પો'સ્ટમાર્ક) ટપાલની છાપ.

Post meridiem, *adv.* (પોસ્ટ મરિ'ડિએમ્) After noon. બપોર પછી. P. M.

Poster, *n.* (પો'સ્ટર્) Placard. જાહેરનામું.

Posterior, *a.* (પૅાસ્ટી'રિઅર્) Later; backward. પછીનું; પાછળનું.

Posterity, *n.* (પૅાસ્ટે'રિટિ) Descendants. ભવિષ્યની પ્રજા.

Postern, *n.* (પૅા'સ્ટર્ન) Small entrance at the back of a building. પાછલું નાનું બારણું.

Posthumous, *a.* (પૉ'સ્ટ્યુમસ્) Born or published after one's death બાપ મરી ગયા પછીનું જન્મેલું; લેખકના મરણ પછી પ્રકટ થએલું.

Postilion, *n.* (પસ્ટિ'લ્યન) ગાડીના સૌથી આગલા ઘોડા પરનો સવાર. [મરણ પછીની, તપાસ

Post-mortem, *a.n.* (પોસ્ટ્મૉ'ટૅમ) After death.

Postpone, *v.* (પસ્ટ્પો'ઉન્) Put off. મુલતવી રાખવું.

Postponement, *n* (પસ્ટ્પો'ન્મન્ટ્) Putting off. મુલતવી રાખવું તે. [જન્મ્યા પછીનું.

Post-prandial, (પોસ્ટ્પ્રૅ'ન્ડિઅલ્) After-dinner.

Postscript, (P S.) *n.* (પો'સ્ટ્સ્ક્રિપ્ટ્) Paragraph added to a writing after signature તાજે કલમ.

Postulate, *n.* (પા'સ્ટ્યુલેટ્) Anything taken for granted. સ્વીકારેલું; ધારી લીધેલું.–*v.* વિધાન કરવું.

Posture, *n.* (પૉ'સ્ચર્) Position; attitude. ઢબ.

Pot, *n.* (પૉટ્) Cup; earthenware vessel. વાસણ; [હાંડલું.

Potbelly, *n.* (પૉ'ટ્બેલી) ફાંદ; દુંદ.

Potash, *n.* (પૉ'ટૅશ્) Common alkali. પોટાસ.

Potato, *n.* (પટે'ઇટો) Common vegetable. બટાકું; બટેટું. [સમર્થ.

Potent, *a.* (પો'ટન્ટ્) Powerful; mighty. જલદ;

Potency, *n.* (પો'ટન્સી) Power; authority. બલ.

Potentate, *n.* (પો'ટન્ટેઇટ) Sovereign. રાજા; સત્તાધીશ.

Potential, *a.* (પટે'ન્શલ્) Latent; powerful. ગર્ભિત; અંતર્ગત.

Pother, *n.* (પૅ'ધર્) Bustle. ધાંધલ.

Potion, *n.* (પોઉશન્) Dose. પીવું તે; પીણું.

Potter, *n.* (પૅ'ટર્) કુંભાર.

Pottery, *n.* (પૅ'ટરિ) માટીનાં વાસણ: તે બનાવવાની [જગ્યા.

Pouch, *n.* (પાઉચ્) Small bag. કોથળી.

Poultice, *n.* (પો'લ્ટિસ્) પોટીસ

Poultry, *n* (પો'લ્ટ્રી) Domestic fowls. મરઘાં; કુકડાં.

Pounce, *v.* (પાઉન્સ્) To dart suddenly. ત્રાપ મારવી —*n.* તરાપ.

Pound, *v.* (પાઉન્ડ્) Crush; strike. ખાંડવું; મારવું. —*n.* ડંગો; એક રતલ; સૉવરિન, પાઉન્ડનો સિક્કો.

Pour, *v* (પોર્) Flow; discharge રેડવું; ધારા ચાલવી.

Pout, *v.* (પાઉટ્) Thrust out the lips. મો ફફડાવવું; પીસો તાણવો. —*n.* ઉદાસી સિકલ.

Poverty, *n.* (પૅ'વર્ટિ) Neediness. ગરીબી.

Powder, *n.* (પા'ઉડર્) Fine dust. ભૂકો; ચૂર્ણ. —*v.* To reduce to dust ચૂર્ણ કરવું.

Power, *n.* (પા'વર) Ability; rule. શક્તિ; સત્તા.

Powerful, *a.* (પા'વરફુલ્) Strong. જબરૂં.

Powerless, *a.* (પા'વરલિસ્) Weak. શક્તિહીન.
Pox, *n.* (પૉક્સ્) શીતળા; ફોલ્લો A kind of disease.
Practical, *a.* (પ્રૅ'ક્ટિકલ્) Pertaining to practice. વ્યવહારૂ; અનુભવસિદ્ધ
Practicable, *a.* (પ્રૅ'ક્ટિકબલ) Possible; able to be done. કરવું શક્ય; અજમાવવા યોગ્ય. [મહાવરો.
Practice, *n.* (પ્રૅ'ક્ટિસ્) Doing; usage. રીત;
Practise, *v.* (પ્રૅ'ક્ટિસ) To put in practice. ટેવ પાડવી; અનુભવ લેવો.
Practitioner, *n.* (પ્રૅક્ટિ'શનર્) ધંધો કરનાર.
Prairie, *n.* (પ્રે'અરિ) મેદાન.
Praise, *v* (પ્રેઇઝ્) વખાણવું — *n.* Expression of admiration; fame વખાણ: પ્રશંસા.
Praiseworthy. *a.* (પ્રે ઇઝ્વર્ધી) Commendable વખાણવા જોગ; પ્રશંસનીય. [કુદતી ચાલ.
Prance, *v n.* (પ્રાન્સ્) Jump; bound કુદવું; કૂદ્દ,
Prank, *n.* (પ્રૅન્ક્) Mischief; frolic ટીખળ.
Prate, *v.* (પ્રેઇટ્) To chatter, લવારો કરવો. —*n.* Foolish talk. લવારો.
Prattle, *v.* (પ્રૅટલ્) Babble, બકવું; બબડવું.
Pray, *v.* (પ્રે) Petition (God); request. *v* પ્રાર્થના કરવી.
Prayer, *n.* (પ્રે'અર્) Petition (to God). પ્રાર્થના.

Preach, *v.* (પ્રી'ચ) To explain religious truth. ઉપદેશ કરવો.

Preamble, *n.* (પ્રિઍ'મ્બલ્) Preface. ઉપોદ્ઘાત.

Precarious, *a.* (પ્રિકે'રિઅસ્) Uncertain. અચોક્કસ.

[hand. અગમચેતી.

Precaution, *n.* (પ્રીકૉ'શન્) Thing done before-

Precautious, (પ્રીકૉ'શસ્) Careful. સાવચેત.

Precede, *v.* (પ્રીસી'ડ્) Go before. આગળ હોવું.

Precedence *n.* (પ્રીસી'ડન્સ્) Priority. પૂર્વાગમન.

Preceding, *a.* (પ્રીસી'ડિંગ્) Former આગલું.

Precedent, *n.* (પ્રે'સિડન્ટ્) Example. દાખલો. —*a.* પૂર્વગામી.

Precept, *n.* (પ્રી'સેપ્ટ) Maxim. સૂત્ર. [ગુરુ; ઉપદેશક.

Preceptor, *n.* (પીસે'પ્ટર્) Teacher; instructor.

Precinct, *n.* (પ્રી'સિન્ક્ટ્) Outward limit. સરહદ.

Precious, *a.* (પ્રે'શસ્) Costly; valuable. કિમતી.

Precipice *n.* (પ્રે'સિપિસ) Steep hill. કરાડો; સીધો ટેકરો.

[ઉતાવળ.

Precipitance, **—cy**, *n.*(પ્રિસિ'પિટન્સ્) Hurry.

Precipitate, *a.* (પ્રિસિ'પિટિટ્) Headlong. અવિચારી; ઉંધે માથે. —*v.*(-ટેઇ-) Hurry rashly. તેમ કરવું, પડવું.

Precipitous, *a.* (પ્રીસિ'પ્પિટસ) Very steep. ઉભું; સીધું ઉંચું.

Precis *n.* (પ્રે'સિ) Summary; brief account. ટુંક સાર.

Precise, *a.* (પ્રીસા'ઇસ્) Exact. ચોક્કસ.

Precision, *a.* (પ્રીસિ'ઝન્) Exactness. ચોક્કસપણું.

Preclude, *v.* (પ્રીક્લૂ'ડ્) Shut off. બાધ કરવો.

Precocious, *a.* (પ્રીકો'શસ્), Early ripe. વહેલું પાકેલું; બાલપ્રૌઢ

Preconceive *v.* (પ્રીકન્સી'વ) પહેલેથી વિચારવું.

Precursor *n.* (પ્રીક'રસર) Forerunner. પૂર્વગામી.

Precursory, *a* (પ્રીક'ર્સરી) Preceding. આગળથી જણાએલું. [કરવું.

Predatory, *a.* (પ્રે'ડટરી) Plundering. લુટફાટ

Predecessor, *n* (પ્રી'ડિસેસર્) Former (holder) પૂર્વગામી. [નિર્માણ.

Predetermination, *n.* (પ્રીડિટરમીને'ઇશન)

Predetermine, *v.* (પ્રીડિટ'રમીન) To determine beforehand. આગળથી નિશ્ચય, નિર્માણ કરવું.

Predicament, *n.* (પ્રીડિ'કમન્ટ્) Dangerous position સંકટ.

Predicate, *n.* (પ્રે'ડિકિટ્) That which is affirmed. વિધાન; ક્રિયાપદ. —*v.* (–કેઇ–) To state કહેવું.

Predict, *v.* (પ્રીડિ'ક્ટ્) Foretell. ભવિષ્ય ભાખવું.

Predilection, *n.* (પ્રીડિલે'કશન્) Liking. પક્ષપાત.

Predominance, *n.* (પ્રીડૉ'મિનન્સ્) Superiority. પ્રાબલ્ય. [પ્રબળ.
Predominant, *a.* (પ્રીડૉ'મિનન્ટ્) Prevalent.
Predominate, *v.* (પ્રીડૉ'મિનેઇટ) To prevail over. ઉપરિ હોવું. [પરિ; શ્રેષ્ઠ.
Preeminent, *n.* (પ્રીએ'મિનન્ટ્) Superior. સર્વો-
Preeminence, *n.* (પ્રીએ'મિનન્સ્) Superiority. શ્રેષ્ઠતા.
Pre-emption, *n.* (પ્રીએ'મ્શન્) First right to purchase. વેચાતું લેવાનો પહેલો હક્ક
Preface, *n.* (પ્રે'ફસ્) Introduction. પ્રસ્તાવના.
Prefatory, *a* (પ્રે'ફટરી) Introductory. પ્રસ્તાવનારૂપ.
Prefect, *n.* (પ્રી'ફેક્ટ્) Governor. અધ્યક્ષ.
Prefer, *v.* (પ્રીફ'ર્) Choose. પસંદ કરવું.
Preferable, *a.* (પ્રે'ફરબલ્) More desirable. પસંદ કરવા જોગ.
Preference, *n.*(પ્રે'ફરન્સ્) Choice. પસંદગી [પાતી.
Preferential, *a* (પ્રેફરે'ન્શલ્) પસંદગી પામેલું; પક્ષ-
Prefix, *v.* (પ્રીફિ'ક્સ્) Put before. આગળ મૂકવું. —*n.* (–પ્રી'–) A particle or word prefixed ઉપસર્ગ; ઇલકાબ. [શકાય એવું.
Pregnable, *a.* (પ્રે'ગ્નબલ્) પહોંચી, હલ્લો કરી

Pregnant, *v.* (પ્રે'ગ્નન્ટ્) Great with child. ગર્ભવંતી; અર્થસૂચક; ભરપૂર.

Pregnancy, *n.* (પ્રે'ગ્નન્સી) State of being pregnant. સગર્ભાવસ્થા. [seized. પકડી શકાય તેવું.

Prehensible, *a.* (પ્રીહે'ન્સિબલ) That can be

Prehistoric, *a.* (પ્રીહિસ્ટૉ'રિક્) પુરાણું.

Prejudge, *v.* (પ્રીજ'જ્) Judge before hearing. પૂરૂં સાંભળ્યા પહેલાં ચૂકાદો આપવો

Prejudice, *n.* (પ્રે'જુડિસ્) Bias. વિરોધ; પૂર્વગ્રહ. —*v.* નુકશાન કરવું; ભરમાવવું. [નુકસાનકારક.

Prejudicial, *a.* (પ્રેજ્યુડિ'શલ્) damaging.

Prelate, *n.* (પ્રે'લટ્) Bishop. ધર્માધ્યક્ષ; પાદરી.

Preliminary, *a.* (પ્રીલિ'મિનરી) Previous; introductory પ્રારંભિક. —*n.* Preface. પૂર્વાંગ; તૈયારી.

Prelude, *n.*(પ્રે'લ્યુડ્) Introduction પૂર્વગાન, ચિહ્ન.

Premature, *a.* (પ્રે'મચર્) Too early. કાચું; અકાલ.

Premeditate, *v.* (પ્રીમે'ડિટેઇટ્) To think beforehand. આગળથી ઘડી, વિચારી રાખવું.

Premier, *n.* (પ્રે'મિઅર્) Chief minister. વડો પ્રધાન; —*a.* Chief; first. મુખ્ય

Premise, *n.* (પ્રે'મિસ્) સાધન. Premiss. —*pl.* Building & its out-houses. મકાન.

Premium, *n.* (પ્રી'મિઅમ) Reward; payment

for insurance; rise in value above par. વીમાનો હફતો; ઇનામ; ચઢાવો. [ning. ચેતવણી; અંતર્જ્ઞાન.

Premonition, *n.* (પ્રીમનિ'શન્) Previous war-

Preoccupy, *v.* (પ્રીઑ'ક્યુપાઇ) To take possession before another. આગળથી કબજો કરવો. To engross. ગરકાવ કરવું.

Preordain, *v.* (પ્રીઑર્ડે'ઇન) To ordain beforehand. આગળથી નક્કી, નિર્માણ કરવું.

Prepaid, *a.* (પ્રીપે'ઇડ્) આગળથી પગાર કરેલું.

Preparation, *n.* (પ્રૅપરેઇશન્) Readiness. તૈયારી.

Preparatory. *a.* (પ્રીપૅ'રટરી) તૈયારીનું.

Prepare, *v.* (પ્રીપે'અર્) Make ready. તૈયાર કરવું.

Preponderate, *v.* (પ્રીપૉ'ન્ડરેઇટ્) Outweigh. વધારે ભારે હોવું. [શબ્દયોગી અવ્યય.

Preposition, *n.* (પ્રેપઝિ'શન્) Part of speech.

Prepossess, *v.* (પ્રીપઝે'સ્) Preoccupy. આગળથી કબજો, અસર કરવી. —**ing**, *a.* આકર્ષક. —**ion**, *n.* પક્ષપાત.

Preposterous, *a.* (પ્રીપૉ'સ્ટરસ્) Foolish. ઉંધું.

Prerogative, *n.* (પ્રીરૉ'ગટિવ્) Privilege. ખાસ હક.

Presage, *v.* (પ્રીસે'ઇજ્) To forebode. આગળથી સૂચન થવું. —*n.* (પ્રિ'સિજ્) અગમસૂચન. [ભવિષ્ય જ્ઞાન.

Prescience, *n.* (પ્રે'શ્યન્સ) Foreknowledge.

Prescribe, *v.* (પ્રીસ્ક્રા'ઇબ્) Appoint. નીમવું.
Prescription, *n.* (પ્રીસ્ક્રિ'પ્શન) Medical direction of remedies. દવાસૂચી. [હાજરી; દેખાવ.
Presence, *n* (પ્રે'ઝન્સ) Personal appearance.
Present, *a.* (પ્રે'ઝન્ટ) Ready at hand; current. હાજર; વર્તમાન —*n.* Gift. ભેટ. —*v.* (પ્રીઝે'ન્ટ) Lay before. ધરવું; (ઇનામ) આપવું.
Presentiment, *n.*(પ્રીઝે'ન્ટીમન્ટ) અનિષ્ટ સૂચન; સંકેત. [વારમાં.
Presently, *adv.* (પ્રે'ઝન્ટ્લી) Soon after. થોડી
Preservation, *n* (પ્રેઝર્વે'ઇશન) Safety. રક્ષણ; પાલન. [Fruit preserved. આથણું; મુરબ્બો.
Preserve, *v* (પ્રીઝ'ર્વ્) Protect. જાળવવું. —*n.*
Preside, *v.* (પ્રીઝા'ઇડ્) Watch and direct. પ્રમુખસ્થાન લેવું
President, *n.* (પ્રે'ઝિડન્ટ) Chairman પ્રમુખ.
Presidency, *n* (પ્રે'ઝિડન્સી) Office or jurisdiction of president; province. પ્રમુખપદ; ઇલાકો.
Press, *v.* (પ્રેસ્) Squeeze. દાબવું. (2) Urge on. આગ્રહ કરવો; ખુબ ચલાવવું. —*n.* Printing machine સંચો; છાપખાનું; છાપાં.
Pressing, *a.* (પ્રે'સિંગ) Urgent. તાકીદનું.
Pressure, *n.* (પ્રે'શર્) Force. દબાણ.

Prestige, *n.* (પ્રેસ્ટી'શ્ઝ્) Influence. આબરૂ; પ્રતિષ્ઠા.

Presume, *v.* (પ્રીઝ્યૂ'મ્) Believe; take liberty. માની લેવું; છૂટ લેવી.

Presumption. *n* (પ્રીઝ'મશન્) Supposition; impudence. પૂર્વગ્રહ; ઉદ્ધતાઈ.

Presumptive, *a.* (પ્રીઝ'મપટિવ્) સંભવિત.

Presumptuous, *a.* (પ્રીઝ'મ્પટ્યુઅસ્) Bold and confident ઉદ્ધત.

Pretend, *v.* (પ્રીટે'ન્ડ્) Feign. ઢોંગ કરવો.

Pretender *n.* (પ્રીટે'ન્ડર) False claimer. ખોટો દાવો કરનાર.

Pretence, *n.* (પ્રીટે'ન્સ્) Pretext ઢોંગ; બહાનું.

Pretension, *n.* (પ્રીટે'ન્શન્) Claim. દાવો; હક.

Preterite, *n.* (પ્રે'ટરિટ્) Past ભૂતકાળ. [અદ્ભુત.

Preternatural, *a.* (પ્રીટર્નૅ'ચરલ્) Abnormal.

Pretext, *n.* (પ્રી'ટેક્સ્ટ્) Excuse. બહાનું.

Pretty, *a.* (પ્રી'ટિ) Elegant; neat. સુંદર. —*adv.* In some degree. થોડું ઘણું.

Prevail, *v* (પ્રીવે'ઇલ્) Extend; overcome. જોર ચાલવું; હરાવવું; મનાવવું.

Prevalent, *a* (પ્રે'વલન્ટ) Prevailing. ચાલુ.

Prevaricate, *v.* (પ્રીવૅરિકેઇટ) Equivocate. બેવચની થવું.

Prevarication, *n.* (પ્રીવૅરિકે'શન્) હા-ના વચન; જૂઠ.
Prevent, *v.* (પ્રીવે'ન્ટ્) Hinder. રોકવું; મના કરવી.
Prevention, *n.* (પ્રીવે'ન્શન્) Hindrance. રોકવું તે; મનાઈ.
Preventive, *v.* (પીવે'ન્ટિવ) Tending to hinder. બાધક; નિવારક. [અગાઉનું; પૂર્વનું
Previous, *a.* (પ્રી'વિઅસ્) Foregoing; former.
Prey, *n.* (પ્રે) Spoil; booty. શિકાર; લૂટ. —*v* Seize and devour શિકાર કરવો.
Price, *n.* (પ્રાઇસ્) Cost; reward. કિમ્મત.
Priceless, *a.* (પ્રા'ઇસલિસ્) Invaluable. અમૂલ્ય.
Prick, *v.* (પ્રિક્) Pierce ભોંકવું.—*n.* Spur કાંટો.
Prickle *n.* (પ્રિકલ) કાંટો Thorn.
Prickly *a.* (પ્રિ'ક્લિ) ખૂંચે તેવું.
Pride, *n.* (પ્રાઇડ્) Self-esteem; pomp. અભિમાન; ઠાઠ. *v.*— To be proud of ખુમારી રાખવી.
Priest, *n.* (પ્રીસ્ટ્) પાદરી; પૂજારી. [ચોરી કરવી.
Prig, *n.* (પ્રિ'ગ્) ચપાસિયો; ચોવટીયો; ચોર. —*v*.
Priggish, *a* (પ્રિ'ગિશ્) Conceited. અહંકારી.
Prim, *a.* (પ્રિમ્) Formal. અક્કડ.
Primary, *a.* (પ્રા'યમરી) First; original. પ્રાથમિક.
Prima-facie, *adv.* (પ્રા'યમાફેશિઇ) પહેલા પુરાવાથી; દેખીતી રીતે.

Prime, *a.* (પ્રાઇમ્) Chief; first. મુખ્ય. —*n.* Best part. પૂર બહાર — *v.* પહેલો રંગ દેવો; ભરવું. To fill.
Primer, *n.* (પ્રા'ય્મર્) બાળપોથી; પહેલી ચોપડી. (પ્રિ'–) છાપવાનો એક જાતનો ટાઇપ.
Primeval, *a.* (પ્રાય્મી'વલ્) Primitive. અસલનું.
Primitive, *ad* (પ્રિ'મિટિવ્) Original; old-fashioned પહેલાનું; મૂળનું; અસલી.
Primogeniture, *n.* (પ્રાય્મજે'નિચર્) Seniority of birth. મોટા દીકરાનો હક. [મૂળ.
Primordial, *a.* (પ્રાય્મૉ'ર્ડિઅલ્) First in order.
Primus, *n.* (પ્રા'ય્મસ્) Stove. સ્ટવ.
Prince, *n.* (પ્રિન્સ્) Son of a king. રાજકુંવર.
Princess, *n.* (પ્રિ'ન્સિસ્) Wife of a prince; king's daughter. રાજકુંવરી.
Princely, *a.* (પ્રિ'ન્સ્લિ) Royal. રાજશાહી.
Principal, *n.* (પ્રિ'ન્સિપલ્) Head. વડો. (2) Sum. મુદ્દલ; રકમ. —*a.* Chief. મુખ્ય.
Principality, *n.* (પ્રિન્સિપૅ'લિટી) Sovereignity. હકુમત. પ્રદેશ. [સિદ્ધાંત.
Principle, *n.* (પ્રિ'ન્સિપલ્) Origin; maxim. મૂળ;
Print, *v.* (પ્રિન્ટ્) Impress; publish. છાપવું. –*n.* છાપ.
Prior, *a.* (પ્રા'યર્) Previous. આગલું. —*n.* Superior of a monastary. મઠાધિકારી.

Priority, *n* (પ્રાયૉ'રિટી) Antecedence. અગ્રતા
Prism, *n.* (પ્રિઝમ્) સમપાર્શ્વઘન; હીરાકાચ.
Prison, *n.* (પ્રિ'ઝન) A jail બંદીખાનું; તુરંગ.
Prisoner, *n.* (પ્રિ'ઝનર્) Person in jail. કેદી.
Pristine, *a.* (પ્રિ'સ્ટાઇન્) Ancient; unspoiled પુરાણું; શુદ્ધ. [ખાનગી રાખવું તે; એકાંત જગા
Privacy, *n* (પ્રા'યવસી) Secrecy; seclusion
Private, *a.* (પ્રા'ઇવટ્) Secret. ખાનગી. *n.* સિપાઇ
Privately, *ad.* (પ્રા'ઇવટ્લી) Secretly. ખાનગી રીતે
Privation, *n.* (પ્રાઇવે'ઇશન્) Want; hardship તંગી: કષ્ટ. [ખાસ હક; હકની
Privilege, *n. a.* (પ્રિ'વિલિજ્) Right; prerogative
Privity, *n.* (પ્રિ'વિટી) Secret knowledge. ખાનગી જાણ
Privy, *n.* (પ્રિ'વી) Water-closet. સંડાસ. *a* Private. ગુપ્ત; ખાનગી; જાણતું.
Prize, *n.* (પ્રાઇઝ) Reward. બક્ષિસ; ઇનામ. —*v* Value highly. કિંમતી ગણવું
Pro-and-con, *adv.* (પ્રોઍન્ડકૉ'ન્) તરફેણ અને વિરુદ્ધમાં —*n. pl.* તેવી દલીલો.
Probability, *n.* (પ્રૅાબબિ'લિટિ) Likelihood. સંભવ
Probable, *a.* (પ્રૅા'બબલ્) Likely; credible બનવા, માનવા જોગ. [નામાનો અધિકાર
Probate, *n* (પ્રો'બટ્) Proof of a will. વસીયત

Probation, *n.* (પ્રબે'શન્) Trial. અજમાયસ; કસોટી.
Probationer, *n* (પ્રબે'શનર્) One on trial. અજમાવસ પર રાખેલો માણસ. [ઉંડું તપાસવું.–*n* સળીયો.
Probe, *v* (પ્રોઇબ્) Examine deeply. સળી મૂકી,
Probity, *n.* (પ્રૉ'બિટી) Integrity; honesty. પ્રમાણિકપણું. [પ્રશ્ન; મુશ્કેલી
Problem, *n.* (પ્રૉ'બ્લમ્) Question; difficulty.
Procedure, *n.* (પ્રસી'જર્) Process; કામ કરવાની રીત; પદ્ધતિ. [આગળ જવું.
Proceed, *i v.* (પ્રસી'ડ્) To advance; go onward.
Proceeding, *n.* (પ્રસી'ડીંગ્) Transaction. કામ.
Proceeds, *n.* (પ્રસી'ડ્ઝ્) Income. આવક.
Process, *n.* (પ્રો'સેસ્) Course; action. ક્રમ; ક્રિયા.
Procession, *n.* (પ્રસે'શન્) Train of persons, etc. સરઘસ; સવારી. [કરવું.
Proclaim *vt.* (પ્રક્લે'ઇમ્) To announce. જાહેર
Proclamation, *n.* (પ્રૉક્લમે'ઇશન્) Official public announcement. જાહેરાત.
Proclivity, *n.* (પ્રક્લિ'વિટી) Inclination. મનનું વલણ. [ઢીલ કર્યા કરવી.
Procrastinate, *v.* (પ્રક્રૅ'સ્ટિનેઇટ્) To put off.
Procrastination, *n.* (પ્રક્રૅસ્ટિને'ઇશન્) Delay. મુલતવી રાખવું તે.

Procreate, *v.* (પ્રો'ક્રીએટ્) To beget. ઉત્પન્ન કરવું.
Proctor, *n.* (પ્રૉ'ક્ટર્) Official in a university. મુખત્યાર.
Procurable, *a.* (પ્રક્યૂ'રબલ્) Obtainable. મળી શકે એવું.
Procure, *v.* (પ્રક્યૂ'ર્) To obtain; gain. મેળવવું.
Prod, *n.* *v.* (પ્રૉડ્) ઘોંચ; ઘોંચવું.
Prodigal, *a.* (પ્રૉ'ડિગલ્) Wasteful. ઉડાઉ. —*n.* ઉડાઉ માણસ.
Prodigious, *a.* (પ્રડિ'જિસ્) Marvellous. અદ્‌ભુત.
Prodigality, *n.* (પ્રૉડિગૅ'લિટી) Extravagance. ઉડાઉપણું.
Prodigy, *n.* (પ્રૉ'ડિજી) Wonder. અદ્‌ભુત ચીજ, વ્યક્તિ.
Produce *n* (પ્રૉ'ડ્યુસ)Income. આવક.—*v.*(પ્રડ્યૂ'સ્) Bring forward; bring forth. રજુ કરવું; ઉત્પન્ન કરવું.
Product, *n.* (પ્રૉ'ડક્ટ્) Thing produced. પેદાશ; પરિણામ; ઉત્પત્તિ; ગુણાકાર.
Production, *n.* (પ્રડ'ક્શન્) Producing. પરિણામ.
Productive, *a.* (પ્રડ'ક્ટિવ્)Fertile. ફળદાયક; ફળદ્રુપ.
Proem *n.* (પ્રો'ઇમ્) Preface. પ્રસ્તાવના.
Profane, *a.* (પ્રફે'ઇન્) Unholy. અપવિત્ર. —*v.* To pollute અભડાવવું
Profess, *v.* (પ્રફે'સ્) Declare. દાવો કરવો.
Profession, *n.* (પ્રફે'શન) Calling. દાવો; ધંધો
Professional, *a.* Belonging to a profession.

ધંધાને લગતું. [અધ્યાપક.

Professor, *n.* (પ્રફે'સર્) Teacher in a college

Proffer, *v.* (પ્રૉ'ફર્) Offer. કહેવું; આપવું.

Proficiency, *n.* (પ્રફિ'શન્સી) Cleverness. હોશીઆરી.

Proficient, *a* (પ્રફિ'શન્ટ્) Well-skilled; well-qualified. *n.* Expert; adept. ઉસ્તાદ; પ્રવીણ; નિપુણ.

Profile, *n.* (પ્રો'ફિલ્) Outline. રૂપરેખા; એક બાજુ.

Profit, *n.* (પ્રૉ'ફિટ્) Gain; advantage નફો; લાભ.

Profitable, *a.* (પ્રૉ'ફિટબલ) Lucrative ફાયદાકારી.

Profligate, *n.* (પ્રૉ'ફ્લિગટ્) Dissolute person, દુરાચારી *a.* Vicious; dissolute વિષયી [અગાધ; ઉંડું.

Profound, *a.* (પ્રફા'ઉન્ડ્) Deep; far-reaching.

Profuse, *a* (પ્રફ્યૂ'સ્) Plentiful. પુષ્કળ.

Progenitor, *n.* (પ્રજે'નિટર્) Fore-father પૂર્વજ.

Progeny, *n.* (પ્રૉ'જની) Descendants. સંતાન; પ્રજા.

Prognosis, *n.* (પ્રગ્નો'સિસ્) પૂર્વચિકિત્સા.

Prognosticate, *v.* (પ્રગ્નૉ'સ્ટિકેઇટ્) To foretell. ભવિષ્ય કહેવું.

Programme, *n* (પ્રો'ગ્રૅમ) Plan. કાર્યક્રમ.

Progress, *n.* (પ્રો'ગ્રિસ્) Advancement. પ્રગતિ —*v.* (પ્રગ્રે'સ્) Advance. પ્રગતિ કરવી [શ્રેણી.

Progression, *n.* (પ્રગ્રે'શન્) Regular advance.

Progressive, *a*. (પ્રગ્રે'સીવ્) Advancing. વધતું જતું.
Prohibit, *v*. (પ્રહિ'બિટ) Forbid. મના કરવી.
Prohibition, *n*. (પ્રહિબિ'શન્) Act of forbidding. અટકાયત; મનાઈ.
Project, *v*. (પ્રજે'ક્ટ્) Plan; jut. પ્રબંધ, યોજના કરવી; બહાર નીકળવું. —*n*. (પ્રૉ'જેક્ટ્) Plan; design. યોજના
Projection, *n*. (પ્રજે'ક્શન્) Prominence. આકૃતિ; ઉપસી, આગળ આવેલો ભાગ; પ્રક્ષેપતા. [અતિ ઉત્પાદક.
Prolific, *a*. (પ્ર'લિફિક્) Generative; fruitful.
Prolix, *a*. (પ્રૉ'લિક્સ્) Tedious. ઘણું લાંબું.
Prolixity, *n*. (પ્રલિ'ક્સિટી) Great length. વિસ્તાર.
Prologue, *n*. (પ્રૉ'લૉગ્) First discourse. આમુખ.
Prolong, *v* (પ્રલૉ'ન્ગ્) Make longer. વધારે લાંબું કરવું.
Promenade, *n*. (પ્રૉમિના'ડ્) Walk for pleasure. વિહાર; વિહારસ્થાન. [આગળ પડતું.
Prominent, *a*. (પ્રૉ'મિનન્ટ્) Eminent. પ્રખ્યાત;
Prominence, *n*. (પ્રૉ'મિનન્સ) Conspicuousness. પ્રખ્યાતિ. [સેળભેળ.
Promiscuous, *a*. (પ્રમિ'સ્ક્યુઅસ્) Unsorted.
Promise, *n*. (પ્રૉ'મિસ્) Pledge; hopes. વચન; આશા.—*v*. Pledge; give hopes. વચન, આશા આપવી.
Promontory, *n*. (પ્રૉ'મન્ટરી) Headland. ઉંચું
Promote, *v*. (પ્રમો'ટ) Advance. ચઢાવવું. [ભૂશિર

Promotion, *n*, (પ્રમો'શન્) Advancement. ઉપર ચઢાવવું તે.

Prompt, *a*. (પ્રૅામ્પ્ટ્) Ready. તાબડતોબ. —*v*. Incite પ્રેરવું. [સત્વરતા.

Promptitude, *n*. (પ્રૉ'મ્પ્ટિટ્યૂડ્) Quickness.

Promulgate, *v* (પ્રૉ'મલ્ગેઇટ્) Proclaim. ચલાવવું.

Promulgation, *n*. (પ્રૉમ્લગે'ઇશન) Publication. જાહેરાત; અમલ.

Prone, *a*. (પ્રોઉન્) Lying face downward; tending. ઉંધું પડેલું; વલણવાળું; ઢળતું.

Prong, *n*. (પ્રૉન્ગ) Spike. દાંતો.

Pronoun. *n*. (પ્રો'નાઉન્) Word used instead of a noun. સર્વનામ. [ઉચ્ચાર કરવો.

Pronounce, *v*. (પ્રના'ઉન્સ્) Utter; declare.

Pronunciation, *n*. (પ્રનન્સિએ'ઇશન) Method of utterance. ઉચ્ચાર.

Proof, *n* (પ્રૂફ) Evidence; test; trial impression. સાબીતી; કસોટી; કાચું મુદ્રણ. —*a*. Impervious. અભેદ્ય; સાબૂત.

Prop, *n*. (પ્રૉપ્) Support. ટેકો. —*v*. To sustain; uphold. ટેકો આપવો.

Propaganda, *n*. (પ્રૉપગૅ'ન્ડા) Systematic efforts to spread opinions. પ્રચાર.

Propagandist, *n.* (પ્રૉપગૅ'ન્ડિસ્ટ્) પ્રચારક.
Propagate, *v.* (પ્રૉ'પગેઇટ્) Beget; multiply; publish. વધારવું; પ્રચાર કરવો.
Propel, *v.* (પ્રપે'લ્) Move onward. ધકેલવું.
Propeller, *n.* (પ્રપે'લર્) હુડસેલનાર.
Propensity, *n.* (પ્રપે'ન્સિટી) Tendency. વલણ.
Proper, *a.* (પ્રૉ'પર્) Suitable; fit; becoming. યોગ્ય. One's own. પોતાનું.
Property, *n.* (પ્રૉ'પર્ટિ) Estate. મિલ્કત. Characteristic. ગુણ.
Prophecy, *n.* (પ્રૉ'ફિસિ) Prediction; fortelling. [ભવિષ્યવાણી.
Prophesy, *n.* (પ્રૉ'ફિસાઇ) To foretell ભવિષ્ય કહેવું.
Prophet *n.* (પ્રૉ'ફિટ્) Inspired teacher. પયગમ્બર.
Propitiate, *v.* (પ્રપિ'શિએઇટ્) Appease; conciliate. પ્રસન્ન કરવું.
Propitiation, *n.* (પ્રપિશિએ'ઇશન્) Act of appeasing. આરાધના.
Propitious, *a.* (પ્રપિ'શસ્) Favourable. સાનુકૂળ.
Proportion. *n.* (પ્રપો'ર્શન્) Relation. પ્રમાણ. —**al**. *n.* સમપ્રમાણ.
Proportionate, *a.* (પ્રપો'ર્શનટ્) પ્રમાણસર.
Proposal, *v.* (પ્રપો'ઝલ) Suggestion. દરખાસ્ત; સૂચના.

Propose, *v.* (પ્રપો'ઝ્) Say. દરખાસ્ત મેલવી.
Proposition *n.* (પ્રૅાપઝિ'શન્) Statement. કથન.
Propound, *v.*(પ્રપા'ઉન્ડ્) To propose રજુ કરવું.
Proprietary, *a* (પ્રપ્રા'ઇટરી) Belonging to an owner. માલિકીવાળું.
Proprietor, *n.* (પ્રપ્રા'યટર્) Owner. માલીક.
Propriety, *n.* (પ્રપ્રા'ઇટી) Fitness. યોગ્યતા.
Prorogue, *v.* (પ્રરો'ગ્) Dismiss; postpone. બરખાસ્ત કરવું. [જેવું; નીરસ.
Prosaic, *a.* (પ્રઝે'ઇક્) Like prose; dull ગદ્ય
Proscribe, *v.* (પ્રસ્ક્રા'ઇબ્) Condemn; forbid; banish. દેશનિકાલ કરવું; મના કરવી. [બહિષ્કાર.
Proscription, *n.*(પ્રસ્કિ'પશન્) Utter rejection.
Prose, *n.* (પ્રોઉઝ્) Language not in verse. ગદ્ય.
Prosecute, *v.* (પ્રૅા'સિક્યુટ્) Sue; carry on. કામ આગળ ચલાવવું. [ફરિયાદી પક્ષ.
Prosecution, *n.* (પ્રૅાસિક્યુ'શન) Suit. ફરિયાદ,
Prosecutor, *n.* (પ્રૅા'સીક્યુટર) One that prosecutes. ફોજદારી કામ ચલાવનાર. [દાખલ થએલો.
Proselyte, *n.* (પ્રૅા'સિલાઇટ્) Convert. નવા ધર્મમાં
Prosody, *n.* (પ્રૅા'સડી) That part of grammar which treats of poetry. પિંગળ; છંદશાસ્ત્ર.
Prospect, *n.* (પ્રૅા'સ્પેક્ટ્) View; landscape;

chance. દેખાવ; આશા; ભવિષ્ય. —*v.* (પ્રસ્પે'ક્ટ્) Explore શોધ ચલાવવી.

Prospective, *a.* (પ્રસ્પે'ક્ટિવ્) Future. ભવિષ્યનું.

Prospectus, *n.* (પ્રસ્પે'ક્ટસ્) Descriptive circular. માહિતીપત્ર.

Prosper, *v.* (પ્રૉ'સ્પર્) Thrive. આબાદ થવું.

Prosperity, *n.* (પ્રોસ્પે'રિટી) Good fortune. આબાદી. [સુખી.

Prosperous, *a.* (પ્રૉ'સ્પરસ્) Thriving. આબાદ;

Prostitude, *n.* (પ્રૉ'સ્ટિટ્યુડ્) Harlot. વેશ્યા. —*v.* To debase. વેડફી નાંખવું.

Prostrate, *v.* (પ્રસ્ટ્રે'ઇટ્) Lay flat. સુવાડી દેવું; પ્રણામ કરવા. —*a.* (પ્રૉ'-) Lying at length. લાંબું પડેલું.

Prostration, *n.* (પ્રસ્ટ્રે'ઇશન્) દંડવત; લથાસ સ્થિતિ.

Protect, *v.* (પ્રટે'ક્ટ્) Guard; save. રક્ષણ કરવું.

Protection, *n.* (પ્રટે'ક્શન્) Defence. રક્ષણ.

Protective, *a.* (પ્રટે'ક્ટિવ) Sheltering. રક્ષક.

Protector, *n.* (પ્રટે'ક્ટર્) Guardian. રક્ષક; આશ્રયદાતા.

Protege, *n.* (પ્રૉ'ટેશ્ઝે) Ward. આશ્રિત

Protest, *v.* (પ્રટે'સ્ટ્) Declare for or against. વાંધો લેવો; બાર દઇને કહેવું. —*n.* (પ્રો'-) વાંધો; કથન.

Protestant, *n. a.* (પ્રૉ'ટિસ્ટન્ટ્) પ્રોટિસ્ટન્ટ પંથવાળું.
Prothonotary, *n.* (પ્રથૉ'નોટરી) Chief clerk.
Prototype, *n.* (પ્રો'ટટાઇપ્) Original model. મૂળ પ્રતિમા.
Protract, *v.* (પ્રટ્રૅ'ક્ટ્) Prolong. લંબાવવું.
Protractor, *n.* (પ્રટ્રૅ'ક્ટર્) Instrument for laying down angles. ખૂણા માપવાનું ઓજાર. [નીકળવું.
Protrude, *v* (પ્રટ્રૂ'ડ્) Project; push out. બહાર
Protuberance, *n.* (પ્રટ્યુ'બરન્સ્) સોજો; ગડો. Swelling [Splendid. શોભાયમાન; માન; ગર્વ પામેલું.
Proud, *a.*(પ્રા'ઉડ્) Vain; haughty. અભિમાની. (2)
Prove, *v.* (પ્રૂવ્) Ascertain. સાબીત કરવું.
Provender, *n.* (પ્રૉ'વિન્ડર્) Food for beasts; provision. ચારો: ભાથું.
Proverb, *n.* (પ્રૉ'વર્બ્) Saying. કહેવત.
Provide, *v.* (પ્રવા'ઈડ્) Furnish. પૂરૂં પાડવું.
Provided, *conj.* (પ્રવા'ઇડેડ્) On condition. જો; એવી શરતથી કે. [of God. દીર્ઘદૃષ્ટિ; દૈવ.
Providence, *n.* (પ્રૉ'વિડન્સ્) Foresight; care
Providential, *a.* (પ્રૉવિડે'ન્શલ્) Effected by providence. દૈવયોગનું.
Province, *n.* (પ્રૉ'વિન્સ્) Region. પ્રાંત; વિષય.
Provision,*n.*(પ્રવિ'ઝ્ઝન્) Plan; food. યોજના;ખોરાક.

Provisional, *a.*(પ્રવિ'શ્ઝનલ્) Temporary. કામ ચલાઉ.
Proviso, *n.* (પ્રવા'ઇઝો) Condition. શરત. [
Provoke, *v.*(પ્રવોક્) Excite; arouse; challenge. ઉત્તેજિત કરવું; ઉશ્કેરવું
Provocation, *n.*(પ્રૉવકે'ઇશન)Incitement. ઉશ્કેરણી.
Prow, *n.* (પ્રાઉ) Forepart of a ship. વહાણની નાળ.
Prowess. *n.* (પ્રા'વિસ્) Valour; bravery શૌર્ય
Prowl, *v.* (પ્રૉઉલ્) Wander about. ભટકવું.
Proximate, *a.* (પ્રૉ'ક્સિમટ્) Nearest. લગભગ.
Proximity, *n.* (પ્રૉક્સિ'મિટી) Nearness. સમીપતા.
Proximo, *n.* (પ્રૉ'ક્સિમો) A day of the next month. આવતા મહીનાની તારીખ.
Proxy, *n.* (પ્રૉ'ક્સી) Deputy. પ્રતિનિધિ; અધિકાર.
Prude, *n.* (પ્રૂડ્) નખરાખોર બૈરું; ચાગલું.
Prudence, *n.* (પ્રૂ'ડન્સ્) Wisdom. ડહાપણ.
Prudent, *a.* (પ્રૂ'ડન્ટ) Wise. ડાહ્યું; વિવેકી.
Prune, *v.* (પ્રૂન્) Trim. સમારવું [લાલચીળુ.
Prurient, *a.* (પ્રૂ'રિઅન્ટ્) Lustful. કામાતુર;
Pry, *v.* (પ્રાય્) Inspect; look closely. ચિકિત્સા જોવી.
Psalm, *n.* (સામ્) Hymn. ભજન; સ્તવન.
Pseudo, *a.* (સ્યૂ'ડો) ખોટું.
Pseudonym, *n.* (સ્યૂ'ડનિમ્) ધારણ કરેલું નામ.
Pshaw, *int.* (શૉ) Pooh. છટ.

Psychology, *n* (સાયકૉ'લજી) માનસશાસ્ત્ર
Puberty,*n*.(પ્યુ'બર્ટી)Maturity. પરિપકવતા; જુવાની.
Public, *a*. (પ'બ્લિક્) Common. જાહેર; સાર્વજનિક.
—*n*. The people at large. જનતા. [પ્રકાશન; પુસ્તક.
Publication,*n* (પબ્લિકે'ઇશન્)Thing published.
Public-house, *n*. (પ'બ્લિક હાઉસ્)Inn. મુસાફર-
ખાનું: પીઠું. [public. પ્રસિદ્ધિ.
Publicity, *n*. (પબ્લિ'સિટી) State of being
Publish, *v*. (પ'બ્લિશ્)Print and offer for sale;
make know. પ્રગટ કરવું.
Publisher, *n*. (પ'બ્લિશર્) પ્રકાશક.
Pucker, *n*. (પ'કર્) કરચલી. —*v*. તે પડવી.
Pudding, *n*. (પુ'ડિંગ્) ખીર; શીરો.
Puddle, *n*. (પ'ડલ્) Small pool. ખાબોચિયું.—*v*.
Make turbid. ડોળવું. [છોકરવાદિયું.
Puerile, *a*. (પ્યૂ'અરાઇલ્) Boyish; childish.
Puff *v*. (પફ્) Praise vainly; inflate with. બડાઇ
મારવી; ફુલવું. —*n*. Blast; praise; pastry. સપાટો;
ફુંક; ફુંકારો; બડાઇ; પુરી.
Pug, *n*. (પગ્) ચપટા નાકવાળું કુતરું.
Pugilist, *n*. (પ્યુ'જીલિસ્ટ્) Boxer. મુક્કાબાજ.
Pugnacious, *a*. (પગ્ને'શસ) Quarrelsome.
કજીયાખોર.

Pugnacity, *n.* (પગ્નૅ'સિટી) Disposition to fight. લડાઈખોર સ્વભાવ.
Puisne, *a.* (પ્યૂ'નિ) Inferior; petty. ઉતરતું; નાનું.
Puissant, *a.* (પ્વિ'સન્ટ્) Powerful. બળવાન.
Puke, *v.* (પ્યૂક્) Vomit. ઓકવું.
Pule, *v* (પ્યૂલ્) To whine like a child. ઉંઆઉં ઉંઆઉં કરવું
Pull, *v.* (પુલ્) Draw forcibly. તાણવું; ખેંચવું. [—*n.* Act of pulling. આંચકો.
Pulley, *n.* (પુ'લી) ગરેડી
Pulmonary, *a.* (પ'લ્મનરી) Affecting the lungs. ફેફસાંનું.
Pulp *n.* (પલ્પ્) Soft part of fruit: soft mass. માવો.
Pulpy, *a.* (પ'લ્પી) Like pulp; soft. માવાદાર.
Pulpit, *n.* (પુ'લ્પિટ્) Platform. વ્યાસપીઠ.
Pulsate, *v* (પલ્સે'ઇટ્) Throb. ધડકવું.
Pulse, *n.* (પલ્સ્) Beating of arteries; peas etc. નાડી; ધબકારો; કઠોળ; દાળ
Pulverize *v* (પ'લ્વરાઈઝ્) Reduce to powder. [ચૂર્ણ કરવું; દળવું.
Pump, *n.* (પમ્પ્) Machine for raising air or water. હવા, પાણી લેવાનું યંત્ર —*v.* To work a pump. બંબો ચલાવવો માહિતી મેળવવી.
Pumpkin, *n.* (પ'મ્પકિન્) દૂધી; કોળું.
Pun, *n.* (પન્) Play on words. શ્લેષ.
Punch, *v.* (પન્ચ્) To perforate. કાણાં પાડવાં;

—*v.* મુક્કો મારવો. —*n.* A tool for making holes; blow; liquor. કાણાં પાડવાનું ઓજાર. ફટકો, દારૂ.

Punctilio, *n.* (પંક્ટિલિઓ) Nice point on behaviour. ઝીણી બાબત.

Punctilious, *a.* (પંક્ટિ'લિઅસ્) Very particular. ચપાસીયો. [સરનું; નિયમિત.

Punctual, *a.* (પ'ન્ક્ચ્યુઅલ્)Exact; prompt. વખત-

Punctuality, *n* (પન્કચ્યુઍ'લિટી) Regularity. નિયમિતપણું. [વિરામચિહ્ન મૂકવાં.

Punctuate, *v.* (પ'ન્ક્ચ્યુએઇટ) Mark points.

Puncture *n* (પ'ન્ક્ચર્) Hole. કાણું. [તમતમું.

Pungent, *a.* (પ'ન્જન્ટ્) Biting; caustic. તીખું;

Punish, *v.* (પ'નિશ્) Chastise. શિક્ષા કરવી.

Punishable, *a.* (પ'નિશબલ) Liable to punishment. શિક્ષા પાત્ર.

Punishment, *n.* (પ'નિશ્મન્ટ્) Penalty. શિક્ષા.

Punitive, *a.* (પ્યુ'નિટિવ્) Inflicting punishment. શિક્ષા કરવા માટેનું. [To bet. શરત મારવી.

Punt, *n.* (પન્ટ્) Flat-bottomed boat. મછવો. —*v.*

Puny, *a.* (પ્યૂ'નિ) Weak; feeble. નબળું; નાનું.

Pup, *n.* (પપ્) Puppy કુરકુરિયું.

Pupil, *n.* (પ્યુ'પિલ્) Scholar; apple of the eye. વિદ્યાર્થી; આંખની કીકી.

Puppet, *n.* (પ'પિટ્) Toy figure. પુતળું; રમકડું.
Puppy, *n.* (પ'પી) Young dog. કુરકુરિયું. Conceited fellow. બડાઇખોર.
Purblind, *a.* (પ'ર્બ્લાઇન્ડ્) લગભગ આંધળું.
Purchase, *v.* (પ'ર્ચસ્) Buy. ખરીદવું. —*n.* Buying; what is bought. ખરીદી, ની વસ્તુ. [પવિત્ર.
Pure, *a* (પ્યૂર્) Clear; real; unmixed. ચોકખું;
Purgative, *a. n.* (પ'ર્ગટિવ્) Cleansing.(agent). રેચક; તેની દવા. [Cathartic medicine. જુલાબ.
Purge, *v.* (પર્જ) Cleanse. સાફ કરવું. —*n.*
Purification, *n.*(પ્યુરિફિકે'ઇશન્)Cleansing. સાફ, પવિત્ર કરવું તે. [સાફ કરવું.
Purify, *v.* (પ્યૂ'રિફાય્) To cleanse; refine. પવિત્ર;
Purifier, *n.* (પ્યૂ'રિફાયર્) પવિત્ર કરનાર.
Puritan, *r. a.* (પ્યૂ'રિટન્) ચુસ્ત
Purity, *n* (પ્યૂ'રિટિ) Cleanness.સ્વચ્છતા: પવિત્રતા.
Purloin, *v.* (પ'ર્લૉઇન્) Pilfer; steal. ચોરી લેવું.
Purple, *a.* (પ'ર્પલ્) Red tinctured with blue. જાંબુડું
Purport, *n.* (પ'ર્પર્ટ) Meaning. ભાવાર્થ; મતલબ.
Purpose, *n.* (પ'ર્પસ્) Object; aim.ધારણા; કામ.
Purposley, *adv.* (પ'ર્પસ્લી) Intentionally, ઇરાદાપૂર્વક.

Purr, *v.* (પર્) પર્ર્ર્ અવાજ કરવો.
Purse, *n.* (પર્સ્) Small bag. થેલી.
Purse-proud, *a.*(પ'ર્સપ્રાઉડ્) Proud of money. પૈસાનો અભિમાની.
Purse-strings, *n.* (પ'ર્સસ્ટ્રીંગ્ઝ્) ખર્ચવાની સત્તા.
Pursuance, *n.* (પર્સ્યૂ'અન્સ્) Fo lowing after. આગ્રહ; અનુસરણ; અન્વય.
Pursuant, *a.* (પર્સ્યુ'અન્ટ્) Agreeable. અનુસરતું.
Pursue, *v.* (પર્સ્યૂ') Chase; follow પાછળ પડવું; અનુસરવું.
Pursuit, *n.* (પર્સ્યૂ'ટ્) Occupation. ઉદ્યોગ; મહેનત.
Purulent, *a.* (પ્યુ'રુલન્ટ્) Containing pus. પરૂવાળું.
Purvey, *v.* (પર્વે) Supply food. ખાવાની, સામગ્રી [કરવી.
Purveyance, *n* (પ'ર્વેઅન્સ્) ખાદ્ય સામગ્રી.
Purveyor, *n.* (પ'ર્વેયર) One that purveys. મોદી; કોઠરી.
Purview, *n.* (પ'ર્વ્યુ) Limit; scope. હદ; હકુમત.
Pus, *n.* (પસ્) Matter of an ulcer. પરૂ.
Push, *v.* (પુશ્) Drive. હડસેલવું —*n.* ધક્કો; [ધુંસણપટ્ટી.
Pusillanimous, *a* (પ્યુસિલૅનિમસ્)Timid બાયલું.
Pusillanimity, *n.* (પ્યુસિલનિ'મિટી) Weakness of mind. નામર્દાઈ.

Puss, *n.* (પુસ્) Cat; hare. બિલાડી; સસલું. Pussy.
Put, *v.* (પુટ્) Place. મુકવું. Put on. પહેરવું. Put out. ઓલવી નાંખવું.
Putative, *a.* (પ્યુ'ટટિવ્) Reputed. લોકોમાં મનાતું.
Putid, *a.* (પ્યુ'ટિડ્) Mean; base. હલકું.
Putrefy, *v.* (પ્યુ'ટ્રિફાય્) Decay. કોહી જવું.
Putrefaction, *n.* (પ્યુટ્રિફૅક્શન્) Process of rotting. કોહવાટ: પરૂ થવું તે.
Putrid, *a.* (પ્યુ'ટ્રિડ્) Rotten; corrupt. કોહેલું; [બગડી ગએલું.
Putty, *n.* (પ'ટી) મળી; લહી.
Puzzle, *v.* (પ'ઝલ્) Perplex. મુંઝવવું. —*n.* Problem; perplexity. કોયડો; ગુંચવણ.
Pygmy, *n.* (પિ'ગ્મી) Dwarf. ઠીંગુજી. —*a.* વેંતીઉં.
Pyorrhoea, *n.* (પાયૂરી'આ) Teeth disease. દાંતમાં પરૂ થવાનો રોગ.
Pyramid, *n.* (પિ'રમિડ્) મિનારો.
Pyre, *n.* (પાયર્) Funeral pile. ચિતા.
Pyrometer, *n.* (પાઇરો'મિટર્) Instrument for measuring heat. ગરમી માપવાનું યંત્ર.
Python, *n.* (પા'યુથન્) Large serpent. અજગર; ભુત્રો.

Q

Q. (ક્યૂ) અંગ્રેજી મૂળાક્ષરનો સત્તરમો અક્ષર; વ્યંજન.

Quack, *n.* (ક્વૅક્) બતકનો અવાજ. Pretender. ડોળ; ઊંટવૈદ્ય. —*v.* Cry like a duck; boast. બતકની માફક બોલવું; બડાઈ મારવી. [ઊંટવૈદું; ખોટો ડોળ.

Quackery, *r.* (ક્વૅ'કરી) Boastful pretensions.

Quadrangle, *n* (ક્વૉ'ડ્રૅન્ગલ્) Figure having four sides. લંબચોરસ; સમચોરસ; ચતુર્ભુજ.

Quadrant, *n.* (ક્વૉ'ડ્રન્ટ્) A fourth part. ચોથો ભાગ.

Quadratic, *a.* (ક્વડ્રૅ'ટિક્) Involving square power. વર્ગાત્મક. —*n.* તેવું સમીકરણ.

Quadrilateral, *a. n.* (ક્વૉડ્રિલૅ'ટરલ્) Four-sided (figure). ચતુષ્કોણ.

Quadrillion, *n.* (ક્વડ્રિ'લ્યન્) પરાર્ધ કરોડ.

Quadruped, *n. a.* (ક્વૉ'ડ્રુપેડ્) Animal having four feet ચોપગું; પશુ.

Quadruple, *n.* (ક્વૉ'ડ્રુપલ) Four-fold. ચોગણું.

Quaff, *v.* (ક્વાફ્) Drink. ગટગટાવવું.

Quagmire, *n.* (ક્વૅ'ગ્માયર્) Boggy ground. અસ્થિર પોચી જમીન.

Quail, *v.* (ક્વે'ઇલ્) Flinch; lose heart, ડરી જવું. —*n.* A kind of bird. તેતર.

Quaint, *a.* (ક્વેઇન્ટ્) Strange; odd. વિચિત્ર.
Quake, *v.* (ક્વેઇક્) Tremble; shudder. ધ્રુજવું.
Qualification, *n* (ક્વૉલિફિકે'ઇશન્) Legal power. લાયકાત.
Qualified, *a.* (ક્વૉ'લિફાઇડ્) Fitted. લાયકાત ધરાવતું.
Qualify, *v.* (ક્વૉ'લિફાય) Modify; fit સમતોલ કરવું; લાયક કરવું. [ગુણ; જાત; લક્ષણ.
Quality, *n.* (ક્વૉ'લિટી) Virtue; kind; character.
Qualm, *n* (ક્વામ્) Uneasiness; sickness. બેચેની.
Quandary, *n.* (ક્વૉન્ડે'યૂરી) Perplexity મુંઝવણ; સંકટ.
Quantity, *n* (કવૉ'ન્ટિટી) Portion; bulk. જથ્થો.
Quantum, *n.* (કવૉ'ન્ટમ) Quantity; amount. જોઈતો ભાગ.
Quarantine, *v.* (ક્વૉ'રન્ટિન્) Prohibition of intercourse with the shore. ચેપ સબબ અટકાવવું. —*n.* અટકાયત. [*n.* Dispute; brawl. કજીયો; તકરાર.
Quarrel, *n.* (કવૉ'રલ્) To dispute. કજીયો કરવો.
Quarrelsome, *a.* (કવૉ'રલસમ્) Apt to quarrel. કજીયાખોર.
Quarry, *n.* (ક્વૉ'રી) Stone mine; game pursued. પત્થરની ખાણ; શિકાર. —*v.* To dig stones. ખોદી કાઢવું; શિકાર કરવો. [આશરે અઢી રતલ; ચોથો ભાગ.
Quart, *n.* (કવૉર્ટ્) Fourth part of a gallon.

Quarter, *n.* (ક્વૉ'ર્ટર્) Fourth part; 28 pounds; region; district; mercy to a beaten foe. ચોથો ભાગ; ૨૮ પૌંડ; લતો. દયા; મચક. (*pl.*) મુકામ; ઉતારો. —*v.* Lodge; divide into four equal parts. મુકામ કરવો. ચાર સરખા ભાગ પાડવા.

Quarterly, *a.* (ક્વૉ'ર્ટર્લી) Recurring every three months ત્રિમાસિક. —*n.* Three-monthly magazine. ત્રિમાસિક.

Quartermaster, *n.* (ક્વા'ર્ટર્માસ્ટર્) An officer who regulates quarters of an army. સિપાઇઓ માટે ખાવાપીવાનો બંદોબસ્ત કરનાર; નાનો સુકાની.

Quarto, *n.* (ક્વૉ'ર્ટો) Book in which a form is folded into four leaves. ચારપેજી.

Quartz, *n.* (ક્વૉર્ટ્ઝ્) Rock-crystal. ચકમક પત્થર.

Quash, *v.* (ક્વૉ'શ) Crush; cancel. કચરી નાખવું; રદ કરવું. —*n.* પીણું; ફળરસ. [લગભગ.

Quasi, *conj.* (ક્વે'ઇસી) As if. જાણે કે; દેખીતું;

Quatrain, *n.* (ક્વૉ'ટ્રિન્) ચાર લીટીવાળી કડી.

Quaver, *v.* (ક્વે'ઇવર) Tremble; shake. ધ્રુજવું.

Quay, *n.* (કી) Landing place; wharf. ડક્કો.

Quayage, *n.* (કી'ઇજ્) ડક્કાવેરો.

Queasy, *a.* (ક્વી'ઝી) Sick; squeamish. ઉલટી કરાવે તેવું; મુલાયમ.

Queen, *n.* (ક્વીન્) Consort of a king. રાણી; સ્રીરત્ન.
Queenly, *a.* (ક્વી'નલી) Like a queen. રાણીશાહી.
Queer, *a.* (ક્વીર્) Odd; strange. વિચિત્ર.
Quell, *v.* (ક્વેલ્) Pacify; appease. શાંત કરવું.
Quench, *v* (ક્વેન્ચ્) Put out; quiet. આગ ઓલ-વવી; તરસ મટાડવી.
Querist, *n.* (ક્વી'રિસ્ટ્) Questioner. પૂછનાર.
Querulous, *a.* (ક્વે'રુલસ્) Complaining. બબડતું.
Query, *n.* (ક્વી'રી) Question. પુછપરછ; પ્રશ્ન.
Quest, *n. v.* (ક્વેસ્ટ્) Search. શોધવું; શોધ.
Question, *n.* (ક્વે'સ્ચન્) Inquiry; problem. પ્રશ્ન; સવાલ.
Questionable, *a.* (ક્વે'સ્ચનબલ્) Doubtful. [શકભરેલું.
Quibble. *n. v* (ક્વિ'બલ્) Play on words. ખાલી શબ્દચાતુરી; સંદિગ્ધ બોલવું.
Quick, *a.* (ક્વિક્) Swift; nimble; sensitive. ઉતાવળું; ચપળ; તીવ્ર. —*n.* મર્મભાગ; જીવંત. —*ad.* Soon. જલદીથી.
Quicken, *v.* (ક્વિ'કન્) Hasten; to make alive; incite. ઉતાવળ કરવી. સજીવન કરવું; ઉશ્કેરવું. [ચુનો.
Quicklime, *n.* (ક્વિ'કલાઇમ) Unslaked lime. કળી-
Quickly, *ad.* (ક્વિ'કલિ) Hastily. જલદી; ઉતાવળથી.
Quickness, *n.* (ક્વિ'કનિસ) Speed. ઉતાવળ; ત્વરા.

Quicksilver, *n.* (ક્વિ'ક્સિલ્વર્) Mercury. પારો.
Quid, *n.* (ક્વિડ્ ; એક પાઉન્ડ (નાણું); તમાકુપટ્ટી.
Quiddity, *n.* (ક્વિ'ડિટી) Essence. તત્ત્વ.
Quidnunc, *n.* (ક્વિ'ડ્નન્ક્) Gossip. ગપ્પીદાસ.
Quiescent, *a* (ક્વાએ'સન્ટ્) Inactive. શાંત; પ્રચ્છન્ન.
Quiet, *a.* (ક્વા'અટ્) Calm. શાન્ત Still. સ્થિર. —*n.* Tranquillity; repose. આરામ —*v.* To calm. શાંત કરવું.
Quietly, *ad.* (ક્વા'અટ્લી) Calmly. શાંતિથી.
Quietism, *n.* (ક્વા'અટિઝમ્) ઉદાસીનતા; અનાસક્તિ.
Quietude, *n.* (ક્વા'ઇટ્યુડ્) Tranquillity; rest. શાન્તિ; નિરાંત. [વિશ્રાંતિ.
Quietus, *n.* (ક્વા'ઇટસ્) Death. મોત. Repose.
Quill, *n.* (ક્વિલ્) Feather-pen. પીછાની કલમ; સીસોળીયું [ગોદડી. —*v.* તે કરવી.
Quilt, *n.* (ક્વિલ્ટ્) Thick cover for a bed. રજાઇ;
Quince, *a* (ક્વિન્સ્) A fruit. સફરજન. [કાયલીન.
Quinine, *n.* (ક્વિનિ'ન) A kind of medicine.
Quinquennial, *a.* (ક્વિન્ક્વે'નિઅલ્) Happening every five years. પંચવાર્ષિક.
Quinsy, *n.* (ક્વિ'ન્ઝી) Tonsilitis, કંઠમાળ.
Quintessence, *n.*(ક્વિન્ટે'સન્સ્) શુદ્ધસ્વરૂપ; સત્ત્વ.
Quip, *n.* (ક્વિપ્) Taunt; epigram. મહેણું; સૂત્ર.

Quire, *n.* (ક્વાયર્) 24 sheets of paper. દસ્તો; ઘા (કાગળનો).

Quirk, *n.* (કવર્ક્) ચટકો; લહેર.

Quit, *v.* (ક્વિટ્) To leave; forsake. છોડવું. —*a.* Clear; free. મોકળું છુટું.

Quite, *ad.* (ક્વાઇટ્) Entirely; wholly. તદ્દન.

Quittance, *n.* (ક્વિ'ટન્સ્) Repayment. દેવામાંથી છુટકારો; પતવણી. [for arrows. ભાથો

Quiver, *v.* (ક્વિ'વર્) Tremble. ધ્રુજવું. —*n.* Case

Quixotic, *a.* (ક્વિક્સૉ'ટિક્) Romantic. અદ્ભુત લક્ષણવાળું; અસંભવિત.

Quiz, *n.* (ક્વિઝ્) Riddle. કોયડો; ઉખાણો.

Quondam, *a* (ક્વૉ'ન્ડૅમ્) Former. આગલું.

Quorum, *n.* (ક્વો'રમ્) Necessary number of members for doing business. કાર્યસાધક સભ્ય-સંખ્યા; પૂરતી હાજરી.

Quota, *n.* (ક્વો'ટા) Share. ભાગ; હિસ્સો. [ટાંચણ.

Quotation, *n.* (ક્વટે'ઇશન્) Passage cited. ઉતારો;

Quote, *v.* (ક્વોઉટ્) To cite. બીજાનું લખેલું ઉતારવું, બોલવું.

Quoth, *v.* (ક્વોથ્) Said. કહ્યું. [ભાગાકાર; ભંજનફલ.

Quotient, *n.* (ક્વો'શન્ટ્) Result of a division.

R

R, (આર્) અંગ્રેજી મૂળાક્ષરનો અઢારમો અક્ષર; વ્યંજન.

Rabbi, *n.* (રૅ'બાઇ) Learned doctor. વિદ્વાન માણસ.

Rabbit, *n.* (રૅ'બિટ્) Hare. સસલું; શશક.

Rabble, *n.* (રૅ'બલ્) Disorderly crowd. તોફાની ટોળું.

Rabid, *a.* (રૅ બિડ્) Mad. દિવાનું; ઝનુની.

Race, *n.* (રેસ્) Lineage; community; trial of speed વંશ; જાત; શરત. —*v.* Run swiftly. શરત કરવી.

Race-course, *n.* (રે'ઇસ કોર્સ્) The ground on which races are run. શરતનું મેદાન.

Racial, *a.* (રે'ઇશલ્) જાતીય; કોમી.

Rack, *n.* (રૅક્) An engine of torture; extreme pain. રીબાવવાનું યંત્ર; ચોકઠું; અતિ વેદના. —*v.* To strain. તાણવું.

Racket, *n.* (રૅકિટ્) Clamour; bat used in tennis. ધાંધલ ટેનિસનું બૅટ; સ્કેઇટીંગની પાવડી.

Racy, *a* (રે'ઇસી) Characteristic લાક્ષણિક; તમતમું.

Radiance, *n.* (રે'ડિઅન્સ) Brightness; lustre. તેજ.

Radiant, *n.* (રે'ડિઅન્ટ્) Lustrous. તેજોમય.

Radiate, *v.* (રે'ડિઅટ્) To emit rays; shine. તેજ ફેલાવવું; પ્રકાશવું.

Radiation, *n.* (રેડિએ'ઇશન્) Light. પ્રકાશ; પ્રભાવર્તન.

Radical, *a.* (રૅ'ડિકલ્) Extreme. સમૂળગું; ઉદ્દામ. —*n.* Root of a word; extremist. મૂળ; ઉદ્દામ મતવાળો.

Radiator, *n.* (રે'ડિએટર) Body which emits rays of light heat etc. કિરણગરમી ફેલાવનાર.

Radio, *n.* (રે'ડિઓ) Wireless sound conductor.

Radish, *n.* (રૅ'ડિશ્) Pungent vegetable મૂળો.

Radium, *n.* (રે'ડિઅમ્) એક જાતની ધાતુ. [ત્રિજ્યા.

Radius, *n.* (રે'ડિઅસ્) Semi-diameter of a circle.

Raffle, *n.* (રૅ'ફલ્) Lottery. સોરટી.—*v.* પાસા નાખવા.

Raft, *n.* (રાફ્ટ્) Float. તરાપો; ત્રાપો.

Rafter, *n.* (રા'ફ્ટર્) Beam. વળી; મોભ.

Rag, *n* (રૅગ્) Torn cloth; frolic. ચીંથરૂં; મસ્તી. —*v* મસ્તી કરવી. [rough. ચીંથરેહાલ; ફાટેલાં; ખડબચડું.

Ragged, *a.* (રૅ'ગિડ) Dressed in tatters; torn;

Ragamuffin, *n.* (રૅ'ગમફિન) Mean fellow. ચીંથરેહાલ; રખડતો.

Rage, *n.* (રેઇજ) Anger; fury. ગુસ્સો. —*v.* be, make angry: be violent. ગુસ્સે થવું; ઉગ્ર, સખત થવું.

Raid, *n.* (રેઇડ્) Assault. હલ્લો. —*v.* To assault. હલ્લો કરવો

Rail, *n.* (રેઇલ્) Bar of wood or iron. સળીયો; ગજ. Metal iron bar. કઠેરો; પાટો. —*v.* Abuse; to censure. ગાળ દેવી.

Raillery, *n.* (રે'ઇલરી) મશ્કરી.
Railing, *n.* (રે'ઇલિંગ) Fence. કઠેરો; પાટા. Insult. અપમાન; ગાળ [લોઢાની સડક.
Railway, *n.* (રે'ઇલવે) Iron road for trains.
Raiment, *n.* (રે'ઇમન્ટ્) Dress. કપડાં; પોષાક.
Rain, *n.* (રેઇન્) Water falling from clouds. વરસાદ. —*v.* To pour down. વરસવું; વરસાવવું.
Rainbow, *n.* (રે'ઇનબો) Coloured bow in a rain-cloud. મેઘધનુષ.
Rainfall, *n.* (રે'ઇન ફૉલ્) Fall of rain વરસાદ.
Rainguage, *n.* (રેઇન ગેઇજ્) Instrument for measuring rain. fall. વરસાદ માપવાનું યંત્ર.
Rainy, *a.* (રેઇની) Wet વરસાદની.
Raise, *v.* (રેઇઝ્) Elevate. ઉંચું, ઉભું કરવું.
Raisin, *n.* (રે'ઇઝિન્) Dried grape. દરાખ.
Rake, *n.* (રેઇક્) પંજેટી; દુરાચારી —*v* છંછેડવું; આગળ પડવું; વળવું. [છટાદાર.
Rakish, *a.* (રે'ઇકિશ્) Lewd; smart લંપટ; બાંકું;
Rally, *n.* (રૅ'લી) Gathering સમેલન. *v.* To gather; pull up; jest ભેળા મળવું; સમતોલ કરવું; મશ્કરી કરવી.
Ram, *n.* (રૅમ્) Male sheep. ઘટો; મેષરાશિ. —*v.* Batter; fill. ફોડવું; ઠાંસવું. [સહેલ.
Ramble, *v. n.* (રૅ'મ્બલ્) Wander. ભટકવું; રખડપટ્ટી;

Ramify, *v.* (રૅમિફાય્) Branch out. ફાંટા પાડવા.
Ramification, *n.* (રૅમિફિકે'શન્) Net work. ફાંટા; ગુંચ.
Ramp, *v.* (રૅમ્પ્) પાછલે પગે ઉભા થવું.
Rampant, *a.* (રે'મ્પન્ટ્) Rising on hind legs; rank. પાછલા પગે ઉભેલું; ફાટી નીકળતું. [દિવાલ.
Rampart, *n.* (રૅ'મ્પાર્ટ્) Defensive mound કોટ;
Ramrod, *n.* (રે'મરૉડ્) તોપનો સળીયો; બંદુકનો ગજ. —*v.* ઠાંસવું.
Rancid, *a.* (રૅ'ન્સિડ્) Musty; putrid. ખોરૂં
Rancour, *n.* (રૅ'ન્કર્) Hatred. કીનો; દ્વેષ.
Rancorous, *a.* (રૅ'ન્કરસ્) Spiteful. કીનાખોર.
Random, *a.* (રૅ'ન્ડમ્) Indefinite; done without plan; aimless. નિરૂદ્દેશ; આડું અવળું.
Rang, *v.* (રૅન્ગ્) વાગ્યું; વગાડયું.
Range, *v.* (રેઇન્જ્) Arrange; roam. ગોઠવવું; રખડવું. —*n.* Reach; extent. પહોંચ; ટપ્પો.
Rank, *n.* (રૅન્ક્) Row; grade; line. હાર; ક્રમ; પદ્વી. —*a.* Gross. ખરાબ; અતિશય. —*v.* To arrange in rows. હારબંધ ગોઠવવું. Classify. વર્ગીકરણ કરવું. To belong to a class. અમુક વર્ગમાં લેખાવું.
Rankle, *v.* (રૅ'ન્કલ્) Cause pain. ચણચણવું; દુઃખવું.
Ransack, *v.* (રે'ન્સૅક્)Search; plunder. ખોળવું; લુટવું.

Ransom, *n.* (રૅન્સમ્) Price paid for release. મુક્તિદંડ; છુટકારો. —*v.* To redeem. છોડાવવું. [કરવી.
Rant, *n.* (રૅન્ટ્) Raving. બડબડાટ —*v.* બડી વાતો
Rap. *n.* (રૅપ્) Quick smart blow; knock. ટકોરો. —*v.* Strike with a blow. ટકોરો મારવો.
Rapacious, *n.* (રપે'શસ્) Greedy; given to plunder લૂટફાટ કરતું; લોભી
Rapacity, *n.* (રપૅ'સિટી) Greediness. લુટારાપણું.
Rape, *n* (રેઇપ્)Forcible violation of chastity. બળાત્કાર —*v.* બળાત્કાર કરવો.
Rapid, *a.* (રૅ'પિડ્) Speedy; fast. ઝડપદાર.
Rapidity, *n.* (રપિ'ડિટી) Swiftness. ઉતાવળ; વેગ.
Rapier. *n.* (રે'પિઅર્) A light sword. બરછી; કટાક્ષ.
Rapin, *n.* (રૅ'પિન્) Plunder. લુટ. [પુનર્વ્યવસ્થા.
Rapprochement, *n.* (રે'પ્રૉશમાં) સમાધાની;
Rapt, *a.* (રૅપ્ટ્) Transported. મગ્ન; ગરકાવ
Rapture, *n.* (રૅ'પ્ચર્) Extreme joy. હર્ષ.
Rapturous, *a.* (રૅ'પ્ચરસ) Very joyous. હર્ષઘેલું.
Rare, *a.* (રેઅર્) Unusual; scarce. અસાધારણ; દુર્લભ.
Rarely. *adv.* (રે'અર્લી) Seldom. ભાગ્યેજ. [કરવું.
Rarefy, *v.* (રે'રિફાય્) Make thin. પાતળું, સૂક્ષ્મ
Rarity, *n.* (રે'રિટી) Thinness; uncommoness. સૂક્ષ્મતા; વિરલતા.

Rascal, *n.* (રા'સ્કલ) Rogue. હરામખોર; લુચ્ચો.
Rascality, *n.* (રૅસ્કૅ'લિટી) Conduct of a rascal. હરામખોરી.
Rase, *v.* (રેઇઝ઼) Erase. જમીનદોસ્ત કરવું; રદ કરવું.
Rash, *a.* (રૅશ) Thoughtless; hasty. અવિચારી. —*n.* ફોલ્લો; અળાઈ.
Rasp, *v.* (રાસ્પ) Scrape. ઘસવું. *n.* File. કાનસ.
Raspberry, *n.* (રા'ઝ઼બરી) રાઝબેરી ફળ, શરબત.
Rat, *n.* (રૅટ) Mouse. ઉંદર.
Ratable, *a.* (રે'ઇટબલ) Liable to taxation. કર નાખવા જેવું, જેટલું.
Rate, *n.* (રેઇટ) Standard tax; price. દર; ભાવ; કરની આંકણી —*v.* To chide angrily. ધમકાવવું. Value. આંકણી કરવી.
Rather, *adv.* (રા'ધર) A little; preferably. [જરા; વધારે ખુશીથી.
Ratification, *n.* (રૅટિફિકે'ઇશન) Sanction. મંજુરી; બહાલી.
Ratify, *v.* (રૅ'ટિફાય) Confirm; sanction. મંજૂર [રાખવું.
Ratio, *n.* (રે'શિઓ) Relation of quantities. પરિમાણ; પ્રમાણ.
Ration, *n.* (રે'ઇશન) Allowance ef food. ભથ્થું.
Rational, *a.* (રૅ'શનલ) Able to think; wise. વિચારવંત.

Rationality, *n.* (રૅશનૅ'લિટી) Reasonableness. વિચારશક્તિ. [મારવાનું ઝેર.
Ratsbane, *n.* (રૅ'ટ્સ્બેઇન) Poison for rats. ઉંદર
Rattle, *v.* (રૅ'ટલ્) To chatter; sound. લવારો કરવો; ખડખડવું. *n.* Rapid and noisy talk; a number of sharp quick sounds; a toy. લવારી; ખખડાટ; ઘુઘરો.
Ravage, *v.* (રૅ'વિજ્) Devastate; lay waste. ઉજાડ, પાયમાલ કરવું. —*n.* નાશ.
Rave, *v.* (રૅઇવ્) Talk wildly. લવારો કરવો.
Ravel, *v.* (રૅ'વલ્) Disentangle. ગુંચ ઉકેલવી. (2) Entangle. ગુંચ કરવી. *n.* ગુંચ. [upon. શિકાર કરવો.
Raven, *n.* (રે'ઇવન્) Crow. કાગડો. *v.* To prey
Ravenous, *a.* (રૅ'વનસ્) Voracious. ખાઉધરૂં.
Ravine, *n.* (રવી'ન્) Gorge; defile. ખીણ; કોતર.
Ravish, *v.* (રૅ'વિશ્) Do violence; enrapture. બળાત્કાર કરવો; હર્ષઘેલું કરવું.
Ravishment, *n.* (રૅ'વિશમન્ટ) Capture by force. હરણ, બળાત્કાર. [ભવી; કાચું.
Raw, *a.* (રૉ) Unripe; inexperienced. બીનઅનુ-
Ray, *n.* (રે) Beam કિરણ. [નાખવું.
Raze, *v.*(રેઇઝ્) Demolish. જમીનદોસ્ત કરવું; ભૂંસી
Razor, *n.* (રે'ઇઝર) Instrument for shaving, અસ્ત્રો; સજૈયો.

Reach *v.* (રીચ્) Arrive at; to extend. પહોંચવું; લંબાવવું. *n.* Range. પહોંચ.

React, *v.* (રીઍ'ક્ટ્) Act one upon the other. પ્રત્યાઘાત થવો; અસર થવી. [અસર.

Reaction, *n.* (રીઍ'કશન) Reacting. પ્રત્યાઘાત;

Read, *v.* (રીડ્) Peruse; study; interpret. વાંચવું; ઉકેલવું; સમજવું.

Reader, *n.* (રી'ડર્) One that reads; reading book. વાંચનાર; વાંચવાની ચોપડી. [એવું; વાંચવા જેવું.

Readable, *a.* (રી'ડબલ્) Legible. વાંચી શકાય

Readiness, *a.* (રે'ડિનિસ્) Willingness; prepared state. તૈયારી. [સમજ.

Reading, *n.* (રી'ડિંગ્) Perusal. અભ્યાસ; પાઠાન્તર;

Readjust, *v.* (રીઅડજ'સ્ટ) To adjust again. ફરીથી ગોઠવવું; બંધબેસતું કરવું.

Readmission, *n.*(રીઅડમિ'શન) Second admission ફરીથી દાખલ થવું, કરવું તે.

Ready, *a.* (રે'ડી) Prepared. તૈયાર; સજ્જ.

Ready-reckoner, *n.* (રેડીરે'કનર્) જંત્રી.

Ready-witted, *a.* (રેડીવિ'ટિડ્) Witty. હાજરજવાબી. [hand. તૈયાર.

Readymade, *a.* (રેડીમેઇડ્) Prepared before-

Real, *a.* (રી'અલ્) Actual; true ખરેખરું; સત્ય.

Reality, *n.* (રીઍ'લિટી) Truth. સત્ય.

Realize, *v.* (રી'અલાઇઝ્)Experience; get.અનુભવ, સાક્ષાત્કાર; કરવો; સમજવું; મેળવવુ.

Realization, *n.* (રીઅલાયૂઝે'ઇશન્) Act of realizing. સફ્ળતા; પ્રાપ્તિ; સાક્ષાત્કાર; જ્ઞાન.

Realm, *n.* (રેલ્મ્) Domain. રાજ્ય, પ્રદેશ.

Ream,*v.*(રીમ્)Twenty quires. વીશ ઘા, દસ્તા (કાગળ)

Reap, *v.* (રીપ્) Cut grain wfth a sickle; get.લણવું.

Reaper, *n.* (રી'પર્) Person cutting corn. કાપણી કરનાર.

Reappear. *v.* (રીઅપી'ર્) To appear again. [પાછું દેખાવું.

Rear, *v.* (રીર્) Raise; bring up. ઉંચું કરવું; ઉછેરવું. —*n* Back part. પાછળનો ભાગ.

Rear-guard, *n.* (રી'અરગાર્ડ) The body that marches in the rear. પાછળની ટુકડી.

Rearrange, *v.* (રીઅરે'ઇન્જ) To arrange again. ફરીથી ગોઠવવું.

Reason, *n.* (રી'ઝન્) Faculty of judging; cause. [બુદ્ધિ; કારણ.

Reasonable, *a.* (રીઝનબલ) Sensible; just ડાહ્યું; ન્યાયી; વ્યાજબી.

Reassure, *v.* (રીઅશૂ'ર્) Convince; comfort. [ખાત્રી કરવી; દિલાસો આપવો.

Rebate, *n.*(રીબે'ઇટ્)Allowance; discount. વળતર. —*v.* To diminish. કમી કરવું.

Rebel, *n.* (રે'બલ્) બંડખોર. —*a.* Rebellious. ફિતુરી. —*v.* (રિબે'લ્) To revolt. બળવો કરવો.

Rebellion, *n.* (રીબે'લ્યન્) Revolt; opposition to government. હુલ્લડ; બંડ.

Rebellious, *a.* (રીબે'લિઅસ્)Resisting. હુલ્લડખોર.

Rebound, *v.* (રીબા'ઉન્ડ્) Spring back. પાછું ઉછળવું. —*n.* પ્રત્યાઘાત.

Rebuff, *n.* (રીબ'ફ્) Sudden check; repulse. અટકાવ; ધક્કો —*v.* To check. પ્રતિકાર કરવો. [ઠપકો.

Rebuke, *v. n.* (રીબ્યૂ'ક્) Reproach. ઠપકો દેવો;

Rebut, *v.* (રીબ'ટ્) To repel. ઇન્કાર કરવો; તોડવું.

Recall, *n.* (રીકૉ'લ) પાછું બોલાવી લેવું તે. —*v.* Summon back; remember. બોલાવી લેવું; યાદ કરવું.

Recant, *v.* (રીકૅ'ન્ટ્) Withdraw. પાછું ખેંચી લેવું.

Recapitulate, *v.* (રીકપિ'ચ્યુલેઇટ્) To summarize. સાર આપવો. [પકડવું.

Recapture, *v.* (રીકૅ'પ્ચર્) To retake. ફરીથી

Savage, *n*. (સૅ'વિજ્) Barbarian જંગલી માણસ. *a*. Uncivilised; merciless જંગલી; નિર્દય.
Savant, *n*. (સૅ'વાં) Man of learning. પંડિત.
Save, *v*. (સે'હવ્) Protect; reserve. બચાવવું. *prep*. or *conj*. Except. સિવાય.
Saving, *n*. (સે'હવિંગ્) Money saved. બચત. —*a*. Frugal કરકસરિયું. [બચાવનાર.
Saviour, *n* (સે'વ્યર્)Redeemer; Christ ઉદ્ધારક;
Savour, *n*. (સે'હવર્) Taste; smell, સોરમ; સ્વાદ. —*v*. To taste. વાસ હોવી.
Savoury, *a*. (સૅ'વરી) Pleasing to taste. લ્હેજતદાર.
Saw, *v*. (સૉ) જોયું. *n* Instrument to cut wood; saying કરવત; કહેવત. [વેગણીયો.
Sawyer, *n*. (સૉ'યર્) One who saws wood;
Say, *v* (સે) Utter; recite; affirm. કહેવું; બોલવું. —*n*. That which is said. બોલવાનું.
Saying, *n*. (સે'ઈંગ્) Proverb; maxim. કહેવત.
Scab, *n*. (સ્કૅબ્) Crust over sore. ભીંગડું; ખુજલી.
Scabby, *a*. (સ્કૅ'બી)Covered with scabs. ભીંગડાવાળું.
Scabies, *n*. (સ્કેબિઝ્) ખુજલી.
Scabbard, *n*. (સ્કૅ'બર્ડ્) Sheath of a sword. મ્યાન.
Scaffold, *n*. (સ્કૅ'ફલ્ડ્) Stage for execution of

a criminal. ફાંસીનો માંચડો.-ing, n. પાલખ. [દાઝવું.
Scald, v. (સ્કૉલ્ડ્) Burn with liquid. પ્રવાહીથી ધગવું.
Scale, n. (સ્કેઇલ્) Dish of a balanee; ladder; gradation: thin crust. ત્રાજવું; સીડી; દાદર; પાયરી; ક્રમ; પડળ; પડ. — v. To climb. ચઢવું. To weigh. વજન કરવું, થવું.
Scaly, a. (સ્કે'ઇલી) ભીંગડાંવાળું. [વિષમકોણુ.
Scalene, a. (સ્કલી'ન્) With sides unequal.
Scalp, n. (સ્કૅલ્પ્) Skin of head. માથાની ખાલ.
Scamp, n. (સ્કૅમ્પ્) Rogue; rascal. બદમાશ -v. બેદરકારીથી કામ કરવું. [નાસવું; દોટ.
Scamper, v. n. (સ્કૅ'મ્પર્) Run પલાયન કરવું;
Scan, v. (સ્કૅન્) Read the metre; to examine closely. માત્રા ગણવી; બારીકીથી તપાસવું.
Scansion, n. (સ્કૅ'ન્શન્) માત્રા, ગણ પરીક્ષા.
Scandal, n. (સ્કૅ'ન્ડલ્) Censure; disgrace. કલંક; આરોપ; બદનામી. [લગાડવી.
Scandalize, v. (સ્કૅ'ન્ડલાઇઝ્) Disgrace. એબ
Scandalous, a. (સ્કૅ'ન્ડલસ્) Disgraceful. શરમભર્યું.
Scant, a. (સ્કૅન્ટ્) Deficient; not full. કમતી; થોડુંજ.
Scanty, a. (સ્કૅ'ન્ટી) Scarcely enough. કમતી; ઓછું.
Scape-goat, n. (સ્કે'ઇપ્ગોટ્) બીજાનાં પાપ. દોષ વહોરનાર; હોળીનું નાળીયેર.

Scape-grace, *n.* (સ્કે'ઇપ્ગ્રેઇસ્) A reckless fellow વંઠી ગએલો, ઢંગ વગરનો માણસ.
Scar, *n.* (સ્કાર્) Mark of a wound. ડાઘ; એબ.
Scarce, *a* (સ્કે'અર્સ્)Scanty; rare. થોડું; અછતવાળું.
Scarcely, *adv.* (સ્કે'અર્સ્લી) Hardly. ભાગ્યેજ.
Scarcity, *n* (સ્કે'અસિટી) Deficiency; want. અછત.
Scare, *v.* (સ્કેઅર્) Terrify. બીવરાવવું. *n.* Panic. ભડક. [crows. ચાડીઓ; ભૂત.
Scare-crow, *n.* (સ્કે'અરૂક્રો) Thing to frighten
Scarf, *n* (સ્કાર્ફ) Loose covering of cloth. ખેસ; ઓઢણી;
Scarlet, *a. n.* (સ્કા'ર્લેટ્) Deep red. લાલચટક.
Scathe, *v.* (સ્કેઇધ્) Injure. નુકશાન કરવું *n.* ઇજા.
Scatter, *v.* (સ્કૅ'ટર્) Strew about. વેરવું; વિખેરવું.
Scavenger, *n.* (સ્કૅ'વિન્જર્) Street cleaner. કચરો વાળનાર; ઢેડો. [રંગભૂમિ; દેખાવ; સ્થળ.
Scene, *n.* (સીન્) View; theatrical display; place.
Scenery, *n.* (સી'નરી) Painted representation. રચના; દશ્યો.
Scent, *n.* (સેન્ટ્) Smell; perfume. ગંધ; ખુશબો.
Sceptic, *n.* (સ્કે'પ્ટિક્) Infidel. સંશયાત્મા; નાસ્તિક.
Sceptre, *n.* (સે'પ્ટર્) Royal staff. રાજદંડ.
Sceptical, *a.* (સ્કે'પ્ટિકલ્) સંશયાત્મક.

Schedule, *n.* (શે'ડ્યુલ્) Statement; official list. યાદી. —*v.* તે કરવી.

Scheme, *n.* (સ્કીમ્) Plan; project. યોજના. —*v.* To plot. કાવત્રું કરવું. [તડું; ત્રુટ.

Schism, *n.* (સિઝમ્) Separation in a church.

Scholar, *n.* (સ્કૉ'લર્) Pupil; man of letters. નિશાળીઓ; શિષ્યવૃત્તિ મેળવતો વિદ્યાર્થી; સાક્ષર; વિદ્વાન.

Scholarly, *a.* (સ્કૉ'લર્લી) Becoming a learned man. સાક્ષરી.

Scholarship, *n.* (સ્કૉ'લર્શિપ્) Maintenance of a scholar. શિષ્યવૃત્તિ Erudition. સાક્ષરતા

Scholastic, *a* (સ્કલૅ'સ્ટિક્) Pertaining a school. શાળા, પંડિતના જેવું.

School, *n.* (સ્કૂલ્) Place for instruction; sect. નિશાળ; વિદ્યાલય. સંપ્રદાય. *v.* To instruct. કેળવવું.

Schooner, *n.* (સ્કૂ'નર્) Two masted vessel. વહાણ.

Sciatica, *n.* (સા'યૅટિકા) સાથળ તથા પગનો સંધિવા.

Science, *n.* (સા'યન્સ્) Knowledge. વિદ્યા; વિજ્ઞાન; કુશળતા.

Scientific, *a.* (સાય'ન્ટિફિક્) Systematic. શાસ્ત્રીય.

Scientist, *n.* (સા'યન્ટિસ્ટ્) One versed in science. વૈજ્ઞાનિક. [કટાર; નાની તલવાર.

Scimitar, *n.* (સિ'મિટર્) Short curved sword.

Scintillate, *v.* (સિ'ન્ટિલેઇટ્) To sparkle. ઝળકવું; તણખા ઝરવા. [વંશજ.
Scion, *n.* (સા'યન્) Shoot; descendant. ફણગો;
Scissors, *n.* (સિ'ઝર્સ) Small shears. કાતર; કેંચી.
Scoff, *v* (સ્કૉફ્) Mock; deride. હાંસી કરવી.
Scold, *v.* (સ્કોલ્ડ્) Rebuke, chide. ધમકાવવું. *n.* Shrew; brawl. વઢવાડ; કર્કશા; ટંટાખોર.
Sconce, *n* (સ્કૉન્સ્) વાલસિટ; ટોપ; દંડ. *v.* છુપાવવું.
Scoop, *v.* (સ્કૂપ્) Deep shovel. કડછો; તાવડો. —*v.* To dig or lade out. ખોદી, હલાવી કાઢવું.
Scope, *v.* (સ્કોઉપ્) Design; space ઇરાદો; અવકાશ.
Scorch, *v* (સ્કૉર્ચ) Heat; burn. તપાવવું; બાળવું.
Score, *n.* (સ્કોર્) Account; number of twenty. દાવ; હાથ; આંકો: આંકડો; વીશી —*v.* To gain points. ગુણ. રન લેવાં; હિસાબ નોંધવા.
Scorer, *n.* (સ્કો'રર્) રન નોંધનાર, લેનાર.
Scorn, *n.* (સ્કૉર્ન) Contempt. તિરસ્કાર. —*v.* To despise. ધિક્કારવું.
Scornful, *a.* (સ્કૉ'ર્નફુલ) Disdainful ધિક્કારભરેલું.
Scorpion, *n.* (સ્કૉ'ર્પિઅન્) Reptile; a sign of the zodiac વીંછી; ચાબુક; વૃશ્ચિક રાશિ. [રહીશ.
Scot, *n.* (સ્કૉટ્) Tax; Scotchman. કર; સ્કૉટલંડનો
Scotfree, *adv.* (સ્કૉ'ટફ્રી) Excused from pay-

ment; unhurt. વેરામાંથી ઉગરી ગયેલો; સલામત

Scotch, Scottish, *a.* (સ્કૉચ્, સ્કૉટિ'શ્) સ્કૉટલંડનું.

Scoundrel, *n.* (સ્કા'ઉન્ડ્રલ્) Villain. પાજી; બદમાશ

Scour, *v.* (સ્કાવર્) Cleanse; range. ઘસવું; ફરી વળવું.

Scourge, *n.* (સ્કર્જ) Whip; lash. કોરડો; ત્રાસ આપનાર; શિક્ષા. —*v.* To chastise. શિક્ષા કરવી.

Scout, *n.* (સ્કાઉટ્) બાલવીર; જાસુસ. —*v.* તપાસ રાખવી; તુચ્છકારવું. [ક્રોધમુદ્રા.

Scowl, *v. n.* (સ્કાઉલ્) Frown. ભવાં ચઢાવવાં;

Scramble, *v. n.* (સ્કૅ'મ્બલ્) Climb; struggle. ચઢવું; દરોડો પાડવો; દરોડો. [—*v.* કાઢી નાખવું લડવું.

Scrap, *n.* (સ્કૅપ્) Fragment. ટુકડો; ફકરો; કજીયો.

Scrape, *v.* (સ્કેપ્) Rub. ઘસવું માંડમાંડ ભેગું કરવું. —*n.* Rubbing; distress. છોલ; મુંઝવણ. [ધાર.

Scraper, *n.* (સ્કે'ઇપર્) Edge for cleaning. કોર;

Scratch, *v.* (સ્કૅચ્) To erase. ખણવું; ઘસડી કાઢવું. —*n.* Slight wound. ઉઝરડો; નખોરીયું.

Scrawl, *n* (સ્કૅાલ્) To write badly. ખરાબ રીતે લખી કાઢવું. —*n.* Bad writing. બેઢંગું લખાણ.

Scream, Screech, *n.* (સ્કીમ્, સ્કીચ્) Shrill cry. તીણી ચીસ. —*v.* To cry out. ચીચીં કરવું.

Screen, *v.* (સ્કીન્) Shield. બચાવવું; છુપાવવું. —*n.* Curtain. પડદો.

Screw, *n.* (સ્ક્રૂ) પેચ. —*v.* To twist round; to extort. સજ્જડ કરવું; પેચ ઘાલવો; ચડાવવું; નીચોવવું.
Scribble, *v.* (સ્ક્રિ'બલ્) Write carelessly. ચિતરી કાઢવું. —*n.* Careless writing. ગડબડીયું, નઝું લખાણ.
Scribbler, *n.* (સ્ક્રિ'બ્લર્) Careless writer. લેભાગુ લેખક.
Scribe, *n.* (સ્ક્રાઇબ્) Writer. કારકુન; લેખક. —*v.* લખવું. [ખેંચતાણ. *v.* તે કરવી.
Scrimmage, **Scru-**, *n.* (સ્ક્રિ'મિજ્) Tussle.
Script, *n.* (સ્ક્રિપ્ટ્) Type in form of written letters. લિપિ; અક્ષર; લેખ [શાસ્ત્ર.
Scripture, *n.* (સ્ક્રિ'પ્ચર્) Holy writing. ધર્મગ્રંથ;
Scriptural, *a.* (સ્ક્રિ'પ્ચુરલ્) According to scripture. શાસ્ત્રોક્ત. [કંઠમાળ.
Scrofula, *n.* (સ્ક્રૉ'ફ્યુલા) A kind of disease.
Scroll, *n.* (સ્ક્રોલ્) Roll. ભૂંગળું; વીંટો.
Scrotum, *n.* (સ્ક્રો'ટમ્) અંડકોશ.
Scrub, *v.* (સ્ક્રબ્) Rub hard. ઘસવું.
Scrubby, *a.* (સ્ક્ર'બી) Stunted; mean ઠીંગણું; નીચ.
Scruple, *n.* (સ્ક્રુ'પલ્) 20 drams; hesitation. ડ્રામનો ત્રીજો ભાગ; આચકો; ખટકો. —*v.* To hesitate. આનાકાની કરવી. [ચપાસીયું; કાળજીવાળું.
Scrupulous, *a.* (સ્ક્રુ'પ્યુલસ) Very careful.

Scrutinize, *v.* (સ્ક્રુ'ટિનાઇઝ્) Examine closely. ચોકસાઈ કરવી; બારીક રીતે તપાસવું.

Scrutiny, *n.* (સ્ક્રુ'ટિની) Close examination. તપાસ.

Scud, *v* (સ્કડ્) Run. તણાવું: ધસવું.

Scuffle, *n. v.* (સ્ક'ફલ્) Struggle. ઝપાઝપી; તે કરવી.

Scull, *n.* (સ્કલ્) Boat; oar. મછવો; હલેસું.

Scullery, *n.* (સ્ક'લરી) Back kitchen. રસોઇનાં વાસણ માટેની જગ્યા.

Sculptor, *n.* (સ્ક'લ્પ્ટર્) Engraver. શિલ્પી

Sculpture, *n.* (સ્ક'લ્પ્ચર્) Carving wood or stone. કોતરકામ.

Scum, *n* (સ્કમ્) Refuse. કચરો; ગળામણ.

Scurf, *n.* (સ્કર્ફ્) Dry scale; stain. ખોડો; ડાઘ.

Scurrilous, *a.* (સ્ક'રિલસ) Abusive; low. નિર્લજ્જ. નીચ. [નીચતા.

Scurrility, *n.* (સ્કરિ'લિટિ) Vulgar language.

Scurvy, *n.* (સ્ક'ર્વી) Disease of the blood મોં આવવાનો, ખોડાનો રોગ; રક્તપિત *a.* Mean હલકટ, નીચ.

Scutcheon, *n.* (સ્ક'ચન્) ઢાલ; તકતી

Scuttle, *v.* (સ્ક'ટલ્) Metal pan for coals. પહોળી છાબડી; બળીયું. —*v.* ડુબાડવું; નાસી જવું.

Scythe, *n.* (સાઇધ્) Instrument for mowing grass. દાતરડું. *v.* To cut with a scythe. કાપવું.

Sea, *n*. (સી) Body of salt water. દરિયો; સમુદ્ર.

Sea-faring, *n. a.* (સી'ફેઅરિંગ) Engaged in voyages. વહાણવટું, કરનાર.

Seagull, *n* (સી'ગલ્) ટીટોડી.

Seaplane, *n*. (સી'પ્લેઇન્) Aeroplane. પાણી તેમજ હવામાં ચાલતું એરોપ્લેન.

Seal, *n*. (સીલ્) Stamp; marine animal. મહોર; એક પ્રકારનું દરિયાઇ પ્રાણી. -*v*. To seal. મહોર મારવી.

Seam, *n*. (સીમ્) Joining of the two edges of cloth. સાંધો. —*v* સાંધવું.

Seaman, *n*. (સી'મન) Sailor. ખારવો. [દરજણ.

Seamstress, *n*. સી'મસ્ટ્રિસ્) Female who sews.

Seamster, *n*. (સી'મસ્ટર્) Tailor. દરજી. [બંદર.

Seaport, *n*. (સી'પોર્ટ્) Harbour on sea-coast.

Sear, *a*. (સીર્) Dry. સુકો. *v*. Wither. સુકવવું; બાળવું.

Search, *v*. (સર્ચ્) Explore; seek; try. શોધવું; તપાસવું. —*n*. Quest. શોધ. ખોળ; તપાસ.

Searching, *a*. (સ'ર્ચિંગ) Minute and careful. બારીક; સખત.

Sea-sick, *a*. (સી'સિક્) દરિયો ચડેલું.

Season, *n*. (સી'ઝન્) Part of the year; proper time. મોસમ; ઋતુ; સમય. —*v*. To prepare for use; give relish. મસાલો દેવો; માફકસર કરવું; મહાવરો પાડવો.

Seasonable, *a.* (સીʼઝનબલ્) In good time. સવેળાનું. [મસાલો.

Seasoning, *n.* (સીʼઝનિંગ્) That which seasons.

Seat, *n.* (સીટ્) Station; abode. બેઠક; રહેઠાણ. —*v.* To fix in a place. બેસાડવું.

Secede, *v.* (સિસીʼડ્) Withdraw. નોખા પડવું.

Seclude, *v.* (સિક્લૂʼડ) To retire. એકાંતવાસમાં લઈ જવું; જુદું રાખવું.

Seclusion, *n.* (સિક્લુʼઝન્) Solitude. એકાંતવાસ.

Second, *n.* (સેʼકન્ડ્) Assistant; 60th part of a minute. મદદનીશ; પળ.—*a.* Next to first બીજું. —*v.* To back. ટેકો આપવો. [ગૌણ; માધ્યમિક.

Secondary, *a* (સેʼકન્ડરી) Subordinate; inferior.

Secondhand, *n. a.* (સેʼકન્ડહૅન્ડ્) સેકન્ડનો કાંટો. Not new. વપરાએલું; બીજા પાસેથી મેળવેલું.

Secondsight, *n.* (સેʼકન્ડસાઇટ્) દિવ્યચક્ષુ; દીર્ઘદ્રષ્ટિ.

Secret, *a.* (સીʼક્રિટ્) Private; hidden. ખાનગી. ગૂઢ; એકાંત —*n.* Mystery. ભેદ. છાની વાત; રહસ્ય.

Secrecy, *n.* (સીʼક્રસી) Privacy; solitude. ગુપ્તપણું; છાનું રાખવું તે.

Secretary, *n.* (સેʼક્રિટરી) Correspondence officer. મંત્રી; દફતરી; પ્રધાન.

Secretaire. *n.* (સેʼક્રિટેઅર્) મરજીદાન.

Secretariate, *n.* (સેક્રિટે'રિઅટ્) The office of a secretary. સેક્રેટરીનો હોદ્દો, મંડળ. [કાઢવું.

Secrete, *v* (સિક્રી'ટ્) Hide; produce. સંતાડવું;

Secretion, *n.* (સીક્રી'શન્) Matter secreted. સ્રાવ.

Sect, *n.* (સેક્ટ્) Persons united in tenets. શાખા; પંથ.

Sectarian, *a.* (સેક્ટે'રિઅન્) સંપ્રદાયનું; પક્ષપાતી.

Section, *n.* (સે'ક્શન્) Divfsion; part cut off. પ્રકરણ; ભાગ; વિભાગ. [ઓજાર.

Sector, *n.* (સે'કટર્) વૃત્તખંડાભાસ; ખુણા માપવાનું

Secular, *a.* (સે'ક્યુલર્) Worldly. સંસારી.

Secure, *a.* (સિક્યૂ'ર્) Safe. નિર્ભય; સલામત. —*v.* To make safe. બરાબર કરવું, મેળવી લેવું.

Security, *n.* (સીક્યુ'રીટિ) Safety; pledge; bond. નિરાંત; સલામતી. બાંહેધરી; જામીનગીરી.

Sedate, *a.* *n.*(સિડે'ઇટ્) Calm; serious. ધીરૂં.

Sedative, *a. n.* (સે'ડટિવ) શાંતિકારક (દવા).

Sedentary, *a.* (સે'ડન્ટરી) Inactive. બેઠાખરૂં.

Sediment, *n.* (સે'ડિમન્ટ્) Dregs. કચરો; મેલ.

Sedition, *n.* (સીડિ'શન્) Agitation against government. રાજદ્રોહ; સરકાર સામું તોફાન [રાજદ્રોહી.

Seditious, *a.* (સીડિ'શસ્) Engaged in sedition.

Seduce, *v.* (સિડ્યુસ્) Lead astray. ખોટે રસ્તે ચઢાવવું; ભ્રષ્ટ કરવું; ભોળવી બગાડવું.

Seduction, *n.* (સિડ'ક્શન્) Enticement to evil. પાપ પ્રલોભન.

Seductive, *a.* (સિડ'ક્ટિવ્) મોહક [ખંતીલું.

Sedulous, *a.* (સે'ડ્યુલસ્) Diligent; laborious

See, *v.* (સી) Behold; to take care of; visit. જોવું; સમજવું; સંભાળ રાખવી; મળવું.

Seed *n.* (સીડ્) That which reproduces plants; offspring. બી; વીર્ય; ફરજંદ. —*v.* પાકવું; વાવવું.

Seediness, *n.* (સી'ડિનિસ્) ચીંથરેહાલ; નિર્વીર્યપણું.

Seedling, *n.* (સી'ડ્લિંગ્) રોપો. [કરવો.

Seek, *v.* (સીક્) Search for; strive. શોધવું; યત્ન

Seem *v.* (સીમ્) Appear. દેખાવું; લાગવું; ભાસવું.

Seemly, *a.* (સી'મ્લી) Becoming; decent. છાજતું; શોભતું.

Seer. *n.* (સીર્) Prophet. પેગંબર; ભવિષ્યવાદી.

See-saw, *n* (સી'સૉ) હીંચકો; હચરક દાંડીયો

Seethe, *v.* (સીધ્) Boil; be agitated. ઉકળવું; ક્ષુબ્ધ હોવું.

Segment, *n.* (સે'ગમન્ટ્) Portion. ખંડ; વૃત્તખંડ.

Segregate, *v.* (સી'ગ્રીગેઇટ્) Separate; set apart. જુદું રાખવું; અલગ રાખવું.

Seignior, *n.* (સેન્યર્) Lord. શેઠ; જાગીરદાર.

Seize, *v.* (સીઝ્) Catch; snatch; take possession.

પેકડવું; પડાવી લેવું; કબજો લેવો. [ફેકફરે.
Seizure, *n.* (સી'ઝ્યર) Seizing. કબજો; જપ્તી;
Seldom, *adv.* (સે'લ્ડમ્)Rarely; not often. ભાગ્યેજ.
Select, *v.* (સિલે'ક્ટ્) Choose; pick out. પસંદ કરવું. —*a.* Well chosen. પસંદ કરી લીધેલું.
Selection, *n.* (સિલે'ક્શન્) Choice. પસંદગી; ચુંટણી.
Self, *n.* (સેલ્ફ્) One's own person. પંડ; જાત; સ્વાર્થ. Same; very. તેજ; એકસરખું.
Self-control, *n.* (સેલ્ફ્-કન્ટ્રો'લ્) આત્મસંયમ.
Self-denial, *n.* (સેલ્ફ્ડિના'યલ્) Denial of personal gratification. સ્વાર્થત્યાગ; સંયમ.
Self-evident, *a.* (સેલ્ફ્એ'વિડન્ટ) Clear; plain; needing no proof. પ્રત્યક્ષ; સ્પષ્ટ. [rule. સ્વરાજ્ય.
Self-government, *n.* (સેલ્ફ્ગ'વર્નમન્ટ્) Home
Selfishness, *n.* (સે'લ્ફિશનિસ્) Care for self. સ્વાર્થ; એકલપેટાપણું. [self. સ્વાર્થી.
Selfish, *a.* (સે'લ્ફિશ્) Devoted solely to one's
Self-respect, *n.* (સેલ્ફ્રિસ્પે'ક્ટ્) Regard for one's character. સ્વમાન.
Self-same, *n.* (સે'લ્ફ્સેઇમ્) Identical. તેનું તેજ.
Salf-satisfied, *a.* (સેલ્ફ્સૅ'ટિસ્ફાઇડ્) Conceited. અભિમાની; અહંકારી.
Self-will, *n.* (સેલ્ફ્વિ'લ્) Obstinacy. હઠીલાઈ.

Sell, *v* (સેલ્) Transfer to another for money. વેચવું; વેચાવું. [પણું.

Semblance, *n*. (સેમ્બ્લન્સ્) Likeness. મળતા-

Semen, *n*. (સી'મેન્) Generative fluid of male. વીર્ય; ધાતુ; બી.

Semi, *pref*. (સે'મિ) Half; partly. અર્ધ; થોડુંઘણું.

Semicircle, *n*. (સે'મિસર્કલ્) Half circle. અર્ધવર્તુલ.

Semicolon, *n*.(સેમિકો'લન્) Point over comma. અર્ધવિરામ. [development. પાઠશાળા; વિકાસસ્થાન.

Seminary, *n*. (સે'મિનરી) College; place for

Seminate, *v*. (સે'મિનેઇટ્) Spread. રોપવું; ફેલાવવું.

Senate, *n*. (સે'નટ્) Council. નિયામક સભા.

Senator, *n*. (સે'નટર્) Member of a senate. નિયામક સભાનો સભાસદ.

Send, *v*. (સેન્ડ્) Dispatch. મોકલવું.

Send for, *v*. (સેન્ડફૉર્) તેડાવવું; મંગાવવું.

Seneschal, *n* (સે'નિશલ્) Steward. કારભારી.

Senility, *n* (સિનિ'લિટી) Weakness. ઘડપણ;અશક્તિ.

Senior, *a* (સી'નિઅર્)Older in age or standing. મોટેરું; ઉપરિ. —*n*. મોટેરું; ઉપરિ માણસ.

Seniority, *n*. (સીનિઑ'રિટી) Priority in age or office. મોટેરા, ઉપરિપણું.

Senna, *n*. (સે'ના) Leguminous plant. સોનામુખી.

Sensation, *n.* (સેન્સે'ઇશન્) Feeling; excitement. જ્ઞાન; લાગણી; સંક્ષોભ; સંવેદના.

Sensational, *a.* (સેન્સે'ઇશનલ્) સંવેદનાનું; ચકચાર-ભર્યું; સનસનાટી ફેલાવતું.

Sense, *n.* (સેન્સ) Understanding; opinion; meaning. ઇંદ્રિય, અક્કલ; સમજણ, મત, વિચાર, અર્થ.

Senseless, *a.* (સે'ન્સલિસ) Void of feeling or meaning; ignorant; stupid. ભાન, અર્થ વગરનું; મૂર્ખ.

Sensibility, *n.* (સેન્સિબિ'લિટી) Acutness of feeling. ભાન; લાગણીની તીવ્રતા.

Sensible, *a.* (સે'ન્સિબલ્) Perceptible to mind; wise. ઇન્દ્રિય ગ્રાહ્ય; ડાહ્યું.

Sensibly, *adv.* (સે'ન્સિબ્લી) With good sense; perceptibly. ડહાપણથી; ખબર પડે તેમ.

Sensuous, *a.* (સે'ન્સ્યુઅસ્) ઇંદ્રિયવિષયક.

Sensitive, *a.* (સે'ન્સિટિવ્) Having sense or feeling. સચેતન; તીવ્ર લાગણીવાળું. [વિષયી.

Sensual, *a.* (સે'ન્શુઅલ્) Carnal. ઇંદ્રિય સંબંધી;

Sensualism, *n.* (સે'ન્શુઅલિઝમ્) વિષયાસક્તિ.

Sensualist, *n* (સે'ન્શુઅલિસ્ટ્) One who is sensual. લંપટ; કામી

Sent, *v.* (સેન્ટ્) મોકલ્યું; મોકલેલું.

Sentence, *n.* (સે'ન્ટન્સ) Judgement; opinion;

saying. શિક્ષા; અભિપ્રાય; મત; વાક્ય.—*v.* To doom. સિક્ષા કરવી. [મામક; ડાહ્યુંડમરૂં.

Sententious, *a.* (સેન્ટે'ન્શસ્) Short and pithy.

Sentient, *a.* (સે'ન્શિઅન્ટ્) સચેતન. [લાગણી.

Sentiment. *n.* (સે'ન્ટિમન્ટ્) Feeling; opinion.

Sentimental, *a.* (સેન્ટિમે'ન્ટલ્) Full of sentiment. માયકાંકલું. [લાગણી.

Sentimentality, *n.* (સેન્ટિમેન્ટૅ'લિટી) માંદીયલ

Sentinel, *n.* (સે'ન્ટિનલ્) Guard. પહેરેગીર. પહેરો કરનાર.

Sentry, *n.* (સે'ન્ટ્રી) Soldier on guard. સંત્રી; ચોકી.

Sentrybox, *n.* (સે'ન્ટ્રીબૉક્સ્) A box to shelter a sentinel. ચોકીદારની ઓરડી.

Separate. *v.* (સે'પરેઇટ્) Divide; set apart. જુદું પાડવું, પડવું. —*a.* (સે'પરટ) Distinct. જુદું.

Separable, *a.* (સે'પરબલ્) છુટું પાડી શકાય એવું.

Separation, *n.* (સેપરે'ઇશન્) Setting apart; disunion; divorce. છુટું પડવું તેઃ વિયોગ; છુટાછેડા

Sepoy, *n.* (સી'પૉય્) Native soldier. સીપાઈ.

Septangular, *a.* (સેપ્ટૅ'ન્ગ્યુલર્) Having seven angles. સપ્તકોણ. [સપ્ટેમ્બર મહીનો.

September, *n.* (સપ્ટે'મ્બર્) Ninth month.

Septenary, *a.n.* (સે'પ્ટિનરી) Of seven. સાપ્તિક.

Septennial *a.* (સેપ્ટે'નિઅલ્) Happening once

in seven years. સપ્તવાર્ષિક. [સડો પેદા કરતું.
Septic, *a.* (સે'પ્ટિક્) Causing putrefaction.
Sepulchre, *n.* (સે'પલ્કર્) Tomb; grave કબર; ઘોર.
Sepulchral, *a* (સે'પલ્કલ્) Pertaining to a grave. ઘોર; ગમગીન.
Sequel, *n.* (સી'ક્વલ્) Result. પરિણામ; છેવટ.
Sequence, *n.* (સી'ક્વન્સ્) Order. ક્રમ.
Sequester, Sequestrate, *v.* (સિક્વે'સ્ટર સી'કિવસ્ટ્રેઇટ્) Separate. નોખું રાખવું; જપ્ત કરવું; એકાંત રહેવું.
Seraglio, *n.* (સરૅ'લ્યો) Harem. જનાનખાનું; અંતઃપુર.
Serai, *n.* (સરા'ઇ) Inn. મુસાફરખાનું. [ફિરસ્તો.
Seraph, *n.* (સે'રફ્) Angel of the highst rank.
Sere, *a.* (સીઅર્) Dry; withered સુકાએલું.
Serenade, *n.* (સેરિને'ઇડ્) આશકગીત. -*v.* તે ગાવું.
Serene, *a* (સિરી'ન્) Tranquil. શાંત; સ્વચ્છ.
Serf, *n.* (સર્ફ્) Slave. ખેતી કામમાં લગાવેલો ગુલામ.
Serfdom, *n.* (સ'ર્ફ્ડમ્) Servitude. દાસત્વ.
Serge, *n.* (સર્જ્) Thin woollen stuff. ગરમ કાપડ.
Serg(j)eant, *n.* (સા'ર્જન્ટ્) Non-commissoned officer. હવાલદાર; જમાદાર.
Serial, *a.* (સી'રિઅલ્) Consisting of a series. અનુક્રમવાર. *n.* Story coming out in parts. ક્રમ

Series, *n.* (સિરી'ઝ્) Set. પરિપાટી; હાર; શ્રેણી.
Serious, *a.* (સી'રિઅસ્) Solemn; grave. ગંભીર.
Sermon, *n.* (સ'ર્મન્) Homily. ઉપદેશ; વ્યાખ્યાન.
Serpent, *n.* (સ'ર્પન્ટ્) Snake; cunning person. સાપ: ઝેરીલું માણસ; સર્પાકાર ભુંગળું.
Serpentine, *a.* (સ'ર્પન્ટાઇન્) Like a serpent; winding. સર્પાકાર; વાંકુંચુંકું.
Seried, *a.* (સે'રિડ્) Compact. ઘટ્ટ; ખીચોખીચ.
Serum, *n.* (સી'રમ્) Thin part of blood. લોહીનો પાતળો અંશ.
Servant, *n.* (સ'ર્વન્ટ્) Person engaged to do household work; attendant. નોકર; સેવક.
Serve, *v.* (સર્વ્) Work for pay; worship; suit attend at meals. કામ, સેવા કરવી; ઉપયોગી થવું; પીરસવું; વહેંચવું.
Service, *n.* (સ'ર્વિસ) Employment; worship; benefit. નોકરી; પૂજા; ઉપયોગ; ખીજમત.
Serviceable, *a.* (સ'ર્વિસબલ્) Useful. ઉપયોગી.
Servile, *a* (સ'ર્વાઇલ્) Slavish; dependant. ગુલામી; પરવશ. [હજુરીયો; ગરીબ વિદ્યાર્થી.
Servitor, *n* (સ'ર્વિટર્) Servant; attendant.
Servitude, *n.* (સ'ર્વિટ્યુડ્) Slavery. ગુલામી; ચાકરી; વેઠ

Sesame, *n.* (સે'સમી) Kind of seed. તલ. Open sesame. ચાવી; કુંચી; જાદુઈ મંત્ર.
Session, *n.* (સે'શન્) Sitting. બેઠક.
Set, *v* (સેટ્) Place; fix firmly; adjust; regulate. મૂકવું; જડવું; બરાબર કરવું; જામવું. (2) Decline. આથમવું. *a.* નિયમિત; નિશ્ચિત: જામેલું. *n.* Group. ટોળી; સટ.
Set-off, *n.* (સેટ્ ઑ'ફ્) Decoration; counter claim. શણગાર; સામો દાવો. [ખૂણા માપવાનું ઓજાર.
Set-square, *n.* (સે'ટ સ્ક્વેઅર્)
Settle, *n* (સે'ટલ્) Make or be steady. નક્કી કરવું; નીમવું; પતાવવું.
Settlement, *v.* (સે'ટલમન્ટ્) Colony; liquidation; jointure. થાણું; સમાધાન; ફડચો; જીવાઈ.
Seven, *a.* (સે'વન્) સાત.
Seventy, *a.* (સે'વન્ટી) સીત્તેર.
Sever, *v.* (સે'વર્) Separate; part forcibly. જૂદું પડવું; નોખું પાડવું.
Several, *v.* (સે'વરલ્) Separate; more than two. [જૂદું જૂદું; અનેક.
Severally, *ad.* (સે'વરલી) Separately. એકએક.
Severe, *a* (સિવી'અર્) Strict; sharp. સખત; કઠોર.
Severity, *n.* (સિવે'રિટી) Strictness. સખતાઈ.
Sew, *v.* (સો) Join with thread. સીવવું.
Sewage, *n.* (સો'ઇજ્) Drainage. મોરી, ગટરનો

કચરો; ગટર કામે.

Sewer, *n.* (સો'અર્) Drain. મોરી; ગટર.

Sex, *n.* (સેક્સ્) Distinction between male and female. જાત; સ્ત્રી પુરૂષ ભેદ.

Sexton, *n.* (સે'ક્સ્ટન્) Grave digger. કબર ખોદનાર.

Sexual, *a.* (સે'ક્સ્યુઅલ્) Pertaining to sex. સ્ત્રી પુરૂષના ભેદ સંબંધીનું; જાતીય. [તુચ્છ.

Shabby, *a.* (શૅ'બી) Awkward; mean. બેડાળ;

Shackle, *v.* (શૅ'કલ્) To fetter; chain. બેડી ઠોકવી. *n.* Fetter; hindrance. વિઘ્ન; બંધન. *pl.* Hand cuffs.

Shade, *n.* (શેઇડ્) Shadow; obscurity; shelter; screen. છાયા; આશરો; છાંયડો; પડછાયો; ટોપ *v.* Obscure; screen from light. ઝાંખું પાડવું; છાયો કરવો.

Shadow, *n.* (શૅ'ડો) Shade within defined limits; phantom; પડછાયો; ઓળો; આભાસ. *v.* To shade; protect. છાયા, રક્ષણ કરવું.

Shadowy, *a.* (શૅ'ડોઇ) Shady; dark; gloomy; faint. અંધકારવાળું; ઝાંખું; કલ્પિત.

Shady, *a.* (શે'ઇડી) Under shade; dishonest; inferior. છાંયડાવાળું; કપટી; ઉતરતું.

Shaft, *n.* (શાફ્ટ્) Rod; arrow; ray; pole; passage. દાંડો; તીર; કિરણ; ઉધ; ધોરીયો; માર્ગ.

Shaggy, *a* (શૅ'ગી) Hairy. બરછટ-વાળવાળું.

Shake, *v.* (શેઇક્) Agitate; shover; tremble. હલાવવું; ધ્રુજવું. [મગદું; અસ્થિર.

Shaky, *a.* (શે'ઇકી) Unsteady; wavering. ડગ-

Shallow, *a.* (શૅ'લો) Not deep. છીછરૂં.

Shalt, *v.* (શૅલ્ટ્) તું હશે, થશેજ.

Sham, *a.* (શૅમ્) False. બનાવટી. –*n.* Pretence. ઢોંગ; પ્રપંચ; ઠગાઈ. –*v.* To pretend. છેતરવું.

Shamble, *v.* (શૅમ્બલ્) Shuffle ઢસડપસડ ચાલવું. *n. pl.* Slaughter-house; fish market. કસાઇખાનું; મચ્છી બજાર.

Shame, *n* (શેઇમ્) Disgrace. શરમ; લાજ, બેઆબરૂ. *v.* Disgrace. એબ લગાડવી, શરમાય તેમ કરવું.

Shameful, less, *a.* (શે'ઇમફુલ, લિસ્) Disgraceful. બેશરમ. [etc. ચંપી કરાવવી; ચંપી.

Shampoo, *v. n.* (શૅમ્પૂ') To rub the head,

Shape, *n.* (શેઇપ્) A model. આકૃતિ; ઘાટ. To mould આકાર ઘડવો. [રૂપાળું.

Shaply, *ad.* (શૅ'ઇપ્લિ) Pleasing in form. ડોળદાર;

Shapeless, *a.* (શે'ઇપલિસ્) Deformed. બેડોળ; નિરાકાર.

Share, *vt.* (શેઅર્) To divide in parts. ભાગ પાડવા. *n.* Part; plough iron. હિસ્સો; પાંતિ; હળનું ચવડું.

Share-holder, *n.* (શે'અરહોલ્ડર) One who

holds a share. ભાગીદાર. [ધુતારો; મોટી માછલી.
Shark, *n.* (શાર્ક્) A cheat; voracious fish.
Sharp, *a.* (શાર્પ્) Keen; acute; shrewd; quick. ધારવાળું; તીક્ષ્ણ; હુચ્ચું; ઝપટદાર.
Sharpen, *v.* (શા'ર્પન્) To make sharp. ધાર કાઢવી.
Sharper, *n.* (શા'ર્પર) Cheat. ઠગ; ધુતારો.
Sharpset, *a* (શાર્પસે'ટ્) Very hungry. બહુ ભૂખ્યું.
Shatter, *v.* (શૅ'ટર્) To break in pieces. ચુરેચુરા કરવો. —*pl.* *n.* Broken pieces. ટુકડા; ચુરા.
Shave, *v.* (શેહવ્) Clear off hair, etc ; to make smooth. હજામત કરવી; છોલ ઉતારવી.—*n.* હજામત; ઝાપટ.
Shaw, *n.* (શૅા) Thicket. ઝાડી.
Shawl, *n.* (શૅાલ) શાલ.
She, *pron.* *n.* *a.* (શી) તેણી; સ્ત્રી; માદા.
Sheaf, *n.* (શીફ્) A bundle. પુળો; ભારી.
Shear, *v.* (શીર્) To take off wool. ઉન કાતરવું. —*pl.* Large scissors. મોટી કાતર. [મ્યાન કરવું.
Sheath, *n.*(શીથ્) Scabbard. મ્યાન. *v.* **Sheathe**,
Shed, *n.* (શેડ્) Hut. ઝુંપડી; છાપરી.—*v.* Drop. પાડવું; ઉતારી નાખવું.
Sheen, *n.* (શીન્) Brightness. ચળકાટ; પ્રકાશ.
Sheep, *n.* (શીપ્) An animal. ઘેટું.
Sheep-run, ઘેટાં ચરવાનું ચોગાન. Sheep cot, fold.

ઘેટાં રાખવાના વાડો.

Sheepish, *a.* (શીપિશ્) Very bashful. શરમાળ.

Sheer, *a.* (શીર્) Mere. ફક્ત. —*ad.* Directly. બીલકુલ. —*v.* To turn aside. આડું જવું.

Sheet, *n.* (શીટ્) Cloth for bed; piece of paper. ચાદર; કાગળનું પાનું; તાવ —*v.* To cover. ઢાંકવું.

Shelf, *n.* (શેલ્ફ્) Board. અભરાઈ.

Shell, *n.* (શેલ્) છીપ; કોચલું.

Shellac, *n.* (શે'લૅક્) લાખ.

Shelter, *n.* (શે'લ્ટર્) Refuge; protection. આશરો. *v.* To protect. આશ્રય આપવો; સંતાડવું.

Shelve, *v.* (શેલ્વ્) Put on a shelf; lay aside. છાજલી પર મૂકવું; બાજુએ, મુલતવી રાખવું.

Shepherd, *n.* (શે'પર્ડ્) One who tends sheep. રબારી; ભરવાડ; ગોવાળ. [કોટવાળ.

Sheriff, *n.* (શે'રિફ્) County or city official.

Shield, *n.* (શીલ્ડ્) An armour for defence. ઢાલ. —*v.* To protect. બચાવવું.

Shift, *n.* (શિફ્ટ્) A change; contrivance; resource. ફેરફાર; ઉપાય. *v.* Move. ફેરબદલી કરવી.

Shilling, *n.* (શિ'લિંગ્) Twelve pence. બાર પેન્સ.

Shimmer, *v.* (શિ'મર્) To gleam. ચળકવું.

Shin, *n.* (શિન્) Fore part of the leg. પગનો નળો.

Shine, *n.* (શાઇન્) Brightness. ચળકાટ. *-v.* To give light; to be well known. પ્રકાશ આપવો; આગળ પડવું; ઝળકવું.
Shingle, *n.* (શિંગલ્) Thin board; loose stones. પાતળું પાતીયું; કાંકરા; બારીક કાપ. (સ્ત્રીના પાછલા વાળનો)
Shiny, *a.* (શાઇની) Bright પ્રકાશિત
Ship, *n.* (શિપ્) Large vessel. વહાણ. —*v.* To put on board. વહાણ પર માલ ચઢાવવો.
Ship-chandler, *n.* (શિપ્ચૅ'ન્ડલર) One that deals in canvas and other furniture of ships વહાણનો સામાન વેચનાર. [વહાણમાં સાથી.
Ship-mate, *n.* (શિપ્મેઇટ્) Fellow sailor.
Shipment, *n.* (શિ'પમન્ટ્) Act of shipping goods; such goods. વહાણનો માલ, ચઢાવવો તે.
Ship-wreck, *n.* (શિપરે'ક) The loss of a ship at sea; ruin. વહાણનો નાશ. [વહાણ બાંધનાર.
Ship-wright, *n.* (શિપ્-રાઇટ્) Ship-builder.
Shire, *n.* (શાયર્) County. મહાલ; પ્રગણું; પ્રાંત.
Shirk, *v.* (શર્ક્) To avoid duty. છટકી જવું.
Shirt, *n.* (શર્ટ્) Loose under-garment. ખમીસ; પહેરણ. [ચૂરા કરવા; ધ્રુજારો; કંપ.
Shiver, *v. n.* (શિ'વર્) To shatter; shudder.
Shoal, *n.* (શોલ્) A crowd of fishes; sand-bank

shelf. ટેળું; રેતીનો ખડક; દરિયામાં છાછરી જગ્યા.

Shock, *n.* (શૉક્) Sudden jerk, fear. આંચકો; આઘાત. *v.* To offend; alarm. આઘાત કરવો; ગભરાટમાં પાડવું.

Shocking, *n.* (શૉ'કિંગ્) Terrible; offensive. આઘાત ઉપજાવે એવું.

Shoe, *n.* (શુ) Covering for foot. જોડો; નાળ.

Shoeblack, *n.* (શૂ'બ્લૅક્) પાલીસ કરનારો.

Shoot, *n.* (શૂટ્) Sprout; branch. નાની ડાળી; ફણગો.—*v.* To dart; to discharge (arrow, etc.) હોડવું; તીર, ગોળી, મારવી. [જવું.

Shop, *n.* (શૉપ્) દુકાન; હાટ —*v.* માલ લેવા દુકાને

Shore, *n.* (શોર્) A coast. કિનારો.

Short, *a.* (શૉર્ટ્) Not long. સંક્ષિપ્ત; ટુંકું *n.* સાર.

Shortage, *n.* (શૉ'ર્ટિજ્) Deficiency. તંગાસ; ખોટ.

Shortcoming, *n.* (શૉ'ર્ટકમિંગ) Defect. ખામી.

Shorten, *v.* (શૉ'ર્ટન્) To lessen. કમી, ટુંકું કરવું.

Shot, *n.* (શૉટ્) Ball; bullet; conjecture. ગોળો; ગોળી; અનુમાન. Marksman. નિશાનબાજ. —*v.* ગોળી (તીર) મારી.

Should, *v.* (શુડ્) જોઇએ.

Shoulder, *n.* (શો'લ્ડર્) The joint which connects the arm and body. ખભો; ખાંધ. Put on the shoulder. ઉચકવું; માથે લેવું.

Shout, *n.* (શાઉટ્) Loud cry; applause. બૂમ; શોર; જયજયકાર. *v.* To cry. બૂમ પાડવી.

Shove, *v.* (શવ્) Push. હડસેલો મારવો. *n* Push. ધક્કો; હડસેલો.

[પાવડો. *v.* તેનાથી એકઠું કરવું.

Shovel, *n.* (શ'વલ્) Spade with broad blade.

Show, *v.* (શો) Exhibit; display. દેખાડવું; દેખાવું. *n.* Spectale; appearance; likeness. તમાશો; ખેલ, ડોળ; બહાનું; આભાસ.

Shower, *n.* (શા'વર્) Short fall of rain. માવઠું, ઝાપટું *v.* To rain. વૃષ્ટિ કરવી; વરસવું.

Showerbath, *n.* (શા'વરબાથ્) ધારાસ્નાન.

Showy, *a.* (શો'ઇ) Gaudy. ભપકાદાર; ડોળી.

Shred, *n.* (શ્રેડ્) Piece. કટકો; કાપલી. *v.* To cut in pieces. ટુકડા કરવા.

Shrew, *n.* (શ્રૂ) Scold. વઢકણી સ્ત્રી.

Shrewd, *a.* (શ્રૂડ્) Sagacious. ચતુર; પહોંચેલ.

Shrewish, *a.* (શ્રૂ'ઇશ) Peevish. વઢકણું.

Shriek, *n.* (શ્રીક્) Scream. ચીસ; કારમી બૂમ. —*v.* To scream. ચીસ પાડવી.

Shrill, *a.* (શ્રિલ્) Piercing. તીખી; તીક્ષ્ણ.

Shrine, *n.* (શ્રાઇન્) Sacred box or place. દેવળ; પવિત્ર સ્થાન. *v.* To enshrine. (પેટીમાં) પવિત્ર વસ્તુ મૂકવી.

Shrink, *v.* (શ્રિન્ક્) Shrivel, સંકોચાવું.

Shrive, *v.* (શ્રાઇવ્) પાપ નિવેદન સાંભળવું.
Shrivel, *v.* (શ્રિ'વલ્) Contract; withdraw. કરચલી વળવી; સંકોચાવું; આચકો ખાવો.
Shroud, *n.* (શ્રાઉડ્) Sheet for the dead. પ્રેત-વસ્ત્ર; કફન *a.* To dress for the grave. કફન ઓઢાડવું.
Shrub, *n.* (શ્રબ્) Bush. ઝાંખરું; ઝાડી. [ઉંચકવા.
Shrug, *n.* (શ્રગ્) મરડાટ; છણકો *v.* To draw up. ખભા
Shudder, *v.* (શ'ડર્) Tremble. ધ્રૂજવું. *n.* કંપારી.
Shuffle, *v.* (શ'ફલ્) Drag one's feet; mix up; shift: equivocate. પગ ઘસડવા; ચીપવું; ફેરબદલ કરવું; સંદિગ્ધ બોલવું.
Shun, *v.* (શન્) Avoid. થી દૂર રહેવું; છોડવું; વર્જવું.
Shunt, *v.* (શન્ટ્) To drive into a railway siding. બીજે પાટે ચઢાવવું.
Shut, *v.* (શટ્) Close; to bar. બંધ કરવું, વાસવું.
Shutter, *n.* (શ'ટર્) Window block. ફરેડી.
Shuttle, *n.* (શ'ટલ્) Weaver's instrument. સાળવી, વણકરનો કાંઠલો; ગરેડી; દડી.
Shuttlecock, *n.* (શ'ટલકૉક્) એક જાતની રમત.
Shy, *a.* (શાય્) Reserved; bashful. શરમાળ; ભડકતું. *v.* To start away. ભડકવું.
Sibilant, *n.a.* (સિ'બિલન્ટ્) Hissing. ઉષ્મ; સકારી.
Sibyl, *n.* (સિ'બિલ્) Prophetess. ભવિષ્ય કહેનાર સ્ત્રી.

Sic, *adv.* (સિક્) So; thus. એ, આ પ્રમાણે.
Sice, *n.* (સાઇસ્) છક્કો; છનો આંક.
Sick, *a.* (સિક્) Unwell; ill; confined; disgusted; pining. માંદું; સુવાવડી; ઉલટી, ચક્કર આવતું; કંટાળી ગએલું; ઝંખતું. [To disgust. કંટાળો આપવો.
Sicken, *v* (સિ'કન્) To fall sick. માંદું થવું.
Sickly, *a.* (સિ'ક્લિ) Ailing; feeble. રોગી; માંદું
Sickness, *n.* (સિ'કનિસ્) Disease મંદવાડ, રોગ.
Sickle, *n.* (સિ'કલ્) Reaping hook. દાતરડું.
Side, *n.* (સાઇડ્) Margin. બાજુ. Party. પક્ષ *a.* Lateral; indirect. એક બાજુનું.
Sidelong, *a.* (સા'ઇડ્લૉન્ગ) Oblique. ત્રાંસું; એક બાજુનું.
Sidereal, *a.* (સાઇડી'રિઅલ્) તારાનું, થી માપેલું.
Sideways, *ad.* (સા'ઇડ્વેઇઝ્) On one side એક બાજુએ
Siding, *n.* (સા'ઇડિંગ) Branch of main line. ફાંટો
Sidle, *v.* (સાયડલ્) બાજુએ ચાલવું.
Siege, *n.* (સીજ્) Besetting a place. ઘેરો.
Sieve, *n.* (સીવ્) Utensil for sifting. ચારણી.
Sift, *v.* (સિફ્ટ્) Separate; scrutinize. ચાળવું; પૃથક્કરણ કરવું. [*n.* Deep breath. નિઃશ્વાસ.
Sigh, *v.* (સાય્) To breathe deeply. નિસાસો નાંખવો.
Sight, *n.* (સાઇટ્) Perception; view, દૃષ્ટિ; દેખાવ; તમાશો. —*v.* See. જોવું.

Sightly, *a.* (સા'ઇટ્લી) Pleasing to the eye. સુંદર.
Sign, *n.* (સાઇન) Mark; token; proof. નિશાની; લક્ષણ; સંજ્ઞા; સાબિતિ. –*v.* To mark; write one's name. નિશાની કરવી; સહી કરવી.
Signal, *a.* (સિ'ગ્નલ્) Remarkable. જાણવાજોગ; નામીચું. –*n.* Sign giving notice. નિશાન, ઇશારત; સંકેત –*v.* નિશાનીથી જાહેર કરવું.
Signalize, *v.* (સિ'ગ્નલાઇઝ્) To make distinguished. પ્રખ્યાત કરવું.
Signatory, *n.* (સિ'ગ્નટરી) One who signs. સહી કરનાર
Signature, *n.* (સિ'ગ્નચર્) Signed name; mark. સહી; હસ્તાક્ષર; નિશાની.
Sign-board, *n.* (સા'ઇન્બૉર્ડ્) નામસૂચક પાટીયું.
Sign-post, *n.* (સા'ઇન્પોસ્ટ્) નામસુચક થાંભલો.
Signet, *n.* (સિ'ગ્નિટ્) Seal. મહોર; મુદ્રા
Significance, *n.* (સિગ્નિ'ફિકન્સ્) Meaning; importance. અર્થ; ભાવાર્થ; અગત્ય.
Significant, *a.* (સિગ્નિ'ફિકન્ટ્) Important. અગત્યનું; અર્થવાળું.
Signification, *n.* (સિગ્નિફિકે'ઇશન્) Import; meaning. અર્થ; ભાવાર્થ
Signify, *v.* (સિ'ગ્નિફાય્) Denote. સૂચવવું; કહી બતાવવું.
Silence, *n.* (સા'યલન્સ્) Stillnes. ચુપકી; શાંતિ. *v.* To still; appease. શાંત કરવું; બોલતું બંધ કરવું.
Silent, *a.* (સા'ઇલન્ટ્) Mute; quiet; still. મુંગું;

ચુપકીદીવાળું; અનુચ્ચારિત.

Silk, *n.* (સિલ્ક્) Silk-worm's thread રેશમ.

Silken, *a.* (સિ'લ્કન્) Made of silk. રેશમી

Silkmercer, *n.* (સિ'લ્ક્મર્સર્) Silk-merchant. રેશમી કાપડનો વેપારી

Silkworm, *n.* (સિ'લ્કવર્મ) The worm which spins silk threads. રેશમનો કીડો. [સુંવાળું.

Silky, *n.* (સિ'લ્કી) Smooth; glossy. રેશમ જેવું;

Sill, *n.* (સિલ્) Slab at bottom of window. બારીનો ઉંબરો. [બેવકુફ.

Silly, *a.* (સિ'લી) Foolish; simple. મૂર્ખાઇભર્યું;

Silliness. *n.* (સિ'લિનિસ્) Foolishness મૂર્ખતા.

Silt, *n.* (સિલ્ટ) Mud deposited from running water. કાંપ; કાદવ.

Si(y)lvan, *a.* (સિ'લ્વન્) Woody ઝાડીનું; જંગલનું.

Silver, *n.* (સિ'લ્વર્) A white metal. રૂપું: ચાંદી.

Silvery, *a* (સિ'લ્વરી) Like silver. રૂપેરી.

Silverleaf, *n.* (સિ'લ્વરલીફ્) રૂપેરી વરખ. [સરખું.

Similar, *a.* (સિ'મિલર્) Like; nearly the same.

Similarly, *ad.* (સિમિ'લર્લિ) In like manner. સરખી, તેવી રીતે.

Similarity, *n.*(સિમિલૅ'રિટી) Likeness. સરખાપણું.

Simile, *n*, (સિ'મિલી) Comparison, ઉપમા.

Similitude, *n.* (સિ'મિલિટ્યૂડ) Likeness. સરખાપણું; ઉપમા

Simmer, *v.* (સિ'મર્) Boil gently. સણુસણવું.

Simoom, (સિમૂ'મ) Hot desert wind. રણનો ગરમ પવન.

Simper, *v.* (સિ'મ્પર્) To smile foolishly. ડોળથી, મૂર્ખાઈથી હસવું; મલકાવું. *n.* Affected smile. મંદ હાસ્ય.

Simple, *a.* (સિ'મ્પલ્) Plain; weak-minded; honest. સાદું. Humble. સરલ; નમ્ર [ભોળો.

Simpleton, *n* (સિ'મ્પલ્ટન્) Silly person. મૂર્ખ;

Simplicity, *n.* (સિમ્પ્લિ'સિટી) Being simple; innocence. સાદાઈ; ભોળપણ. [સાદું રૂપ આપવું.

Simplify, *v.* (સિ'મ્પ્લિફાય્) To make simple.

Simply, *v. n.* (સિ'મ્પ્લી) In a simple manner; merely. કેવળ; ભોળપણથી.

Simulate, *v.* (સિ'મ્યુલેઇટ્) Feign. ડોળ ઘાલવો.

Simulation, *n* (સિમ્યુલે'ઇશન્)Hypocrisy.આડંબર.

Simultaneous, *a.* (સિમલ્ટે'નિઅસ્) Occurring at the same time. મિશ્ર; એકજ વખતનું; સમકાલીન.

Sin, *n.* (સિન્) Any wrong doing; neglect of duty. પાપ; અધર્મ. —*v.* To violate (law of God.) પાપ કરવું; ભંગ કરવો.

Since, *adv.* (સિન્સ્) From; after. ત્યારથી; પછીથી.

prep. દરમ્યાન; પછીથી. *conj.* ત્યારથી; કારણ કે.

Sincere, *a.* (સિન્સી'અર્) Pure; honest; real. શુદ્ધ; ખરા દિલનું.

Sincerity, *n.* (સિન્સે'રિટી) Honesty. શુદ્ધભાવ.

Sine, *n.* (સાઇન્) Straight line from one end of an arc. જયા; લંબરેખા. *prep.* (સા'ઇનિ) વિનાનું.

Sinecure, *n.* (સિ'નિક્યુર્) કામકાજ વગરની નોકરી.

Sinew, *n.* (સિ'ન્યુ) Nerve. સ્નાયુ; બલ. *pl.* મુખ્ય સાધન.

Sinewy, *a* (સિ'ન્યુઇ) Vigorous; active. જોરાવર.

Sing, *v.* (સિ'ન્ગ્) To utter musical sounds. ગાવું.

Sing-song, *a. n.* (સિ'ન્ગ્સૅાન્ગ્) ગાણા જેવું; તત્કાલ ગાણું. [દઝાડવું.

Singe, *v.* (સિન્જ્) Apply fire to. તપાવવું;

Single, *a* (સિ'ન્ગલ્) One only; unmarried. એકલું; છુટું; કુંવારું. *v.* Separate. તારવી કાઢવું.

Singular, *a.* (સિ'ન્ગ્યુલર) Strange; rare. વિચિત્ર; ખાસ *n. a.* (Namber) D enoting one person or thing એકવચન.

Singularity, *n.* (સિન્ગ્યુલૅ'રિટી) Peculiarity. ખાસીયત. [દુષ્ટ; અશુભ; ડાબું.

Sinister, *a.* (સિ'નિસ્ટર્) Evil; unlucky; left.

Sink, *v.* (સિન્ક્) Go down; subside. ડુબવું; ઉતરવું. *n.* Drain. મોરી; ખાળ; ગટર.

Sinuous, *a.* (સિ'ન્યુઅસ્) Crooked. વાંકુંચુંકું; વક્ર.
Sip, *v.* (સિપ્) Taste with lips. ઘુંટડે ઘુંટડે પીવું.
n. Slight taste. આચમન.
Siphon, *n.* (સા'યફન્) A bent tube. વાંકી નળી.
Sir, *n.* (સર્) Address of respect.; knight. સાહેબ; સર.
Sire, *n.* (સાયર્) Emperor; father; head of a family. મહારાજ; વડિલ; નર; સ્રષ્ટા [મોહિની; ભૂંગળું.
Siren, *n.* (સા'યૂરિન્) Sea-nymph. દરિયાઇ દેવી;
Sirius, *n.* (સિ'રિઅસ્) Dog-star. લુબ્ધક તારો.
Sirrah, *n.* (સિ'રા) Term of reproach. પાજી; લુચ્ચા ! [with sugar. શરબત; ચાસણી.
Si(y)rup, *n.* (સિ'રપ્) Vegetable juice boiled
Sister, *n.* (સિ'સ્ટર્) Female born of the same parents. બહેન, ભગિની. —*a.* સાથી; જોડીદાર.
Sisterhood, *n.* (સિ'સ્ટરહુડ્) Society of females. ભગિનીમંડળ. [ભાભી વગેરે.
Sister-in-law, *n.* (સિ'સ્ટરઇન્ લૉ) નણંદ; સાળી;
Sisterly, *a.* (સિ'સ્ટર્લી) Becoming a sister. બહેનના જેવું.
Sit, *v.* (સિટ્) Rest. બેસવું. [આસન.
Sitting, *n.* (સિ'ટિંગ્) Meeting; seat. બેઠક;
Site, *v.* (સાઇટ્) Situation. સ્થાન; જગા [આવેલું.
Situate(d), *a.* (સિ'ચ્યુએટ) Placed; located.

Situation, *n.* (સિચ્યુએ'શન્) Circumstances; post. સ્થિતિ; જગા.

Six, *a. n.* (સિક્સ્) છ. [છ ગણું.

Sixfold, *a* (સિ'ક્સ્ફોલ્ડ્) Six times as many.

Sixteen, *a* (સિક્સ્ટી'ન) સોળ.

Sixth, *a*, (સિ'ક્સ્થ્) છઠ્ઠું.

Sixty. *a* (સિ'ક્સ્ટી) સાઠ.

Size, *n.* (સાઇઝ્) Bulk; magnitude. કદ; પરિમાણ. Weak glue. એળ; પાતળો સરસ. —*v.* To cover with size. આર, એળ દેવો; ગોઠવવું; ફુલાવવું.

Skate, *v.* (સ્કેઇટ્) To slide with skates. બરફ પર સરકવું. —*n.* Sliding shoe. તે માટેની પાવડી.

Skein, *n.* (સ્કેઇન) Bundle of yarn. આંટલી.

Skeleton, *n* (સ્કે'લિટન્) Bones of animals; frame. હાડપિંજર; ખોખું.

Skeleton-key, *n.* (સ્કે'લિટનકી) ચોર કુંચી.

Sketch, *n.* (સ્કેચ્) Outline; rough draft. રૂપરેખા. *v.* To trace in outline. ખોખું દોરવું.

Sketchbook, *n.* (સ્કે'ચબુક્) ખરડાપોથી.

Skiff, *n.* (સ્કિફ્) Small light boat. હોડી.

Skill, *n.* (સ્કિલ્) Knowledge; cleverness. ચતુરાઈ; હોંશીયારી.

Skilful, *a.* (સ્કિ'લફુલ) Experienced; ચતુર; કાબેલ.

Skilled, *a.* (સ્કિ'લ્ડ) Having skill. ચતુર; પ્રવીણ.
Skim, *v.* (સ્કિમ્) Take cream off; glide, glance over. છારી, મલાઈ, તારણ કાઢવું; ઉપર ઉપરથી સરકવું, જોઈ જવું. [ચામડી; છાલ.
Skin, *n.* (સ્કિન) Covering of the flesh; bark.
Skindeep. *a.* (સ્કિનડીપ્) Superficial. ઉપરચોટીયું.
Skip, *v.* (સ્કિપ્) Leap; overlook; omit કુદવું; નજર ચૂક થવી; છોડી દેવું [કપ્તાન.
Skipper, *n.* (સ્કિ'પર) કુદનાર; વહાણનો માલીક;
Skirmish, *n* (સ્કર્મિશ્) Slight fight. ઝપાઝપી.
Skirt, *n.* (સ્કર્ટ્) Border; lower part of the gown. ઝુલ; પાલવ; સીમા; ચણીયો. *v.* સરહદ પર હોવું.
Skit, *n.* (સ્કિટ્) Satire. કટાક્ષકૃતિ. **Skittish**, *a* (સ્કિ'ટિશ્) અડપલાખોર
Skulk, *v.* (સ્કલ્ક્) Lurk; hide છુપાઈ બેસવું.
Skull, *n.* (સ્કલ્) Bone that incloses the brain. ખોપરી. [Weather. હવા.
Sky, *n.* (સ્કાય્) Natural region. આકાશ (2)
Skylight, *n.* (સ્કા'યલાઈટ્) Window in a roof. આકાશબારી.
Slab, *n.* (સ્લૅબ્) Thin flat piece પાટ; શિલા.
Slabber, *v.* (સ્લૅ'બર્) To make wet. લાળ પડવી; ઢોળવું.

Slabberer, *n.* (સ્લૅ'બરર્) An idiot. મૂર્ખો.
Slack, *a.* (સ્લૅક્) Slow; loose. મંદ; ગાફેલ.
Slacken, *v.* (સ્લૅ'કન્) To relax; loosen. ઢીલું કરવું; ગાફેલ રહેવું. [આળસ.
Slackness, *n.* (સ્લૅ'કનિસ્) Negligence. બેકાળજી;
Slake, *v.* (સ્લેઇક્) Satisfy. બુઝવવું; છિપાવવું; છુટું પાડવું. [કરવું.—*n* તેનો અવાજ.
Slam, *v.* (સ્લૅમ્) Shut with force. ધબોધબ બંધ
Slander, *v.* (સ્લા'ન્ડર્) Defame. બદનામી કરવી. —*n.* False report intended to hurt. ચાડીચુગલી.
Slanderous, *a.* (સ્લા'ન્ડરસ્) Defamatory. બદનામી કરતું. [વર્ગીય બોલી, શબ્દ.
Slang, *n.* (સ્લૅન્ગ્) Class language, word. ખાસ,
Slant, *a.* (સ્લાન્ટ્) Oblique. ત્રાંસું. *v.* To slope. ત્રાંસુ પડવું, કરવું.
Slap, *v.* (સ્લૅપ્) To strike with open hand. લપડાક મારવી. *n.* Blow with open hand. તમાચો; ઝપાટ.
Slash, *v.* (સ્લૅશ્) Cut sweepingly. ચીરા કરવા; ફટકારવું. *n.* Long cut. લાંબો કાપો; ચીરો.
Slate, *n.* (સ્લેઇટ્) Plate for writing or roofing. પાટી; તક્તી; પત્થરપાટી.—*v.* પાટી જડવી; સખત ઠપકો દેવો.
Slater, *n.* (સ્લે'ઇટર્) સલાટ.

Slattern, *n.* (સ્લૅ'ટન) An untidy and careless woman. ગંદી, ફુવડ સ્ત્રી.

Slaughter, *n.* (સ્લૉ'ટર) Massacre. કતલ.
v To take away life; kill. કતલ કરવી.

Slaughterhouse, *n.* (સ્લૉ'ટર્હાઉસ્) Place where animals are killed for food. કતલખાનું.

Slave, *n.* (સ્લેઇવ્) Bond-servant; drudge. ગુલામ; વૈતરો. *v.* વૈતરૂં કરવું. [પરાધીનતા.

Slavery, *n.* (સ્લે'ઇવરી) Bondage. ગુલામગીરી;

Slaver, *n.* (સ્લૅ'વર્) લાળ; થુંક *v.* તેનાથી બગડવું.

Slavish, *a.* (સ્લે'ઇવિશ્) Servile. ગુલામ જેવું.

Slay, *v.* (સ્લે) Kill. કાપી નાખવું.

Sledge, *n.* (સ્લેજ્) Carriage with runners for sliding over ice; large hammer. બરફ પર ચલાવવાની ગાડી; હથોડો. [ઓપદાર; ઉપરથી સારું.

Sleek, *a.* (સ્લીક્) Glossy; plausible. સુંવાળું;

Sleep, *v.* (સ્લીપ્) To rest; slumber. ઉંઘવું.
n. Slumber. ઉંઘ; નિદ્રા.

Sleeper, *n.* (સ્લી'પર્) One who sleeps; beam laid on ground. ઉંઘનાર; સલેપાટ.

Sleepy, *a.* (સ્લી'પી) Drowsy. ઉંઘણસી.

Sleet, *n.* (સ્લીટ્) Snow with rain. હિમવૃષ્ટિ. [બાંય.

Sleeve, *n.* (સ્લીવ્) Part of a garment for the arm.

Sleigh, *n.* (સ્લે) બરફ પર ચલાવવાની ગાડી.
Sleight, *n.* (સ્લાઈટ) Trick; quickness of action. ચાલાકી; પ્રપંચ.
Slender, *a.* (સ્લે'ન્ડર્) Thin; little પાતળું; જૂજ.
Sleuth, *n.* (સ્લૂથ્) Blood-hound શિકારી કુતરો; ડિટેક્ટિવ: પત્તો.
Slew, *v.* (સ્લૂ) Killed. કતલ કર્યું.
Sley, *n.* (સ્લે) વણકરની ફણી [into slices. કાપવું.
Slice, *n.* (સ્લાઈસ્) Piece કકડો; ચીર *v.* To cut
Slick, *adv.* (સ્લિક્) સડેડાટ; બરાબર.
Slide, *v* (સ્લાઈડ્) Slip. લપસવું. *n* કાચની ચિત્રપટી.
Slight, *a.* (સ્લાઈટ્) Slender; not much પાતળું; જૂજ. –*n.* Insult; contempt. તુચ્છકાર – *v.* To disregard. અપમાન કરવું. [બનવું
Slim, *a* (સ્લિમ્) Slender. પાતળું; જૂજ. —*v* પાતળું
Slime, *n.* (સ્લાઈમ્) Mud. કાદવ; કચરો.
Slimy, *a.* (સ્લા'ઈમી) Viscous. ચીકણું.
Sling, *n.* (સ્લિન્ગ્) Weapon for throwing stone; support. ગોફણ; ઝોળી; ગાળો *v* To hurl; suspend. ફેંકવું; લટકતું રાખવું. [છટકી જવું. *a.* પાતળું. *n* ચોર
Slink. *v.* (સ્લિન્ક્) Sneak; miscarry. લપાતું ફરવું;
Slip, *v.* (સ્લિપ્) Glide; err. લપસવું; સરકવું; સરકાવવું; ભૂલ કરવી. *n.* સરકવું તે; શરતચૂક; ચીર; કાપલી;

ઢોળાવ; ફાંસલો; વિકેટકીપરની પાછળ બાજુનો ફીલ્ડર; તે બાજુ.

Slipknot, *n.* (સ્લિપ્નૉટ્) Knot which slips along the rope. સરકીયું.

Slipper, *n.* (સ્લિ'પર્) Loose shoe. સપાટ; જોડો.

Slippery, *a* (સ્લિ'પરી) Hard to hold on; unstable. લપસી જવાય એવું; લપસણું.

Slipshod, *a.* (સ્લિ'પશૉડ્) Careless. ઢંગધડા વગરનું.

Slit, *v.* (સ્લિટ્) Cut lengthwise. લાંબા ચીરા કરવા. *n.* Narrow cut; rent. ચીર; ફાટ.

Sliver, *v.* (સ્લાઇવર્) To cleave. ચીરા કરવા. *n.* પુણી.

Slogan, *n.* (સ્લૉ'ગન્) War-cry. યુદ્ધનાદ.

Slop, *v.* (સ્લોપ્) Spill. ઢોળવું.—*n. pl.* મેલું પાણી; પીણું; લેંગો; તૈયાર કપડાં. [vity. ઢાળ.

Slope, *v* (સ્લોઉપ્) Be inclined. ઢળવું. *n.* Declivity. ઢાળ.

Sloppy, *a.* (સ્લૉ'પી) Wet ગંદું; ભીનું.

Slot *n.* (સ્લૉટ્) Groove. ફાટ; ખાંચ.

Sloth, *n* (સ્લોઉથ્) Laziness આળસ.

Slothful, *a.* (સ્લો'ઉથ્ફુલ્) Idle; lazy. એદી.

Slouch, *v.* (સ્લાઉચ્) Droop. નમવું; લથડવું. —*n.* વળાંક; હડફા ચાલ.

Slough, *n.* (સ્લાઉ) Muddy place. કાંપ; કાદવવાળી જગ્યા. —(સ્લફ્) Cast skin of a serpent. સાપ

કાંચળી; ખરી પડેલી વસ્તુ. [વગરનો પુરુષ.

Sloven, *n.* (સ્લ'વન્) Untidy man. ગંદો, ધડા

Slovenly, *a.* (સ્લ'વન્લી) Untidy. ઢંગ વગરનું. —*ad.* કઢંગી રીતે. [ધીમું; ઠંડું.

Slow, *a.* (સ્લો) Not quick; calm; inactive.

Slowly, *a.* (સ્લો'લી) In a slow manner. હળવેથી; ધીમેથી. [જડ માણસ.

Slow-coach, *n.* (સ્લો'કોચ) Slow person ધીમો,

Sloyd, *n.* (સ્લૅાઇડ્) સુતારી કામ (હાથ કેળવણી માટેનું).

Sluggard, *a.* (સ્લ'ગર્ડ્) Drone; slow and lazy person. એદી, પ્રમાદી માણસ.

Sluggish, *a.* (સ્લ'ગિશ્) Dull; lazy. જડ; સુસ્ત.

Sluice, *n.* (સ્લૂસ્) Water-gate; flood-gate. દરવાજો.

Slum, *n.* (સ્લમ્) Dirty street in a large city. ગરીબ, હલકટ મહોલ્લો, લતો. [ઉંઘવું.

Slumber, *n.* (સ્લ'મ્બર્) Sleep. ઉંઘ. —*v.* To sleep.

Slur, *v.* (સ્લર્) Disgrace. નામોશી લગાડવી. *n.* કલંક.

Slut, *n.* (સ્લટ્) Untidy woman. ફુવડ સ્ત્રી.

Sly, *a.* (સ્લાય્) Cunning; artful; crafty. લુચ્ચું.

Smack, *v.* (સ્મૅક્) Crack; taste. બચકારો, સપાટો બોલાવવો; સ્વાદ, સોરમવાળું હોવું. *n.* Crack; slap; taste. સડાકો; લપડાક; સ્વાદ. —**er**, *n.* મોટેથી ચુંબન, ફટકો;

Small, *a.* (સ્મૅાલ્) Petty; short. નાનું. [મોટો નમુનો.

Smallpox, *n.* (સ્મૉ'લપૉક્સ્) Contagious disease. શીળી; શીતળા. [*v* Pain. ચણચણવું.

Smart, *a.* (સ્માર્ટ્) Clever; sharp. ચાલાક; ઝપટદાર.

Smash, *v* (સ્મૅશ્) Dash to pieces. ચુરા કરવા. *n.* Sudden break. કચ્ચરઘાણ.

Smatter, *v.* (સ્મૅ'ટર્) Talk ignorantly. બરડવું; લવારો કરવો; ઉપરચોટીયું જ્ઞાન હોવું *n.* Superficial knowledge ઉપરચોટિયું જ્ઞાન. [માણસ.

Smatterer, *n.* (સ્મૅ'ટરર્) ઉપરચોટીયા જ્ઞાનવાળો

Smear, *v.* (સ્મીર્) Overspread; soil. લીપવું; બગાડવું.

Smell, *v.* (સ્મેલ્) Perceive by nose સુંઘવું. *n.* Scent. ગંધ.

Smelt, *v.* (સ્મેલ્ટ્) સુંઘ્યું

Smile, *v.* (સ્માઇલ્) Laugh slightly. મંદ હસવું; મહેરબાની કરવી. *n.* Look of pleasure. હાસ્ય

Smirk, *v.* (સ્મર્ક્) To smile affectedly. ઢોંગથી હસવું; મહેરબા ની દેખાડવી

Smite, *v.* (સ્માઇટ્) Strike. ફટકારવું; મોહ પમાડવો.

Smith, *n.* (સ્મિથ્) One who works in metals. લુહાર; સોની. —**ery**, *n.* તેનું કામ.

Smithy, *n.* (સ્મિ'થરી) Workshop of a smith. કારખાનું; લુહારની ભઠ્ઠી.

Smock-frock, *n.* (સ્મૉ'કફ્રૉક્) Outer garment

to keep others clean. બેડુનું કઠીઉં; કુરતો.
Smoke, *v.* (સ્મોઉક્) Emit smoke. ધુમાડો કાઢવો; બીડી પીવી *n.* Vapour from anything burning. ધુમાડો.
Smoker, *n* (સ્મો'કર્) તમાકુ પીનાર.
Smoky, *a.* (સ્મો'કી) ધુમાડાવાળું, જેવું.
Smooth, *a.* (સ્મૂથ) Even; calm; gentle. સુંવાળું; લીસું; શાંત; મધુર.
Smother, *v.* (સ્મ'ધર્) Be stifled. ગુંગળાવું; ધુંધવાવું.
Smoulder, *v.* (સ્મો'લ્ડર્) Burn without flame ધુંધવાવું. [હુંડાળું; વિલાસી.
Smudge, *v. n.* (સ્મજ્) Blur. છેકા (પાડવા).
Smug, *a.* (સ્મગ્) Self-satisfied; comfort-loving.
Smuggle, *v.* (સ્મ'ગલ્) Import without paying duty. જકાત આપ્યા વગર છુપી રીતે લાવવું; દાણચોરી કરવી
Smuggling, *n.* (સ્મ'ગ્લિંગ્) દાણચોરી.
Smut, *n* (સ્મટ્) Soot. મેશ; કાજળ. *a.* To stain. ડાઘ પાડવો.
Snail *n.* (સ્નેઈલ્) Slimy insect. ગોકળગાય.
Snack, *n* (સ્નૅક) Share; repast. ભાગ; નાસ્તો.
Snake, *n.* (સ્નેઈક્) Serpent. સાપ.
Snake-charmer, *n.* (સ્નેઇકચાર્મર્) ગારૂડી; મદારી.
Snap, *v.* (સ્નૅપ્) Break suddenly; let go with a click; photograph; catch; utter angrily.

ભટકવું; અવાજ સાથે જવા દેવું, બીડવું; તુર્ત ફોટો લેવો; ઝડપી લેવું; ડાચી ભરવી *n.* Sudden breaking. ફટકારો; છટક; ઝપટ.

Snappish, *a.* (સ્નૅપિશ્) Eager to bite; peevish. કરડકણું; ચીડીયું. [લીધેલી છબી.

Snapshot, *n.* (સ્નૅપશૉટ્) તાકયા વગરનો ઘા; એકદમ

Snare, *n.* (સ્નેઅર્) Trap. જાળ; ફાંદો. *v.* To ensnare. ફાંદામાં નાખવું.

Snarl, *v.* (સ્નાર્લ) Growl; speak angrily. ઘુરકવું; *n* Angry answer; knot ઘુરકી; ગાંઠ.

Snatch, *v.* (સ્નૅચ્) Seize hastily. ઝડપવું.

Sneak, *v.* (સ્નીક્) Steal away; act meanly સટકવું; નીચતાથી વર્તવું. *n.* Mean person ચોર; નીચ માણસ.

Sneer, *v.* (સ્નીર્) To jeer તિરસ્કારવું *n.* Scornful smile, remark. તિરસ્કાર; હાંસી; છણકો.

Sneeze, *v.* (સ્નીઝ્) To eject air involuntarily through nose. છીંક ખાવી. *n.* Act of sneezing. છીંક.

Snick, *v.* (સ્નિક્) To cut. કાપવું.

Sniff, *v* (સ્નિફ્) Smell; draw up in the nose. સુંઘવું; નાકનો અવાજ કરવો —**ffy**, *a.* તિરસ્કારવાળું; વાસ મારતું. [દોરજી.

Snip, *v. n.* (સ્નિપ્) Cut. વેતરી નાખવું; કાપલી;

Snob, *n.* (સ્નૉબ્) મોટાઇનો ડોળ ઘાલનાર; ખુશામતીયો.

Snooze, *v.* (સ્નૂઝ્) To doze. ઝોકું ખાવું.

Snore, *v.* (સ્નોર્) To breathe with noise in sleep. ઘોરવું; નસકોરાં બોલાવવાં.

Snort, *v.* (સ્નૉર્ટ્) To force air through nose; છીંકોટો મારવો. *n* હણહણાટ [લાંબું મોઢું, નાક; નાળચું.

Snout, *n.* (સ્નાઉટ્) Nose of beast; bend of a pipe.

Snow, *n.* (સ્નો) Frozen vapour. બરફ; હિમ *v.* To fall as snow. હિમ પડવો. [*n.* ગાંઠ

Snub, *v* (સ્નબ્) To nip; slight. બુઠ્ઠું કરવું; દબડાવવું:

Snubnose, *n.*(સ્નʼબનોઝ્) Flat nose.ચપટું,ચીબું નાક.

Snuff, *n.* (સ્નફ્) Burnt wick of a candle; powdered tobacco. મોગરો; તપખીર *v.* To trim; scent મોગરો કાપવો; સુંઘવું. [કાપવાની કાતર.

Snuffers, *n.* (સ્નʼફર્ઝ) Scissors. દીવાનો મોગરો

Snuffle, *v* (સ્નʼફલ્) To speak through the nose. નાક વાટે, ગુંગણું બોલવું. [સુખેથી:

Snug, *a.* (સ્નગ્) Close; comfortable લપાઈને;

So, *adv.* (સો) In that manner; thus. એમ; તેથી. *conj.* In case that. જો *-pron.* It. તે.*-int.* એમ

Soak, *v.* (સોક્) Drench. પલાળવું.

Soap, *n* (સોપ્) Compound of oil & alkali. સાબુ. *v.* To rub with soap; flatter. સાબુ લગાડવો; ખુશામત કરવી.

Soar, *v.* (સોર્) Fly up. ઉડવું; કલ્પવું.
Sob, *n.* (સૉબ્) To utter convulsively. ડુસકાં ભરવાં. *n.* Convulsive cry. ડુસકું.
Sober, *a.* (સો'ઉબર્) Grave; temperate; not drunk. દારૂ નહિ પીધેલ; ડાહ્યું; ગંભીર. [ભારેખમપણું.
Sobriety, *n.* (સબ્રા'ઇટિ) Steadiness. ડહાપણ;
Sobriquet, *n.* (સો'બ્રિકે) Nick-name. ઉપનામ; મશ્કરીનુ નામ.
Sociable, *a.* (સો'ઉશબલ્) Mixing. મિલનસાર.
Sociability, *n.* (સોઉશબિ'લિટી) Friendliness. મિલનસારપણું.
Social, *a* (સો'ઉશલ્) Of society. સામાજિક.
Socialism, *n.* (સો'શલિઝમ) Communism; the doctrine of a community of interest. સમાજવાદ.
Society, *n.*(સસા'ઇટિ) Fellowship. સમાજ; મંડળ.
Sock, *n.* (સૅક્) Short stocking. પગનું મોજું.
Socket, *n.* (સૉ'કિટ્) Place for a candle; receptacle. ખામણું; ખાકોરૂં.
Sod, *n.* (સૅાડ્) Turf. ઢેફું. [સોડાવૉટર.
Soda, *n.* (સો ઉડા) Oxide of sodium. ખારો; સંચોરો;
Sodden, *a.* (સૉ'ડન્) પીધેલું; લચકો; પલળેલું.
Sodomy, *n.* (સૉ'ડમી) અકુદરતી સંભોગ. **-mite**, *n.* તે કરનાર.

Sofa, *n.* (સો'ફ઼ા) Long cushioned seat. કોચ.
Soft, *a.* (સૉફ઼્ટ્) Smooth; mild. સુંવાળું; નરમ. ઢીલું; પોચું
Soften, *v.* (સૉ'ફ઼ન્) To make soft. નરમ કરવું.
Soggy, *a.* (સૉગી) પલળેલું.
Soil, *n.* (સૉઇલ્) Ground. જમીન; ખાતર. *v.* To make dirty; daub. મેલું કરવું. [મિજલસ.
Soiree, *n.* (સ્વા'રે) Evening party. સાંજની
Sojourn, *n.* (સ'જર્ન્) Temporary abode. વાસો. *v.* To dwell for a time. મુકામ કરવો
Solace, *n.* (સૉ'લસ્) Comfort. દિલાસો; સમાધાન. *v* Console; allay. દિલાસો દેવો; શાંત કરવું
Solar, *a.* (સો'લર્) Pertaining to the sun. સૂર્યનું.
Solder, *vt.* (સૉ'ડર્) To join metal. રેણ, ઝારણ દેવું. *n* Metallic cement. ઝાલણ; રેણ.
Soldier, *n.* (સો'લ્જર્) A warrior. લશ્કરી સિપાઈ.
Sole, *n.* (સોઉલ્) Under part of the foot; kind of fish. પગનું તળીયું; માછલી. *a.* Single; alone. એકલું; માત્ર.
Solemn, *a* (સૉ'લમ્) Grave; sacred. ગંભીર; પવિત્ર.
Solemnity, *n.* (સૉલે'મ્નિટી) Religious ceremony; seriousness. ધાર્મિક વિધિ; ગંભીરતા.
Solemnize, *v.* (સૉ'લમ્નાઇઝ્) To celebrate; make serious. વિધિ પ્રમાણે કરવું; ગંભીર બનાવવું.

Solicit, *vt.* (સલિ'સિટ્) To request. વિનંતિ કરવી
Solicitation, *n.* (સલિસિટે'શન્) Earnest request યાચના; અરજ. [સલાહકાર
Solicitor, *n.* (સલિ'સિટર્) Legal adviser. કાયદાનો
Solicitous, *a.* (સલિ'સિટસ્) Anxious; careful. ચિંતાયુક્ત; કાળજીવાળું [કાળજી.
Solicitude, *n.* (સલિ'સિટ્યુડ્) Anxiety. ચિંતા;
Solid, *a.* (સૉ'લિડ્) Firm; compact; healthy substantial. સંગીન; નક્કર; ભારે.
Solidify, *vt* (સ'લિડિફાઇ) Make solid સંગીન, કરવું.
Solidity, *n.* (સલિ ડિટિ) Hardness. નક્કરપણું.
Soliloquy, *n.* (સલિ'લકૂવિ) Talking to oneself. સ્વગત ભાષણ.
Soliloquize, *v.* (સલિ'લક્વાઇઝ્) સ્વગત બોલવું.
Solitary, *v.* (સૉ'લિટરિ) Lonely; retired; gloomy એકલું; એકાંત; ઉદાસ. *n.* એકાંતવાસી [એકાંત.
Solitude, *n* (સૉ'લિટ્યુડ્) Loneliness. એકાંતવાસ;
Solstice, *n.* (સૉ'લ્સ્ટિસ્) સૂર્યનો અયનકાલ.
Soluble, *a.* (સૉ'લ્યુબલ્) Dissolvable. પીગળે એવું.
Solution, *n* (સલ્યૂ'શન્) Answer. જવાબ; ઉકેલ. 2 Mixture મિશ્રણ; દ્રાવણ. [કરવો; સમાધાન કરવું.
Solve, *vt.* (સૉલ્વ્) To explain; unfold. ખુલાસો
Solvency, *n.* (સૉ'લ્વન્સિ) Ability to pay

debts. કરજ ફેડવાની શક્તિ; સધરતા.

Solvent, *a.* (સૉ'લવન્ટ) Dissolving; able to pay one's debt પદાર્થને પીગળાવે એવું; કરજ ફેડી શકે એવું.

Sombre, *a.* (સૉ'મ્બર) Gloomy; dark. ઉદાસ; ગંભીર; ઝાંખું.

Some, *a pron. adv.* (સમ્) Certain (persons or things); a little part; about. અમુક; કેટલાંક; થોડું; આશરે.

Somebody, *n.* (સ'મ્બડી) Person unknown. કોઇ માણસ. [ગમે તેમ કરીને.

Swell, *v.* (સ્વેલ્) To expand; to grow larger; be inflated સુજવું; ઉપસી આવવું. To heave. ઉછળવું.

Swelling. *n.* (સ્વે'લિંગ્) Protuberance. સોજો.

Swerve, *v* (સ્વર્વ્) To stray. આડું જવું.

Swift. *a.* (સ્વિફ્ટ્) Rapid. ઝડપદાર; ઉતાવળું.

Swiftly, *adv* (સ્વિ'ફ્ટ્લિ) Rapidly. વેગથી; સત્વર.

Swill. *v.* (સ્વિલ્) To drink; rinse. ઢીંચવું; સાફ; કોગળા કરવા.

Swim, *v.* (સ્વિમ્) To float તરવું.

Swindle, *n.* (સ્વિ'ન્ડલ્) To cheat. ધુતવું; ઠગવું. *n.* Fraud. છેતરપીંડી.

Swindler, *n.* (સ્વિ'ન્ડલર્) A cheat. ઠગારો.

Swine, *n.* (સ્વાઈન્) Pigs. સુવર; ભુંડરાં.

Swing, *v.* (સ્વિંગ્) To move to and fro. ઝુલવું; લટકવું. *n.* Waving motion, seat. હીંચકો. Active period. દોર; રંગ.

Swinge, *v.* (સ્વિન્જ્) To chastise. ખુબ મારવું.

Swingle, *n.* (સ્વિ'ન્ગલ્) પીંજણ.

Swirl, *v.* (સ્વર્લ્) To form eddies. પાણીમાં ભમરી કરવી, થવી. *n.* An eddy. વમળ.

Swish, *v.r.* (સ્વિશ્) સપાટો, સીસકારો (બોલાવવો)

Switch, *n.* (સ્વિચ્) Twig; contrivance for opening or closing electric current, railway pointes. નાની ડાળી, સોટી; વીજળીનો વેગ પાટાના સાંધા ચાલુ કરવાનું બટન, યંત્ર.

Swollen, *a.* (સ્વો'લન્) સુઝીને મોટું થએલું.

Swoon *v.* (સ્વૂન્) To faint. મૂર્છા આવવી. *n.* Fainting fit. મૂર્છા.

Swoop, *v.* (સ્વૂપ્) To pounce on. ઝપટ મારવી.

Swop *n. v.* (સ્વૉપ્) સાટું, કરવું. [સમશેર; લડાઇ.

Sword, *n.* (સૉર્ડ્) Military weapon; war. તલવાર;

Swot, *n v.* (સ્વૉટ્) ખૂબ વાંચન, વાંચવું [ઝાડ.

Sycamore, *n* (સિ'કમોર) Kind of fig tree. અંજીરનું

Sycophant, *n.* (સિ'કફન્ટ્) A mean flatterer. નીચ ખુશામતખોર.

Syllable, *n.* (સિ'લબલ્) Part of a word which can be sounded by itself. સ્વર; અક્ષર; પદ.

Syllabus, *n.* (સિ'લબસ્) An abstract; brief outline. સારાંશ; સાર; ક્રમ.

Syllogism, *n.* (સિ'લજીઝમ) Argument consisting of three propositions અવયવી દલીલ; તર્કવાક્ય.

Sylph, *n* (સિલ્ફ્) Faery, પરી. [વન્ય.

Sylvan, *a.* (સિ'લ્વન્) Rural; wooden. ગ્રામ્ય;

Symbol, *n* (સિ'મ્બલ્) Emblem; sign; સંજ્ઞા; ચિહ્ન. **—ize**, *v.* પ્રતીક હોવું, બનાવવું. [સુપ્રમાણ.
Symmetry, *n.* (સિ'મિટ્રી) Harmony of part.
Sympathy, *n* (સિ'મ્પથી) Fellow–feeling; compassion. સહાનુભૂતિ; દયા; સમભાવ; દિલસોજી.
Sympathize, *v.* (સિ'મ્પથાઇઝ્) To feel with another; to have compassion. દિલસોજી ધરાવવી. **–°thetic**, *a.* [સુસ્વરતા; એકતાનતા.
Symphony, *n.* (સ'મ્ફની) Harmony of sounds.
Symptom, *n.* (સિ'મ્પ્ટમ્) Sign. નિશાની.
Synagogue, (સિ'નગૉગ) A jewish place of worship. યાહુદી લોકોનું ધર્મ મંદિર. [મંડળ.
Syndicate, *n.* (સિ'ન્ડિકટ) Council. અધિકારી
Synecdoche, *n.* (સિને'ક્ડકી) A figure of speech by which a part is taken for the whole or vice versa. લક્ષણા.
Synonym, *n.* (સિ'નનિમ્) Word with similar meaning. પર્યાય; સમાનાર્થ શબ્દ.
Synopsis, *n.* (સિનૉ'પ્સિસ્) Summary. સાર.
Syntax, *n.* (સિ'ન્ટૅક્સ્) Arrangement of words to express ideas. અન્વય. [એકીકરણ; સંયોજન.
Synthesis, *n.* (સિ'ન્થિસિસ્) Composition.
Syphilis, *n.* (સિ'ફિલિસ્) Dangerous venereal

disease. ચાંદી; વિસ્ફોટક. [પીચકારી (મારવી).
Syringe, *n. v.* (સિ'રિન્જ્) Tube; squirt.
Syrup, *n.* (સિ'રપ્) Flavoured water boiled with sugar. શરબત; ચાસણી.
System, *n.* (સિ'સ્ટિમ્) Method; arrangement. યોજના; રીતિ. —**Systematize**, *v.* (સિ'સ્ટિમટાઇઝ) To arrange methodically. **Systematic**, *a.* (સિસ્ટિમૅ'ટિક) Proceeding by method. વ્યવસ્થિત.
Systole, *n.* (સિ'સ્ટલિ) અવયવ સંકોચ —°**taltic**, *a.*

T

T, (ટી) અંગ્રેજી મૂળાક્ષરનો ૨૦ મો અક્ષર; વ્યંજન.
Tab, *n.* (ટૅબ) Small flap ઝુલ; પકડ.
Tabernacle, *n.* (ટૅ'બરનૅકલ્) Tent. શિબિર; તંબુ. A Jewish temple. યાહુદી લોકનું મંદિર; *v.* To dwell for a time. મુકામ કરવો.
Table, *n.* (ટેઇબલ્) Index; flat board on legs; fare. કોઠો; કોષ્ટક; મેજ; ખાણું. [ટાબ્લો; ચિત્રદૃશ્ય.
Tableau, *n.* (ટૅ'બ્લો) Striking picture. છબી;
Tableland, *n.* (ટે'ઇબલ્લૅન્ડ્) Plateau. ઉંચી સપાટ જમીન [ચપટી ગોળી.
Tablet, *n.* (ટૅ'બ્લિટ્) Small slab. પાટી; નોંધવહી;

Taboo, *v.* (ટબૂ') Boycott. મનાઇ કરવી *n.* A ban. બંધી.

Tabur, *n.* (ટે'બબર્) A drum ઢોલકી.

Tabular, *a.* (ટૅ'બ્યુલર્) Flat; arranged in squares; in a schedule form.સપાટ;કોઠા,ખાનાંમાં ગોઠવેલું;પત્રકરૂપ

Tacit, *a.* (ટૅ'સિટ્) Implied. સપાટ; સમજી લીધેલું; મોગમ; ગુપ્ત. [અબોલ; થોડબોલું.

Taciturn, *a.* (ટૅ'સિટર્ન્) Habitually silent.

Tack, *n.* (ટૅક) Small nail; rope; spot; food. મેખ; દોરડું; કલંક; ખોરાક. *v.* To append; change course. લટકાવવું; સુકાન ફેરવી વહાણનો માર્ગ બદલવો.

Tackle, *v.* (ટૅ'કલ્) To take in hand; to grasp હાથમાં લેવું. *n.* Pulley; block apparatus; gear. ગરેડી; દાંતાવાળું યંત્ર.

Tact, *n.* (ટૅક્ટ્) Nice discernment. કુનેહ.

Tactical, *a* (ટૅ'ક્ટિકલ્) Pertaining to tactics. વ્યૂહરચના સંબંધી

Tactics, *n.* (ટૅ'ક્ટિક્સ્) Science and art of arranging military and naval forces. સૈન્યરચના; કરામત. [દેડકાનું બચ્ચું.

Tadpole, *n.* (ટૅ'ડ્પોલ્) Very young frog.

Taffrail, tafferel, *n.* (ટૅ'ફ્રેઇલ્-રિલ્) Upper stern of a ship. ડબુસાનો ઉપલો ભાગ.

Tag, *n.* (ટૅગ્) ચિઠી; ટીચકું; ઝુલ; પકડ દાવ; ટાચલું.
—*v.* લટકાવવું; પ્રાસ કરવા

Tag-and-rag,=અતિ નીચ વર્ગના લોક.

Tail *n.* (ટેહલ્) Hinder part; end. પુંછડી.

Tail. *n.* (ટેહલ્) વારસને મિલકત મળે એવો પ્રતિબંધ.
Estate in tail. સંતતિબંધ હેય મિલ્કત.

Tailor, *n.* (ટે'હલર્) Maker of clothes. દરજી.

Taint. *v n.* (ટેહન્ટ્) Blemish. કલંક; ડાઘ લગાડવો.

Taintless, *a* (ટે'હન્ટ્લિસ્) Pure. નિષ્કલંક.

Take, *v.* (ટેહક્) To accept; eat; draw picture; capture; grasp. કબુલ રાખવું; ગમવું; લેવું; છબી કાઢવી; પકડવું.

Talc, *n.* (ટૅલ્ક) Mica. અબરખ.

Tale, *n* (ટેહલ્) Story; fable. વાર્તા; વાત. [ખોર

Talebearer, *n.* (ટે'હલબેઅરર્) Back-biter. ચુગલી-

Talent, *n.* (ટૅલન્ટ્) Faculty; natural gift; capacity. બુદ્ધિ; જ્ઞાનશક્ત. [શાળી.

Talented, *a* (ટૅ'લન્ટિડ્) Clever. બુદ્ધિમાન; પ્રતિભા-

Talisman, *n.* (ટૅ'લિઝ્મન્) Charm તાવીજ; જાદુ.

Talismanic, *a* (ટૅ'લિઝ્મનિક્) Magical. જાદુઈ.

Talk, *v.* (ટૉક્) Speak; converse વાત કરવી.
Conversation; speech; subject. વાતચીત; ચર્ચા; વિષય.

Talkative, *a.* (ટૉ'કટિવ્) Given to talking. વાતોડીયું.

Talkies, *n.* (ટૉ'કીઝ્) બોલતો સીનેમા.
Tall, *a.* (ટૉલ્) High; lofty. ઉંચું; લાંબું.
Tallow, *n.* (ટૅ'લો) Animal fat. ચરબી.
Tally, *v.* (ટૅ'લી) To agree; confirm. મેળ મેળવવો; સરખું થવું. [પક્ષીનો નહોર.
Talon, *n.* (ટૅ'લન્) Claw of a bird of prey.
Tamable, *a.* (ટે'ઈમબલ્) That may be tamed. પાળી શકાય તેવું; વશ્ય. [fruit. આમલી.
Tamarind, *n* (ટૅ'મ્રિંડ્) Kind of tree and its
Tambour, *n.* (ટૅ'મ્બુર) Small drum. ડફ; ખંજરી.
Tame, *a.* (ટેઇમ્) Not wild; spiritless; mild પળાય તેવું; દબાએલું; નીરસ; નરમ. *v.* To subdue; domesticate. વશ કરવું; પાળવું.
Tameness, *n.* (ટે'ઇમ્નિસ્) Want of spirit. નમ્રતા; નીરસતા [છેડવું; હાથ ઘાલવો.
Tamper, *v.* (ટૅ'મ્પર્) Interfere; meddle with.
Tan, *v.* (ટૅન) Convert into leather. ચામડું કેળવવું. *n.* Bark of the oak. ઝાડની છાલ.
Tangent, *n.* (ટૅ'ન્જન્ટ્) Straight line touching a curve. સ્પર્શરેષા. [સ્પષ્ટ.
Tangible, *v.* (ટૅ'ન્જિબલ્) Perceptible by touch.
Tangle, *v.* (ટૅ'ન્ગલ્) Knot. ગુંચ; ગાંઠ. *v.* To entangle. ગૂંચવી નાખવું.

Tank, *n.* (ટૅન્ક્) Reservoir. તળાવ; હોજ.

Tankard, *n.* (ટૅન્કર્ડ્) Drinking cup. પ્યાલું; પવાલું. [કમાવનાર.

Tanner, *n.* (ટૅનર્) Maker of leather. ચામડાં

Tannery, *n.* (ટૅનરી) Place for tanning. ચામડું બનાવવાની જગ્યા.

Tantalize, *v.* (ટૅન્ટલાઇઝ્) To tease with false hopes. ટળવળાવવું. [સમતોલ.

Tantamount, *a.* (ટૅન્ટમાઉન્ટ્) Equivalent. સરખું;

Tantrum, *n.* (ટૅન્ટ્રમ્) Outburst of petulance. આવેશ.

Tap, *v.* (ટૅપ્) To broach; to draw; to strike slightly. કાણું પાડવું; કામમાં લેવું; ટકોરો મારવો *n.* Gentle blow; plug. ટપલી; ટકોરો; નળ. [પટ્ટી.

Tape, *n.* (ટેઇપ્) Fillet; narrow band. દોરી; ફીત;

Taper, *v.* (ટે'ઇપર્) To narrow gradually to top. પાતળું થતું જવું. *n.* Candle. મીણબત્તી; દીવો.

Tapering. *a.* (ટે'ઇપરીંગ) શંકુ આકાર.

Tapestry, *n.* (ટૅપિસ્ટ્રી) Cloth woven with figures. ભરતપડદા.

Tapis. *n.* (ટે'ઈપિસ્) મેજપોશ

Tar, *a.* (ટાર)Liquid got from coal and pine; sailor. ડામર; ખલાસી. *v.* To cover with tar. ડામર લગાવવો.

Tardy, *a.* (ટા'ડી) Slow; late. ધીમું; થાંચું

Tardiness, *n.* (ટા'ર્ડિનિસ્) Slowness; reluctance; સુસ્તપણું; મંદતા. [packing વળતર; બારદાન.

Tare, *n.* (ટેઅર્) Allowance in weight for

Target, *n.* (ટા'ર્ગિટ્) Butt. નિશાન Shield. ઢાલ.

Tariff, *n.* (ટૅ'રિફ્) Table of duties. જકાતની યાદી; જકાત.

Tarnish, *v.* (ટા'ર્નિશ્) To soil; stain. એબ લગાડવી; ડાઘ પાડવો. *n* કલંક.

Tarpaulin, *n.* (ટાર્પૉ'લિન્) Tarred canvas. ડામર લગાવેલી કૅનવાસ; તાડપત્રી. [(ટારી) *a* ડામરવાળું.

Tarry, *v.* (ટૅ'રી) Stay a while; delay. રાહ જોવી.

Tart, *a.* (ટાર્ટ્) Sour; sharp. ખાટું; આકરૂં.

Tartar, *n.* (ટા'ર્ટર્) Acid salt deposited from wine; crust growing on the teeth દારૂનો આથો; દાંત પરની ફોફરી. Native of tartary; Turk; Cossack.—*a.*તેનું.

Task, *n.* (ટાસ્ક્) Business; employment; lesson. સોંપેલું કામ; વૈતરૂં; પાઠ. *v.* To tax; to give work to. લાદવું; ખેંચવું; કામ સોંપવું.

Tassel, *n.* (ટૅ'સલ્) Hanging bunch of silk, etc. ફુમકું; ઝુમખું.

Taste, *v.* (ટેઇસ્ટ્) To try by tongue. સ્વાદ લેવો. *n.* Flavour; sense of beauty. સ્વાદ; રસિકતા.

Tasteful, *a.* (ટે'ઇસ્ટફુલ) Showing good taste. સ્વાદિષ્ટ; રસિક. [વગરનું.

Tasteless, *a.* (ટે'ઇસ્ટલિસ્) Without taste. સ્વાદ

Tatter, *n.* (ટૅ'ટર્) Rag. ચીંથરૂં *v.* Rend in pieces. ફાડી નાંખવું.

Tattle, *v.* (ટૅ'ટલ) To gossip; to tell tales. છાની વાત કરવી; લવારો કરવો. *n.* Gossip; idle talk. ગપસપ; ગપાટા [to talkidly.

Tattler, *n.* (ટૅ'ટ્લર્) Idle talker. ગપ્પીદાસ. *v.*

Tattoo, *n.* (ટટૂ') Signal for soldiers to return to their quarters. સિપાઈને પાછા ફરવાનો પડઘમનો અવાજ. Marks made in skin. છુંદણાં –*v.* તે કરવાં.

Taunt, *v.* (ટૉન્ટ્) Reproach. મેણું મારવું. *n.* Bitter remark. ટોણું.

Taurus, *n.* (ટૉ'રસ્) વૃષભ રાશિ.

Tant, *a* (ટૉટ્) તંગ.

Tautology, *n.* (ટૉટૉ'લજી) Needless repetition. પુનરુક્તિ; એકજ અર્થ [વીરશી.

Tavern, *n.* (ટૅ'વર્ન્) Liquor–shop; inn. પીઠું;

Taw, *n.* (ટૉ) A marble. લખોટો. *v.* હુડસેલવું.

Tawdry, *a.* (ટૉડ્રી) Showy; gaudy. તકલાદી.

Tawny, *a.* (ટૉ'ની) Yellowish brown. બદામી.

Tax, *n.* (ટૅક્સ્) Charge made by government

on business, કર; દાણ. *v.* To lay a tax; strain. કર નાંખવો; કસોટી કરવી; ખેંચવું.

Taxation, *n* (ટૅક્સે'ઈશન્)Amount of tax. કરવેરો.

Taxi, *n.* (ટૅ'ક્સી) Motor-car plying for hire. ભાડુતી મોટર. [indicator. મોટરનું ભાડામાપ.

Taximeter. *n.* (ટૅ'ક્સીમીટર્) Automatic fare-

Tea, *n* (ટી) Leaves of a shrub. ચા; ચાહ.

Teach, *v.* (ટીચ્) Instruct; educate શિખવવું.

Teachable, *a.* (ટી'ચઅલ્) Quick to learn શિખે તેવું; શિખવવા લાયક.

Teacher, *n.* (ટી'ચર્) A school-master. શિક્ષક.

Teaching, *n.* (ટી'ચિંગ્) Instruction શિક્ષણ.

Teal, *n.* (ટીલ્) Small fresh-water duck. જળકુકડી.

Teak, *n.* (ટીક્) Kind of timber. સાગ.

Team, *n.* (ટીમ) Party. ટોળી; જોડ.

Tear, *n.* (ટીર્) Drop of water from the eye. આંસુ. *v.* (ટઅર્) Rend. ફાડી નાંખવું. *n* ચીરો; ઘસારો.

Tease, *v.* (ટીઝ્) Annoy; to make fun of. ચીડવવું; પજવવું.

Teat, *n.* (ટીટ્) Nipple. આંચળ; ડીટી. [પજવવું.

Technical, *a.* (ટે'ક્નિકલ્) Pertaining to art. હુન્નરી; પારિભાષિક; ખાસ. [useful arts. હુન્નરજ્ઞાન.

Technology, *n.* (ટેક્નૉ'લજી) Knowledge of

Techy, *a.* (ટે'ચી) Peevish. ચીઢીયું

Ted, *v.* (ટેડ્) To spread. પાથરવું [તેડું.
Tedious, *a.* (ટી'ડિઅસ્) Tiresome. કંટાળો ઉપજાવે
Tedium, *n.* (ટી'ડિયમ્) Weariness. કંટાળો.
Teem, *v.* (ટીમ્) Overflow. ભરપૂર હોવું. To bring forth. વિયાવું; પ્રસવ થવો.
Teens, *v.* (ટીન્ઝ્) Years between twelve and twenty. ૧૩થી ૧૯ વર્ષ સુધીની ઉમ્મર.
Teeth, *n.* (ટીથ્) Bones in jaws. દાંતો.
Teethe, *v.* (ટીધ્) To breed teeth. દાંત ફુટવા.
Teetotaller, *n.* (ટીટો'ટલર્) Total abstainer. કેફી પદાર્થ જરાએ નાહિં લેનારો. [city. તાર.
Telegram, *n.* (ટે'લિગ્રૅમ્) Message by electri-
Telegraph, *n.* (ટે'લિગ્રાફ્) Machine for sending messages by electricity. તારકામ; તારનું યંત્ર.
Telegraphy, *n.* (ટિલે'ગ્રફી) તારકામની કળા.
Telephone, *n* (ટે'લિફોઉન્) Apparatus for sending sound at a distance. શબ્દવાહક યંત્ર *v.* તેથી વાત કરવી.
Telescope, *n.* (ટે'લિસ્કોપ્) Instrument for viewing distant objects. દુરબીન.
Tell, *v.* (ટેલ્) Narrate; disclose; inform; discover; affect. વર્ણન કરવું; કહી દેવું; ની ખબર આપવી; ગણવું; અસર કરવી.

Telling, *v.* (ટે'લિંગ) Effective. અસરકારક.
Tell-tale, *n.* (ટે'લટેઈલ્) Backbiter. ચુગલીખોર.
—*a.* કહી આપનારૂં. [પણું.
Temerity, *n.* (ટિમે'રિટિ) Rashness. અવિચારી-
Temper, *n* (ટે'મ્પર્) Frame of mind; disposition; mood. સ્વભાવ; પાણી; મિજાજ. *v.* To soften; modify. નરમ કરવું; માફકસર કરવું
Temperament, *n.* (ટે'મ્પરમન્ટ્) Natural disposition. સ્વભાવ. [સમધારણ: દારૂનિષેધ(ક).
Temperance, *n. a* (ટે'મ્પરન્સ્) Moderation.
Temperate, *a.* (ટે'મ્પરિટ્) Moderate; cool. મિતાહારી; સમશીતોષ્ણ.
Temperature, *n.* (ટે'મ્પરચર્) State of heat or cold. ગરમી, થંડીનું પ્રમાણ; મેળવણી. [વાવાઝોડું.
Tempest, *n* (ટે'મ્પિસ્ટ્) Storm ભારે તોફાન;
Temple, *n.* (ટે'મ્પલ્) Place for worship; church; slope of the head. દેવળ; મંદિર; લમણું.
Temporal, *a.* (ટે'મ્પરલ્) Secular. દુન્યવી.
Temporary, *a.* (ટે'મ્પરરી) Fleeting; provisional. ક્ષણિક; હંગામી; થોડા વખત માટેનું [ચકાસવું.
Tempt, *v.* (ટેમ્પ્ટ્) Entice; put to trial. લોભાવવું;
Temptation, *n* (ટેમ્પ્ટે'શન્) Allurement. લાલચ.
Ten, *n.a.* (ટેન્) દશ; દસ.

Tenfold, *a*. (ટે'નફોલ્ડ્) દશગણું.
Tenth, *a*. (ટેન્થ્) દશમું. [સ્વીકાર્ય; ગ્રાહ્ય.
Tenable, *a*. (ટે'નબલ્) Defensible. સપ્રમાણ;
Tenacious, *a* (ટિને'શસ્) Holding fast; adhesive; obstinate. ચીકણું; જીદ્દી.
Tenacity, *n*. (ટિનૅ'સિટી) Quality of being tenacious. ચીકણાપણું; મજબુતાઇ.
Tenant, *n*. (ટે'નન્ટ્) Occupant; one who holds property of another. ભાડુત. [ભાડુત વર્ગ.
Tenantry, *n*. (ટે'નન્ટ્રી) Tenants in general.
Tend, *v*. (ટેન્ડ્) Guard; be inclined; contribute; to take care of. સંભાળ રાખવી; વલણ હોવું; સાધન થવું.
Tendency, *n*. (ટે'ન્ડન્સી) Inclination; drift. વલણ; ઝોક; ધારણા
Tender, *v* (ટે'ન્ડર્) To offer. માંગણી કરવી; ભાવ. ભરવા. *n*. Offer; the thing offered. ટેન્ડર: માંગણી. *a*. Delicate; affectionate. કોમલ; નાજુક; હેતાળ.
Tenderness, *n*. (ટે'ન્ડરનિસ્) Fine feelings; kindness. કોમળતા; હેત.
Tenden, *n*. (ટે'ન્ડન્) Sinew-cord. સ્નાયુ-રજ્જુ.
Tendril, *n*. (ટે'ન્ડ્રિલ) Clasper of a creeping plant. વેલતંતુ. [house. ભાડે રાખેલી મિલ્કત, જગ્યા.
Tenement, *n*. (ટે'નિમન્ટ્) Holding; dwelling;

Tenet, *n.* (ટે'નિટ્) Doctrine; opinion. વિચાર; મત.

Tennis, *n.* (ટે'નિસ્) Play with racket and ball. જાળી દડાની રમત.

Tenor, *n.* (ટે'નર્) Purport. ભાવાર્થ; ક્રમ.

Tense, *a.* (ટેન્સ્) Tightly stretched; stiff તંગ; કટોકટીનું. *n.* Form of a verb to express time. કાળ.

Tension, *n.* (ટે'ન્શન્) Strain of mind; act of stretching. ખેંચાણ; કટોકટી; મનની અસ્વસ્થ સ્થિતિ.

Tent, *n* (ટેન્ટ્) Shelter of canvas; pavilion. તંબુ.

Tentacle, *n.* (ટે'ન્ટકલ્) લાંબો પત્ર, વાળ; સ્પર્શેન્દ્રિય.

Tenter, *n.* (ટે'ન્ટર્) કપડું તંગ કરવાનું ચોકઠું.

Tentative, *a.* (ટે'ન્ટટિવ્) Experimental. અજમાયશ તરીકેનું.

Tenuous, *a.* (ટે'ન્યુઅસ) Thin; slender. પાતળું.

Tenure, *n.* (ટે'ન્યર્) ભોગવટ; મુદ્દત. Period of holding. [મળમળું; નવસેકું.

Tepid, *n.* (ટે'પિડ્) Lukewarm; moderately warm.

Term, *n.* (ટર્મ) Period; condition. સત્ર; મુદ્દત. Word; item. શરત; શબ્દ; પદ. *v.* Call; name. કહેવું. *n. pl.* Conditions. શરતો. Good terms = બનાવ; મિત્રભાવ. Bad terms=અણબનાવ. To make terms= કોલકરાર કરવા.

Termagant, *n.* (ટ'ર્મગન્ટ્) Brawling woman.

વઢકણી નાર. *a.* Quarrelsome. વઢકાણી. [બખેડો.
Termagancy, *n.* (ટ'ર્મગન્સી) Turbulence.
Terminable, *a.* (ટ'ર્મિનબલ્) That may be ended. મુદતી; વિચ્છેદ્ય.
Terminal, *n.* (ટ'ર્મિનલ્) Ending; of a term. અંતનું; સત્રાંતિક. [પૂરું થવું.
Terminate, *vt.* (ટ'ર્મિનેઇટ્) To put an end to.
Termination, *n.* (ટર્મિને'શન્) End; conclusion; last syllable. છેડો; પાર; અંત; પ્રત્યય. [છેલ્લું સ્ટેશન.
Terminus, *n.* (ટ'ર્મિનસ્) End of a railway line.
Termite, *n.* (ટ'ર્માઇટ્) The white ant. ઉધઈ.
Terrace, *n* (ટે'રસ્) A gallery; flat roof of a house. પગથી; અટારી; અગાસી.
Terra ferma, *n.* (ટે'રાફર્માં) Dry ground સધર સ્થિતિ.
Terrestrial, *a.* (ટરે'સ્ટ્રિઅલ) Earthly. પાર્થિવ.
Terrible, *a.* (ટે'રિબલ્) Horrible; dreadful. ત્રાસદાયક; ભયંકર. [ત્રાસદાયક રીતે.
Terribly, *adv.* (ટે'રિબ્લી) Formidably. ઉગ્રતાથી;
Terrier, *n.* (ટે'રિઅર્) A small hunting dog. જમીનની બખોલમાં ભરાઈ રહેનારો કુતરો.
Terrific, *a.* (ટરિ'ફિક્) Frightful. ભયાનક.
Terrify. *vt.* (ટે'રિફાય્) To cause terror; to frighten. બીવરાવવું; ભયભીત કરવું.

Territory, *n.* (ટે'રિટરી) Region. પ્રદેશ.
Terror, *n.* (ટે'રર્) Extreme fear; dread. ત્રાસ.
Terrorism, *n.* (ટે'રરિઝમ) System of government by terror. સીતમ; ત્રાસવાદ.
Terse, *a.* (ટર્સ) Concise and forcible. ટુંકું સચોટ.
Tertian, *a.* (ટ'ર્શન્) Recurring every third day. ત્રીજે દિવસે આવતું.
Test, *n* (ટેસ્ટ્) A trial; touch-stone. પરીક્ષા; કસોટી; કસ કાઢવાનો પથ્થર. *v.* To examine critically. પરીક્ષા લેવી, કરવી.
Testament, *n.* (ટે'સ્ટમન્ટ્) Will; scripture. વસિઅતનામું; ખ્રિસ્તિ ધર્મગ્રંથ.
Testator, *n* (ટેસ્ટે'ઈટર્) One who leaves a will. વસીયતનામું કરનાર. [સ્ત્રી.
Testatrix, *n.* (ટેસ્ટે'ઇટ્રિક્સ) મૃત્યુપત્ર કરી મરી જનાર
Testicle, *n.* (ટે'સ્ટિકલ્) Gland found only in males. આંડવો; વૃષણ; ગોળી.
Testify, *v.* (ટે'સ્ટિફાય્) To bear witness; declare. સાક્ષી આપવી; જાહેર કરવું.
Testimonial, *n.* (ટેસ્ટિમો'નિઅલ્) A certificate of good character, પ્રમાણપત્ર. [પ્રતિજ્ઞા; પુરાવો.
Testimony, *n.* (ટે'સ્ટિમની) Evidence; proof.
Testy, *a.* (ટે'સ્ટી) Peevish; irritable. ચીઢીયું

Tether, *n.* (ટે'ધર) A rope or chain. દોરડું. *v.* To confine. બાંધી મૂકવું. [ચોકડી.

Tetrad, *n.* (ટે'ટ્રડ્) Collection of four things.

Text, *n.* (ટેક્સ્ટ્) Original words of book; study book. મૂળ શબ્દો; પાઠ્યપુસ્તક. [પુસ્તક.

Text Book, *n.* School book નિશાળમાં ચાલતું

Textile, *a.* (ટે'ક્સ્ટાઇલ્) Pertaining to weaving. વણાટકામ સંબંધી.

Texture, *n.* (ટે'ક્સ્ચર્) Manner of weaving; web. લુગડાની કુમાશ; પોત.

Than, *conj.* (ધન્) Noting comparison. ના કરતાં.

Thank, *v.* (થૅન્ક્) To express gratitude. આભાર માનવો. *n. pl.* Obligation; acknowledgement of kindness. આભાર, ઉપકાર. [આભારી.

Thankful, *a.* (થૅ'ન્કફુલ્) Grateful; indebted.

Thankless, *a.* (થૅ'ન્કલિસ્) Unthankful; earning no thanks. કૃતઘ્ન; બેકદર; ફોગટ

That, *a. pron. adv.* (ધૅટ્) Not this but other. પેલું. Who or which. જે. The thing. તે. *conj.* કે.

Thatch, *v.* (થૅચ્) To cover with straw. છાવરવું; *n.* Straw roof ઘાસ છાપરૂં. [બરફ; હીમ.

Thaw, *v.* (થૉ) To melt. ઓગળી જવું. *n.* Snow.

The, (ધ, ધી) તે.

Theatre, *n.* (થિ'અટર્) A play-house. નાટકશાળા.
Theatrical. *a.* (થિઍ'ટ્રિકલ) Pertaining to theatre. નાટકશાળા સંબંધી; નાટકીય.
Thee, *pron.* (ધી) તને.
Theft, *n.* (થેફ્ટ્) Robbery. ચોરી.
Their, *pron.* (ધેઅર્) તેમનું.
Them, *pron.* (ધેમ્) તેમને.
Theme, *n* (થીમ્) Topic; subject. વિષય.
Theist, *n.* (થી'ઈસ્ટ્) Believer in God. ઈશ્વરમાં માનનાર. [વખત.
Then, *adv.a.n.* (ધેન્) પછી; તો; તે વખતે, વખતનું,
Thence, *adv.* (ધે'ન્સ્) From that or that. ત્યાંથી; તે પરથી.
Thenceforth, *ad.* (ધેન્સફો'ર્થ) Thenceforward; from that time. તે વખતથી. [God. ધર્મગુરુ સત્તા.
Theocracy, *n* (થિઑ'ક્રસી) Government by
Theology, *n.* (થિઑ'લજી) Science of God and divine things. ઈશ્વરજ્ઞાન. [પ્રમેય; સિદ્ધાંત.
Theorem, *n* (થિ'અરેમ્) Statement to be proved.
Theoretical, *a.* (થિઅરે'ટીકલ્) Speculative. અનુમાનિક; પોથીનું; અવ્યવહાર.
Theory, *n.* (થિ'અરી) Speculation; principles of any science. અનુમાન; સિદ્ધાંત.

Theosophy, *n* (થિઑ'સફી) Divine wisdom. બ્રહ્મજ્ઞાન. [int. તે સ્થાન; જૂઓ.
There, *adv.* (ધેઅર્) In that place. ત્યાં. – *n.*
Thereby, *ad.* (ધેઅરબા'ય) By that means. તે વડે.
Therefore, *con.*(ધે'અરફોર્)For this reason.તે માટે.
Therein, *ad.* (ધેઅરઇ'ન્) તેમાં. [તેને લીધે.
Thereupon, *ad.* (ધેઅરઅપૉ'ન) On account of.
Thermal, *a.* (થ'ર્મલ) Of heat. ગરમીનું.
Thermometer, *n* (થર્મૉ'મીટર્) Instrument to measure heat. ગરમી માપવાનું યંત્ર. [જ્ઞાનભંડાર.
Thesaurus, *n.* (થીસૉ'રસ) Dictionary; treasury.
Thew, *n.* (થ્યુ) Muscle or sinew. સ્નાયુ; મજ્જની. *pl.* Sinews. અંગબળ.
They, *pron.* (ધે) તેઓ. *Pl.* of he or she.
Thesis, *n.* (થી'સિસ્) Essay; written discourse upon one subject or theme. નિબંધ.
Thick, *a.* (થિક્) Dense. ઘટ; જાડું, ખીચોખીચ.
Thicken, *v.* (થિ'કન્) To be, make thick. ગાઢુ કરવું. થવું.
Thicket, *n.* (થિ'કિટ્) Bush; close wood. ઝાડી.
Thief, *n.* (થીફ્) One who steals. તસ્કર; ચોર.
Thieve, *n.* (થીવ્) To steal. ચોરવું. [ઉઠાઉગિર.
Thievish, *a.* (થી'વિશ) Given to stealing.

Thigh, *n.* (થાય્) Part of the leg above knee. જાંઘ; સાથળ.

[To make thin. પાતળુ કરવું.

Thin, *a.* (થિન્) Slender; fine. પાતળું; દુબળું. *v.*

Thine, *pron.* (ધાઇન્) તારું.

Thing, *n.* (થિન્ગ્) Matter; something. વસ્તુ; ચીજ.

Think, *vt* (થિન્ક્) To believe; meditate. વિચારવું; ધારવું; મનન કરવું.

Thinker, *n.* (થિ'ન્કર્) One who thinks વિચારક.

Thinking, *n.* (થિ'ન્કિંગ) Intention; belief. વિચાર, મત. *a.* વિચારવંત.

Thinly, *ad.* (થિ'ન્લી) Scantily. આછું પાતળું.

Thinness, *n.* (થિ'ન્નિસ્) Quality of being thin સૂક્ષ્મતા; પાતળાપણું. [Third part. ત્રીજે ભાગ.

Third, *a.* (થર્ડ્) Next to the second. ત્રીજો. *n.*

Thirst, *n.* (થર્સ્ટ્) A desire for drink; strong desire. તરસ; તૃષ્ણા —*v.* તૃષ્ણા રાખવી. [ત્રયોદશ.

Thirteen, *n.* (થર્ટી'ન્) Ten and three. તેર;

Thirty, *a* (થ'ર્ટી) ત્રીસ.

This, *a. pron.* (ધિસ્) આ.

Thistle, *n.* (થિ'સલ્) Prickly plant કાંટાળો છોડ.

Thither, *adv.* (ધિ'ધર્) There. તે જગ્યાએ.

Thong, *n.* (થૉન્ગ્) Thin leather strap. ચામડાનો પટો.

Thorn, *n.* (થૉર્ન્) Prickle. શૂળ; કાંટો.
Thorny, *a.* (થૉ'ર્નિ) Troublesome; full of thorns. પીડા, હેરાન કરતું; કાંટાળું.
Thorough, *a.* (થ'રો) Complete. સંપૂર્ણ; પાકું.
Thorough-fare, *n.* (થ'રો-ફેઅર) Public road; right of passage. જાહેર રસ્તો.
Thorough-going, *a.* (થ'રો ગોઇંગ) Extreme. અત્યંત. Complete. પૂર્ણ. [પૂરેપૂરું.
Thoroughly, *adv.* (થ'રલી) Completely. બિલકુલ;
Those, *pron.* (ધોઉઝ્) Pl. of *that*. પેલાઓ; તેઓ.
Thou, *pron.* (ધાઉ) તું. [અગર જો કે.
Though, *conj.* (ધો) Notwithstanding; however.
Thought, *n.* (થૉટ્) Idea; meditation; purpose. ચિંતન; વિચાર; હેતુ. *v.* વિચાર કીધો.
Thoughtful, *a.* (થૉ'ટ્ફુલ) Considerate વિચારવંત.
Thoughtless, *a.* (થૉ'ટ્લિસ્) Careless. અવિચારી.
Thousand, *a.* (થા'ઉઝન્ડ્) Number of ten hundred. સહસ્ત્ર; એક હજાર.
Thraldom, *n.* (થ્રૉ'લ્ડમ) Slavery. ગુલામગીરી.
Thrall, *n.* (થ્રૉલ્) A slave દાસ; ગુલામ.
Thrash, *vt.* (થ્રૅશ્) To beat out grain; to flog; defeat ઝટકારવું; ઝુડવું; શિકસ્ત આપવી.
Thread, *n.* (થ્રેડ્) Small twine of silk, cotton,

etc., filament. દોરો, તાંતણો. *v.* દોરો પરોવવો; માર્ગ કરવો.

Threadbare *a.* (થ્રે'ડ્બેઅર્) Worn out ઘસાયલું.

Threat, *n* (થ્રેટ્)Menace.ધમકી;બીક. *v.*ધમકી આપવી.

Threaten, *vt.* (થ્રે'ટન્) To intimidate. ધમકી આપવી. Impend; portend. ઝઝુમવું; અનિષ્ટ સૂચવવું.

Threatening *a.* (થ્રે'ટનિંગ) Indicating danger ડરાવતું; ધમકાવતું.

Three, *a.* (થ્રી) Thrice unity. ત્રણ.

Threshold, *n.* (થ્રે'શોલ્ડ્) Door sill; gate; beginning. ઉંબરો; દરવાજો; શરૂઆત.

Threw, *v.* (થ્રુ) ફેંક્યું; રેડ્યું.

Thrice, *adv.* (થ્રાઈસ્) Three times ત્રણ વખત.

Thrift, *n.* (થ્રિફ્ટ્) Frugality. કરકસર.

Thrifty, *a.* (થ્રિ'ફ્ટી) Frugal કરકસરિયું.

Thrill, *n.* (થ્રિલ્) Wave of sensation or sound. લાગણીનો ઉભરો; કંપારી. *v.* ઉભરો; કંપારી આણવી.

Thrive, *vt.* (થ્રાઈવ્) To prosper. આબાદ. [થવું.

Thriving *a.* (થ્રાયવિંગ્) Flourishing સુખી; આબાદ

Throat, *n* (થ્રોઉટ) Forepart or passage of the neck. કંઠ; ગળું.

Throb, *vi* (થ્રૉબ્) To palpitate. થડકવું; ધબકવું.

Throe, *n.* (થ્રો) Violent pain.–*pl.* Pains of child-birth. તીવ્ર વેદના.

Throne, *n*. (થ્રોઉન્) A royal seat; kingly power. સિંહાસન; રાજસત્તા. [*v*. To crowd. ટોળે મળવું.
Throng, *n*. (થ્રૅાન્ગ્) A crowd. ટોળું; માનવમેદની.
Throttle, *v*. (થ્રૅા'ટલ્) To choke. શ્વાસ દાબીને મારી નાખવું. *n* Windpipe. ગળામાંથી શ્વાસ નીકળવાની નળી.
Through, *adv*. (થ્રૂ) From end to end આરપાર.
Throughout, *prep. adv*. (થ્રુઆ'ઉટ) Everywhere; from one end to the other. દરેક ભાગમાં; સળંગ. [સળંગ ટીકીટ.
Through ticket (થ્રૂ'ટિકિટ્) આખી મુસાફરીની
Throw, *vt*. (થ્રો) To hurl; fling; cast; turn. ફેંકવું; નાખવું; પાસા નાખવા. —*n*. તે.
Thrum, *n*. (થ્રમ્) End of a weaver's thread. આંતરા; રેષા —*v*. Strum; drum. બજાવવું. *n*. તે અવાજ.
Thrush, *n*. (થ્રશ્) Singing bird; ulcers in the month. સારિકા; એક જાતનું ગાનાર પક્ષી; એક જાતનો મોઢાનો રોગ. [હુડસેલવું. —*n* તે
Thrust, *vt*. (થ્રસ્ટ્) To stab; to push. ઘોંચવું;
Thrustings, *n. pl*. (થ્ર'સ્ટિંગ્ઝ) White whey. દહીંમાંથી દાબી કાઢેલી મલાઇ. [અંગુઠો.
Thumb, *n*. (થમ્) Short thick finger. હાથનો
Thump, *n*. (થમ્પ્) A heavy blow. ધબાકો. *v*. To beat. ધબકવું; ઝુડવું. —**ing**, *a*. મોટી.

Thumper, *n.* (થંમ્પર્) મોટો નમુનો; હુડહુડતું ભૂંડું.

Thunder, *n.* (થન્ડર્) Any loud noise; loud noise after a flash of lightning. ધડાકો; ગડગડાટ. *v* To speak very loudly. ગર્જના કરવી. **—er**, *n* જુપિટર; ઈંદ્ર. **—ing**, *a.* બહુ મોટું. સારું **—ous**, *a.* ગર્જના કરતું.

Thunderbolt *n.* (થન્ડરબોલ્ટ) Flash of lightning, as a weapon. વજ્ર; વિજળીનો પ્રહાર.

Thunderstruck *a* (થન્ડરસ્ટ્રક) Astonished ચકિત થઈ ગયલું.

Thunder-storm, *n* (થન્ડરસ્ટૉર્મ) Storm accompanied by lightning. ગાજવીજ સાથે વાવાઝોડું.

Thursday, *n.* (થર્ઝ્ડિ) Fifth day of week. ગુરુવાર.

Thus, *adv.* (ધસ્) Accordingly. એ પ્રમાણે; આમ.

Thwak, *v.* (થ્વૅક્) To beat. મારવું.

Thwart, *a* (થ્વૉર્ટ્) Perverse; crosswise. હઠીલું, આડું. *v.* To defeat. હરાવવું.

Thy, *pro.* (ધાય્) Of thee. તારૂં.

Thyself, *pro.* (ધાયસેલ્ફ્) તું પોતેજ.

Tiara, *n.* (ટાયરા) Crown of the pope; ancient Persian head-dress પોપનો તાજ, મુગટ; ઇરાની ફેંટો.

Tibia, *n.* (ટિબિયા) Shin-bone, પગની નળી.

Tick, *n.* (ટિક્) Beat of a watch; trust or credit; the cover of a bed. ઘડીયાળનું ટક ટક; શાખ; બીછાનું; ખોળીયું. *v.* To make a ticking noise. ટીકટીક કરવું.

Ticket, *n.* (ટિ'કિટ્) Card giving admission to a meeting, concert etc; permission to travel in a train. ટિકિટ; પ્રવાસ ચિઠ્ઠી.

Tickle, *vt.* (ટિ'કલ્) To touch lightly; humour. ગલીપચી કરવી; મોજ આપવી.

Tidal *a.* (ટા'ઇડલ) Of tides. ભરતી સંબંધી.

Ticklish *a* (ટિ'ક્લિશ) Easily tickled; difficult to handle. જરામાં ઉશ્કેરાય તેવું; નાજુક.

Tide, *n.* (ટાઇડ) Rise and fall of the sea. ભરતીઓટ. **Springtide** મોટી ભરતી **Neaptide** નાની ભરતી.

Tidings, *n.* (ટા'ઇડિન્ગ્ઝ) News; intelligence. સમાચાર; ખબર.

Tidy, *a* (ટા'ઈડી) Neat and simple. સારું; સફાઈદાર. Considerable. ઠીક. -*n* તેલચૂસ; થેલી. *v* ઠીકઠાક કરવું.

Tie, *n.* (ટાય્) A knot; cloth for neck; connection; equality. ગાંઠ; બંધ; ગળેબંધ; સંબંધ; સરખાપણું. *v.* To bind; unite. બાંધવું.

Tier, *n.* (ટીર) Rows; rank. હાર; દરજ્જો.

Tiff, *n. v.* (ટિફ્) Quarrel તકરાર, કરવી.

Tiffin, *n*. (ટિ'ફિન્) Lunch. નાસ્તો; ફરાળ.
Tiger, *n* (ટા'ઇગર્) Beast of prey. વાઘ; દિપડો.
Tight, *a*. (ટાઇટ્) Closely fitting; drunk. પીધેલું. not loose. તંગ. Not easy. મુશ્કેલીભર્યું, મેળવવું મુશ્કેલ. *n. pl*. નટનો તંગ પોશાક.
Tighten, *v*. (ટા'ઇટન) To make tight. તંગ કરવું.
Tigress, *n*. (ટા'ઇગ્રિસ્) વાઘણ.
Tile, *n*. (ટાઇલ્) Earthen plate for roof. નળીયું; લાદી. *v*. To cover with tiles. નળિયાં બેસાડવાં.
Till, *prep*. (ટિલ્) Until; upto. લગી; સુધી. *adv*. To the time when. જ્યાં સુધી. *v*. To cultivate. ખેડવું. *n*. Money-box. પૈસા નાખવાનો ગલ્લો.
Tillage, *n*. (ટિ'લિજ્) Culture of soil. ખેતી.
Tiller, *n*. (ટિ'લર્) An agriculturist. ખેડુત. Handle of a rudder. સુકાનનો હાંડો.
Tilt, *n*. (ટિલ્ટ) Awning. તંબુ; છત. Military exercise. ભાલાબાજી *v*. To fight with a lance; turn up. યુદ્ધ કરવું; ઉલળવું. [લાકડાં.
Timber, *n*. (ટિ'મ્બર) Wood for building ઈમારતી
Timbrel, *n*. (ટિ'મ્બ્રલ્) A drum, ઢોલકી; ઢોલક.
Time, *n*. (ટાઇમ) Part of duration; season; age; life; pace. વખત-કાળ; સમય; ઋતુ; જમાનો; જિંદગી; તાલ. *v*. To adapt to occasion; regulate

વખત વિચારી કરવું; વખત બાંધવો. [નાંખવું; મુદ્દત.
Time-bar, *v. n.* (ટાઇમબા'ર) મુદ્દત બહાર ગણી કાઢી
Time-honoured *a.* (ટા'ઇમ ઑનર્ડ) Honoured for a long time. લાંબી મુદ્દતથી માન પામેલું.
Time-keeper, *n* (ટા'ઇમ્ કીપર) Clock; one who keeps time ઘડિયાળ; હાજરી કારકુન. [કવેળાનું.
Timeless, *a.* (ટા'ઇમ્લિસ્) Premature. કમોસમનું;
Timely, *a.* (ટા'ઇમ્લી) In good time. વખતસરનું, પ્રાસંગિક *ad.* Early વખતસર.
Time-table, *n.* (ટાઇમ્-ટેઇબલ્) List of times of railway train; hours of classes or work સમયપત્રક.
Time-server (ટા'ઇમસર્વર્) One who complies with times. વખત જોઈને ચાલનાર. [શરમાળ.
Timid, *n.* (ટિ'મિડ્) Fearful; shy. ડરકણ;
Timidity, *n.* (ટિમિ'ડિટિ) Fearfulness. બીકણપણું.
Timorous, *a.* (ટિ'મરસ્) Timid. ડરપોક; બીકણ.
Tin, *n.* (ટિન) White metal. કલઇ; કથીર; પતરૂં. *v.* Cover with tin. કલઈ કરવી
Tincture, *n* (ટિ'ન્કચર્) Hue of a colour extract છાંટ, રંગ; અર્ક. To tinge રંગ દેવો.
Tine, *n.* (ટાઈન) Prong. દાંતો; આણી
Tinge, *n.* (ટિન્જ) Hue, રંગ. છાંટ. *v.* To colour; mix with something રંગવું; છાંટ મારવી.

Tingle, *v. n.* (ટિ'ન્ગલ્) To thrill ઝણઝણવું; ઝણઝણી.
Tinker, *n.* (ટિં'કર) Mender of old metal ware. કંસારો.
Tinkle, *vt.* (ટિ'ન્કલ્) To clink. ખણખણ થવું.
Tinsel, *n.* (ટિ'ન્સલ્) Glitter; flashy decoration. ખોટો ચળકાટ; તેવો શણગાર.
Tint, *n.* (ટિન્ટ્) Slight colour. રંગની છાંટ.
Tiny, *n.* (ટાઇનિ) Puny; little. નાનું; નાજુક.
Tip, *n.* (ટિપ્) End. ટેરવું; અણી Hint. સૂચના. Stroke. તિરસ્કાર ફટકો. Reward. બક્ષીસ.–*v.* તે આપવી.
Tip-cat, *n.* (ટિ'પકૅટ) Kind of game. ગિલીદંડાની રમત.
Tippet, *n.* (ટિ'પિટ્) Covering for neck and shoulders મફલર; કંઠવસ્ત્ર.
Tipple. *v.* (ટિ'પલ્) To drink to excess. ખુબ [ઢીંચવું.
Tipsy, *a.* (ટિ'પ્સી) Unsteady. લથડતું; પીધેલ. Tilted. નમી ગએલું.
Tip-toe, *n* (ટિ'પટો) End of the toes. પગની આંગળીનું ટેરવું. [પરાકાષ્ઠા; રેલછેલ. Very good. સરસ
Tip-top, *n. a.* (ટિપટૉ'પ્) The highest degree.
Tirade, *n.* (ટાયરે'ઇડ) Rant. સખત નિંદા
Tire, *n.* (ટાયર્) Rank; row. ઓળ; હાર. To be weary. થકવવું.
Tiresome, *a*, (ટા'યરસમ્) Tedious, કંટાળો આવે તેવું,

Tissue, *n.* (ટિ'શ્યુ) Something woven. શિરાઓનો ગુચ્છો. Web, જાળ; પાશ.

Tit, *n.* (ટિ'ટ) A bit, કકડો; ટુકડો. [કટકો.

Tit-bit, *n* (ટિ'ટ્-બિટ્) Choice piece. ટુકડો; સરસ

Tithe *n.* (ટાઇધ) Tenth part દશમો ભાગ.

Title, *n.* (ટા'ઇટ્લ્) Inscription; appellation of honour શિરોનામ. ઇલ્કાબ; ખિતાબ. Right. હક.

Title-deed *n.* (ટા'ઇટલ ડીડ) Written deed giving a right to property દસ્તાવેજ; પુરાવો.

Title-page, *n.* (ટા'ઇટલ પેઇજ) First page of a book મુખપૃષ્ઠ. [મનમાં હસવું.

Titter, *vi.* (ટિ'ટર્) To laugh in one's sleeve

Tittle, *n.* (ટિ'ટલ) An iota; a particle. અણુ; કણ.

Titular, *a.* (ટિ'ટ્યુલર્) Nominal. નામનું.

To. *prep* (ટુ) Towards. પાસે; કને; એ તરફ.

Toad. *n* (ટોઉડ્) Frog. મેંડક; દેડકો [ખુશામતીઓ.

Toady, *n* (ટો'ડી) A mean flatterer મસ્કાબાજ;

Toast, *vt.* (ટોઉસ્ટ્)Roast brown. ભુજવું; શેકવું. *n.* Drinking of health; roast bread. પાન સલામી; શેકેલો પાંઉ. [જરદો.

Tobacco, *n.* (ટબૅ'કો) Kind of plant તમાકુ;

Tocsin, *n.* (ટૉ'ક્સિન્) An alarm bell. ભય ઘંટ.

Today, *adv. n.* (ટડે') The present day,

આજે; આજનો દિવસ. [ટુંકે પગલે ચાલવું

Toddle, *v.* (ટૉ'ડલ્) To walk with short steps

Toddy, *n.* (ટૉ'ડી) તાડી; ગરમ દારૂ પાણી.

Toe, *n.* (ટો) One of the extremities of th foot. પગની આંગળી -*v.* આંગળીથી અડવું.

Toff, *n.* (ટૉફ્) સાહેબ.

Toffee, *n.* (ટૉ'ફી) મીઠી માખણ પાપડી.

Toga, *n.* (ટો'ઉગા) Loose outer garment. ઝભ્ભો

Together, *adv.* (ટગે'ધર્) In company; int one. એક બીજા સાથે; સંગાથમાં; ભેગા.

Togs, *n.* (ટૉગ્ઝ્) Clothes. કપડાં.

Toil, *n.* (ટૉઇલ્) Hard labour. પરિશ્રમ; સખ મહેનત. *v.* To work hard. સખત મહેનત કરવી

Toilet, *n.* (ટૉ'ઇલિટ્) A dressing-table; mod of dressing. શણગાર મુકવાનું ટેબલ: શણગાર.

Toilsome, *a.* (ટૉ'ઇલસમ્) Wearisome કષ્ટદાય મહેનતભર્યું.

Token, *n.* (ટો'ઉકન્) Mark; sign. નિશાની.

Tola, *n.* (ટો'લા) એક તોલો. [શકે એ

Tolerable, *a.* (ટૉ'લરબલ્) Bearable. સહન થ

Tolerance, *n.* (ટૉ'લરન્સ) Endurance. સહનશીલત

Tolerant, *a* (ટૉ'લરન્ટ્) Enduring. સહન કર

Tolerate, *vt.* (ટૉ'લરેઇટ્) To endure. સહન કર

Toleration *n.* (ટૉલરે'શન) Sufferance. મ. માનતો ધર્મ પાળવાની છુટી.

Toll, *n.* (ટૉલ્) Tax for passing નાકાવેરો *v* T ring a bell slowly ઘંટ વગાડવો.

Tomb, *n.* (ટૂમ્) A grave. કબર.

Tamato, *n.* (ટમા'ટો) Kind of vegetable. ટમેટું

Tomboy, *n.* (ટૉ'મ્બૉય્) A wild girl. તોફાની છોકરી

Tom-cat, *n* (ટૉ'મકૅટ્) He-cat. બીલાડો; મીંદડો

Tome, *n.* (ટોમ) Volume; book. પુસ્તક; બેલું.

Tom-foolery. *n.* (ટૉમ્ફૂલરિ) Mummery વિદૂષકવેડા; ચાળા; બેવકુફી.

To-morrow, *n. adv.* (ટમૉ'રો) The day after the present. આવતી કાલ.

Tomtom, *n.* (ટૉ'મટૉમ્) Indian drum. નગારૂં. *v.* પોતાનાં વખાણ કરવા.

Ton, *n.* (ટન્) Weight of 2240 lbs. છપ્પન મણ.

Tone, *n.* (ટોઉન્) Sound; healthy state of body; temper; style. અવાજ; સ્વર; નીરોગી સ્થિતિ; મનનું વલણ; વૃત્તિ, મરોડ; વલણ; સૂર. [ગાડી; ટાંગો.

Tonga *n.* (ટૉં'ગા) Two wheeled carriage. બે પૈડાની

Tongs, *n.* (ટૉન્ગ્ઝ) Instrument to handle fire. ચીપીઓ, ચીમટો.

Tongue, *n.* (ટન્ગ્) Organ of taste and speech;

speech; language; tongue-like piece or part. જીભ, બોલવાની શક્તિ, ભાષા; કાંટાની સળી; લોલક; પટ્ટી; સેર.

Tonic, *a.* (ટૉ'નિક) કૌવત આપે એવું *n.* Medicine which gives strength. બળ આપે તેવું ઓષધ.

To-night, *adv.* (ટના'ઇટ) This night. આજ રાત્રે.

Tonnage, *n.* (ટ'નિજ્) Amount in tons; duty by ton. ગાડીમાં, વહાણમાં ભરેલા માલનું વજન; ઘનમાપ; કર; જકાત.

Tonsil, *n.* (ટૉ'ન્સિલ્) Gland at the root of tongue. લાળી; કાકડો [મુંડન; હજામત.

Tonsure, *n.* (ટૉ'ન્શર્) Shaving of the head.

Too, *adv.* (ટૂ) Also; excessively. વળી; તેની સાથે; અતિશય. [સાધન.

Tool, *n.* (ટૂલ્) Instrument. ઓજાર, હથીઆર,

Tooth, *n.* (ટુથ્) Bone in gum; taste. દાંત; સ્વાદ. *pl.* Teeth.

Top, *n* (ટૉપ્) The summit. શિખર; ટોચ; Toy. ભમરડો. *v.* To come above. મોખરે આવવું.

Topaz, *n.* (ટો'પૅઝ્) Precious stone. પીળું રત્ન; પોખરાજ.

Toper, *n.* (ટૉ'ઉપર્) A drunkard. દારૂબાજ, દારૂડીયો

Topful, *a.* (ટૉ'પ્ફુલ્) ઠેકાઠક ભરેલું.

Topic, *n.* (ટૉ'પિક્) Subject of discussion. વિષય

Topical *a.* (ટૉ'પિકલ Local. સ્થાનિક.

Top-knot, *n.* (ટૉ'પનૉટ્) કલગી, અંબોડો તોરો.

Topmost, *a.* (ટૉ'પમોસ્ટ) Highest. ઉંચામાં ઉંચું.

Topography, *n.* (ટપૉગ્રફી) Full description of a particular district અમુક જગાનું સવિસ્તર વર્ણન.

Topple, *v* (ટૉ'પલ્) Fall; fall. પડવું; પાડવું; લથડવું.

Topsy-turvy, *adv. a* (ટૉપ્સીટ'વી) Turned upside down. ઉલટુંસુલટું.

Torch, *n.* (ટૉર્ચ) A flambeau. મશાલ **Torch-light**.*n.*મશાલ: પ્રકાશ **Torch-bearer**,મશાલચી.

Torment, *n.* (ટૉમેન્ટ્) Torture. વેદના, સંતાપ. *v.* To harass; vex. પીડવું; દુઃખ દેવું

Torpedo, *n* (ટૉપી'ડો) Mine or petard for blowing up ships. વહાણનો નાશ કરવાની સુરંગ. —*v.* તેનાથી તોડવું.

Torpid, *a.* (ટૉ'રપિડ્) Sluggish; numb. સુસ્ત.

Torpor, *n.* (ટૉ'રપર્) Drowsiness. સુસ્તી; આળસ.

Torrent, *n* (ટૉ'રન્ટ) Rushing stream. ધોધ.

Torrid, *a.* (ટૉરિડ) Very hot. અતિશય ગરમ

Torso, *n.* (ટૉ'સૉ) Trunk of a statne. પુતળાનું ધડ.

Tort, *n.* (ટૉર્ટ્) wrong; injury done. નુકસાની.

Tortoise, *n.* (ટૉ'ટસ્) Reptile with a hard shell. કાસવો, કાચબો.

Torture, *n.* (ટૉ'ર્‌ચર્) Torment, અસહ્ય વેદના *v.* To harass. અતિશય દુઃખ દેવું.

Tory, *n.* (ટો'રી) Conservative. રાજપક્ષકાર.

Toss, *v. n.* (ટૉસ્) Roll and tumble; fling ઉછળવું; ઉછાળવું; ફેંકવું; ઉછાળો. [complete; whole બધું; કુલ.

Total, *n.* (ટો'ટલ્) Sum. સરવાળો. *a.* Entire;

Totally, *ad.* (ટો'ટલી) Fully; wholly. સહંતર.

Totter, *v.t.* (ટૉ'ટર્) Shake; reel. લથડવું; લથડતાં લથડતાં ચાલવું. [અસર કરવી. Take લેવું.

Touch, *n.* (ટચ્) Contact. સ્પર્શ. *v.* સ્પર્શ કરવો;

Touching, *a.* (ટ'ચિંગ) Pathetic; affecting. હૃદય પીગળાવે એવું; અસરકારક.

Touchstone, *n* (ટ'ચ્સ્ટોન) Test; stone by which quality of gold is tested. કસોટીનો પત્થર.

Tough, *a.* (ટફ્) Firm. ચીકટ; મજબુત [કરવી.

Tour, *n.v.* (ટૂર) Journey. દેશાટન; પર્યટન; મુસાફરી

Tourist, *n.* (ટૂરિસ્ટ) One who goes on a tour. મુસાફરી કરનાર.

Tournament, *n.* (ટૂ'ર્નમન્ટ) A military joust on horseback. ભાલાબાજી.

Tow, *v.* (ટો) Coarse part of flax or hemp; rope for towing. શણનો ગુંથો; દોરડું *v.* To pull through water. ખેંચાવું.

Towards, *prep.* (ટો'ર્ડ્ઝ્-ટવૉ'ર્ડ્ઝ્) In the direction of. તરફ. [ટુવાલ.

Towel, *n.* (ટા'વિલ) Cloth for wiping. રૂમાલ;

Tower, *n.* (ટા'વર્) A citadel; lofty building. કિલ્લો. મિનારો. *v.* To be lofty. ઉંચે હોવું.

Tractile, *a* (ટ્રૅ'ક્ટાઈલ) That can be drawn out. ખેંચી શકાય એવું.

Town, *n.* (ટાઉન) A city. શહેર; નગર.

Townhall, *n.* (ટા'ઉનહૉલ) The building at which public business is carried on. જાહેર નગર મંદિર. **Town talk**. નગર ચર્ચા [શરીરનો)

Toxin, *n.* (ટૉ'ક્સિન્) ઝેરી પદાર્થ, (જનાવરના

Toy, *n* (ટૉય્) A plaything. રમકડું. *v.* To trifle રમવું.

Trace, *n.* (ટ્રેયસ્) Mark. નિશાની; પત્તો. *v.* To mark out. શોધી કાઢવું; દોરવું. [તે.

Tracing, *n.* (ટ્રે'યસિંગ) Delineation રૂપરેખા દોરવી

Track, *n.* (ટ્રૅક) Footprint; mark left behind પગલું, રસ્તો. *v.* Follow tracks; to copy. પગલાં શોધીને પાછળ પડવું; આભાસ પરથી કાઢવું [અગોચર.

Trackless, *a.* (ટ્રૅ'કલિસ) Having no path. ઉજાડ;

Tract, *n.* (ટ્રૅક્ટ્) Region; area. પ્રદેશ; વિસ્તાર.

Tractable, *a.* (ટ્રૅ'ક્ટબલ્) Docile. કહ્યાગરું; નરમ.

Traction, *n.* (ટ્રૅકશન) Attraction. આકર્ષણ.

Trade, (ટ્રેઇડ્) Occupation; traffic; commerce. ધંધો; કસબ; વેપાર. *v.* To buy & sell. વેપાર કરવો.

Trader, *n.* (ટ્રે'ઇડર) Merchant. વેપારી.

Tradesman, *n* (ટ્રે'ઇડ્ઝમન) Shop-keeper. દુકાન-[દાર.

Tradition, *n.* (ટ્રૅડિ'શન્) Old custom; oral account handed down from father to son. સંપ્રદાય; પ્રણાલિકા; દંતકથા.

Traditional, *a.* } ટ્રૅડિ'શનલ } Handed by tra-
Traditionary, } ટ્રૅડિ'શનરી } dition. પરંપરાથી ચાલતું આવેલું.

Traduce, *v.* (ટ્રૅડ્યૂ'સ) Calumniate; defame. નિંદા કરવી; બદનામ કરવું.

Traffic, *vi* (ટ્રૅ'ફિક) To carry on business. વેપાર કરવો. *n.* Exchange of goods; commerce; passing of vehicles, etc. on road. વેપાર; વ્યવહાર; રસ્તા ઉપરની ધમાલ; વાહનવ્યવહાર.

Tragedy, *n.* (ટ્રૅ'જિડી) Drama which has a sad ending. ભયંકર બનાવ; આપત્તિ નાટક. [કરુણ; કમનશીબ.

Tragic (al). *a* (ટ્રૅ જિક્) Sorrowful; disastrous

Trail, *n.* (ટ્રેઇલ) Track or scent. પત્તો; રસ્તો; સેર; ગંધ. *v.* Drag; hang; to hunt by following track. ઘસડવું; લટકવું; વાટ મેળવવી.

Train, *n.* (ટ્રેઇન્) Railway carriages with an engine; retinue; series. આગગાડી; પરિચારકો; હાર; પાલવ *v.* To teach by practice; to tame for use કેળવવું; તાલિમ આપવી.

Training, *n.* (ટ્રેઈનિંગ્) શિક્ષણ; કેળવણી

Trait, *n* (ટ્રેઇટ્) Characteristic. લક્ષણ.

Traitor, *n.*(ટ્રે'ઇટર્) One who betrays his trust. દેશદ્રોહી; રાજદ્રોહી; દગલબાજ.

Traitorous, *a.* (ટ્રે'ઇટરસ) Like a traitor. દ્રોહી.

Tram, *n.* (ટ્રૅમ્) Tramway. ટ્રામ.

Trammel, *n.*(ટ્રૅ'મલ્) Bounds; net for catching; fish. બંધન; માછલી પકડવાની જાળ. *v.* To catch in a net; to hinder. પકડવું; અટકાવવું.

Tramp, *n.*(ટ્રૅમ્પ્) Vagrant. રખડતો; માણસ; ધબકારો. *v* To travel on foot. ચાલવું. [કચરવું.

Trample, *v.* (ટ્રૅ'મ્પલ્) To tread under foot.

Trance, *n.* (ટ્રાન્સ્) Ecstasy; swoon. સમાધિ; મૂર્છા.

Tranquil, *a.* (ટ્રૅ'ન્કુવિલ્) Calm; peaceful. શાંત.

Tranquillity, *a.* (ટ્રૅ'ન્કુવિલિટી) Peace of mind. શાંતિ. [પાડવું.

Tranquillize, *v.*(ટ્રૅ'ન્કુવિલાઇઝ) To soothe. શાંત

Transact, *v* (ટ્રૅન્ઝૅ'ક્ટ્) To manage; do (work.) વહીવટ કરવો; કરવું.

Transaction, *n.* (ટ્રૅન્ઝૅકશન) Management; business. વહીવટ; કામ.

Transatlantic, *a* (ટ્રૅન્ઝ્અટલૅન્ટિક્) Beyond the Atlantic આટલાંટિકની પેલી પારનું

Transcend, *v* (ટ્રૅન્સેન્ડ્) To rise above ઉંચા, પર હોવું. [કરવી

Transcribe, *v.* (ટ્રૅન્સ્ક્રાઇબ્) To copy, નકલ

Transcription, *n* (ટ્રૅન્સ્ક્રિપ્શન્) New copy. ઉતારો

Transfer, *v.* (ટ્રૅન્સ્ફર્) To remove is transfered. બદલવું. *n.* Removal; that which is transferred. બદલી. [transferred બદલી થઇ શકે એવું.

Transferable, *a.* (ટ્રૅન્સ્ફરઅલ) Able to be

Transfigure, *v.* (ટ્રૅન્સ્ફિગર્) Transform. રૂપ બદલવું. [ચોટાડવું.

Transfix, *v.* (ટ્રૅન્સ્ફિક્સ) Pierce; root. વીંધવું;

Transform, *v.* (ટ્રૅન્સ્ફૉર્મ્) Change form of. રૂપાંતર કરવું. [of form રૂપાંતર.

Transformation, *n.* (ટ્રૅન્સ્ફૅમૅશન્) Change

Transfuse, *v.* (ટ્રૅન્ઝ્ફ્યૂઝ્) To pour into another. રેડવું. [કરવો.

Transgress, *v.* (ટ્રૅન્સ્ગ્રેસ્) To violate. ભંગ

Transgression, *n.* (ટ્રૅન્સ્ગ્રેશન્) Violation of

law; sin. ઉલ્લંઘન; પાપ.

Tranship, *v.* (ટ્રૅન્શિ'પ્) બીજા વહાણ પર લઈ જવું.

Transient, *a* (ટ્રૅ'ન્શિઅન્ટ્) Not lasting; fleeting. ક્ષણભંગુર; ચલ

Transit, *n.* (ટ્રૅ'ન્ઝિટ્) Conveyance. લઈ જવું તે.

Transition, *n.* (ટ્રૅન્ઝિ'શન્) Change. ફેરફાર.

Transitive, *a* (ટ્રૅ'ન્ઝિટિવ્) Passing from subject to object. સકર્મક.

Transitory, *a.* (ટ્રૅ'નઝિટરી) Not lasting. અસ્થાયી.

Translate, *v.* (ટ્રૅન્સ્લે'ઇટ્) Render into another language. તરજુમો, ભાષાંતર કરવું.

Translation, *n.* (ટ્રૅન્સ્લે'ઇશન્) Turning into another language; version. ભાષાંતર.

Translator, *n.* (ટ્રૅન્સ્લે'ઇટર) One who translates. ભાષાન્તર કરનાર.

Transliterate, *v.* (ટ્રૅન્સ્લિ'ટરેઇટ્) Write in letters of another language. બીજી લિપિમાં લખવું.

Translucent, *a.* (ટ્રૅન્સ્લ્યૂ'સન્ટ્) Transmitting rays; clear. અર્ધપારદર્શક; સ્વચ્છ.

Transmigrate, *v.* (ટ્રૅન્સ્મિગ્રેઇટ) To pass from one country or body to another. દેશાંતર જઈ વસવું; બીજો કે પુનર્જન્મ લેવો.

Transmisson, *n.* (ટ્રૅન્સ્મિ'શન) Sending from

one to another. રવાનગી; સંવાહન.

Transmit, *v.* (ટ્રૅન્ઝ્મિ'ટ્) Convey. લઈ જવું

Transmute, *v.* (ટ્રૅન્ઝ્મ્યૂ'ટ્) Change form or nature. રૂપાંતર, ગુણાંતર કરવું.–°**tation**, *n.*

Transparent, *a* (ટ્રૅન્સ્પે'અરન્ટ્) That can be seen through. પારદર્શક.

Tranpire, *v.* (ટ્રૅન્સ્પા'યર્) To take place બનવું To become an open secret. ખુલ્લું થવું; જાહેર થવું. To exhale. છિદ્ર વાટે નીકળવું.

Transport, *v.*(ટ્રૅન્સ્પૉ'ર્ટ્) Banish દેશનિકાલ કરવું (2) Convey. લઇ જવું. (3) Ravish. હર્ષ આપવો. *n.* (ટ્રૅ'–) Rapture; conveyance; troopship. અત્યાનંદ; વાહન; યુદ્ધ સામગ્રી લઇ જવાનું વહાણ.

Transportation, *n.* (ટ્રૅન્સપૉર્ટે'શન) Banishment; act of conveying. પરદેશમાં લઈ જવું તે દેશનિકાલ [અરસપરસ ક્રમ બદલવો.

Transpose, *v.* (ટ્રૅન્ઝ્પો'ઝ) To change order.

Trans-ship, *v.* (ટ્રૅનશિ'પ્) એક વહાણમાંથી બીજા વહાણમાં લઈ જવું.

Transverse, *a* (ટ્રૅન્ઝ્વર્સ) Lying across. ત્રાંસુ.

Trap, *n* (ટ્રૅપ્) Instrument for catching; snare પાંજરૂં; ફાંદો; જાળ. *v.* To catch unawares; adron. ફસાવવું; શણગારવું.

Trapeze, *n* (ટ્રેપી'ઝ્) કસરતનો ઝુલો.
Trappings, *n.* (ટ્રૅ'પિન્ગ્સ્) Decorations, શણગાર.
Trapezium, *n.* (ટ્રેપી'ઝિઅમ) વિષમ ચતુર્ભુજ.
Trapezoid, *n.* (ટ્રૅપિઝૉ'ઇડ) સમલંબ ચતુર્ભુજ.
Trash, *n.* (ટ્રૅશ્) Rubbish; worthless stuff. કચરો.
Travail, *n* (ટ્રૅ'વિલ્) Very hard labour; pangs of child birth. કષ્ટ; દુઃખ; પ્રસવવેદના. *v.* To toil. મજૂરી કરવી [*v.* To journey. મુસાફરી કરવી.
Travel, *n.* (ટ્રૅવ'લ્) A journey, પ્રવાસ. મુસાફરી.
Traveller, *n.* (ટ્રૅ'વલર્) One who travels. મુસાફર.
Traverse, *a.* (ટ્રૅ'વર્સ્) Transverse. આડું; તિરકસ. *v.* To cross; deny. ઓળંગી જવું; સામા પડવું; ના કહેવી.
Tray, *n.* (ટ્રે) A dish salver. રકાબી, તાસક; થાળી.
Treacherous, *a.* (ટ્રે'ચરસ) Faithless. નિમકહરામ; વિશ્વાસઘાતી. [કપટ, દગો
Treachery, *n.* (ટ્રે'ચરિ) Breach of faith. છળ,
Treacle, *n.* (ટ્રી'કલ્) Raw sugar; molasses. ગોળ.
Tread, *n.* (ટ્રેડ્) Path; manner of walking. પગ રસ્તો; ચાલવાના લઢણ. *v.* To walk on; trample. ઉપર ચાલવું; કચડવું
Treason, *n.* (ટ્રી'ઝન્) Disloyalty. બેવફાઈ; રાજદ્રોહ.
Treasure, *n.* (ટ્રે'શ્ઝર્) Wealth accumulated. ખજાનો; દોલત; ભંડાર. –*v.* Lay up; hoard. સંઘરી,

ભરી રાખવું [found in the earth. દાટેલું ધન.

Treasure-trove, *n.* (ટ્રે'શ્અરટ્રૂવ) Any money

Treasury, *n.* (ટ્રે'શ્અરી) Place where public money is kept. ભંડાર; તીજોરી.

Treat, *n.* (ટ્રીટ્) A feast. મીજબાની. *v.* To use; manage; entertain ભાંજગડ કરવી; વર્તવું; મોજ કરાવવી.

Treatise, *n.* (ટ્રી'ટિઝ) A written discourse. લેખ; નિબંધ

Treatment, *n.* (ટ્રી'ટમન્ટ્) Mode of treating; usage; management. વર્તન; દવાદારૂ; ઉપચાર; આચરણ. [સંધિ.

Treaty, *n.* (ટ્રી'ટી) Formal agreement. કોલકરાર;

Treble, *a.* (ટ્રે'બલ્) Triple. તેવડું; ત્રણગણું [ઝાડ.

Tree, *n.* (ટ્રી) Plant of great size. વૃક્ષ; તરુવર;

Trefoil, *a.* (ટ્રિ'ફૉઇલ્) ત્રણ પાંદડાંવાળું.

Trek, *v n.* (ટ્રેક્) Journey on foot. પગેપાળા મુસાફરી કરવી; પર્યટન; દેશાંતર.

Trellis, *n.* (ટ્રે'લિસ્) માંડવો; જાળી.

Tremble, *vi.* (ટ્રે'મ્બલ્) To shake. ધ્રુજવું; થરથરવું.

Tremendous, *a.* (ટ્રીમે'ન્ડસ્) Fearful; great. ભયંકર; જબરૂં.

Tremor, *n.* (ટ્રે'મર્) Trembling. ધ્રુજારી; કંપારી.

Tremulous, *a* (ટ્રે'મ્યુલસ) Trembling. કાંપતું; ધ્રુજતું.

Trench, *n.* (ટ્રેન્ચ્) Ditch. ખાઇ; મોરી; ગટર. *v.* To dige ditch. ખાઇ ખોદવી. Encroach, border upon. ત્રાપ મારવી; નજીક આવવું.

Trenchant, *a.* (ટ્રેન્ચન્ટ્) Cutting; sharp. ઝાટકો લાગે એવું; સખત; તીવ્ર [લાકડાની રકાબી; મેજ.

Trencher, *n.* (ટ્રે'ન્ચર્) Wooden plate; table.

Trend, *n.* (ટ્રેન્ડ્) Tendency. વલણ. *v.* Stretch. વળવું; ખેંચવું. [ensnare ફસાવવું.

Trepan, *n.* (ટ્રીપે'ન્) ડાક્ટરી ઓજાર. *v.* To

Trepidation, *n.* (ટ્રેપિડે'ઇશન) Trembling. ભયથી ધ્રુજવું તે. [પેસારો કરવો; ત્રાપ મારવી.

Trespass, *vt.* (ટ્રે'સપસ્) To intrude; encroach.

Tress, *n.* (ટ્રેસ્) Curl or braid of hair. વાળનો ગુચ્છો; લટ. [લાયક.

Triable, *a* (ટ્રા'યબલ્) અજમાવવા, કામ ચલાવવા

Triad, (ટ્રા'યડ) Union of three. ત્રિમૂર્તિ.

Trial, *n.* (ટ્રા'યલ્) Test; legal examination. અજમાયશ; કસોટી; તપાસ.

Triangle, *n.* (ટ્રા'યૅન્ગલ્) Figure of three angles. ત્રિકોણ --**Triangular**, *a.* [જાતિ; ટોળી.

Tribe, *n* (ટ્રાઇબ્) Group of (primitive) people.

Triblet, *n.* (ટ્રિ'બ્લિટ્) સોનીનું હથીઆર. (વીંટી બનાવવા માટે)

Tribunal, *n.* (ટ્રિ'બ્યુનલ્) A court of justice. ન્યાયસભા. [strate. મુનસફ.

Tribune, *a.* (ટ્રિ'બ્યુન) A court. અદાલત. Magi-

Tributary, *a* (ટ્રિ'બ્યુટરી) Subordinate; affluent. માંડલિક; શાખા તરીકે મળતી. *n.* One subject to tribute; flowing into another. ખંડીઓ રાજા; ઉપનદી; શાખા.

Tribute, *n.* (ટ્રિ'બ્યુટ્) Tax on a conquered country; mark of respect. ખંડણી; પ્રશંસા.

Trice, *n.* (ટ્રાઇસ્) A moment. ક્ષણ; નિમિષ; પળ.

Trick, *n.* (ટ્રિક્) A stratagem; artifice; fraud. યુક્તિ; દાવપેચ; છળ. *v.* To cheat. છેતરવું. [ટપકવું.

Trickle, *vi.* (ટ્રિ'કલ) To flow gently. ધીમેથી

Tri-colour, *n.* (ટ્રા'ઇકલર) ફ્રેંચ રાષ્ટ્રધ્વજ. **-ed.** *a.* Of three colours ત્રિરંગી [prongs. ત્રિશૂળ.

Trident, *a.* (ટ્રા'ઇડન્ટ) Sceptre with three

Tricycle, *n.* (ટ્રા'ઇસિકલ્) ત્રણ પૈડાંવાળી સાયકલ.

Triennial, *a* (ટ્રાયે'નિઅલ્) ત્રણસાલી; ત્રિવાર્ષિક

Trier, *n.* (ટ્રા'યર્) An experimenter. પ્રયોગી

Trifle, *n.* (ટ્રા'ઇફલ્) Thing of very little value. નજીવી વસ્તુ *v.* To act with levity; play ચેડાં, નખરાં કરવાં; ગેલ કરવી [તુચ્છ; નજીવું.

Trifling, *a.* (ટ્રા'ઇફ્લિંગ્) Of no imporance.

Trig, *n.* *v.* (ટ્રિગ્) સરસ; ચાલાક; શણગારવું; ફાચર.

Trigger, *n.* (ટ્રિ'ગર્) Catch of fire-arm. બંદુક પરનો ઘોડો; ચાંપ.

Trigonometry, *n.* (ટ્રિગનૉ'મિટ્રિ) ત્રિકોણમિતિ.

Trill, *n. v.* (ટ્રિલ્) Warble. ટહેરાટી; રણકાર; ટર્ર્ર્ થવું.

Trim, *n.* (ટ્રિમ) To put in order. વ્યવસ્થિત કરવું. To clip. કાપવું. Change. ફરી જવું; ફેરવવું. *a.* Neat. સ્વચ્છ. *n.* Fitness. તૈયારી; સાજ.

Trinity, *n.* (ટ્રિ'નિટિ) Thing of three parts. ત્રિપુટી.

[નજીવો દાગીનો.

Trinket, *n.* (ટ્રિ'ન્કિટ) A trifling ornament.

Trinomial, *a. n* (ટ્રાયનો'મિઅલ્) ત્રિપદી.

Trio, *n.* (ટ્રા'યો) Music by three. ત્રણ જણે ગાવાનું ગાણું. Set of three. ત્રેખડ; ત્રિપુટી.

Trip, *n.* (ટ્રિપ) A tour. ટુંકી મુસાફરી; સફર. An error. ભૂલ *v.* To stumble. ઠોકર ખાવી.

Triple, *n.* (ટ્રિ'પલ) Three-fold. ત્રણગણું.

Triplicate, *a.* (ટ્રિ'પ્લિકટ્) Three-fold. ત્રણગણું. *n.* Third copy. ત્રીજી નકલ. *v.* (–કેઇટ્) ત્રેવડું કરવું.

Tripod, *n.* (ટ્રિ'પડ્) Stool with three feet. ત્રિપાઈ.

Tripartite, *a.* (ટ્રિપા'ર્ટાઇટ્) ત્રિપક્ષી.

Tripos, *n.* (ટ્રા'યપૉસ્) ઉંચી પરીક્ષા; ત્રિવર્ગી લિસ્ટ.

Tripping, *a.* (ટ્રિ'પિંગ્) Nimble. સરસરતું, ઠમકતું.

Trite, *a.* (ટ્રાઇટ્) Worn out; common. જૂનું; જીર્ણ.

Triumph, *n.* (ટ્રાં'વમ્ફ્) Victory. વિજય. *-v.* To rejoice for victory. જયથી હર્ષ પામવો.

Triumphant, *a.* (ટ્રાયં'મ્ફન્ટ) Victorious. વિજયી.

Trivet, *n.* (ટ્રિ'વિટ) Stand for kettle. આંડણી; બેસણી.

Trivial, *a.* (ટ્રિ'વિઅલ્) Trifling; light. તુચ્છ, નજીવું.

Trod, *pp.* (ટ્રૉડ્) Walked. કચર્યું, ચાલ્યું.

Troll, *n.* (ટ્રોલ્) A hand cart. ઠેલણ ગાડી *-v.* To roll; sing. ઝડપથી ફેરવવું; ગોળ ફરવું; ગાવું.

Trolley, *n.* (ટ્રૉ'લી) Truck pushed by hand. નાની ગાડી; વિદ્યુત્સ્પર્શચક્ર. [ખરાબ સ્ત્રી.

Trollop, *n.* (ટ્રૉ'લપ્) Bad woman or girl.

Troop, *n.* (ટ્રૂપ્) A multitude; number of people. ટોળું; ધાડું Body of soldiers. ફોજ, ઝુંડ.

Trooper, *n.* (ટ્રૂ'પર્) A soldier. લશ્કરનો સિપાઈ.

Trope, *n.* (ટ્રોઉપ્) અલંકાર અર્થે વાપરેલા શબ્દ.

Trophy, *n.* (ટ્રો'ફી) વિજયચિહ્ન A token of victory.

Tropic, *n* (ટ્રૉ'પિક્) Line at which the sun appears to turn in course. દક્ષિણોત્તરાયણ વૃત્ત.

Tropical, *a.* (ટ્રૉ'પિકલ) Incident to the tropics. ઉષ્ણ દેશમાં થનારૂં.

Trot, *n.* (ટ્રૉટ્) Medium pace of a horse. મધ્યમ ચાલે ચાલવું તે. *v.* To move in a trot. ચાલ ચલાવવી; મધ્યમસર જવું. Show off. કાઢી બતાવવું.

Troth, *n* (ટ્રૉથ્) Faith. વફાદારી; કોલ.
Trouble, *n*. (ટ્ર'બલ્) Pains; disquiet; its cause. મહેનત: તકલીફ; અશાંતિ; દુઃખ *v*. તસ્દી, અશાંતિ આપવી.
Troublesome, *a*. (ટ્ર'બલસમ) Harassing; inconvenient ત્રાસદાયી; મહેનત, અગવડભર્યું. [હરાવવું.
Trounce, *v*. (ટ્રાઉન્સ્) To beat severly. સખત
Trope, *a*. (ટ્રુપ) Company of performers નટમંડળી.
Trough, *n*. (ટ્રૉફ્) Long vessel, channel for liquid. લાંબી કુંડી; અવેડો.
Trousers, *n*. (ટ્રા'ઉઝર્ઝ્) Pants. પાટલુન [પોશાક.
Trousseau, *n*. (ટ્રુસો') Bride's outfit. કન્યાનો
Trowel, *n*. (ટ્રૉ'વલ્) Tool for spreading mortar. કડીયાનો લેલો.
Troy-weight, *n*. (ટ્રૉ'યવેઇટ્) System of weight for weighing gold or silver. સોનાચાંદીનું વજન.
Truant, *n*. (ટ્રુ'અન્ટ્) Loiterer; a child who stays away from school. નાસી જનાર *a*. Idle કામનું ચોર.
Truce, *n*. (ટ્રુસ્) Peace. શાંતિ.
Truck, *n*. (ટ્રક્) Low cart. લૉરી; ખટારો.
Truckle, *n* (ટ્ર'કલ) Low wheeled bed. નીચી પથારી. *v*. To submit meanly. તાબે થવું. [લડાઇખોર.
Truculent, *a*. (ટ્ર'ક્યુલન્ટ) Savage. જંગલી;
True, *a*. (ટ્રૂ) Real; not false. સાચું: ખરેખરૂં.

Truism, *n.* (ટ્રુ'ઈઝમ) Evident truth દેખીતું સત્ય; ટાયલું.

Truly, *ad.* (ટ્રૂ'લિ) Exactly. ખરેખર રીતે; યથાર્થ; [ખરૂં જોતાં. Really.

Trump, *n.* (ટ્રમ્પ્) Winning card હુકમનું પત્તું. —*v.* હુકમનું પાનું રમવું.

Trumpery, *n.* (ટ્ર'મ્પરી) Empty talk; worthless finery. ખાલી બડાઈ; તકલાદી ચળકાટ. —*a.* તેવું.

Trumpet, *n* (ટ્ર'મ્પિટ્) Wind instrument તુરી; શરણાઈ. *v.* To proclaim; to sound the praises of. જાહેરાત કરવી; ફુલ હાંકવો; હાથીની જેમ અવાજ કરવો.

Truncheon, *n.* (ટ્ર'ન્ચન્) Short staff; club. ડંડુકો; દંડ.

Trundle, *n.* (ટ્ર'ન્ડલ) A little wheel. નાનું પૈડું. [*v.* To roll. ગબડવું.

Trunk, *n.* (ટ્રન્ક્) Stem of a tree; chest; main body; proboscis of an elephant. ધડ; પેટી; થડ; સુંઢ

Truss, *n.* (ટ્રસ્) Bandage; bundle. પટો; પોટલું *v.* બાંધવું.

Trust, *n.* (ટ્રસ્ટ્) Charge; confidence. કામ; વિશ્વાસ Property in charge of trustees; their board o management. ટ્રસ્ટ; વહીવટ: હવાલો *v.* To rely on believe વિશ્વાસ રાખવો; માનવું.

Trustee, *n.* (ટ્રસ્ટી') One entrusted wit management વહીવટદાર.

Trustworthy, *a.* (ટ્રસ્ટવર્ધી) Worthy of trust. વિશ્વાસપાત્ર.

Trusty, *a.* (ટ્ર'સ્ટી) Faithful. વફાદાર.

Truth, *n.* (ટ્રુથ) Veracity; honesty; reality. સત્ય; ઈમાન; સાચી વાત. [સાચું.

Truthful, *a.* (ટ્રુ'થફુલ) Full of truth સત્યવાદી;

Try, *v.* (ટ્રાય) To test. અજમાયશ કરવી. To attempt. યત્ન કરવો To examine carefully. મુકદ્દમો ચલાવવો *n.* Test; examination તપાસ; પરીક્ષા.

Trying, *a.* (ટ્રા'ઇંગ) Severe. સખત; કસોટી કરે એવું.

Tub. *n.* (ટબ) Open wooden vessel. ખુલ્લું પીપ.

Tubby, *a.* પીપના જેવું; જાડું.

Tube, *n.* (ટ્યૂબ) Long hollow pipe. નળી. A railway. અંડરગ્રાઉન્ડ રેલવે. —**Tubular**, *a.* નળી જેવું.

Tuberculosis, *n* (ટયુબરક્યુલો'સિસ) Consumption of the lungs, etc. ક્ષયરોગ.

Tuck, *v.* (ટક) Plait; folded dress; sweets; narrow sword ચીપેલું લુગડું; આંતરસીવો; ચીપ; મીઠાઈ; તલવાર. *v.* To roll up. દબાવી દેવું. [મંગળવાર.

Tuesday, *n.* (ટ્યૂ'ઝ્ડિ) Third day of the week.

Tuft, *n.* (ટફ્ટ) Cluster. ઝુમખો; કલગી.

Tug, *n. v.* (ટગ) To pull hard. જોરથી તાણવું, *n.* Hard pull. જોરથી મારેલો આંચકો.

Tug-of-war, *n.* (ટગ ઑવ્ વૉ'ર)A kind of game; contest. ખેંચતાણ [ટ્યુશન; ભણાવવું તે.

Tuition, *n.* (ટ્યુ'ઇશન્) Giving of lessons.

Tumble, *v.n* (ટ'મ્બલ્) Fall; disorder. પડી જવું તે; ગેરવ્યવસ્થા *v.* To turn over. પાડી નાખવું; ગબડી પડવું.

Tumbler, *n.* (ટ'મ્બ્લર્) Acrobat; glass cup. નટ; પ્યાલું. [ગચેલું.

Tumid, *a.* (ટ્યુ'મિડ્) Swollen. આડંબરી; સૂઝી

Tumour, *n.* (ટ્યુ'મર્) A morbid swelling. ગુમડું; ફોલ્લો.

Tumult, *n.* (ટ્યુ'મલ્ટ્) Uproar. તોફાન; કોલાહલ.

Tumultuous, Tumultuary, *a* (ટ્યુમ'લ્ટ્યુઅસ્, ટ્યુમ'લ્ટ્યુઅરી) Turbulent. તોફાની; હુલ્લડખોર.

Tun, *n.* (ટન) Large cask. મોટું પીપ.

Tune, *n.* (ટ્યૂન્) Melody. રાગ; સૂર; અવાજ. –*v.* Adjust; to put in tune. તાલ મેળવવો, મળવો.

Tunic. *a.* (ટ્યુ'નિક્) બાંય, પટાવાળો કમર સૂધીનો કોટ. પહેરણ.

Tunnel, *n.* (ટ'નલ્) Underground passage. સરુંગ; સુરંગ. To drive passage through hill. કોરીને રસ્તો કાઢવો. [ધાર વગરની સ્ત્રીની ટોપી.

Turban, *n.* (ટ'ર્બન્) Head-dress. પાઘડી; ફેંટો;

Turbid, *a.* (ટર્બિડ્) Muddy. ડોળાએલું; મેલું.

Turbulent, *a.* (ટ'બ્યુલન્ટ્) Disorderly; agitated. હુલ્લડ ઉપર ચઢેલું; તોફાની.

Turf, *n.* (ટર્ફ્) Grassland; race ground. ઘાસવાળું મેદાન; ઘોડદોડની જગા.

Turgid, *a.* (ટ'જિડ્) Inflated. ઉપસેલું; આડંબરી.

Turkey, *n.* (ટ'ર્કી) Large fowl વિલાયતી મરઘી; તુર્કસ્તાન.

Turmeric, *n.* (ટ'મરિક્) હળદર.

Turmoil, *n.* (ટ'ર્મૉઇલ્) Bustle. સંતાપ; ધાંધલ.

Turn, *vt.* (ટર્ન્) To go round; to move round. ફરવું; ફેરવવું. To alter. બદલવું *n* Revolution; walk to and fro; change; form; deal. વારો; વલણ; ફેર; ચક્કર; ફેરફાર; આકાર; વર્તાવ.

Turncoat, *n.* ફરી બેઠેલો માણસ.

Turnip, *n.* (ટર્નિપ્) કંદ; મૂળો

Turnover, *n* (ટ'ર્નઓવર્) વકરો; ૧-૨ પાનાં પરનો છાપાં લેખ ખાવાનો ઘુઘરો.

Turner, *n.* (ટ'ર્નર) One who turns. ખરાદી.

Turning, *n.* (ટ'ર્નિન્ગ્) Winding. વાંક, ફાંટો.

Turning-point, *n.* (ટ'ર્નિન્ગ્ પૉઇન્ટ) Crisis. કટોકટી.

Turpentine, *n* (ટ'ર્પેન્ટાઇન્) Resinous juice from pine trees. એક જાતનું તેલ.

Turret, *n.* (ટ'રિટ્) A small tower. મિનારો

Turtle, *n.* (ટ'ર્ટલ્) Sea-tortoise; dove. કાચબો; કબુતર.
Tush, Tut, *n.* (ટશ્-ટટ્) છટ.
Tusk, *n.* (ટસ્ક્) Long pointed tooth. દંતુશળ.
Tussle, *n.* (ટ'સલ્) Scuffle. ટંટો; ઝપાઝપી
Tutelage, *n.* (ટ્યુ'ટિલિજ્) Guardianship. વાલીપણું; અંકુશ; દોરવણી. [રક્ષણકારી
Tutelary, *a.* (ટ્યુ'ટિલરી) Guarding. રક્ષણ કરનારૂં;
Tutor, *n.* (ટ્યૂ'ટર્) An instructor. શિક્ષક; વડિલ.
Tutorage, *n.* (ટ્યૂ'ટરિજ્) Tutorship. વાલીપણું
Twaddle, *n.* (ટ્વૉ'ડલ્) ન સાંભળવા જેવી વાત. —*v.* તે કરવી.
Twain, *n.* (ટ્વેઇન્) Two. બે ભાગ
Twang, *n.* (ટ્વૅન્ગ્) Sharp quick sound. ટંકાર.
Tweak, *n.* (ટ્વીક્) A sharp jerk. ચીમટો —*v.* તે દેવો. *n.* છળ
Tweezers, *n.* (ટ્વી'ઝર્સ્) ઝીણી સાણસી.
Twelfth, *a.* (ટ્વેલ્ફ્થ્) બારમું
Twelve, *n.* (ટ્વેલ્વ્) A dozen. બાર.
Twenty, *n. a.* (ટ્વે'ન્ટી) વીસ.
Twice, *a.* (ટ્વાઇસ્) Two-fold. બેવડું; બમણું.
Twig, *n.* (ટ્વિગ) Small branch. ડાંખળી. —*v.* જોવું; સમજવું.
Twilight, *n.* (ટ્વા'ઈલાઇટ્) Light after sun-

set and before sunrise. ઝળઝળીયું; સંધ્યા

Twin, *n*. (ટ્વિન્) One of two born at a birth. જોડલું. *a*. Being one of two. જોડલાનું.

Twine, *n*. (ટ્વાઇન્) Cord of twisted threads. સુતળી *v*. To entwine. વિંટાળવું.

Twinge, *n*. (ટ્વિન્જ્) To feel sharp pain. ચટકો લાગવો. *n*. Darting pain. ચટકો; સૂળ.

Twinkle, *vi* (ટ્વિ'ન્કલ્) To sparkle. ચમકવું.

Twinkling, *n*. (ટ્વિં'ક્લિગ્) Wink આંખનો પલકારો.

Twirl, *n*. (ટ્વર્લ્) Quick turn. ચક્કર ચક્કર ફરવું તે *v*. To whirl round. ચાકે ચઢવું; ફેરવવું.

Twist, *vt*. (ટ્વિસ્ટ્) To contort. આમળવું; મરડવું.

Twit, *vt*. (ટ્વિટ્) To taunt. મેણું મારવું.

Twitch, *v*. *n*. (ટ્વિચ્) Pull. આંચકો (મારવો); ફરકવું.

Twitter, *v* (ટ્વિ'ટર્) To make noise as birds; laugh. ટર્ર્ ટર્ર્ કરવું; ઠીઠી હસવું.

Two, *a*. *n*. (ટૂ) One and one. બે.

Tympanum, *n*. (ટિ'મ્પનમ્) Drum of the ear. કાનનો પડદો, ઢોલ.

Type. *n* (ટાઈપ્) Model નમુનો Mark. નિશાની. [Printing letter. બીબું.

Typhoid, *n*. (ટા'ઇફૉઇડ્) Intestinal fever. આંતરડાનો તાવ.

Typhoon, *n*. (ટાઇફૂ'ન્) Violent hurricane, [દરિયાઇ વાવાઝોડું.

Typical, *a.* (ટિ'પિકલ્) Emblematic નમુનેદાર.
Typify, *v.* (ટિ'પિફાઇ) To exemplify; to show by figure. દાખલો હોવો; નમુનો બતાવવો.
Typist, *n.* (ટા'ઇપિસ્ટ) A person who uses type-writing machine. ટાઇપ કરનાર. [કરવો.
Tyrannize, *vt.* (ટિ'રનાઇઝ્) To oppress. જુલમ
Tyrannical, *a* (ટિરૅ'નિકલ) Unduly severe. જુલમી.
Tyranny, *n.* (ટિ'રની) Oppression જુલમ.
Tyrant, *n.* (ટા'ઇરન્ટ્) Arbitary ruler; cruel master. જુલમગાર.
Tyro, *n.* (ટા'યરો) Beginner. શિખાઉ.
Tyre, *n.* (ટાયર્) પટો. [રશિયાનો રાજા.
Tzar-Czar, *n.* (ઝાર્) Emperor of Russia.

U

U. (યુ) અંગ્રેજી મૂળાક્ષરનો એકવીસમો અક્ષર; સ્વર.
Ubiquity, *n.* (યુબિ'ક્વિટી) Ommipresence. સર્વવ્યાપકતા. [ઓઢણું; પાંખણું.
Udder, *n.* (અ'ડર્) Bag or teats of a cow. આઉ;
Ugly, *a.* (અ'ગ્લી) Deformed; ill-looking બેડોળ; કદરૂપું.
Ugliness, *n.* (અ'ગ્લિનિસ્) Deformity. બેડોળપણું.

Ulcer, *n.* (અ'લ્સર્) A sore that discharges pus. નાસુર; ચાંદું. [બહારનું.

Ulterior, *a* (અલ્ટી'રિઅર્) Lying beyond. પછીનું;

Ultimate *a.* (અ'લ્ટિમર્) Final; extreme. છેલ્લું.

Ultimately, *ad* (અ'લ્ટિમટ્લિ) Final'y. આખરે.

Ultimatum, *n* (અલ્ટિમે'ઇટમ્) Final terms. છેલ્લી શરત. ખબર.

Ultimo, (અ'લ્ટિમો) In last month. ગયામહિનાની.

Ultra, *a.* (અ'લ્ટ્રા) Extreme, અતિશય; ઘણુંજ.

Ultramarine, *a.* (અલ્ટ્રામરી'ન્) Situated beyond the sea. દરિયાપારનું. *n.* આસમાની રંગ.

Umbra, *n.* (અ'મ્બ્રા) Shadow. પડછાયો.

Umbrage, *n* (અ'મ્બ્રિજ્) Shade. છાંયડો. Offence. નાખુશી; ખોટું લગાડવું તે.

Umbrella, *n.* (અમ્બ્રે'લા) Screen to protect from sun. છત્રી; છત્તર; છત્ર. [ચુકાદો આપનાર.

Umpire, *n.* (અમ્પાયર્) Arbitrator. લવાદ;

Un, (અન્) ઉપસર્ગ જેનો અર્થ નકારવાચક થાય છે.

Unable, *a* (અને'ઇબલ્) Incapable. અશક્ત

Unaccented, *a.* (અનઅક્સે'ન્ટિડ્) Not accented. સ્વરચિહ્ન વગરનું.

Unacceptable, *a.* (અનઅક્સે'પ્ટબલ્) Unwelcome, not pleasing. નાપસંદ; નામંજૂર.

Unaccompanied, *a.* (અનઅકં'મ્પનીડ્) Having no companion. એકલો.

Unaccountable, *a.* (અનઅકા'ઉન્ટબલ્) Not explicable or responsible. ન સમજાય એવું; ગહન; બિનજવાબદાર. [ed. મહાવરા વગરનું; અપરિચિત.

Unaccustomed, (અનઅક'સ્ટમ્ડ્) Not accustom-

Unacquainted, (અનઅક્વે'ઇન્ટિડ્) Not familiar. અજાણ્યું; અપરિચિત. [શણગાર વગરનું.

Unadorned, *a.* (અનઅડૉ'ર્ન્ડ્) Not decorated.

Unadvisable, *a.* (અનઅડ્વા'ઇઝબલ્) Unwise. સલાહભરેલું નહિ -**'sedly**, *adv.* વગર વિચારે વગર વિચાર્યું. [ral; sincere. અસરવિનાનું; નિખાલસ; કુદરતી.

Unaffected, *a.* (અનઅફે'ક્ટિડ્) Unmoved; natu-

Unalloyed, *a* (અનઅલૉ'ઇડ્) Pure; not mixed શુદ્ધ; ચોખ્ખું.

Unanimity, *n.* (યુનનિ'મિટિ) Agreement of all. એકમત; એકમતિ [એકમતે થયેલું; સર્વાનુમત.

Unanimous. *a.* (યુનૅ'નિમસ્) Of one mind.

Unapparent, *a.* (અનઅપે'ઇરન્ટ્) Unevident. અપ્રગટ; અસ્પષ્ટ. [appreciated. કદર નહિ પામેલું.

Unappreciated. *a.* (અનઅપ્રિ'શિએટિડ્) Not

Unapt, *a* (અનઍ'પ્ટ્) Unfit. અયોગ્ય; નાલાયક.

Unarmed, *a.* (અનઆ'ર્મ્ડ્) Weaponless. નિઃશસ્ત્ર;

બિનહથીઆરી.

Unassuming, *a.* (અન્‌અસ્યૂ'મિંગ્) Gentle. નમ્ર.

Unasked, *a* (અનઆ'સ્કડ્)Unsolicited. મંગાયા વિના

Unaspiring, *a.* (અન્‌અસ્પા'યરિંગ) નમ્ર [અજય્ય.

Unassailable, *a.* (અન્‌અસે'યૂલબલ્) Impregnant.

Unauthorised, *a.* (અનઑ'થૉરાઇઝ્‌ડ્) Not authorized. અનધિકારી; બિનસત્તાવાર. [વ્યર્થ.

Unavailing, *a* (અન્‌અવે'ઇલિંગ્) Useless, નિષ્ફળ;

Unavoidable, *a.* (અન્‌અવૉ'ઇડબલ્) Inevitable. અનિવાર્ય

Unaware, *a.*(અન્‌અવે'અર્) Not a ware. અજાણ્.

Unawares, *ad.* (અન્‌અવે'અર્ઝ્) By surprise. અચાનક. [બીક વગરનું.

Unawed, *a.* (અન્‌ઑ'ડ્) Not daunted. નિર્ભય;

Unbar, *vt.* (અન્‌બા'ર્) To open. ખુલ્લું મુકવું; ઉઘાડવું [અસહ્ય.

Unbearable, *a.* (અન્‌બે'અરબલ્) Not bearable.

Unbecoming, *n.* (અન્‌બીક'મિંગ્) Unsuitable. અઘટિત. [અજ.

Unbegotten, *a.* (અનબિગૉ'ટન) Eternal. નિત્ય;

Unbelief, *n* (અન્‌બિલી'ફ્) Infidelity અશ્રુવિશ્વાસ.

Unbeliever, *n.*(અન્બિલી'વર) An infidel. નાસ્તિક

Unbend, *vi* (અન્‌બે'ન્ડ્) Straighten. વાંકાનું સીધું

થઇ જવું. [નહિ એવું.

Unbending, *a.* (અન્બે'ન્ડિંગ) Inflexible. વગે

Unbiassed, *a.* (અનબા'યસ્ડ) Not prejudiced. નિષ્પક્ષપાત; સમદર્શી. [મુક્તિ આપવી.

Unbind, *vt.* (અન્બા'ઇન્ડ્) To set free. છોડવું;

Unblemished, *a.* (અન્બ્લે'મિશ્ડ) Free from blemish. નિષ્કલંક.

Unblest, *a.* (અન્બ્લેસ'ટ્) Unhappy. દુઃખી.

Unblown, *a.* (અન્બ્લો'ઉન) Budding. અપ્રફુલ્લ; ખીલ્યા વિનાનું.

Unbolt, *vt.* (અન્બો'લ્ટ્) To unbar. બારણું ખોલવું.

Unbosom, *vt.* (અન્બુ'ઝમ્) To reveal in confidence. દિલ ખોલીને બોલવું. [પારનું; બેહદ.

Unbounded, *a.* (અન્બાઉન્ડિડ્) Limitless. હદ-

Unbridled, *a.* (અનબ્રા'ઇડલ્ડ્) Unrestrained, નિરંકુશ. [આખું; અખંડ.

Unbroken, *a.* (અન્બ્રો'ઉકન) Entire; whole.

Unburden, *vt.* (અન્'બ'ર્ડન્) To relieve. બોજો ઉતારી લેવો.

Uncandid, (અન્કૅ'ન્ડિડ્) Insincere. કપટી,દગાખોર.

Uncalled-for, *a.* (અનકૉ'લ્ડ્ ફૉર્) Not invited. વગર તેડે; અકારણ. [નિરંતર.

Unceasing, *a.* (અન્સી'સિન્ગ) Continual. ચાલુ;

Unceremonious, *a.* (અનસેરિમો'નિઅસ) Not formal. અવિધિસરનું.

Uncertain, *a.* (અન્સ'ર્ટન) Doubtful. અનિશ્ચિત; ખાતરી વગરનું. [અનિશ્ચિતપણું.

Uncertainty, *n.* (અનસ'ર્ટનટિ) Doubtfulness.

Unchain, *vt.* (અન્ચે'ઇન) To set free. છુટું કરવું.

Unchangeable, *a.* (અન્ચે'ઈન્જબલ) Not subject to change. ફરે નહિ એવું.

Uncharitable, *a.* (અન્ચૅ'રિટબલ) Harsh; having no charity. અપ્રેમી; અનુદાર. [છિનાળવું.

Unchaste, *a.* (અન્ચે'ઇસ્ટ) Lewd. વ્યભિચારી;

Unchecked, *a.* (અન્ચે'ક્ડ) Unhindered. બિનલગામી; બેહદ.

Uncivil, *a.* (અન્સિ'વિલ) Rude. અસભ્ય; નાલાયક.

Uncivilized, *a.* (અન્સિ'વિલાઇઝ્ડ) Barbarous. જંગલી; અસભ્ય. [ધણી વિનાનું.

Unclaimed, *a.* (અન્કલે'ઇમ્ડ) Not claimed.

Uncle, *n* (અન્ગ્'કલ) Father or mother's brother; aunt's husband. કાકો; મામો; ફુવો; માસો.

Unclean, *a.* (અનક્લી'ન) Foul; impure. ગંદું; મેલું; અપવિત્ર [ઉઘાડવું.

Unclose, *vi.* (અનક્લો'ઉઝ) To open. સીલ તોડવી;

Unclouded, (અન્ક્લા'ઉડિડ) Free from clouds.

સાફ; ખુલ્લું. [બેડોળ.

Uncomely, *a.* (અનૃક'મ્લી) Unbecoming કુરૂપ;

Uncomfortable, *a.* (અનૃક'મ્ફર્ટેબલ્) Disagreeable. નાપસંદ; બેચેન. [અદ્ભુત.

Uncommon, *a.* (અનૃકૉ'મન્) Unusual. અપૂર્વ;

Unconcern, *n.* (અનૃકનૃસ'ર્ન) Indifference. બેપરવાઇ. [any condition. બિનશરતી.

Unconditional, *a.* (અનૃકન્ડિ'શનલ) Without

Unconnected, *a.* (અન્કને'ક્ટિડ) Loose; vague. નિરાળું; અસંબદ્ધ.

Unconfined, *a.* (અનકનફા'ઈન્ડ્) Free; illimitable. ખુલાસા વાળું; છુટું; બેહદ.

Unconquerable, *a.* (અનૃકૉ'ન્કરબલ્) Invincible. અજય્ય; અજિત. [બેભાન.

Unconscious, *a.* (અનકૉ'ન્શસ્) Insensible.

Uncontrolled, *a.* (અનૃકન્ટ્રો'લ્ડ્) Unruly. અમર્યાદ; તોફાની. [ધર્માંતર નહિ કરેલો; ફેરફાર વગરનું.

Unconverted, *a.* (અનૃકન્વ'ર્ટેડ્) Unchanged.

Uncord, *vt.* (અનકૉ'ર્ડ) મુક્ત કરવું.

Uncork, *vt.* (અનકૉ'ર્ક) દાટો ખોલવો; બુચ કાઢવું.

Uncouth, *a.* (અનકૂ'થ્) Odd; awkward. અનાડી; જંગલી. [પાડવું; ખોલવું.

Uncover, *vt.* (અનૃક'વર્) To lay open. બહાર

Unction, *n.* (અ'ન્કશન્) A salve; an ointment. લેપ. Gusto; gush. લહેર; ઉત્સાહ; ડોળ.

Unctuous, *a.* (અ'ન્કુટ્યુઅસ) Oily; greasy; affected. તેલીયું; દંભી. [ઉન્નત્ડ; અણુખેડયું.

Uncultivated, *a.* (અનક'લ્ટિવેઇટિડ્) Untilled.

Uncut, *p.p.* (અન્ક'ટ્) Not cut. કાપ્યા વિનાનું. [વગરનું.

Undated, *a.* (અનડે'ટિડ્) Having no date. તારીખ

Undaunted, *a.* (અનડૉ'ન્ટિડ્) Fearless. નિર્ભય; હિંમતવાન. [શંકા દૂર કરવી.

Undeceive, *vt.* (અનડિસી'વ્) ભ્રાંતિ દૂર કરવી;

Undecided, *a.* (અનડીસા'ઇડિડ્) Not determined. ઢચુપચુ; અનિશ્ચિત. [નિર્મળ; શુદ્ધ.

Undefiled, *a.* (અનડિફા'ઇલ્ડ) Not polluted.

Undeniable, (અનડીના'યબલ) That cannot be denied. ના ન પાડી શકાય એવું.

Under, *prep.* (અ'ન્ડર્) Below; less than; bearing. હેઠળ; નીચે; ધરાવતું.

Underage, *n.a.* (અ'ન્ડર્એઇજ) જોઈતી ઉમ્મર નીચેનું; કમતી વય. **Underbid**, *v.* (અન્ડરબિ'ડ્) To offer less. ઓછી કિમતે માગવું. [belew. નીચેનો પ્રવાહ

Under-current, *n.* (અ'ન્ડર્કરન્ટ્) Current

Undergo, *vt.* (અન્ડરગો') To risk; to bear. જોખમ લેવું; ભોગવવું.

Undergraduate, *n.* (અન્ડરગ્રૅ'ડ્યુઅટ્) Student who has not taken his first degree. પદ્વી પામ્યા વગરનો વિદ્યાર્થી.

Underground, *a.* (અ'ન્ડરગ્રાઉન્ડ્) Below the ground. જમીન નીચેનું.

Underhand, *a.* (અ'ન્ડરહૅન્ડ્) Secret. છાનું; ગુપ્ત. *ad.* By secret means. છુપી રીતે; ચોરીથી.

Underlie, *v.* (અંડરલા'ઇ) To be under. નો આધાર હોવો; નીચે હોવું.

Underline, *v.* (અન્ડરલા'ઇન્) To mark below with lines. નીચે લીટી દોરવી.

Undermine, *v.* (અન્ડરમા'ઇન્) ગુપ્ત રીતે ધોકો લગાડવો; પાયો ખોદી નાંખવો. To dig beneath; injure.

Undermost, *a.* (અ'ન્ડરમોસ્ટ્) The lowest of all. સર્વથી નીચું; કનિષ્ઠ.

Underneath, *prep.* (અ'ન્ડરનીથ્) Below, under; beneath. નીચે; તળે; હેઠે.

Underrate, *v.* (અન્ડરરે'ઇટ્) To undervalue. હોય તે કરતાં ઓછી કિંમત કરવી.

Undersell, *v.* (અન્ડરસે'લ્) To sell cheaper than another. બીજા કરતાં સસ્તું વેચવું.

Undersign, *vt.* (અન્ડરસા'ઇન્) To write one's name beneath. ની નીચે સહી કરવી. **—ed**, *n.* નીચે સહી કરનાર.

Understand, *vt.* (અન્ડરસ્ટૅન્ડ) To know; comprehend; suppose. સમજવું; ધારવું.

Understanding, *n.* (અન્ડરસ્ટૅ'ન્ડિંગ) Sense; intellect; know ledge સમજશક્તિ; જ્ઞાન; સમજણ.

Understood, *p. p.* (અન્ડરસ્ટુ'ડ્) Implied. અધ્યાહાર; સમજી મૂકેલું.

Undertake, *v.* (અન્ડરટે'ઇક્) To engaga; to take in hand; to guarantee. માથે લેવું; કરવાનું કબુલ કરવું; ખાત્રી આપવી. [સાહસ કર્મ; કાર્ય.

Undertaking, *n.* (અન્ડરટે'ઇકિંગ) Enterprise.

Underwrite, *v.* (અન્ડરરા'ઇટ્) To insure. વીમો ઉતારવો. [નાલાયક; અપાત્ર.

Undeserving, *a.* (અનડિઝ'ર્વિન્ગ) Not meriting.

Undesirable, *a.* (અન્ડીઝા'યરબલ) Not to be desired. ન ઇચ્છવા જેવું; અયોગ્ય.

Undignified, *a* (અનડિ'ગ્નિફાઇડ) Unseemly. અણઘટતું; વિચિત્ર. [અશિક્ષિત.

Undisciplined, *a.*(અનડિ'સિપ્લિન્ડ્)Not trained.

Undisguised, *a.* (અનડિસગા'ઇઝ્ડ્) Open; artless. ખુલ્લું; કપટ વગરનું. [divided. આખું; ભાગવિનાનું.

Undivided, *a.* (અનડિવા'ઇડિડ્) Complete; Not

Undo, *v.* (અનડૂ') To reverse; ruin. ઉલટાવી નાંખવું; પાયમાલ કરવું.

Undoing, *n* (અન્ ડુ'ઇન્ગ્) Ruin. પાયમાલી; ખરાબી.

Undoubted *a.* (અનડા'ઉટિડ) Not called in question. સંદેહ વગરનું; નિશ્ચિત. [કપડાં ઉતરવાં.

Undress, *vt.* (અન્ડ્રે'સ્) To take off clothes,

Undue, *a.* (અન્ડ્યૂ') Improper. અઘટિત.

Undulate, (અ'ન્ડ્યુલેઇટ્) To vibrate; to move like a wave. ઝોલાં ખાવાં; મોજાં આવવાં; ચડઉતર હોવું; ચાલવું. [falling as waves. ઝોલા ખાતું

Undulatory, *a.* (અ'ન્ડ્યુલેઇટરી) Rising and

Unduly, *ad.* (અન્ડ્યૂ'લી) Unfairly. ગેરવ્યાજબી રીતે.

Undutiful, *a* (અન્ડ્યુ ટિફુલ્) Disobedient તોફાની; સ્વધર્મવિમુખ.

Undying, *a.* (અનડા'ઇંગ્) Everlasting. અમર.

Unearth, *v.* (અન્અ'ર્થ્) To discover. શોધી કાઢવું. [rest. અસુખી; બેચેન

Uneasy, *a.* (અન્ઈ'ઝી) Disturbed; not at

Uneducated, *a.* (અનએ'ડ્યુકેઇટિડ્) Illiterate અભણ; નિરક્ષર.

Unemployed, *a. p. p.* (અનઇમ્પ્લૉ'ઇડ્) Not employed. કામધંધા વગરનું; બેકાર.

Unequal, *a.* (અન્ઇ'ક્વલ્) Partial; unjust. એકપક્ષી; ગેરવાજબી. [અસમાન

Uneven, *a.* (અન્ઇ'વન્) Not level. સરખું નહિ;

Unexpected, *a.* (અનઇક્સ્પે'ક્ટિડ્) Sudden. અણધાર્યું.
Unfading, *a* (અનફે'ઇડિંગ્) Undying. અજર; અક્ષય.
Unfailing, *a.* (અનફે'ઇલિંગ્) Certain. અખૂટ; અમોઘ. [વ્યાજબી; અપ્રમાણિક.
Unfair, *a.* (અનફે'અર્) Unjust; dishonest. ગેર
Unfaithful, *a.* (અનફે'ઇથફુલ્) નિમકહરામ.
Unfamiliar, *a.* (અનફમિ'લ્યર) Unacquainted. અપરિચિત.
Unfasten, *vt.* (અનફા'સન્) To untie. છુટ્ટું કરવું.
Unfavourable, *a.* (અનફે'ઇવરબલ્) Adverse; not favourable. ઉલટું; પ્રતિકૂળ. [ઘાતકી.
Unfeeling, *a.* (અનફી'લિન્ગ) Harsh; cruel. નિર્દય;
Unfeigned, *a.* (અનફે'ઇન્ડ) Real; sincere. ખરે-ખરૂં; અંતઃકરણનું.
Unfit, *a.* (અનફિ'ટ્) Improper. અયોગ્ય; નાલાયક.
Unflinching, *a* (અનફ્લિ'ન્ચિંગ) Resolute. દૃઢ.
Unfold, *vt.* (અનફો'લ્ડ્) To open. ઉઘાડું કરવું.
Unforeseen, *a.* (અનફોરસી'ન્) Not expected. આકસ્મિક; અણધાર્યું. [નસીબ; અભાગીયું.
Unfortunate, *a.* (અનફૉ'ર્ચુનટ્) Unhappy. કમ-
Unfortunately, *ad.* (અનફૉ'ર્ચુનટ્લી) Unluckily. કમનસીબે. [foundation. પાયા વગરનું.
Unfounded, *a.* (અનફા'ઉન્ડિડ) Having no

Unfrequented, *a.* (અનફ્રિક્વ'ન્ટિડ્) Solitary. નિર્જન.

[મિત્રને ન છાજે તેવું.

Unfriendly, *a.* (અન્ફ્રે'ન્ડ્લી) Unfavourable.

Unfurl, *v.* (અન્ફ'ર્લ) Unfold. ખોલ વું; ફરકાવવું.

Ungainly, *a.* (અન્ગે'ઇન્લિ) Clumsy; awkward. બેડોળ.

Ungenerous, *a.* (અનજ'નરસ) Unkind. અનુદાર.

Ungentlemanly, *a* (અન્જે'ન્ટલમન્લી) અસભ્ય.

Ungird, *v* (અનગ'ર્ડ) To unbind. પટો છોડવો.

Ungodly, *a.* (અનગૉ'ડલી) Impious. અધર્મી; ભ્રષ્ટ.

Ungrammatical, *a.* (અન્ગ્રમૅ'ટિકલ) વ્યાકરણના નિયમ વિરૂદ્ધનું.

[celess. બેડોળ; છટા વગરનું.

Ungraceful, *a.* (અનગ્રે'ઇસફુલ) Awkward; gra-

Unguarded, *a.*(અનગા'ર્ડિડ) Undefended. અસાવધ.

Ungrateful, *a* (અન્ગ્રે'ઇટ્ ફુલ) Unthankful. કૃતઘ્ની.

Unhappy, *a.* (અન્હૅ'પી) Miserable; unlucky. દુ:ખી; કમનસીબ

[કમનસીબે.

Unhappily, *ad.* (અન્હૅ'પિલી) Unfortunately.

Unhealthy, *a.* (અનહે'લ્થી) Sickly. રોગીયલ; બિમાર.

[દીધેલું એવું.

Unheard, *a.* (અનહ'ર્ડ) Disregarded. દાદ નહિ

Unheeded, *a.* (અનહી'ડિડ) Unminded. લક્ષમાં નહિ રાખેલું એવું.

Unhouse *v.* (અનહા'ઉસ્) To dislodge. કાઢી મૂકવું.
Unhurt, *a.* (અનહ'ર્ટ) Unharmed. સહીસલામત.
Unicorn, *n.* (યૂ'નિકૉર્ન) Fabulous animal with one horn એક શીંગડાવાળો ઘોડો.
Uniform, *a.* (યૂ'નિફૉર્મ) Having the same form; alike એક સરખું *n.* Regimental dress of a soldier. અમલદારી, એક સરખો પોષાક.
Uniformity, *n.* (યુનિફૉ'મિટિ) Sameness. એક સરખાપણું
Unify, *v.* (યૂ'નિફાય્) To form into one. એક [કરવું.
Unimpaired, *a* (અનઈમ્પે'અર્ડ) Not impaired. નહિ બગડેલું.
Unimpeachable, *a.* (અનઈમ્પી'ચબલ) Free [from fault. દોષ રહિત.
Uninjured, *a* (અનઈ'ન્જર્ડ્) Unharmed સહીસલામત.
Uninterested, *a.* (અનઈ'ન્ટરિસ્ટિડ્) Having or taking no personal interest. બિનસ્વાર્થી; રસ વગરનું.
Unimaginable, *a* (અનઇમૅ'જીનબલ્) અકલ્પનીય; અત્યંત.
Union, *n* (યૂ'ન્યન્) Harmony; body. સંપ;ઐક્ય; મંડલ.
Union-jack, *n.* (યૂ'ન્યનજૅક) The National flag of Great Britain and Ireland. ગ્રેટબ્રિટન અને આયર્લન્ડનો વાવટો.
Unique, *a.* (યુની'ક) Matchless. અસાધારણ; [અપ્રતિમ.

Unison, *n.* (યુ'નિસન્) Concord; harmony. મેળ.

Unit, *n.* (યુ'નિટ્) Standard single person or thing. એકમ વ્યક્તિ, પ્રમાણ, માપ. [જોડવું.

Unite, *v.* (યુના'ઈટ્) Combine; join to-gether.

Unity, *n.* (યુ'નિટિ) Oneness; harmony. ઐક્ય; એકસંપ.

Universe, *n.* (યુ'નિવર્સ્) Whole creation. વિશ્વ; સૃષ્ટિ. [ત્રિક; સર્વમય.

Universal, *a.* (યુનિવ'ર્સલ્) Including all. સાર્વ-

University, *n.* (યુનિવ'ર્સિટી) An institution where important sciences and arts are studied. વિદ્યાપીઠ; વિશ્વવિદ્યાલય.

Unjust, *a.* (અન્જ'સ્ટ્) Unfair. અન્યાયી [રીતે.

Unjustly, *ad.* (અનજ'સ્ટલી) Wrongfully. ખોટી

Unkempt, (અનકે'મ્પટ્) Uncombed; rough. વગર ઓળેલું. [અકૃપાળુ.

Unkind, *a.* (અનકા'ઈન્ડ) Unjust; cruel. દયાહીન;

Unking, *v.* (અનકિ'ન્ગ) To dethrone. ગાદીએથી ઉઠાડી મૂકવું. [અણસમજે.

Unknowingly, *a.* (અનનો'ઈંગલી) અજાણતાં;

Unlace, *v.* (અન્લે'ઈસ્) લેસ, દોરી છોડવી.

Unlawful, *a.* (અન્લા'ફુલ્) Illegal. ગેરકાયદેસર.

Unlearn, *v.* (અન્લ'ર્ન્) To forget what one has learned. શિખેલું ભુલી જવું. [સિવાય કે; જો નહિં.

Unless, *conj.* (અન્લે'સ્) Except when; if not. સિવાય કે; જો નહિ. [અભણ.

Unlettered, *a.* (અનલે'ટર્ડ) Without learning.

Unleavened, *a.* (અનલી'વન્ડ્) ખમીર વગરનું.

Unlike, *a.* (અનલા'ઇક્) Dissimilar. ભિન્ન; જૂદું.

Unlikely, *adv. a* (અનલા'ઇક્લી) Improbable. અસંભવિત.

Unlimited, *a.* (અનલિ'મિટિડ્) બેહદ; અપાર.

Unload, *v.* (અનલો'ઉડ્) Disburden. ભાર ઉતારવો.

Unloose, *v.* (અનલૂ'સ્) To untie; set free. મુક્ત કરવું; છુટું મૂકવું

Unlucky, *a.* (અનલ'કિ) Unfortunate. અભાગી.

Unlock, *v.* (અનલૉ'ક) To open a lock તાળું ખોલવું.

Unman, *v.* (અનમૅ'ન્) Dishearten. નાઉમેદ, નામર્દ કરવું.

Unmanageable, *a.* (અનમૅ'નિજઅલ્) Not governable. તાબામાં ન રખાય એવું.

Unmanly, *a.* (અનમૅન્લિ) Base; no worthy of a man. નીચ; બાયલું

Unmannerly, *a.* (અનમૅ'નર્લી) Impolite. અસભ્ય

Unmask, *v* (અનમા'સ્ક્) Lay open. ઉઘાડું પાડવું.

Unmatched, *a.* (અનમૅ'ચ્ડ) Matchless. અપ્રતિમ.

Unmeaning, *a.* (અનમી'નિંગ) Having no meaning. અર્થ વગરનું; અજાણ્યું.

Unmixed, *a.* (અનમિ'ક્સ્ડ) Pure. ચોક્ખું; નર્યું.

Unnatural, *a.* (અનનૅ'ચરલ) Contrary to nature. અકુદરતી; કૃત્રિમ. [બિનજરૂરી; અતિશય.

Unnecessary, *a.* (અનને'સિસરી) Needless.

Unnerve, *v.* (અનર્'વ્) Weaken; enfeeble. નબળું બનાવવું.

Unpopular, *a.* (અનપૉ'પ્યુલર્) લોકોને અણગમતું.

Unpalatable, *a.* (અનપૅ'લટબલ્) Not agreeable. અરુચિકર. [લઈ લેવો.

Unpack, *v.* (અનપૅ'ક) To empty a pack. ભાર

Unpaid, *a.* (અનપે'ઇડ) Not paid. નહિ આપેલું

Unparalleled, *a* (અનપૅ'રલેલ્ડ) Having no parallel. અનુપમ [forgiven. માફ નહિ કરાય એવું.

Unpardonable, *a.* (અનપા'ર્ડનબલ્) Not to be

Unperceivable, *a.* (અનપર્સી'વબલ્) That cannot be perceived. અગોચર; અદૃશ્ય. [ગમે એવું.

Unpleasant, *a.* (અનપ્લે'ઝન્ટ્) Displeasing. ન

Unpolished, *a.* (અનપૉ'લિશ્ડ) Wanting polish; rude. સફાઈ વગરનું; અસભ્ય

Unpolite, *a.*(અનપલા'ઇટ)Uncivil; rude. અવિવેકી.

Unprejudiced, *a.* (અનપ્રે'જ્યુડિસ્ડ) Free from bias. નિષ્પક્ષપાતી. [તૈયાર ન થએલું.

Unprepared, *a.* (અનપ્રિપે'અર્ડ) Not prepared.

Unpretending, *a.* (અનપ્રિટૅન્ડિંગ) Modest વિનયી.
Unprincipled, *a.* (અનપ્રિ'ન્સિપલ્ડ્) Destitute of virtue. દુર્ગુણી: અસ્થિર. [અફળદ્રુપ.
Un-productive, *a.* (અનપ્રડ'ક્ટિવ) Barren.
Unprofitable, *a.* (અનપ્રૉ'ફિટબલ) Useless; serving no purpose. લાભ વગરનું.
Unpromising, *a* (અનપ્રૉ'મિસિન્ગ્) Giving no prom'se of success. નહિ આપનારું.
Unprotected, *a.* (અનપ્રટૅ'કટિડ્) Undefended. અરક્ષિત. [shed. અપ્રસિદ્ધ.
Unpublished, *a.* (અનપ'બ્લિશ્ડ્) Not publi-
Unquenchable, *a.* (અનક્વે'ન્ચબલ્) That cannot be quenched. છીપે, બુઝાય નહિ એવું.
Unquestionable, *a.* (અનક્વે'સ્ચનબલ) Certain. નિઃસંશય. [કાઢવી.
Unravel, *v.* (અનરૅ'વલ્) To disentangle. ગુંચ
Unread, *a.* (અનરે'ડ) Unstudied. અજ્ઞાન.
Unreal, *a.* (અનરી'અલ્) Not true. ખોટું.
Unreasonable, *a.* (અનરી'ઝનબલ્) Excessive; absurd. અતિશય; ખોટું. [અખંડ; ચાલુ.
Unremitting, *a.* (અનરિમિ'ટિંગ્) Continued.
Unreserved, *a.* (અનરિઝ'ર્વ્ડ) Open; frank entire ખુલ્લેખુલ્લું: પૂરેપૂરું.

Unrest, *n.* (અન્રે'સ્ટ્) Disquiet અસંતોષ; અશાંતિ.
Unrivalled, *a.* (અનરા'ઇવલ્ડ) Having no rival. અનુપમ.
Unruly, *a.* (અનરૂ'લી) Turbulent. તોફાની.
Unsafe, *a.* (અન્સે'ઇફ્) Dangerous. ભય લાગે એવું
Unsaid, *adv.* (અન્સે'ડ્) Not said. નહિ કહેલું; અકથિત.
Unsaleable, *a* (અન્સે'ઇલબલ્) વેચાય નહિ એવું.
Unsay, *v.* (અન્સે') Retract; recant. કહેલું પાછું ખેંચી લેવું, ફેરવી નાખવું. [અપ્રામાણિક,
Unscrupulous, *a.* (અન્સ્ક્રુ'પ્યુલસ્) Dishonest.
Unseemly, *a.* (અન્સી'મ્લી) Unbecoming. અયોગ્ય; અઘટિત.
Unseen, (અન્સી'ન) Not seen. નહિ જોયેલું.
Unserviceable, *a* (અનસ'ર્વિસબલ્) Unsuitable. નિરુપયોગી; નકામું. [અસ્થિર; અશાંત.
Unsettled, *a.* (અન્સે'ટલ્ડ) Unfixed; disturbed.
Unsheathe, *v.* (અનશીધ્) To draw from the sheath. મ્યાનમાંથી કાઢવું. [જોડા, ડાબલા વગરનું.
Unshod, *a.* (અન્શૉ'ડ) Having no shoes on.
Unsolicited, *a.* (અન્સલિ'સિટિડ્) Unasked for. વણ માંગેલું.
Unsightly, *a.* (અનસા'ઇટ્લિ) Ugly. બેડોળ.

Unskiful, *a.* (અનસ્કિ'લફુલ) Wanting skill આવડત વિનાનું

Unsociable, *a.* (અનસો'ઉશબલ) Not sociable; solitary. હળી નહિ જાય એવું; અતડું

Unsought, *a.* (અનસૉ'ટ્) વગર પ્રયત્ને મળેલું.

Unsound, *a.* (અનસા'ઉન્ડ્) Defective; infirm. એબવાળું; નબળું, રોગી; અપ્રમાણિક. [કમનસીબ.

Unsuccessful, *a.* (અનસક્સે'સ્ફુલ) Unfortunate.

Unsuit, *v.* (અનસ્યૂ'ટ) To be unfit for.–ને વાસ્તે અયોગ્ય હોવું. [નિરુપયોગી; અયોગ્ય.

Unsuitable, *a.*(અનસ્યૂ'ટબલ) Unfit; unbecoming.

Untaught, *a.* (અનટૅા'ટ્) Not educated. અશિક્ષિત.

Untenable, *a.* (અનટે'નબલ્) Not capable of support. આધાર વગરનું.

Unthought-of, *a.* (અનથૉ'ટ્ઑવ્) Accidental. અકસ્માત થયેલું; અણધાર્યું. [ગંદું; મેલું.

Untidy, *a* (અનટા'ઇડી) Not neat and cleas.

Untie, *v.* (અનટા'ય્) To loose. છોડવું; છુટું કરવું.

Until, *adv.* (અનટિ'લ્) Till; upto. જ્યાંસુધી. લગણ.

Untimely, *a.* (અનટા'ઇમ્લિ) Ill-timed. કવખતનું.

Untiring, *a.* (અનટા'યરિંગ્) Indefatigable. થાકે નહિ એવું [પર્યંત.

Unto, *prep.* (અ'નટૂ) Towards; ને; ની તરફ, માટે;

Untold. *a. p. p.* (અન્ટો'લ્ડ્) Not told; countless. અકથિત; અગણિત; અપાર.

Untouched, *a.* (અનટ'ચ્ડ્) નહિં અડકાએલું; અસ્પૃષ્ટ.

Untoward, *a.* (અનટૉ'ર્ડ્) Perverse. હઠીલું; કઢંગું. Unlucky. વિપરીત.

Untrue, *a.* (અન્ટ્રૂ) Incorrect; false. ખોટું.

Untrust, *n.* (અનટ્ર'સ્ટ) Want of confidence. અવિશ્વાસ.

Untruth, *a.* (અન્ટ્રુ'થ્) Falsehood. અસત્ય; જૂઠ.

Untwine, *vt.* (અનટ્વા'ઈન્) To untwist. ઉકેલવું.

Unused, *a.* (અનયૂ'ઝડ) Not used. નહિં વપરાએલું.

Unusual, *a.* (અનયૂ'ઝ્યુ'અલ) Rare. અસાધારણ.

Unvalued, *a.* (અનવૅ'લ્યુડ) Invaluable. અમૂલ્ય

Unveil, *vt.* (અનવે'ઈલ) To uncover. ખુલ્લું મુકવું.

Unvisible, *a* (અનવિ'ઝિબલ) અદૃશ્ય; નહિ દેખાતું

Unwary, *vt.* (અનવે'અરી) Incautious. ગાફીલ.

Unwearied, *a.* (અનવી'અરિડ્) Indefatigable. નહિં થાકેલું; અથાક. [ન ગમે એવું.

Unwelcome, *a.* (અનવે'લકમ્) Not welcome.

Unwell, *a.* (અનવે'લ્) Not in good health. માંદું; આજારી. [રોગકારક; રોગી.

Unwholesome, *a.* (અનહો'લસમ્) Not good.

Unwieldy, *a.* (અનવી'લ્ડિ) Bulky; unmana-

geable. ભારે; સ્થૂલ; બરાબર ચલવી ન શકાય એવું.
Unwilling, *a.* (અનૂવિ'લિંગ્) Reluctant. નાખુશ.
Unwillingness, *n.* (અનૂવિ'લિંગનિસ્) Reluctance. નાખુશી; અસંતોષ.
Unwise, *a.* (અનૂવા'ઇઝ) Not wise. અજ્ઞાન; અવિચારી. [tionally. અજાણતાં.
Unwittingly, *a.* (અનૂવિ'ટિંગ્લી) Uninten-
Unwived, *a.* (અનૂવા'ઇવ્ડ્) બૈરી વિનાનું.
Unwonted, *a.* (અનૂવો'ન્ટિડ્) Unusual. અસાધારણ.
Unworthy, *a.* (અનૂવ'ર્ધી) Mean. નાલાયક.
Unyielding, *a.* (અનૂયી'લ્ડિંગ્) Stubborn. હઠીલું; સમજે, શમે નહિ એવું.
Up, *prep.* (અપ્) Above. ઉંચે; ઉપર,
Upas, *n* (યૂપસ્) જાવાનું ઝેરી ઝાડ; ઝેરી અસર, પ્રવૃત્તિ.
Upbraid, *vt.* (અપ્બ્રે'ઇડ્) To reprove. ઠપકો દેવો.
Upland, *n.* (અ'પ્લન્ડ્) Elevated land ઉંચી જમીન.
Uphill, *a. adv.* (અ'પ્હિલ્) Difficult; on high. કઠણ; દુર્ઘટ; ઉંચે [ધરી રાખવું.
Uphold, *v.* (અપ્હો'લ્ડ) To support ટેકો આપવો;
Upholsterer, *a.* (અપ્હૉલસ્ટરર્) Dealer in upholstery. બિછાનાં ગાદી વગેરે સામાન પૂરો પાડનાર.
Uplift, *vt.* (અપ્લિ'ફ્ટ્) To raise up. ઉચકવું.
Upon, *prep.* (અપૉ'ન્) On. ઉપર; ઉપરથી.

Upper, *a.* (અ'પર્) Higher in place ઉપરનું.
Uppermost, *a.* (અ'પર્મોસ્ટ્)Highest. સૌથી ઉપરનું.
Uppish, *a.* (અ'પિશ્) Proud. મગરૂર; ગાવષ્ઠ.
Upright, *a.* (અ'પ્રાઇટ્) Perpendicular. ટટ્ટાર, સીધું; ઉભું. Just; honest. ન્યાયી; પ્રમાણિક.
Uproar, *n.* (અ'પ્રોર્) Tumult. કોલાહલ; ઘોંઘાટ.
Uproot, *v.* (અપ્રૂ'ટ્) To root up. મૂળથી ઉખેડી નાખવું. [ઉથલાવવું; અશાંત કરવું.
Upset, *vt.* (અપ્સે'ટ્) To overturn; disturb.
Upside-down, *adv. a* (અ'પ્સાઇડ્ડા'ઉન્) ઉંધું.
Upshot, *n* (અ'પ્શૉટ્) End; result. છેવટ; પરિણામ.
Upstart, *n.* (અ'પ્સ્ટાર્ટ્) A parvenu. અલેલ; આજકાલનો પૈસાદાર.
Upstairs, *adv.* (અ'પ્સ્ટેઅર્સ) માળ ઉપર.
Upstir, *n.* (અ'પ્સ્ટર્) Tumult. હુલ્લડ; તોફાન.
Upward, *adv. a.* (અ'પ્વર્ડ) Higher; more. ઉપર; વધારે. Upwards. *adv.* [સંબંધી; નાગરી.
Urban, *a.* (અ'ર્બન્) Belonging to a city. શહેર
Urbane, *a.* (અર્બે'ઇન) Civil. સભ્ય; વિવેકી
Urchin, *n* (અ'ર્ચિન્) Child. નાનું છોકરૂં. Hedgehog. શીળો.
Ureter, *n.* (યુરી'ટર્) મુત્રાશયનળી. Urethra.
Urge, *vt.* (અર્જ) To press. ખેંચતાણ, ઉતાવળ કરવી.

Urgency, *n.* (અ'ર્જન્સી) Pressing necessity. ઉતાવળ; તાકીદ. [કરવાનું; આગ્રહી.
Urgent, *n*, (અ'ર્જન્ટ્) Pressing. જરૂરી; જલ્દી
Urgently, *adv.* (અ'ર્જન્ટ્લી) Pressing. તાકીદે; ઉતાવળે. [પેશાબ. **—wric**, *a* તેનું.
Urine, *n.* (યૂ'રિન્) Fluid secreted from kidneys.
Urn, *n* (અર્ન્) A vessel. પ્યાલું; ચાહદાની; ઘોર.
Us, *prep.* (અસ્) Ourselves. આપણને; અમને.
Usage, *a.* (યૂ'ઝિજ્) Treatment, custom. વર્તાવ; રીત; રિવાજ.
Use, *n.* (યૂસ્) Employment. વાપર; ખપ. *—v.* (યૂઝ્) To employ. ઉપયોગ કરવો; કામે લગાડવું.
Useful, *a.* (યુ'સ્ફુલ) Serviceable. ઉપયોગી
Useless, *a.* (યુ'સલિસ્) Having no use નિરુપયોગી.
Usual, *a* (યૂ'શ્રુઅલ્) Ordinary. સાધારણ; હંમેશ મુજબનું [પાળ; ઉપશિક્ષક.
Usher, *n.* (અ'શર્) Doorkeeper. ચોબદાર; દ્વાર-
Usurer, *n.* (યૂ'શ્રરર્) Money-lender. ભારે વ્યાજ
Usury, *n.* (યૂ'શ્રરિ) ભારે વ્યાજ. [ખાનાર.
Usurp, *a.* (યુઝ'ર્પ્) To seize by force. છીનવી લેવું; પચાવી પાડવું. [પચાવી પાડવું તે; અપહરણ.
Usurpation, *n.* (યુઝર્પે'શન) Illegal possession.
Utensil, *n.* (યુટે'નૃસિલ્) Vessel. રાંધવામાં ખપ

આવતું વાસણ.

Uterus, *n.* (યું'ટરસ) Womb. ગર્ભસ્થાન. [લેવું.

Utilize, *v.* (યુ'ટિલાઇઝ) To put to use. ઉપયોગમાં

Utmost, *a.* (અ'ટ્‌મોસ્ટ્) Furthest; extreme. વધારેમાં વધારે; અત્યંત. [માનસિક; કલ્પિત.

Utopian, *a.* (યુટો'પિઅન) Imaginary; ideal.

Utter, *a.* (અ'ટર્) Perfect સંપૂર્ણ; કેવળ. *v.* To speak. બોલવું. [બોલવાની રીત; બોલ.

Utterance. *n.* (અ'ટરન્સ્) Mode of speaking.

Utterly, *adv* (અ'ટર્લિ) Totally; completely. છેક [અત્યંત.

Uttermost *a.* (અ'ટર્મોસ્ટ્) Utmost. છેવટનું;

Uvula, *n.* (યૂ'વ્યુલા) તાળવાના પાછલા ભાગ પર લટકતો માંસલ ભાગ; તાલપૃષ્ઠ: લાળી. [of wife. વહુઘેલો.

Uxorious, *a.* (અક્સો'રિઅસ્) Excessively fond

V

V. (વી) અંગ્રેજી મૂળાક્ષરનો એકવીસમો અક્ષર; વ્યંજન.

Vacancy *n.* (વે'કન્સી) Space post ખાલી જગ્યો.

Vacant, *a* (વે'કન્ટ્) Empty: lacking interest, ખાલી; નીરસ.

Vacate, *v.* (વકે'ટ) Make vacant. ખાલી કરવું.

Vacation, *n.* (વકે'ઇશન્) Period of rest: holidays. રજાનાં દિવસો. [the cowpox, etc. રસી મેલવી.
Vaccinate, *v.* (વૅ'ક્સિનેઇટ્) To inoculate with
Vacillate, *v.* (વૅ'સિલેઇટ્) Waver; fluctuate. અસ્થિર હોવું; ડોલવું. [શૂન્યતા.
Vacuity, *n.* (વક્યૂ'ઇટિ) Emptiness; vacuum.
Vacuum, *n.* વૅ'ક્યુઅમ્) Empty space. હવાશૂન્ય જગ્યા.
Vagabond, *n.* (વૅ'ગબૉન્ડ્) Wanderer. રખડતો માણસ.
Vagary, *n.* (વગે'યરી) Whim; freak. તરંગ; તોર.
Vagina. *n.* (વજા'યના) ગર્ભાશય માર્ગ.
Vagrant, *a. n* (વે'ઇગ્રન્ટ્) Wandering; unsettled person. રખડતું; રખડુ.
Vague, *a.* (વેઇગ્) Uncertain; unsettled. અચોક્કસ.
Vain, *a.* (વેઇન્) Conceited: useless; showy; empty. મિથ્યાભિમાની; ડોળી; મિથ્યા; ખાલી.
Vainglory, *n.* (વેઇનગ્લો'રી) Empty pride. ખાલી બડાઇ; આપવડાઇ.
Vale, *n.* (વેઇલ્) Valley. ખીણ.
Valediction, *n.* (વૅલિડિ'ક્શન્) Bidding farewell. વિદાયગીરી. [પ્રેમી; પ્રેમકાવ્ય, ચિત્ર.
Valentine, *n.* (વૅ'લન્ટાઇન્) Sweetheart. માશુક;
Valet, *n.* (વૅ'લિટ્) Man-servant. અંગત નોકર.
Valetudirarian. *n. a.* (વૅલિટ્યુડિને'રિઅન)

Sickly; of infirm health. માંદીયલ.

Valiant, *a.* (વૅ'લિયન્ટ્) Brave. બહાદુર. [છેવટનું.

Valid, *a.* (વૅ' લિડ્) Sound; conclusive. સપ્રમાણ;

Validity, *n.* (વલિ'ડિટિ) Soundness; justness. વાજબીપણું; કાયદેસરપણું.

Valise, *n.* (વલી'સ્) Knapsack. થેલો.

Valley, *n.* (વૅ'લી) Glen; low place between hills. ખીણ.

Valour, *n.* (વૅ'લર્) Courage. હિમ્મત; શૌર્ય. [શૂર.

Valorous, *a.* (વૅ'લરસ) Valiant; brave. હિંમતવાન;

Value, *n.* (વૅ'લ્યુ) Worth; goodness. કિમ્મત; સારપ. *v.* Estimate; esteem. કિમ્મત કરવી; માન હોવું. [કીંમતી.

Valuable, *a.* (વૅ'લ્યુબઅલ્) Costly; esteemable.

Valuation, *n.* (વૅલ્યુએ'શન્)Estemated worth. આંકણી.

Valve, *n.* (વૅલ્વ્) Lid to an aperture. ઢાંકણું.

Vamp, *v. n.* (વૅમ્પ્) જૂની વસ્તુમાંથી નવું ઉભું કરવું; સાથે બનતવવું; જોડાનું આગળનું ઉપરનું ચામડું; લોહી, નાણાં ચૂસ રાક્ષસ, સ્ત્રી; પીછાં વિનાનું શિકારી પક્ષી

Vampire, *n.* (વૅ'મ્પાયર્) A demon. વૈતાલ; રાક્ષસ.

Van, *n.* (વૅન્) Front part of an army; covered wagon. આગલો ભાગ; ભારગાડીનો ડબો.

Vandal, *n.* (વૅ'ન્ડલ્) Barbarian. કલાવિનાશક.

Vane, *n*. (વેઈન્) Weather-cock. ઘર ઉપરનું બનાવટી પક્ષી; પાંખીયું. [મોખરાની ટુકડી.
Vanguard, *n*.(વૅ'ન્ગાર્ડ્) Troops in front. લશ્કરની
Vanilla, *n*. (વની'લા) વેનીલા.
Vanish, *n*. (વૅ'નિશ્) Disappear. અદૃશ્ય થવું.
Vanity, *n*. (વૅ'નિટી) Empty pride; emptiness. મિથ્યાભિમાન; મિથ્યાપણું.
Vanquish, *v*. (વૅ'ન્ક્વિશ્) Defeat. હરાવવું.
Vantage, *n*. (વૅ'ન્ટિજ્) Advantage. ફાયદો; ઉચ્ચતા.
Vapid, *a*. (વૅ'પિડ) Tasteless; dull; insipid. નીરસ. [વરાળરૂપ કરવું, થવું.
Vaporize, *v*. (વે'પરાઈઝ્)To pass off in vapour.
Vaporous, *a*. (વે'પરસ) Like vapour; imaginary. વરાળ જેવું; હવાઈ. [ધુમ્મસ.
Vapour, *n*. (વે'ઇપર્) Steam; mist. વરાળ;
Variable, *a*. (વે'રિઅબલ) Changeable. અસ્થિર.
Variance, *n*. (વે'રિઅન્સ્) Disagreement; state of enmity. અણબનાવ; અંતર. —**ant**, *a*. *n*. ભિન્નરૂપ.
Variation, *n*. (વેરિએ'ઇશન્) Difference. ફેરફાર; અંતર; વિકાર. [કરવું.
Variegate, *v*. (વે'રિઇગેઇટ્) Diversify. રંગબેરંગી
Variety, *n*. (વરા'યુટિ) Diversity. ફેરફાર; પેટા જાત.
Various, *a*. (વે'રિઅસ્) Different; variegated.

જૂદું જૂદું; ભિન્નભિન્ન.

Varlet, *n.* (વા'ર્લિટ્) Servant; rogue. નોકર; ઠગ.

Varnish, *v* (વા'નિશ્) રોગાન; ચળકાટ *v.* To put on varnish; to give a fine look to. ઓપ આપવો.

Vary, *v* (વેઅરી) Alter; diversify. ફેરફાર થવો, કરવો.

Vase, *n.* (વાઝ્) Vessel for sacred purposes; glass for holding flowers. શોભીતું પ્યાલું, વાસણ.

Vaseline, *n.* (વૅ'સલિન્) સુગંધી મલમ.

Vassal, *n. a* (વૅ'સલ્) Tenant; bondsman. ખંડીયો; ગુલામ. [જબ્બર.

Vast, *a.* (વાસ્ટ્) Very large; mighty. વિશાળ;

Vat, *n.* (વૅટ્) Large cistern for holding liquors. પીપ; હોડકું.

Vault, *n.* (વૉલ્ટ્) Dome; arched roof; cellar; leap. ઘુમ્મટ; ભોંયરૂં; કમાન; કુદકો. —*v* પલાંગવું.

Vaunt, *n* (વૉન્ટ્) Vain boast. ખાલી બડાઇ. *v.* To boast of. બડાઇ મારવી.

Veer, *v.* (વીઅર્) દિશા બદલવી. [શાકભાજી

Vegetable, *n.* (વે'જીટબલ્) Plant for the table.

Vegetarian, *n.* (વેજીટે'રિઅન) One who eats vegetables or who does not take meat. શાકાહારી; માંસ ન ખાનાર.

Vegetate. *v.* (વે'જીટેટ્) To grow as plants:

to lead a dull life. ફણુગા ફુટવા; નકામું સડવું.

Vegetation, *a.* (વેજીટે'શન્) Growth of plants. વનસ્પતિ. [આવેશભર્યું; ઝનુની.

Vehement, *a.* (વી'હમન્ટ્) Ardent; violent.

Vehicle, *n.* (વી'હકલ્) Carriage; conveyance. ગાડી; સાધન; વાહન.

Veil, *n* (વેઇલ્) Screen. બુરખો. *v.* ઢાંકવું

Vein, *n.* (વેઇન્) A vessel which carries blood to the heart; tone. નાડી; નસ; નળી; ભાવ.

Velocity, *n.* (વિલૉ'સિટી) Swiftness. ઝડપ.

Velvet, *n* (વે'લ્વિટ્) Rich silk stuff with a nap મખમલ. —**een**, *n.* સુતરાઉ મખમલ

Venal, *a* (વીનલ) Ready to take bribe; corrupt. લાંચની આશાથી કરેલું; દૂષિત; લાંચીઉં.

Vend, *v* (વેન્ડ્) Sell. વેચવું

Vendor, *n.* (વે'ન્ડર્) Seller. વેચનાર.

Vendetta, *n.* (વેન્ડે'ટા) Blood-feud. વેર.

Venerable, *a.* (વે'નરબલ્) Respectable. પૂજ્ય.

Venerate, *v.* (વે'નરેઇટ્) To treat with reverence પૂજવું. [reverence. પૂજ્યભાવ.

Veneration, *n* (વેનરે'શન્) Strong feeling of

Venereal, *a* (વિની'રિઅલ્) Pataining to sexual intercourse. મૈથુનથી થવું; ચાંદી, ટાંકીનું.

Venetian, *a.* (વેનિ'શન્) વેનિસનું; ફરેડીવાળું.
Vengeance, *n.* (વે'ન્જન્સ્) Revenge. વેર.
Venial, *a.* (વી'નિઅલ્) Pardonable; trifling. માફ કરવા જેવું; નજીવું.
Venison, *n.* (વે'નિસન્) Flesh of deer. મૃગમાંસ.
Venom, *n.* (વે'નમ્) Poison; malice. ઝેર; દ્વેષ.
Venomous, *a.* (વે'નમસ્) Full of poison or hate. ઝેરી; ઝેરીલું.
Venous, *a.* (વી'નસ્) About veins. નસ સંબંધી.
Vent, *v.* (વેન્ટ્) Let out. બહાર કાઢવું *n.* Outlet. રસ્તો; નાળચું.
Ventilate, *v.* (વે'ન્ટિલેઇટ્) To fill with fresh air; to publish. હવા માટે ખુલ્લું રાખવું; જાહેર કરવું.
Ventilation, *n.* (વેન્ટિલે'ઇશન્) Act of ventilating; free expression. હવા ઉજાસ; જાહેરાત
Ventilator, *n.* (વે'ન્ટિલેઇટર્) Means of introducing fresh air. હવા આવવા માટે યોજના; જાળીયું.
Ventriloquist, *n.* (વેન્ટ્રિ'લકવિસ્ટ્) ગારૂડી.
Venture, *n.* (વે'ન્ચર્) To run a risk; to be bold enough. સાહસ કરવું. Hazard; hap; speculation. સાહસ; તુક્કો.
Venue, *n.* (વે'ન્યુ) Scene of action. સ્થાન.
Venus, *n.* (વી'નસ્) Goddess of beauty; a planet.

રતિ; શુક્રનો તારો

Veracious, *a.* (વરે'શસ્) Truthful. સાચું.

Veracity, *n* (વરૅ'સિટી) Truthfulness. સત્યતા; પ્રામાણિકતા. [પરસાળ.

Veranda, (h) *n.* (વરૅ'ન્ડા) Open portico. ઓટલો;

Verb, *n.* (વર્બ્) The word that tells what exists. ક્રિયાપદ; શબ્દ.

Verbal, *a.* (વ'ર્બલ્) Oral; of words; literal. શાબ્દિક. Derived from a *verb*. સાધિત.

Verbatim, *adv.* (વર્બૅ'ચુટિમ્) Word for word.

Verbiage, *n.* (વ'બિએઇજ) શબ્દજાળ. [શબ્દે શબ્દ.

Verbose, *a.* (વર્બો'સ્) Wordy. શબ્દોથી ભરપૂર.

Verbosity, *n.* (વરૂબૉ'સિટી) The use of too many words. શબ્દાડંબર.

Verdant, *a.* (વ'ર્ડન્ટ્) Green. હરિયાળું.

Verdict, *n.* (વ'ર્ડિક્ટ્) Decision of jury or judge. ફેસલો; ચુકાદો. [જંગાલ.

Verdigris, *n.* (વર્ડિગ્રિસ્) Copper-rust. મોરથુથુ;

Verdure, *n.* (વ'ર્ડ્યર્) Greenness. લીલોત્રી.

Verge, *n.* (વર્જ્) Margin. કાંઠો; કોર; —*v.* To border upon. કિનારે આવી રહેવું.

Verger, *n.* (વ'ર્જર્) Mace-bearer. છડીદાર.

Verify, *v.* (વે'રિફાય્) Prove the truth of;

confirm. સાબીતી આપવી, મેળવવી.
Verily, *adv.* (વે'રિલી) Truly; certainly. ખરેખર.
Veritable, *a.* (વે'રિટબલ્) Actual. સત્યજ; ખરેખર.
Verity, *n.* (વે'રિટી) સત્યતા. Truth reality.
Vermilion, *n.* (વર્મિ'લ્યન્) Bright red colour. રાતો રંગ; હિંગળોકિયો રંગ; સિંદુર.
Vermin, *n.* (વ'ર્મિન્) Noxious insect. જીવજંતુ.
Vernacular, *n.* (વર્નૅ'કયુલર્) Native language. માતૃભાષા. *a.* Native. સ્વદેશી; મુલકી.
Vernal, *a.* (વ'ર્નલ્) Of tho spring. વસંતનું.
Versatile, *a.* (વ'ર્સટાઇલ) Capable of turning; comprehensive. પરિવર્તનશીલ; વ્યાપક. [કડી; પંક્તિ
Verse, *n.* (વર્સ) Stanza; line; poetry. કવિતા;
Versed, *a.* (વ'ર્સ્ડ) Skilled. નિપુણ; પ્રવીણ.
Versify, *v.*(વ'ર્સિફાઇ) Compose verse. કવિતા કરવી.
Version, *n.*(વ'ર્શન્)Translation;account. ભાષાંતર;
Versus, *prep.* (વ'ર્સસ) Against. સામું. [હેવાલ.
Versifier, *n.* (વ'ર્સિફાયર્) A poet. કવિ. [પાનું.
Verso, *a.* (વ'ર્સો) A left-hand page. ડાબી બાજુનું
Vertex, *n.* (વ'ર્ટેક્સ્) Top of any thing. અગ્ર; ટોચ; માથું. [માથા ઉપરનું; ઉભી.
Vertical, *a.* (વ'ર્ટિકલ્) Perpendicular. પાધરૂંદોર;
Vertigo, *n.* (વ'ર્ટિગો) Dizziness. ચક્કર.

Very, *adv.* (વે'રિ) Exceedingly અતિશય; ઘણુંજ ભારે. *a.* True; real: actual. ખરેખરૂં; તેજ; નર્યું.
Verily, *adv.* (વે'રિલી) Truly. નક્કી; બેશક.
Vesper, *n.*(વે'સ્પર) Evening star; evening; Venus. સાંજ, નો તારો; શુક્ર.
Vespers, *n.*(વે'સ્પર્સ્) Evening service સાંજની પુજા.
Vessel, *n.* (વે'સલ્) A ship જહાજ; વહાણ. Receptacle. વાસણ.
Vest, *n.* (વેસ્ટ્) Body-garment; waistcoat. ગંજીફરાક; પહેરણ; ચોળી; જાકીટ. To clothe. પરિધાન કરાવવું. [માલીકીને હુકમપટે.
Vested, *a.* (વે'સ્ટિડ્) Fixed as rights. સ્થાપિત;
Vestment, **Vesture**, (વે'સ્ટમન્ટ્, વે'સ્ચર્) Garment. વસ્ત્ર.
Vestige, *n.* (વે'સ્ટિજ્) Trace. નિશાની; ચિહ્ન.
Veteran, *a.* (વે'ટરન્) Long experienced. અનુભવી. *n.* Old soldier. ઘડાયલો યોદ્ધો; રીઢો.
Veterinary, *a.* (વે'ટરિનરિ) Relating to the cure of cattle disease. ઢોરનાં દર્દ માટેનું.
Veto, *n.* (વી'ટો) Authoritative prohibition. મનાઇ; નિષેધ. *v.* પાસ નહિ કરવું.
Vex, *vt.* (વેક્સ્) To tease; annoy. ચીડવવું.
Vexation, *n.* (વેક્સે'ઇશન્) Annoyance. દુઃખ;

સંતાપ; ચીડ. [ખાતરનું; ચીડવે તેવું.

Vexatious, *a.* (વેક્સે'ઇશસ્) Annoying. પજવણી

Via, *prep.* (વા'યા) Through; by way of. થઇને; રસ્તે.

Viaduct, *n.* (વા'યુડક્ટ્) Bridge over a valley or dip. પુલ, નાળા, ખીણ ઉપર બાંધેલો રસ્તો.

Vial, *n.* (વા'યલ્) A phial. કુપ્પી; બાટલી.

Viands, *n.* (વા'યન્ડ્ઝ્) Food; victuals. ખાનપાન.

Vibrant, *a.* (વા'યબ્રન્ટ્) Resonant. ગાજતું.

Vibrancy, *n.* (વા'યબ્રન્સી) રણકો.

Vibrate, *v.* (વાયબ્રે'ઇટ્) To move to and tro: swing; resound. ડોલવું; ઝણઝણવું.

Vibration, *n* (વાયબ્રે'ઇશન) Quick motion. આંદોલન; ઝંકાર. [ગામડાનો પાદરી; અવેજી.

Vicar, *n.* (વિ'કર્) A parish priest; substitute.

Vice, *n.* (વાઇસ્) Moral defect; fault; ill-temper. દુર્ગુણ; દોષ; મિજાજ. *n.* Grip. પકડ. [ની જગ્યાએ.

Vice, *a.* (વા'ઈસ્) Deputy. ઉપ. *prep* (વા'યસી)

Vice-chancellor, *n.* (વાઇસ્ચા'ન્સલર) A second officer in a university. વિદ્યાપીઠનો બીજો વડો.

Vicegerent, *n.* (વાઇસ્જે'રંટ્) Repesentative. પ્રતિનિધિ. [a king. સર સુબો; રાજપ્રતિનિધિ.

Viceroy, *n.* (વા'ઈસ્રૉય) The substitute of

Vice versa, *adv.* (વા'ઈસીવર્સા) ઉલટસુલટ.
Vicinity, *n.* (વિસિ'નિટી) Neighbourhood. પડોસ.
Vicious, *a.* (વિ'શસ્) Immoral. દુર્ગુણી. Faulty. ખામીવાળું; ખરાબ સ્વભાવવાળું.
Vicissitude, *n.* (વિસિ'સિટ્યુડ્) Change of fortune. ચડતીપડતી; ઉથલપાથલ.
Victim, *n.* (વિ'ક્ટિમ્) Person or animal sacrificed. બલિદાન; ભોગ. [ભોગ આપવો.
Victimize, *v.* (વિ'ક્ટિમાઇઝ્) To cheat. છેતરવું;
Victor, *n.* (વિ'ક્ટર્) A conquerer. જીત મેળવનાર.
Victorious, *a.* (વિક્ટો'રિઅસ્) Triumphant. વિજયી; ફતેહમંદ. [વિજય; જીત.
Victory, *n.* (વિ'ક્ટરી) Conquest; triumph.
Victuals, *n.* (વિ'ટલ્સ્) Provisions. ખોરાકપાણી.
Vide, *v.* (વા'ઇડી) Refer. જુઓ.
Vie, *v.* (વાય્) To try superiority. હરીફાઇ કરવી.
View, *vt.* (વ્યુ) To see. ધ્યાનથી જોવું. *n.* Opinion; purpose; sight. વિચાર; હેતુ; અવલોકન; દેખાવ.
Vigil, *n.* (વિ'જિલ) Waking for religious exercises; watch. જાગરણ; ચોકી. [સાવધાની.
Vigilance, *n* (વિ'જિલન્સ્) Watchfulness; caution.
Vigilant, *a* (વિ'જીલન્ટ્) Watchful. સાવધાન.
Vigorous, *a.* (વિ'ગરસ્) Strong; energetic;

healthy. પ્રબળ; જોરાવર; તંદુરસ્ત. [ઉત્સાહ.
Vigour, *n.*(વિ'ગર) Energy; force. શક્તિ; સામર્થ્ય;
Vile, *a.* (વાઇલ) Base; worthless. દુષ્ટ; નીચ.
Vilify, *v.* (વિ'લિફાઇ) To defame; to apeak ill of. માન ઉતારવું; હલકું પાડવું; નિંદા કરવી
Villa, *n.* (વિ'લા) A house in a garden; country residence. ઉદ્યાનગૃહ: ગામડામાં બાંધેલો બંગલો.
Village, *n.* (વિ'લિજ્) A collection of dwellings in the country. ગામ; ગામડું. [village. ગામડિયો.
Villager, *n.* (વિ'લિજર) One who lives in a
Villain, *n.* (વિ'લન્) A rogue; thorough scoundrel. શઠ; લુચ્ચો, ખરાબ માણસ; ખલનાયક.
Vindicate, *vt.* (વિ'ન્ડિકેઇટ્) To defend; to justify. બચાવ કરવો; સાચું ઠરાવવું.
Vindication, *n.* (વિન્ડિકે'ઇશન્) Defence; justification. બચાવ; સમર્થન. [ઝેરીલું.
Vindictive, (વિન્ડિ'ક્ટિવ્) Revengeful; વેરીલું;
Vine, *n.* (વાઇન્) Grape plant. દ્રાક્ષવેલ.
Vinegar, *n.* (વિ'નિગર્) Acid liquor. સરકો.
Vineyard, *n.* (વિ'નયાર્ડ) દરાખની વાડી.
Vintage. *n.* (વિ'ન્ટિજ્) Time for grape gatherring; wine. દરાખપાક, દારૂ. [વેપારી.
Vintner, *n.* (વિ'ન્ટ્નર્) A wine-merchrnt દારૂનો

Violate, *vt.* (વા'યલેઇટ) To transgress. ઉલ્લંઘન કરવું; ભંગ કરવો. [ઉલ્લઘંન; ભંગ.
Violation, *n.* (વાયલે'ઇશન) Infringement.
Violence, *n.* (વા'યલન્સ્) Vehemence; force. વેગ; આવેશ; બળજબરી. [ભારે.
Violent, *a.* (વા'યલન્ટ્) Furieus. ઝનૂની; પ્રબળ;
Violet, *n.a* (વા'યલિટ્) Bluish purple (colour); garden flower. જાંબુડીયો ભુરો રંગ; એક જાતનું ફુલ.
Violin, *n.* (વા'યલિન્) Musical instrument; fiddle. ચાર તારી વીણા, સારંગી. [સાપ.
Viper, *n.* (વા'ઇપર્) A kind of serpent. ઝેરી
Virgin, *n.* (વ'જિન્) A maiden. કન્યા; કુમારિકા. *a.* Chaste; pure. શુદ્ધ; તાજગીભર્યું.
Virginity, *n.*(વર્જિ'નિટી)Maidenhood. કુમારિકાપણું.
Virgo, *n.* (વ'ગો) Virgin; sign in the zodiac. કન્યા રાશિ. [જોસીલું; મર્દાનગીભર્યું.
Virile, *a.* (વિ'રાઇલ) Masculine; strong. પુરુષનું;
Virtual, *a.* (વ'ર્ચ્યુઅલ્) Such in fact. ખરેખરૂં.
Virtually, *vd.* (વ'ર્ચ્યુઅલી) In substance. વાસ્તવિક રીતે; ખરૂં જોતાં. [સદ્‌ગુણ; સદાચાર.
Virtue, *n.* (વ'ર્ચ્યુ) Merit; worth; chastity.
Virtuous, *a.* (વ'ર્ચ્યુઅસ્) Morally good. નીતિવાન; સદાચરણી.

Virulent, *a* (વિ'રૂલન્ટ્) Powerful; venomou
જીવ લે એવું; ઝેરીલું.

Visa, Vise, *n* (વિ'ઝા, વિ'ઝેય્) પાસપોર્ટ શેરો.

Visage, *n.* (વિ'ઝિજ્) Face; countenanc
ચહેરો; સુરત.

Visard, *n.* (વિ'સર્ડ્) A mask; visor મહોરૂં.

Viscera, *n.* (વિ'સરા) Bowels. આંતર અવયવો.

Viscount, *n.* (વા'યકાઉન્ટ્) Title next belo
an earl. ઉમરાવ. [adherent. ચીકણુ

Viscous, Viscoid, (વિ'સ્કસ્, વિ'સ્કિડ્) Stick;

Visible, *a.* (વિ'ઝિબલ્) Perceptible, દૃશ્ય; પ્રગ

Visibly, *adv.* (વિ'ઝિબ્લિ) Plainly; clearly દેખીતી રી

Vision, *n.* (વિ'ઝન્) Actual sight; anythin
seen; phantom દર્શન; નજરે પડવું તે; આભાસ; નજ
ખ્યાલ. [આદર્શઘેલુ

Visionary, *a.n.* (વિ'ઝનરી) Imaginary. કલ્પિ

Visit, *vt.* (વિ'ઝિટ્) To call upon; to inspec
મુલાકાત લેવી; p મળવા જવું. *n.* Inspection. મુલાકા

Visitation, *n.* (વિઝિટે'ઇશન્) તપાસણી મુલાકા
દેવ પ્રકોપ. [લેના

Visitor, *n.* (વિ'ઝિટર) One that visits. મુલાક

Vista, *n.* (વિ'સ્ટા) Long narrow vie
vents. વૃક્ષરાજિ દર્શન; વૃત્તાંતપરંપરા.

Visual, *a.* (વિ'ઝ્યુઅલ્) Belonging to the sight. દાર્શનિક; નજરનું.

Visualize, *v.* (વિ'ઝયુઅલાઇઝ્) જોવું; દેખાડવું.

Vital, *a* (વા'ઇટલ્) Essential to life; essential. માર્મિક; જરૂરી.—*n. pl.* મર્મ ભાગો.

Vitality, *n.* (વાઇટૅ'લિટી) Energy. જીવનશક્તિ.

Vitamin, *n.* (વા'યુટમિન્) પ્રજીવનક. [બગાડવું.

Vitiate, *v.* (વિ'શિએઇટ્) To injure; impair.

Vituperate, *v.* (વિટ્યુ'પરેઇટ્) Blame; abuse. નિંદવું; ગાળ ભાંડવી.

Viva, *int.* (વી'વા) Long live. ઘણું જીવો [ચંચળ.

Vivacious, *a.* (વાયૂવે'ઇશસ્) Lively. ચાલાક;

Vivacity, *n.* (વાઇવૅ'સિટી) Animation. ચકોરતા; ફરફરાટી.

Viva voce, *a. adv. n.* (વા'ઇવા—વોસી) Orally; oral test. મોઢાનું; મૌખિક પરીક્ષા. [ઉજ્જવલ.

Vivid, *a.* (વિ'વિડ) Lively; intense. આબેહુબ;

Vivify, *vt.* (વિ'વિફાયૂ) To impart life to. ચેતનવંતું, રસિક કરવું.

Vixen, *n.* (વિ'ક્સન્) A she–fox. શિયાળણી. A quarrelsome woman. કજીયાખોર. [ભાગ.

Vizard, *n.* (વિ'ઝર્ડ) Visor. મોઢાના બખ્તરનો ખુલતો

Vocable, *n.* (વો'કેબલ્) A word. નામ; શબ્દ; બોલ.

Vocabulary, *n.* (વકૅ'બ્યુલરી) Dictionary; list of words. શબ્દભંડોળ. [લગતું; મોઢાનું.
Vocal, *a.*(વો'ઉકલ્) Relating to voice; oral. અવાજને
Vocalist, *n.* (વો'કલિસ્ટ્) મોઢેથી ગાનારો; ગવૈયો.
Vocation, *n.*(વકે'ઈશન્) Calling. રોજગાર; ધંધો.
Vocative, *n.* (વૉ'કટિવ્) સંબોધન વિભક્તિ. [પાડવા.
Vociferate, *v.* (વૉસિ'ફ્રેઈટ્) Bawl; cry out. ઘાંટા
Vogue, *n.* (વોઉગ્) Mode; fashion. રીત.
Voice, *n.* (વૉઇસ) Sound. સાદ; અવાજ.
Void, *a. n.* (વૉઇડ્) Vacant; not valid. ખાલી; રદ; શૂન્યતા. [થઈ ઉડી જતું; ચંચળ.
Volatile, *a.* (વૉ'લટાઇલ્) Evaporable; fickle. વરાળ
Volcano, *n.* (વૉલ્કે'ઈનો) Burning mountain. જ્વાળામુખી પર્વત. [શક્તિ.
Volition, *n.* (વલિ'શન્) Power of will. ઇચ્છા
Volley, *n.* (વૉ'લી) Dicharge of small arms. ઉપરાઉપરિ બહાર; પરંપરા.
Volplane, *v.* (વૉ'લ્-પ્લેઈન્) Descend by gliding. યંત્ર ચલાવ્યા વગર નીચે સરકવું. [બળ.—**aic**, *a.*
Volt, *n* (વૉલ્ટ્) Electro-motive force. વિજળીનું
Volte-face, *n.* (વૉલ્ટ ફા'સ્) માન્યતા, પ્રવૃત્તિ સદંતર ફેરવી નાખવી તે. [બોલતું; વદકણું.
Voluble, *a* (વૉ'લ્યુબલ્) Fluent in words. ખુબ

Volume, *n.* (વૉ'લ્યુમ્) A book; space occupied. ગ્રંથનો ભાગ; પુસ્તક; કદ. [free. ઐચ્છિક; મરજીઆત.

To *look* love—આંખમાં પ્રેમ હોવો. Look at home—પોતાની સ્થિતિ તપાસવી. Look before you leap—કરવા પહેલાં ખુબ વિચાર કરવો. To look daggers—અતિશય દ્વેષીલી, ગુસ્સાભરી નજરે જોવું Look down upon—પોતાથી ઉતરતું ગણવું. Good looks—રૂપાળાપણું.

To *lord* it over—ઉપર અમલ ચલાવવો.

To *lose* one's heart to—ના પ્રેમમાં પડવું. Not lost in the telling—બરાબર વર્ણવેલું. To lose one's temper—મિજાજ ખોવો. Lost in—માં ગરક થએલું. Lost upon—નકામું જવું. To be at a loss for, to—ને માટે ફાંફાં મારવાં, ગુંચવાવું.

For the *love* of—ને નામે; ની ખાતર. There is no love lost between us—આપણે એક બીજાનો તિરસ્કાર કરીએ છીએ For love or money—સ્નેહની ખાતર કે કિંમત લઇને (દઇને). Fall in love with. Make love to. To be in love with—ના પર પ્યાર, નો શોખ હોવો. Love all—બન્ને પક્ષનો સ્કોર કંઈ નહિં. Love-child—લગ્ન વગર જન્મેલું છોકરૂં; ઈશ્કસંતાન.

To bring *low*—નિરાશ, ઓછું કરવું. To lie low—લપાઈ, છુપાઈ રહેવું.

M

Maiden speech—પહેલું ભાષણ.

The *mailed* fist—શસ્ત્રબળ.

The *main* chance—પોતાનો સ્વાર્થ.

A *made* man—ફતેહમંદ માણસ. He made as if he had not done it, as if to strike me—જાણે કે તેવો દેખાવ કર્યો. Make free with—છુટથી ઉપયોગ કરવો. Make fun of—ની મજાક કરવી. Make good—પુરવાર કરવું; ભરી આપવું. Make head or tail

of—સ્પષ્ટ સમજવું. Make it hot for him—ભારે પાડી દેવું. Make it up with—સમાધાન કરવું. Make much of—અગત્યનું ગણવું; સમજવું. Make no bones of, about, doing—આનાકાની ન કરવી.

What do you make of it—તમે તેનો શું અર્થ કાઢો છો ? To make off with—ઉપાડી નાસી જવું. Make over to—સોંપી દેવું. Make up lost ground, for lost time—બદલો વાળી લેવો, દેવો. Make up to—ની ખુશામત કરવી. Of solid make—મજબૂત બાંધાનું. Of your making—તમારા કર્મનું ફળ. Ready-made—તૈયાર (શીવેલાં, કરેલું).

A *man* of letters—સાક્ષર Man about town—નવરો ફેશનબલ માણસ. Man in the street—સામાન્ય માણસ. Man of straw—કાલ્પનિક, ગરીબ માણસ. Man of the world—વ્યવહારકુશળ માણસ. All to a man; to the last man—દરેક માણસ. Man for man—વ્યક્તિગત સરખામણીમાં.

Beside, wide of, the *mark*—મુદ્દાસર નહિ; અપ્રસ્તુત. Hit, miss, the mark—સફળ, અફળ જવું. Marked man—શંકાની નજરે, ધ્યાનથી, જોવાતો માણસ. To make one's mark—છાપ પાડવી; ફતેહમંદ થવું.

To bring one's goods to the wrong (a bad) *market*—લુહારવાડે સોય વેંચવા જવું.

To throw off the *mask*—પોત પ્રકાશવું.
Measure for measure—શેરને માથે સવાશેર.
Make a *mess* of it—કામ બગાડવું.
Many a little makes a *mickle* (=muckle)—
ટીપે ટીપે સરોવર ભરાય.
Land flowing with *milk* and honey—સમૃદ્ધ દેશ.
Milk-and-water—નબળી; માંદીચલ. Milk of human kindness—દયા.
Of your *mind*—તમારા મતનું. To my mind—મારા મત પ્રમાણે To have half a, a good or a great, mind to do-કરવાને લગભગ, પૂરૂં મન થઇ આવવું.
Would you mind doing it, if I tell him ?—તમને તે કરવામાં, હું તેને કહું તો કંઇ હરકત (વાંધો) છે ?
Money makes the mare go—દામ કરે કામ ઔર બીબી કરે સલામ. [પછી (પહેલાં) આ તારીખે.
This day month, two months—મહીના, બે મહીના
He is no *more*—તે મરી ગયો છે.
Move heaven and earth—આકાશ પાતાળ એક કરવાં; ખુબ મહેનત કરવી. Make a move—સ્થાન બદલવું.
Get a move on—આગળ ચાલો; શરૂ કરો.
Not *much* of a cricketer—બહુ સારો ક્રિકેટર નહિં.
Murder will out—ખૂની છતો થયા વગર રહેજ નહિં.
The murder is out—છાની વાત છતી થઈ ગઈ.

N

Nail in one's coffin—મરણ વહેલું થવાનું કારણ. Nails in mourning—ગંદા નખ.

Naked truth, eye—નર્યું સત્ય; નરી આંખ. The nakedness of the land—દેશની ગરીબી.

Make a *name*—નામ કાઢવું. A name for honesty—પ્રમાણિકતાની આબરૂ. Namesake—નામેરી,નામરાશિ.

Necessity is the mother of invention—જરૂર પડે એટલે શોધ થાયજ. Necessity knows no law—દબાણ થાય ત્યારે કાયદો કોરે રહે. Make a virtue of necessity—ટંગડી ઉંચી રાખવી; અશક્તિમાન ભવેત સાધુ.

Strain every *nerve*—ખૂબ મહેનત કરવી. To nerve oneself—બળ એકઠું કરવું. Has no nerve—સામર્થ્ય નથી Has no nerves—બહુ લાગણીવાળો, ધ્રુજે તેવો નથી.

Well, I *never* !—એવું હોયજ નહિં, સાંભળેલુંજ નહિં ! Never is a long day—કોઈ એમ કહી શકેજ નહિં કે અમુક તો કદી થશેજ નહિં; ન થવાનું પણ થાય.

Make a *night* of it—આખી રાત ચલાવવું.

To *nip* in the bud—મૂળમાં ડાંભી દેવું.

No pains, no gains—ચાકરી વગર ભાખરી ન મળે. No class, no fees—ક્લાસ નાહ તો ફી પણ નહિં.

Under one's *nose*—અમુકની હાજરી છતાં. *Null* and void—રદ બાતલ.

To put it in a *nutshell*—ટુંકમાં કહીએ તો.

O

Off and on—આંતરે આંતરે. Well off—સારી સ્થિતિમાં. Off with his head—તેનું માથું ઉડાવી દો. Off his head—ગાંડો; લવારો કરતો. Off-hand—તાત્કાલિક.

Old age is second childhood—સાઠી બુદ્ધિ નાઠી.

The *open*—ખુલ્લી જગ્યા, હવા. Open mind; face; eyes; ears; hand; heart—શુદ્ધ બુદ્ધિ; ભોળો ચહેરો; આશ્ચર્ય, ધ્યાન; છુટો હાથ; ભલું દિલ. To open fire—બંદુક, તોપ ફોડવી શરૂ કરવી To open out—ખુલ્લું કરવું, થવું. Open question—એવો પ્રશ્ન કે જેના વિષે વ્યાજબી મતભેદ હોઈ શકે. Open verdict—ગુનેગારના નામ-નિર્દેશ વગર ગુનો થયેલો એટલું જ કહેતો ચુકાદો. Open weather, winter—હિમ વગરની હવા, શિયાળો. Open work—લેરીયાં ભરત, શિલ્પ કામ

Take *orders*—પાદરી બનવું. To be in, out, of order—બરાબર, નિયમ વિરૂદ્ધ, ખોટકેલું, હોવું. To rise to a point of order—કાનુનનો સવાલ ઉઠાવવા ઉભા થવું. To call to order—બરાબર વર્તવાનું કહેવું. Made to order—વરદી પ્રમાણે કરેલું. A large or tall order—કઠણ કામ. Order about—ફેરા કરાવ્યા કરવા. The order of the day—કાર્યક્રમ; ચાલતી ફેશન.

He is *out*—તે ઘરમાં નથી; તેનો દાવ ખલાસ થયો છે; નોકરીમાં નથી; હડતાલ પાડી છે. I am out for—

ગવવા પ્રયાસ કરૂં છું. He had his say out--તેણે રૈપૂરૂં કહી નાખ્યું. The week is out--અઠવાડીયું લાસ થયું. Out in England--પરદેશ ઇગ્લાંડમાં. ut and about--હાલતું ચાલતું. Out at elbows-- યરેહાલ. He is out of wheat--તેની પાસે ઘઉં રહ્યા છે, ખલાસ છે. Cheated out of one's oney--છેતરીને પૈસા કઢાવ્યા. Got much out of im--તેની પાસેથી ઘણું મેળવ્યું. Out of breath-- ફતું. Out of mind--ભૂલાઈ ગએલું Out of one's ind--ગાડું.

stand *over*—મુલતવી રહેવું. All over—માં બધે ાણે. All the world over—બધા દેશોમાં. Go to eep over one's work--પોતાનું કામ કરતાં કરતાં ઉંઘી જું. To tide over—પસાર કરવું. Over the way— સ્તાની બીજી બાજુએ. Over my head—મારી ઉપરવટ ઇને; મારી સમજણ બહાર.

ld one's own—ટક્કર ઝીલવી. Owns to a sense shame—શરમ આવી એવું કબુલ કરે છે.

P

e *pair*, fellow to this shoe—આ ખાસડાની જોડીનું ોજું ખાસડું

par—નામની અને ખરી કિમ્મત સરખી તેવી રીતે.

n a par with—સરખું.

To grease one's *palm*—અમુકને લાંચ આપવી. Bear the palm—વિજેતા ગણાવું. To yield the palm to—થી ઉતરતા હોવું. To palm off a thing on a person—અમુકને અમુક વસ્તુ પોરવવી, ઠાબોડવી. Palmy days—સુખના દિવસો.

On *paper*—દફતરમાં; લખવામાં, કરવામાં નહિં. Paper army, profits—ચોપડે બતાવેલું (ખરૂં નહિં) લશ્કર, નફો. Commit to paper—લખવું. Put pen to paper—લખવું શરૂ કરવું.

Play, do, one's *part*—પાઠ ભજવવો; ફરજ બજાવવી. We part friends—આપણે દ્વેષ વગર છુટા પડીએ છીએ. Parting words--છુટા પડતી વખતના શબ્દો. The parting of the ways--માર્ગ પસંદગીનો પ્રસંગ.

To be a *party* to--માં મદદ, સંમતિ આપવી.

To come to a pretty *pass*--કટોકટીમાં આવવું. Pass me a glass--મને એક ગ્લાસ આપો. Pass away--મરી જવું. Pass off--ધીમે ધીમે બંધ થવું; પસાર થવું; પોરવવું. To pass for--ગણાવું.

To come *pat*--બંધબેસતું, વખતસર આવવું.

To rob Peter to *pay* Paul ગધ્ધાને દોઇ કુતરાને પાવું. To pay for it—તેને માટે ભોગવવું પડવું. To pay the piper--પૈસા આપવા (એટલે અમલ હોવો). To pay one's way--કરજ કર્યા વગર ચલાવવું. Pay

through the nose—બહુ વધારે પડતી કિમ્મત આપવી.

Penny-wise and pound-foolish—ખાળે ડુચા ને દરવાજા મોકળા તેવું Take care of the pence and the pounds will take care of themselves—નાના ખર્ચમાં તકેદારી રાખો તો મોટી રકમ બચત રહે; ટીપે ટીપે સરોવર ભરાય.

He has a fine *person*—તે દેખાવડો છે. In person—રૂબરૂ; જાતે. He is in love with her purse and not her person. તેણીના પૈસા, નહિં કે તેણીના રૂપ ખાતર, તે તેના પ્યારમાં પડેલો છે.

Viewed in *perspective*—પ્રમાણુસર જોએલું, વિચારેલું.

The engineer is hoisted with his own *petard*—ખાડો ખોદે તે પડે.

Philosophers' stone—પારસમણિ.

To *pick* and choose—પસંદ કરવામાં ચપાસીયા થવું. Pick a quarrel—કજીયો વેચાતો લેવો. Pick holes in—દોષ કાઢવા મથવું. Pick to pieces—ચુંથણાં કરવાં. The pick of—માં સૌથી સરસ.

A rod in *pickle*—બાકી રાખેલી શિક્ષા. To be in a pickle—દુર્દશામાં હોવું.

In a *Pickwickian* sense—ખોટું ન લાગે તેવા અર્થમાં.

He is the *picture* of health—ખુબ તંદુરસ્ત છે. Out of the picture—અપ્રસ્તુત. The picture-સીનેમા.

To have a finger in the *pie*—માથું મારવું; હાથ ઘાલવો. Promises are, like pie-crust, made to be broken—વચન અપાય છે તે તોડવાને માટેજ.

All of a *piece*—એકસરખું. Of a piece with—સુસંગત; જેવું. Piece-work—છુટક કામ.

To buy a *pig* (=bag) in a poke—તપાસ્યા વગર ખરીદવું. Pigs might fly—ન થએલું થાય.

Pigeon's milk—સસલાનું શીંગડું; ન હોઈ શકે તેવી વસ્તુ.

Pile it on—વાત વધારે જાઓ. Pile on, up, the agony—કરૂણતાનો ચિતાર વધારે કરવો.

A bitter *pill* to swallow—કડવો ઘુંટડો.

I don't care a *pin*—જરા પણ દરકાર નથી કરતો. Pin one's faith to, on—માં શ્રદ્ધા રાખવી. Pin-fall silence—ટાંચણી પડે તો સંભળાય તેવી શાંતિ. Pin one down to—થી બાંધી લેવું. Pins and needles—ઝણઝણી.

Only the wearer knows where the shoe *pinches*—આંધળાની ગત આંધળો જાણે A pinch of snuff—તપખીરની ચપટી. At a pinch—અણીને વખતે. Pin-money--સ્ત્રીને પોશાક વગેરે માટે અપાતી હાથખર્ચી. Pin-prick—ઝીણી સતામણી.

The *pink* of perfection—સંપૂર્ણતાની પરાકાષ્ઠા.

Little *pitchers* have long ears—છોકરાંઓ ઘણું

સાંભળી જાય A pitcher that often goes into the well must break—જે ગામમાં દરરોજ ધાડ પડે તે કોઇ દિવસ લૂંટાય.

To take *place*—બનવું; થવું. In the first place—એક તો; પ્રથમ તો. The pride of place—ઉચ્ચ સ્થાન; ગર્વ. In place of—ને બદલે.

To *play* one's cards—બાજી બરાબર રમવી; તક જવા ન દેવી. Play into the hands of— (બીજાને) તક મળે તેવું કરવું.

Please yourself—તમને ફાવે તેમ કરો.

To be in, out of *pocket*—કમાવું, ખર્ચવું. Out-of-pocket expenses—ખર્ચેલી રકમ. To put one's hand in one's pocket—ખર્ચ કરવો. To have a person in one's pocket—અમુકને, ખિસ્સામાં રાખવો, પોતાની મરજી મુજબ ચલાવવો. Empty pockets—ખિસ્સાં ખાલી; પૈસાની તંગી. Deep pocket—પુષ્કળ પૈસો. To keep hands in pockets—કામધંધા વગરના હોવું. Pocket-money—હાથખર્ચી Pocket borough—એક માણસની મરજી મુજબ જેમાંથી ઉમેદવાર ચુંટાય તેવું શહેર. To put one's hands in one's pockets—કામ પોતે કર્યા વગર બીજા પર છોડી દેવું.

On the *point* of—અણી ઉપર. To, off the point—મુદ્દાસર; અપ્રસ્તુત. In point—બંધબેસતું, At all

points--બધી બાબતોમાં. Possession is nine points of the law--ભોગવટ તે નેવું ટકા પુરાવો. Points of a horse, a dog--ઘોડા. કુતરાની લાયકાતો. When it comes to the point--કરવાની વાત આવે છે ત્યારે.
Come to the point--મુદ્દાપર આવો. To make a point of--નો આગ્રહ રાખવો. Make a point--મુદ્દાની હકીકત કહેવી Carry one's point--પોતાનો મુદ્દો પાર પાડવો. At the point of the sword--તલવારની અણીએ. To point out--બતાવવું.
To *poke* one's nose into--માં માથું મારવું. [હોવો.
To be *poles* asunder--આસમાન જમીન જેટલો તફાવત
To *pop* the question--લગ્નની વાત કરવી.
To make the *pot* boil--ગુજરાન ચલાવવું. Keep the pot boiling--કામ ચલાવે રાખવું. Pot-belly--ફૂંદ; ફાંદ Pot luck--જે કંઈ ખાવાનું મળે તે. Pot of money--પુષ્કળ પૈસો.
The *powers* that be--અધિકારીઓ. [સારૂં.
Practice is better than precept--કહેવા કરતાં કરવું
To be loud in his *praise*--તેનાં વખાણ ખૂબ કરવાં.
To put *premium* on--ને ઉત્તેજન આપવું.
Time *presses*--વખત થોડો છે.
At any *price*--ગમે તે કિમ્મતે, ભોગે.
He *prides* himself upon, takes a pride in, is

proud of—નું અભિમાન કરે છે.

Prime of life—જીવનનો મધ્યાહ્નકાળ; ભર જુવાની.

To be *privy* to—માં હાથ હોવો; ની જાણ હોવી. Without the privity of—ની જાણ વગર.

Pro rata—ભાગે પડતું; પ્રમાણસર. Pro tem—હંગામી; કામચલાઉ.

Man *proposes*, God disposes—માણસ ધારે કંઇ, [ઈશ્વર કરે કંઇ; હર કરે સો હોય.

To *provide* for, against—ને માટે તૈયારી રાખવી. Provided (that)—એ શરતે કે; જો.

Public man—જાહેર કાર્યોમાં ભાગ લેતો પુરૂષ; લોકસેવક. Public woman—વેશ્યા. At the public cost—લોકોને પૈસે. In the public interest—લોકસેવાર્થે. Public spirit—લોકસેવાની ભાવના.

Puffed up (with pride)—ગર્વથી ફુલેલો.

Pull one's leg—બનામણી, તરટ, તોફાન કરાવવું. Pull faces—મોઢાના ચાળા કરવા Pull off—જીતવું. Pull oneself together—શાંત, સ્વસ્થ બનવું. Pull about—જેમતેમ ઉપયોગ કરવો. I have the pull of you—તમારા પર મારો અમલ છે; તમારા કરતાં મને વિશેષ ફાયદો છે.

To feel one's *pulse*—નાડી તપાસવી; ઇરાદો જાણવો. He has his finger on the pulse of the nation—પ્રજા શું માગે છે તે એ સમજે છે.

To *pump* a person—અમુક પાસેથી વાત કઢાવવી

To *put* one's back up—ચીડવીને જીદ્દી બનાવવો. Put by—ભેળું કરવું; જુદું કરવું. Put him down as, for, a fool—તેને મૂર્ખ ગણી કાઢવો. Put it down to—ને લીધે છે એમ ગણવું. Put our heads together—મસલત કરવી. To put in—કિનારે આવવું; રજુ કરવું; વચમાં બોલવું Put into one's head—સૂચના કરવી. Put off—મુલતવી રાખવું; સમજાવ્યા કરવું; ઉતારવું. Put on—પહેરવું; ધારણ કરવું. Put up—સારી રીતે કરવું; મુકામ આપવો, કરવો. Put up with—સહન કરવું. Put through—પાર પાડવું. Put on airs—ડોળ ઘાલવો. Put on flesh—જાડા થવું. Put one on, off, his guard—સાવચેત, ગફલત, બનાવવું. Put one wise—આંખ ખોલવી.

Put one up to do, doing, it—કરવાને ઉશ્કેરવું.

Q

To mind one's Ps and Qs—કંઈ કહેવામાં કે કરવામાં ગફલતી ન કરવી

Quakers' meeting—મૂકમંડળ; ચૂપસભા.

Quality matters more than quantity—જથ્થા, સંખ્યા કરતાં જાત, પ્રકાર વધારે અગત્યનાં છે; एकश्चन्द्रस्तमो हन्ति न च तारागणोऽपि च।

Qualms of conscience—સારાસાર વિચાર; અંતઃકરણના

ડંખ. Unknown *quantity*—જેની ચોક્કસ ગણુતરી થઈ ન શકે તેવી વ્યક્તિ, તેવો આંકડો, ભાગ. The quantity of a vowel—સ્વરની માત્રા (દીર્ઘ લઘુ).

Quarrel with one's bread and butter—ભરણ-પોષણુના સાધનનો ત્યાગ કરવો.

Give no *quarter* to—કોઈું નાહિં આપવું; નિર્દય થવું.

Queen Anne is dead—એ તો જૂની વાત થઈ. Queen of flowers, night—શ્રેષ્ઠ ફુલ; ચંદ્ર.

Beyond all, out of, past, without, *question*—બેશક; શંકાતીત; વગર સવાલે. Out of *the* question—વિચારજ ન કરી શકાય તેવું; સદંતર અવ્યવહાર.

To the *quick*—મર્મચ્છેદી; ઘણુંજ લાગી આવે તેવી રીતે. The quick and the dead—જીવતાં અને મરેલાં.

Gave him his *quietus*—મરણ, છુટ્ટી આપી.

R

A *race* against time—રાત થોડી ને વેશ ઝાઝા.

On the *rack*—વેદના, સંશયમાં. To rack one's brains—ઉપાય શોધી કાઢવા માથાકુટ કરવી.

It never *rains* but it pours દુઃખ (બનાવ) આવે ત્યારે એક સામટાં આવે. To rain cats and dogs ધોધમાર વરસવું. A rainy day—તંગીનો દિવસ.

At any *rate*—ગમે તેમ; એમ છતાં પણુ.

To *read* between the lines—ભાવાર્થ સમજવો. To

read a riddle, dream—કોયડો, સ્વપ્નનો અર્થ, ઉકેલવો.
To hear, listen to *reason*—સારી સલાહ માનવી.
Day of *reckoning*—પ્રાયશ્ચિત્ત, વેરનો વખત. Out in one's reckoning—ધારણા, ગણતરીમાં ખોટું. To reckon without one's host—મુશ્કેલી, ખર્ચની ઓછી ગણત્રી કરવી *Red-handed*—ગુનો કરતો હતો તેવામાંજ. Red-letter day—તહેવાર; ખાસ ખુશાલીનો દિવસ. Red rag—ગુસ્સાનું કારણ.
A broken *reed*—આધાર ન રાખવા જેવો માણસ, વસ્તુ. To lean on a reed—નબળા માણસ, વસ્તુ પર આધાર. રાખવો. To give *rein* (the reins) to one's imagination—કલ્પનાના ઘોડા દોડાવ્યે જવા.
To the fifth *remove*—પાંચમી પેઢીએ.
Without *reserve*—પૂરેપૂરૂં; ખુલ્લેખુલ્લું; કંઈ છુપું, અલગ, બાકી રાખ્યા વગર. With reserve—પોતાનો મત આપ્યા વગર. Mental reservation—મનમાં કંઈ જૂદું, બાકી રાખવું તે. Reserved manners—થોડબોલી પ્રકૃતિ.
To resign oneself, be resigned, to—સ્વીકારવું; ને આધીન થવું.
I cannot *resist* a joke—મશ્કરી કર્યા વગર, કે મશ્કરી થાય ત્યારે હસ્યા વગર, હું રહી શકતો નથી. To *rest* on, upon, one's oars—થોડો વખત, હલેસાં મારતા, કંઇ પ્રયાસ કરતા બંધ પડવું. For the rest—બાકી તો.

The, all the, rest of it—બીજું બધું.

Return of post—વળતી ટપાલ. Many happy returns of the day—ફરી ફરી શુભ પ્રસંગની સંવત્સરી ઉજવાય એવી શુભેચ્છા.

He is *riding* for a fall—ચડી ચડીને પડવાનો છે; દોડીને થાકવાનો છે. To ride the whirl-wind—બળવાખોર તત્ત્વોને કાબુમાં રાખવાં. To ride rough-shod over—ને ધૂતકારવું.

Serves him *right*—તેને બરાબર બદલો આપે છે. Right and left—બધી બાજુએ. Right-hand man—જમણો હાથ; સૌથી વધારે ઉપયોગી મદદનીશ. Right off—અટકયા વગર.

She has a *ringing* in the ears—તેણીના કાનમાં બિલાડાં બોલે છે (ભરાયેલા પાણી, મેલનો અવાજ થયાં કરે છે). To ring in one's ears, heart—કાનમાં, હૃદયમાં પડઘા પાડવા. ગુંજન કરવું To ring the changes on—એકના એક વિષય પર જૂદું જૂદું કહેવું. To ring the knell of—નો મૃત્યુઘંટ બજાવવો. To ring up—ટેલીફોન કરવો; જગાડવું Ring off—ટેલિફોન બંધ કરવો To ring for—ઘંટડી મારી બોલાવવું. Ring in—વાજતે ગાજતે વધાવવું. Ring out—વાજતેગાજતે વિદાય દેવી. To ring false, true—ખોટું, ખરૂં દેખાવું.

Rip van Winkle—જૂના જમાનાનો જોગી; રામાવતારી.

To *rise* above circumstances—સંજોગોને વશ કરવા. To rise to an occasion—પ્રસંગ પ્રમાણે પહોંચી વળવું. The house rises at the actress—સર્વ પ્રેક્ષકો નટીને તાળીના ગડગડાટથી વધાવે છે. My stomach rises—મને ગુસ્સો, કંટાળો આવે છે. Bread rises—પાંઉ ઉપસે છે; તેને આથો આવે છે. To rise in the world—સમાજમાં વધારે ઉંચું સ્થાન પ્રાપ્ત કરવું.

At your *risk*—તમારે જોખમે. To run a risk—જોખમ, સાહસ, ખેડવું.

The hand that *rocks* the cradle rules the world જે હાથ પારણું ઝુલાવે (માતા) તે હાથ જગતનું શાસન કરે છે; માતા પૃથ્વીપટરાણી; માતા જગદીશ્વરી [કરતો.

Rolling in wealth, luxury—ધન, વિલાસમાં રેલછેલ

To give one *rope*, rope enough to hang himself—વાળી મૂકવો; દોડવા દઈ ખાડામાં પડવા દેવો.

To gather *roses*—આનંદ મેળવવો. A rose without a thorn—અલભ્ય સુખ. Life is not rosy, rose-colour—જીંદગીમાં સુખ આવે તેમ દુઃખ પણ આવે. A crumpled rose-leaf—સર્વસુખની અંદર નાનીશી પીડા.

I gave him a lick with the *rough* side of my tongue—મેં તેને ખૂબ ખખડાવ્યો.

There's a divinity that shapes our ends, Rough-hew them how we may—હર કરે સો હોય.

A *round* of shots, pleasures, visits—ગોળીબાર, મજા ને મિજલસની, મુલાકાતોની પરંપરા To sleep the clock round—બાર, ચોવીશ કલાક ઉંઘવું. To take one round the studio, the school—જોવા જેવું બધું દેખાડવું. To round off—સરસ ઉપસંહાર કરવો; સુંવાળું બનાવવું. To round up—ભેળા કરવા. Round numbers—છેવટ મીંડું મૂકીને આપેલા આશરે આંકડા. Roundly—ચોકખા શબ્દોમાં; પૂરેપૂરી રીતે

To *rub* shoulders with—દરરોજ મળવું. Rub one the wrong way—ગુસ્સે કરવું. There's the rub—ત્યાંજ પ્રશ્ન ખૂંચે છે.

Rule of three—ત્રિરાશિ. Rule of thumb—અનુભવસિદ્ધ રીતિ. To rule the roast—હુકમ ચલવવો.

He who *runs* may read—આંધળો પણ જોઈ શકે. To have a run for one's money—મહેનતનું ફળ ચાખવું. That play, picture, had a run of 101 nights, 15 weeks—એ નાટક, સિનેમા, ૧૦૧ દિવસ, ૧૫ અઠવાડીયાં ચાલેલો. The run of the library, the house—પુસ્તકાલય, ઘરમાં છુટથી આવજાવ કરવાની પરવાનગી. To run high—ખમ ચાલવું To run the show—પ્રસંગનો ખર્ચ આપવો.

To *rush* into print—ગુસ્સામાં છાપાંવાળાને લખી મારવું. Fools rush in where angels fear to tread—

સારા માણુસો જે કરતાં ડરે તે મૂર્ખાઓ વગર વિચારે કરે. Don't rush me so—એવી રીતે વધારે પડતી ઉતાવળ નહિ કરાવો.

S

Full *sail*—બધાં શઢ ચડાવીને.

The *salt* of the earth—દુનિયાના તપસ્વીઓ. To take it with a grain of salt—અતિશયોક્તિ બાદ કરીને સમજવું Salt-cellar—જમતી વખતે મીઠું રાખવાનું વાસણ. Salt to a sore—દાઝયા પર ડામ. Employment is the salt of life—પ્રવૃત્તિથી જીવન મીઠું બને છે. To eat his salt—તેનું નીમક ખાવું; મહેમાન, આશ્રિત બનવું. Salt-pan—મીઠાનો અગર.

Satan quoting scriptures—મુખમેં રામ બગલમે છુરી.

Add *sauce* to—મસાલેદાર, લહેજતદાર બનાવવું. Sauce for the goose is sauce for the gander—મારો તો માર ખાવા તૈયાર રહો.

To *save* one's face—ટંગડી ઉંચી રાખવા. Save the mark—(એમ કહેવું કેટલું અયોગ્ય !)

To *savour* of—ની ગંધ આવવી.

To turn the *scales*—નિર્ણય કરવો. Scales fell from his eyes—તેની આંખ ઉઘડી.

A *screw* loose somewhere—દાળમાં કંઈક કાળું. Male, female, screw—બહારના, અંદરના, વળવાળો પેચ. To

screw up—ચાવી ચઢાવવી.

Scylla and Charybdis—ધર્મસંકટ.

At *sea*—મધ્યદરિયે; ગુંચવાએલું; ભૂલમાં પડેલું. A sea of trouble—દુઃખના ડુંગર. Sea-sickness—દરિયો ચડે તે રોગ.

In *season* and out of season—વારંવાર; વખતે ને કવખતે. A word in the season—વખતસરની સલાહ.

Play, be, *second* fiddle to—ગૌણ ભાગ બજાવવો; ના તાબામાં હોવું. Second-hand—જૂનું. Second sight—દિવ્ય ચક્ષુ. Second teeth—છાશીયા દાંત (Milk-teeth—દુધીયા દાંત). On second thoughts-પાછળના વિચારે.

To keep a *secret*—ખાનગી વાત છતી નહિં કરવી. Open secret—નામની ખાનગી (ખરૂં જોતાં છતી) વાત. In secret—ખાનગીમાં. Secret service—જાસુસી ખાતું જેનો વિગતવાર હિસાબ જાહેર થતો નથી તે.

I *see*—સમજ્યો. To see about—વિચાર કરવો; પગલાં લેવાં. To see eye to eye with—બરાબર સરખોજ મત બાંધવો. To see a person off—સ્ટેશને મેલવા જવું. You won't see the colour of his money—તે તમને એક રાતી પાઈ દેખાડે એમ નથી. To see through—પાર, માયનો પામી જવો; કપટ સમજી લેવું. To see life—દુનિયાદારીનો અનુભવ લેવો. See to it

that—જોજો; એવું કરજો. To see one's way to doing, do—કરી શકવું. To see red—ખુન્નસે ભરાવું. To see one through—ઠેઠ સુધી સાથ આપવો.

To *sell* one's honour, chastity—પૈસા, લાભ ખાતર પોતાનું માન, પવિત્રતા જતી કરવી. Sold again!—વળી પાછો ધપ્પો! To sell one's life dear—થોડા ઘણાને મારીને પછી મરવું.

To take leave of, be out of, one's *senses*—ગાંડા થવું. Make sense of—અર્થ કરવો, કાઢવો.

To *set* one's cap at—માગું કરે તેવી રીતે આકર્ષણ કરવા ફાંફાં મારવાં. To set on—ઉશ્કેરવું. Set on foot—શરૂ કરવું. To set the Thames on fire—પરાક્રમ કરવું; પ્રસિદ્ધિમાં આવવું. Set up for—હોવાનો ડોળ કરવો.

A *shade* better—જરા વધારે સારૂં. To throw into the shade—ચડીયાતા થવું. Shady prospects—ઝુલી આશા. On the shady side of fifty—પચાશ વર્ષ કરતાં વધારે મોટું. [લક્ષણ પારણેથી જણાય.

Coming events cast their *shadows* before—પુત્રનાં

Look *sharp*— ઉતાવળ કરો. Sharp words—આકરા શબ્દો. Sharp ears, eyes, intelligence—તીના કાન, નજર, બુદ્ધિ. He was too sharp for me—તે મને છેતરી, હરાવી ગયો. [રાખવી.

To wait for dead men's *shoes*—વારસાની આશા

To *shut* the stable door after the steed is stolen—રાંડયા, મુવા પછીનું ડહાપણ કરવું.

To *sit* ill on—ને ;નાહિં શોભવું. To sit on the fence—બંધાઇ જવું નહિં; તકની રાહ જોવી. Sit out—ઠેઠ સૂધી બેસવું. Sit tight—કંઇ કર્યા કે કહ્યા વગર બેસી રહેવું.

To *skim* the cream off—સારામાં સારો ભાગ લઇ લેવો. Skim over—સરવું; મુખ્ય મુદ્દા જોઇ જવા. Skim milk—મલાઇ કાઢી લીધેલું દૂધ.

To give one the *slip*—ના હાથમાંથી છટકી જવું. A slip of the pen, the tongue—લખવામાં, બોલવામાં અજાણતાં પડી ગએલી ભૂલ.

As *slow* as a snail—રગશીયું; અત્યંત ધીમું. His watch goes slow—તેની ઘડીયાલ મોડી થઇ જાય છે (વહેલી=fast). A slow-coach—ધીમો, ઠંડો, જડ, જૂનવાણી માણસ.

Small hours—મધરાત પછીનો રાત્રિસમય.

There is no *smoke* without fire—દરેક વાતનું કંઇક મૂળ તો હોયજ. To end in smoke—નિષ્ફળ જવું.

A *snake* in the grass—અણધારેલો, છુપો ભય. A snake in one's bosom—દગલબાજ દોસ્ત.

Not to be *sneezed* at—થુંકવા જેવું પણ નહિં; મેળવવા વિચારવા જેવું નહિં.

As *snug* as a bug in a rug—નિરાંતે લપાઇને [સુખાળવું.

So long—સાહેબજી; સલામ. So so—સાધારણ.

Soap-suds—સાબુનાં ફીણ.

Soft nothings, things—વખાણ; પ્રેમગોષ્ઠી. Soft sawder—ખુશામત. Soft soap—પ્રવાહી સાબુ; ખુશામત. Soft job—મહેનત વગરની નોકરી, કામ. Soft water —હલકું પાણી (ભારે = hard).

Solid work—સંગીન કામ. Solid hour—અટક્યા વગર આખો કલાક. To go, be, solid for—બધા તરફેણમાં હોવા. Solid grounds—સબળ કારણો. Solid sense—ઉંડી, ભારે અક્કલ.

As black as *soot*—કાળું મેશ.

Sorrows come not single but in battalions—અક્કરમીનો દડીયો કાણો; દુઃખ આવે ત્યારે સામટાં.

Sore point—ગુસ્સો ચડાવે તેવો વિષય. Old sores—અર્ધા ભૂલાઇ ગએલા કજીયા.

Out of *sorts*—બરાબર તબીયત નહિં.

S. O. S.—ભય, આફતનો સંદેશો.

Sow (સો) the wind and reap the whirl-wind—ભયંકર બદલો, વેર ભોગવવું. To take the wrong sow (સાઉ) by the ear—ખોટા માણસ, ખ્યાલને પકડવો. You can't make a silk purse out of a sow's ear—આંબલી વાવીને આંબો ન મળે;. ડોડ કદિ ઠાકર ન થાય.

To *speak* without book—માત્ર યાદ હોય તે પ્રમાણે બોલવું. To speak by the book—ચોક્કસ, ભૂલ વગર, કહેવું. Speak like a book—ચીપીચીપીને, ડહાપણપૂર્વક, બોલવું. Speaking acquaintance—બોલવા જેટલી ઓળખાણ. Speaking likeness—જાણે હમણાં બોલશે તેવું, આબેહુબ, ચિત્ર. Speaking terms—બોલવા વ્યવહાર. To speak a ship—બીજા વહાણને મળવું, સલામી આપવી. It speaks him mean—તે નીચ છે એમ બતાવે છે. That speaks a large heart—ઉદાર દિલની એ નિશાની છે. When the guns speak, it is too late to argue—તોપ ફૂટતી હોય ત્યાં ભાષણ કરવું નકામું. To speak out—ચોકખે ચોકખું, વધારે મોટે અવાજે, બોલવું. Speak up—મોટેથી બોલવું; કબુલ કરી દેવું. Speak volumes for—નો સબળ પુરાવો હોવું.

Special pleading—પક્ષપાતી, ચાંપલી, દલીલ.

A *spent* force—નકામી થઈ ગએલી વ્યક્તિ, સત્તા.

To *spit* at—દુશ્મનાવટ દેખાડવી. Spit upon—તિરસ્કાર દેખાડવો

To *split* one's ears— કાન ફોડી નાખવા. Split hairs ...ઝીણા ઝીણા તફાવત કાઢવા. Split on—દગો દેવો. Split one's dides—પેટ દુખવવું. Split the difference—મધ્યમ રકમ, રસ્તો લેવો. Splitting headache—માથું ફાટી જાય તેવો, સખત, માથાનો દુખાવો.

Split one's vote—દરેકને એકેક મત વહેંચી આપવો.
Too many cooks *spoil* the broth—ઝાઝી સોયાણીએ ખેતર વંઠે. A spoil-sport—રંગમાં ભંગ પાડનાર. To spoil the Egyptians—દુશ્મન પાસેથી પણ લાભ ઉઠાવવો.
To throw up the *sponge*—હાર કબુલ કરવી. To sponge on one for—આપવા નીચ ઉપાયથી મનાવવું.
Born with a silver *spoon* in the mouth—ગર્ભશ્રીમંત.
To throw a *sprat* to catch a herring—આપવો દોકડો ને લેવો ઓકડો; મોટા લાભ માટે નાનો ભોગ આપવો.
To *spread* the table—જમવાનું ટેબલ બિછાવવું.
A ship *springs* a leak—વહાણમાં કાણું પડે છે.
To *spur* a willing horse—ચાલતા બળદને આર ઘોંચવી. Set spurs to—એડી મારવી. On the spur of the moment – તત્ક્ષણ; તાત્કાલિક.
To get *square* with—બરોબરી કરવી; બદલો વાળવો. He has been squared—લાંચ, મનામણીથી તેનું મોઢું બંધ કરવામાં આવ્યું છે. To square, make square, with—સાથે બંધબેસતું થવું, કરવું. Squarely ન્યાયથી. Fair and square—પ્રમાણિકપણે. Square meal—સુંદર, ભરચક, ખાણું.
(To) that *stage*—એટલે સુધી. By easy stages—આરામ લેતે લેતે; દોડધામ વગર. Stage fever—નાટકીયો થવાની તાલાવેલી. Stage fright—સભાક્ષોભ.

Stage-struck—નાટકીયો થવાની તાલાવેલીવાળો. Old stager—રીઢો અનુભવી.

To *stand* a, no, chance—સંભવ હોવો, ન હો
To stand for—ની નિશાની હોવી; ના હિમાયતી હે
Stand on ceremony—એટિકેટ પાળવો. Stand out—તરી આવવું; વિરોધ કાયમ રાખવો. Stand over—મુલતવી રહેવું. Stand to win, lose—લાભ, હાનિ થ એવા સંજોગોમાં હોવું. Stand to reason—વ્યાજબી હે Stand well with—મેળ હોવો..

To thank one's *stars*—નસીબનો પાડ માનવો

Stark mad, naked—તદ્દન ગાંડું, ખુલ્લું.

Out of *station*—બહારગામ.

Status quo—છે તેજ સ્થિતિ.

He who *steals* an egg will steal an ox—કોડી ચે તે પાળી ચોર.

Stick-in-the-mud—રગશીયું; પછાત. To stick in one's throat—ખૂંચવું. Stick it on—લગાવે રાખ Stick out—વિરોધ કાયમ રાખવો. Stickler—ચપાસી Stick up for—નો બચાવ કરવો.

Stiff upper lip—જીદ્દી સ્વભાવ.

To *stink* in the nostrils of—નોં દુઃભાટ હોવો.

Stock arguments, quotations—જરીપુરાણી દલીલ, સુ

Storm in a tea cup—વાતનું વતેસર.

Straight away—એકદમ. [ખાસ તાણવું.

At a *stretch*—એકી સાથે. To stretch a point—જરા

To *strike* at the root of—જડમૂળથી કાઢી નાખવું.

A *stroke* of the pen—સહીનો એક ઘસરકો.

To rise with the *sun*, the lark—વહેલા ઉઠવું. To hail the rising sun—ઉગતા સૂર્યને પુજવો. Sunday best—સારામાં સારા કપડાં. [દહાડા.

A new broom *sweeps* clean—નવો નિશાળીઓ નવ

Sweet water—પીવા જેવું પાણી. At one's own sweet will—મરજી મુજબ. Sweets of office—અમલદારીની સુખચેની.

Sweet on—ના પ્રેમમાં પડેલું.

T

To keep a good *table*—સરસ જમવાનું રાખવું.

Pleasures of the table—ખાવાપીવાના આનંદ, રસ. Lay one's cards on the table—પોતાની બાજી ખુલ્લી બતાવવી. To turn the tables on—બાજી ફેરવી નાખવી.

Tail of the eye—આંખનો ખુણો. Tail of a procession—સવારીનો છેડો, નું પછવાડું. Heads or tails? —લીલ કે સૂક? છાપ કે કાંટો?

Taken aback—આઘાત પામેલો. To take a leaf out of one's book—અમુકનો દાખલો લેવો. To take effect—અમલમાં આવવું. To take ill—ખોટું લગાડવું.

To take in—છેતરવું. Take one's time—નિરાંતે કરવું. Take to heart—દિલગીર થવું; ઉંડી છાપ પડવી. Take the wind out of one's sails—આગળથી કરી નાખી હોંશ ભાંગી નાખવી.

To *tell* tales (out of school)—ચાડી ખાવી. The tale is complete—બધા હાજર છે. Tell-tale—બતાવી આપનારૂં To tell one's beads—માળા લેવી. Tell over—ગણવું. Tell one from the other—જુદું પારખવું.

To *keep* terms—ટર્મ ભરવાં. (*fill* નહિ).

To put to *the test*—કસોટી, અજમાયશ કરવી. To stand the test—પરીક્ષા, કસોટીમાંથી પસાર થવું.

The *thick* of the fight—લડાઈનો મોખરો. Thick-headed—જડ. Thick-skinned—બહુ લાગણી વગરનો; નફ્ફટ. Thick-set—ભરાવીને દાબેલું; જાડું. Through thick and thin—ગમે તે થાય તે છતાં, તોપણ. Blood is thicker than water—આંગળાથી નખ વેગળા એટલા વેગળા.

To *think* no harm—કંઈ જોખમ જોવું નહિ. Think aloud—વિચાર આવે તેમ બોલી નાખવા. Think better of—વધારે વિચાર કરી પહેલો ઇરાદો છોડી દેવો.

Discussed *threadbare*—ચર્ચાઈ ચર્ચાઈને જરીપુરાણું થઈ ગએલું. Lost the thread of his story, argu-

ment—વાર્તા, દલીલનું અનુસંધાન ભૂલી ગયો.

Cut one another's *throats*—એક બીજાની પૂરેપૂરી પાયમાલી કરવી. Clear one's throat—બોલવા, ગાવા પહેલાં ખોંખારો ખાવો.

To *throw* a veil over—છુપાવવું; ચૂપ રહેવું. Throw cold water upon—નાઉમેદ કરવું. Throw one's eyes up—શિવ શિવ, અરે રામ, બોલવું; ત્રાસ પામવો. Throw light on—સ્પષ્ટ કરવું. Throw oneself upon—નો આશરો, નું શરણ, લેવું. Throw stones—નિંદા કરવી. Throw in the teeth of—મેણાં મારવાં.

Money is *tight*—નાણું સહેલાઈથી, ઓછે વ્યાજે, ઉછીનું મળી શકે એમ નથી. A tight corner, place—જલ્દીથી નિકાલ કરવોજ પડે તેવી સ્થિતિ

In good *time* for—વહેલાં; સારી રીતે વેળાસર. Not well timed—કવખતનું. To tell the time—કેટલા વાગ્યા છે તે કહેવું. At this time of day—આ સ્થિતિએ. To be in, to keep, time with—તાલમાં હોવું; જોડે થવું. Timeserver—વખત જોઈને ફરી જનારો; તક સાંધનાર. [સાધારણ માણસ.

Tom, Dick, and (or) Harry—હીમજીશીમજી; સાવ

To speak with one's *tongue* in one's cheek—દંભથી, કટાક્ષમાં બોલવું. Has found his tongue—માંડમાંડ બોલ્યો છે. Mother tongue—માતૃભાષા.

Tongue-tied—બોલી ન શકે એવો; શરમાળ.

In *touch* with—ના પરિચય, સમાગમમાં. You can't touch him for speed.—ઝડપમાં તમે તેની બરોબર આવી શકોજ નહિં. It touched me, my heart—મને તેથી લાગી આવ્યું. Never touches fish or eggs મચ્છી કે ઈંડાને હાથ અડાડતો નથી, કદિ ખાતો નથી. A touching scene—કરુણ દૃશ્ય. A touch of blue, madness—ભૂરા રંગની છાંય; ગાંડપણની સહેજસાજ અસર.

Town and gown—યુનિવરસીટીની બહારના ને અંદરના માણસો. Town talk—ગામમાં ચાલતી વાત; ગપ.

To drive a roaring *trade*—ધમધોકાર ધંધો ચલવવો.

To *tread* on one's toes, corns—ગુસ્સે કરવું Tread on eggs—બારીક વિષય પર ઉતરવું. Tread under foot—કચરી નાખવું; નર્યો તિરસ્કાર દાખવવો. Tread the boards—નાટકીયા થવું.

To the *tune* of—એટલો બધો, જેટલો (ખર્ચ).

Without *turning* a hair—વાળ વાંકો થયા, કર્યા વગર. A turncoat—ફરી બેસે તેવો માણસ. To turn down—નામંજૂર કરવું. Turn away—કાઢી મૂકવું. A good, ill turn—ઉપકાર; અપકાર. One good turn deserves another—એક ઉપકારનો બદલો બીજા ઉપકારથી વાળવો જોઈએ. Cooked to a turn—બરાબર રાંધેલું, પકવેલું. Turn inside out—અવળું કરવું. Turn an honest

penny—છુટક કામ કરી પૈસા મેળવવા. Turn his head—તેને અભિમાની કરવો. Has turned 40—ચાળીશ વર્ષની ઉમ્મર વટાવી ગયો છે. Turn out—કાઢી મૂકવું; ખાલી કરવું; દેખાડવું; ઉત્પન્ન, પેદા કરવું; નીકળવું; સાબીત થવું. Turn over a new leaf—સુધરવું. Turn turtle—ઉંધું વળવું. Turn up—દેખાવું; હાજર થવું. Tnrn upside down—ઉંધું વળવું, વાળવું. Turn to—આશરો, સલાહ લેવી. Turner—સંઘાડીઓ. Make him turn in his grave—મરેલાને અશાંતિ પહોંચાડવી. A worm will turn—ગરીબમાં ગરીબ પણ કોઈ વખત ધીરજ ખોઈ બેસે, ગુસ્સે ભરાય. Tnrnover—વકરો; અર્ધગોળ કચોરી. Turn over—બાજુ બદલવી; ફેરવવું; વકરો કરવો; સોંપવું. Turning-point—કટોકટીનો વખત, મામલા. To turn loose—છોડી મૂકવું. Turn the edge—ધાર બુટ્ટી કરવી. Turn to fullest, advantage—સારામાં સારો ઉપયોગ કરવો.

U

Union is strength—સંપ ત્યાં જંપ.

Up against—માં સંડોવાએલો. Up and doing—ચાલાક. Up to—માં પ્રવૃત્ત, રોકાએલું. It is up to you—તમારી ફરજ છે. Ups and downs—ચડતી પડતી. Up to date—આજ સૂધી; ચાલતી ઢબનું. Up train—મુખ્ય શહેર, ટરમિનસ, તરફ જતી ટ્રેઇન. All up,

with one—કંઈ આશા ન હોવી; ખેલ ખલાસ. Up with you, it !—હોંશીઆર !

To have the *upper* hand—અખત્યારી હોવી. Something wrong in his upper storey—મગજમાં કંઈક [ગેબ છે.

Use up—ખર્ચી નાખવું; ખલાસ કરવું.

V

To get good *value* for one's money—કિમ્મતના પ્રમાણમાં સારો માલ મેળવવો. A valued friend—માનનીય મિત્ર. He values himself on his shrewdness—પોતાની વિચક્ષણતાનું પોતાને અભિમાન છે.

The *vault* of heaven—આકાશ.

Vein of coal—કોલસાનો થર. Vein of humour—હાસ્યરસિક લક્ષણ. Not to be in the vein for—એવી નાડમાં ન હોવું. In an imaginative vein—કલ્પનાની લહેર, ઘોડા દોડાવવાના તોરમાં.

With a *vengeance*—ભરચક.

To give *vent* to—બહાર કાઢવું. Find vent—દ્વાર મળવું. [આવવું.

To *verge* upon, on—ને છેડા પર મળવું; ને મળતું

The *very* dogs—કુતરા પણ. His very silence—તેની ચુપકીદી પણ, ચુપકીદીજ.

Put a, one's *veto* upon—ની મનાઇ કરવી.

A *vexed* question—બહુ ચર્ચાતો પ્રશ્ન.

In *view* of—નો વિચાર કરીને, ખ્યાલ રાખીને. In view—દેખાતું; વિચારાતું. With a view to—કરવાના ઈરાદાથી; મેળવવાની આશાથી On view—જોવા માટે મુકેલું. In full view of—માંના બધા દેખે એવી રીતે. Point of view—દૃષ્ટિબિંદુ. A general view—સામાન્ય સમાલોચના; એકંદર વિચાર. That window commands a view of the garden—તે બારીમાંથી બગીચો સારી રીતે દેખાય છે.

In, by, *virtue* of—ની સત્તાની રૂએ. Drugs of great virtue—બહુ સારી અસરકારક ઔષધિઓ. The cardinal virtues—ન્યાય, ડહાપણ, મિતાહારપણું, ધૈર્ય, શ્રદ્ધા, આશા અને પ્રેમદયા.

A *vision* of delight—નંદન; નંદિની.

Vital statistics—જનમ મરણના આંકડા.

In *vogue*—ફૅશનમાં.

With one *voice*—એકીમતે. The people's voice is the voice of God—પંચ કહે તે પરમેશ્વર.

Voluntary school—ખુશીથી આપેલા ફંડફાળા પર ચાલતી શાળા.

Vote of confidence, no confidence—વિશ્વાસ છે, વિશ્વાસ નથી, એવું જાહેર કરવાનો મત.

Vulgar errors—પ્રચલિત ભૂલ. The vulgar, herd—અજાણ લોકો. The vulgar tongue—દેશી, પ્રાંતીય ભાષા.

W

To *wade* through slaughter to—કતલ ચલાવીને મેળવવું. [wag—લોકો વાત કરે છે.

So the world *wags*—દુનિયાં એમ ચાલે છે. Beards

The *wages* of sin—પાપનાં ફળ.

Walk away with—ઉપાડીને (ચોરીને) ચાલ્યા જવું. Walking dictionary—જાતજાતની વિગત મોઢે રાખતો માણસ. Walking gentleman, lady—માત્ર નામનોજ પાઠ હોય, તેવો નટ, નટી. Walk one off one's legs—થકવી નાખવો. Walk out with a person—અમુક જોડે પ્રેમમાં હોવું. Walk over—બીજા ઉમેદવારની નાલાયકી, ગેરહાજરીને લીધે સીધા ચુંટાઈ જવું. Walk the hospitals— ડાક્ટરી અભ્યાસ કરવો. Walk up—આવો, મારા ખેલ, સ્ટૉલમાં આવો.

The weakest goes to the *wall*—નબળો જાય છેલ્લો. To give one the wall—ફુટપાથ પર મકાન, દુકાન તરફનો, વધારે સલામત, રસ્તો આપવો. Take the wall of—તે પ્રમાણે રસ્તો નહિં આપવો; હડસેલી કાઢવો. Walls have ears— વાં વાતને લઈ જાય. [ગુનેગાર.

A person *wanted* by the police—નાસી ગએલો

To carry the *war* into the enemy's country—સામા આરોપ મેલવા.

Getting *warm*—પકડવાની તૈયારી. Make it, (things)

warm for one—અમુકને હેરાન પરેશાન કરવો. To warm up—ખીલવું. Warm reception—લાગણીનું સ્વાગત Warm work—મહેનત, જોખમ, ભર્યું કામ.

Never tasted, heard, such *wash*—આવું ફીકકુંફ્ચ પીણું કોઈ દિવસ પીધું નથી, ફીક્કીફ્ચ (નીરસ) વાત સાંભળી નથી To wash one's dirty linen at home, in public—ઘરના કજીયાની વાત ઘેર, જાહેરમાં, કરવી. Sweet balls washed down with milk, soda—લાડુ ને ઉપર દૂધ, સોડા.

Waste not want not—ઉડાઉને તંગી. Run to waste—નકામું જવું. Waste breath, words—નકામા બોલવું. Waste—બનાવતાં બગડેલો, નુકસાની, માલ; નકામો માણસ.

Spend money, shed blood, like *water*—પૈસા પાણીની જેમ ઉડાડવા; લોહીની નદી વહેવરાવવી. A pearl, jest of the first water—પાણીદાર મોતી; પહેલા નંબરની મશ્કરી. To make one's mouth water—મોઢામાં પાણી લાવવાં. Water down the tale—વાતની કમકમાટી ઓછી કરવી. Water-bewitched, watery, tea—ફીક્કી ચાય. Watermark of life—આત્મ, ઈશ્વરી, જ્ઞાન. Watery—ફિક્કું; નીરસ.

A *wave* of enthusiasm—ઉત્સાહનું પૂર, મોજું. A wave of depression—મંદી.

To mould one like *wax*—અમુકને મરજી મુજબ

બનાવવો, અસર કરવી.

By *way* of—ની નિશાની તરીકે. By the way—વચમાં કહી લઉં. Under way—હાલતું Not (in) my way—મારી રીત નથી In a bad way—ખરાબ હાલતમાં. He was in such a (great) way about it—તેમાં તેણે એવું ધાંધલ કર્યું. Way bill—ઉતારૂઓ, માલ, નું લિસ્ટ. Way-leave—ભાડું ભરી લીધેલો પ્રવેશહક્ક, ચાલ. Ways and means—આવકનાં સાધનો.

Weak-kneed—તુર્ત માની લે એવો; ભોળીશું Weak vessel—આધાર ન રાખી શકાય તેવો માણસ.

Uneasy lies the head that *wears* a crown—રાજા, સુખીને જંપ, સુખનિદ્રા, દુર્લભ. To wear a beard, one's hair short, long—દાઢી, ટુંકા, લાંબા વાળ રાખવા. Wear away, down, off, out—ઘસાઈ જવું; ઘસી નાંખવું. To wear well—ટકાઉ હોવું. The worse for wear—વપરાશથી ઘસાઈ ગએલું. Wear and tear—ઘસારો. Wear one's heart upon one's sleeve—બધા વિચાર, લાગણી ખુલ્લી કરી દેવી He wears his years well—છે તેના કરતાં નાનો દેખાય છે.

Keep one's *weather* eye open—બરાબર તપાસ રાખવી.

The thin end of the *wedge*—શરૂઆત; ફાચર; પગ પેસારો.

The, the Indion, the soothing *weed*—તમાકુ.

To send a person into the middle of next *week* —નસાડી મૂકવો. Week-day—રવિવાર સિવાયનો દિવસ. Week-end—શનિ અને સોમના થોડા ભાગ સુદ્ધાં રવિવાર. Week-ender—દર અઠવાડીએ આવનાર. A week of Sundays, of weeks—સાત અઠવાડીયાં; લાંબો વખત.

Weighed and found wanting—ખામી ભરેલું પૂરવાર થઇ ચૂકેલું, નાલાયક ઠરેલું. To carry weight—વજન પડવું.

To wear out, one's stay, one's welcome—વારંવાર, વધારે પડતો વખત રોકાવું.

Well of English undefiled—ચૉસર કવિ. Well-spoken—બોલવામાં સંસ્કારી. Well-turned—સરસ યોજેલું. [અમલ છે.

I have the *whip*-band of you—મારો તમારા પર

White lie—સારા હેતુથી બોલાએલું જૂઠાણું. White heat—લાલચોળથી વિશેષ ગરમી, ગુસ્સો, આવેશ. White light—ખુલ્લું, શુદ્ધ દિલ. The white man's burden—દુનિયાને સુધારવાની યુરોપિઅનોની જવાબદારી (માની લીધેલી). White man—માનનીય, સંસ્કારી માણસ. White slave—દેહ દાસી; દુરાચાર માટે ફસાવેલી સ્ત્રી. Whitesmith—પતરાં કરનાર; વોરો White horses—દરિયાનાં ફીણવાળાં મોજાં. White House—અમેરિકાના પ્રમુખનું નિવાસસ્થાન. White paper. સરકારી

જાહેર રિપોર્ટ. Whitewash-ઉજળું કરી બતાવવાની તરકીબ.

Whom (Those whom) the gods love die young —જેનો અહીં ખપ તેનો ત્યાં (સ્વર્ગમાં) ખપ.

Whole-hogger- પૂરેપૂરૂં કરનાર

To give a *wide* berth to—થી દૂર રહેવું. Wide of the mark—ખોટું; અપ્રસ્તુત.

Old *wives'* tale—ડોશીમાની વાત; ખોટો રિવાજ.

Wild-goose chase—અશક્ય, મૂર્ખાઈભર્યો પ્રયાસ. Has sown his wild oats—ગધાપચીસીમાંથી પસાર થયો છે. A voice in the wilderness—અરણ્યરુદન.

Where there's a *will*, there's a way—મન હોય તો માળવે જવાય. Good, ill, will—કૃપા; અવકૃપા. Make one's will—વસીયત, વારસા, નામું કરવું. At, at one's own sweet, will—મરજી મુજબ.

To *win* the day—ફતેહ પામવી. Win over—પોતાના પક્ષમાં ભેળવી લેવું; મનાવી લેવું. Win upon—ને વધારે આકર્ષક લાગવું.

To get *wind* of—ની બાતમી મળવી. Get, put, the wind up—બીવું; બીવરાવવું. His speech was mere wind—તેના ભાષણમાં ખાલી શબ્દાડંબર હતો. Windfall—પવનથી પડી ગએલું ફળ; અણધાર્યો લાભ, વારસો. Wind-bound—સામા પવનને લીધે ચાલી ન શકે તેવું. To fling to the winds—સદંતર ભુલી જવું.

New *wine* in old bottles—જૂની રૂઢિથી બંધાય નહિં તેવો નવો વિચાર. Good wine needs no bush—મોરનાં ઈંડાંને ચિતરવાં પડે નહિં.

To cut one's *wisdom*-teeth—દાઢ આવવી; સમજણા, ડાહ્યા, થવું. Wise after the event—રાંડ્યા પછીનું ડહાપણ. Clockwise—ઘડીયાલના કાંટા ફરે તે દિશામાં.

The *wish* is father to the thought—ઇચ્છે છે તેવું માની બેસે છે.

Not to see the *wood* for the trees—વિગતોમાં ગુંચાઇ જઈ સમગ્ર દર્શન નહિં કરવું. Don't halloo till you are out of the wood, count the chickens before they are hatched—ઘઉં ખેતમાં ને બેટા પેટમાં; ભેંસ ભાગોળે, ને છાશ છાગોળે.

The *word* (હુકમ) was given. Take one at one's word—કહે તે ખરેખરૂં માનવું; બોલેલું પાળવા કહેવું. Have words (કજીયો) with. As good as one's word—બોલ્યું પાળે તેવો.

To *work* out—કરવું, સરવાળો, દર. થવો; સિદ્ધ કરવું; અમલમાં મેલવું. Work upon—અસર થવી. Work wonders—અદ્ભુત અસર કરવી.

He is *worth* a million—લખેસરી, લક્ષાધિપતિ, છે. Worth, worth one's, while—કરવા જેવું; ફાયદાવાળું.

To *wring* one's hands—હાથ ઘસવા. Wring out—નીચોવવું; પરાણે કઢાવવું.

To write off—લખી વાળવું. Write up—વખાણ લખી મોટું બનાવવું. Writing on the wall—આવતી આફતની નિશાની.

In the *wrong* box—કફોડી સ્થિતિમાં.

Y

Year in year out—વારંવાર.

Yield the palm to—થી ઉતરતા હોવું. In yielding mood—હા પાડે તેવી નાડમાં.

Young days—જુવાની. With young—ગાભણું. Young blood—છેલબટાઉ; મંડળમાં જોસ લાવવા દાખલ કરેલા જુવાન સભ્યો.

Z

To add a *zest* to—ની મજા, તમતમાટીમાં વધારો કરવો.
Signs of the zodiac—બાર રાશિ.

Appendix B

Legal and Commercial Words

કાયદા તથા વેપારમાં વપરાતા શબ્દો

Acceptor, હુંડી સ્વીકારનાર.
Accused, તહોમતદાર; ગુનો કરનાર.
Actuary, મુનીમ.
Adjustment, નિકાલ; સમાધાન.
Advocacy, વકીલાત.
Affidavit, સોગન પર આપેલી લેખી જુબાની.
Agent, આડતીઓ.
Agreement, કોલકરાર.
Appeal, અપીલ.
Appellant, અપીલ કરનાર.
Appellant-court, અપીલ સાંભળનારી કોર્ટ.
Appraiser, કિમત આંકનાર.
Arbitration, લવાદી (પંચાયત).
Argument, દલીલ.
Assets, અવેજ (પુંજી).
Attestation, શાખ.
Bail, જામીન.
Bail-bond, જામીનખત.
Bankrupt, દેવાળીયો.

Bottomry, વહાણ ધરેણે, ગીરો મુકવું તે.
Broker. દલાલ.
Brokerage, દલાલી.
Capital, થાપણ; મુડી.
Cargo, વહાણ પર ચઢાવવાનો માલ.
Charter, પટો; સનંદ.
Chattels, રાચરચીલું; માલમત્તા.
Cheque, રૂકો.
Civil court, દિવાની અદાલત.
Client, અસીલ.
Commission, આડત.
Compromise, સમાધાન; પતાવવું તે.
Consigner, માલ મોકલનાર (આડતીઓ).
Consignee, જેના પર માલ મોકલ્યો હોય તે.
Consignment, માલની ચડઉતર; માલ.
Covenant, કરારનામું.
Criminal court, ફોજદારી કોરટ.
Cross-question, ઉલટપાલટ સવાલ.
Credit-side, જમાબાજુ.
Deed of divorce, તલાકનામું; છુટા છેડા કરવા તે.
Deed of lease, પટ્ટે રાખવાનું ખત; ગણોતપત્ર.
Deed of acquaintance, ફારગત્તિ.
Deed of sale, કબાલો; વેંચવાનું દસ્તાવેજ.

Decree, હુકમનામું.
Debit-side, ઉધારબાજુ.
Defamation; calumny, બદનામી.
Defaulter, કબાલો તોડનાર.
Defendant; respondent, પ્રતિવાદી.
Drawee, હુંડી સ્વીકારનાર.
Deposition; testimony, જુબાની.
Drawer, હુંડી લખનાર.
Demmurage, વહાણને ઠરાવેલા વખત કરતાં વધારે રોકી રાખવા માટે અપાતો દંડ; ડામરેજ.
Earnest-money, બહાનું. [સહી.
Endorsement, દસ્તાવેજ, હુંડી વગેરેની પાછળ કરેલી
Estate: assignment, જાગીર.
Excise, જગાત.
Exports, નિકાસ.
Folio, ચોપડીનાં તાવ જેવડાં પાનાં.
Freight, વહાણનું નુર, નેળ. [વસુલાત.
General assessment of land, જમાબંધી,
Goods; luggage, માલ. [નાજરને થતો હુકમ.
Habeas Corpus Act, કેદીને કોર્ટમાં બોલાવવાને
Imports, આયાત.
Income, આવક; પેદાશ.
Indemnity, સજા ન થવા દેવાની જામીનગીરી.

Indent, માલ મંગાવવાની ટીપ, લિસ્ટ.
Indenter, માલ મંગાવનાર.
Instalment, હફતો; કાંધું.
Insurance, વીમો.
Invoice, ભરતીઉ (માલનું).
Jury, પંચ.
Judgment, ફેંસલો; ઠરાવ.
Ledger, ખાતાવહી.
Legacy, વારસો.
License, પરવાનો; રજાચિઠ્ઠી.
Liquidation, ફડચો; નિકાલ.
Loan, અંગઉધાર.
Maintenance, ભરણપોષણ.
Margin-money, તારણ.
Market-rate, બજારભાવ.
Martial-law, લશ્કરી કાયદો.
Memorandum, યાદી.
Monopoly, ગુપ્તો (કબજો); ઈજારો.
Mortgage, ગીરવી ખત.
Non-suit, દાવો નહિં ચાલે એવો ઠરાવ.
Notary, ખત (કરારનામાં) ઉપર સહી કરનાર.
Oath, સમ, સોગન, પ્રતિજ્ઞા.
Partnership, પતીઆળું; ભાગી આપણું.

Petition, અરજી.
Perjury, ખોટા સોગન ખાવાનો ગુનો.
Petitioner, અરજી કરનારો; અરજદાર.
Plaintiff. **Complainant**, ફરીયાદી, વાદી.
Profit, loss, નફોતોટો.
Policy, વીમાનું કરારનામું.
Promissory-note, શાહુકારી ચિઠ્ઠી.
Receipt, પહોંચ; રસીદ; પાવતી.
Re-draft, પાછી ફરતી હુંડી.
Remittance, હુંડીથી મોકલેલું નાણું.
Revenue, મહેસુલ.
Sample, નમુનો; વાનગી.
Security, જામીનગીરી.
Signature, સહી. [દસ્તાવેજ.
Shipping documents, વહાણમાં ચઢાવેલા માલનું
Smuggling, દાણચોરી.
Specie, નગદી; રોકડ. (Cash.)
Summons, કોરટનું તેડું; સમન.
Surplus, ઉપલક; વધારાનો ભાગ.
Tariff, જકાતનામું.
Testator, વારસનામું કરનાર.
Title deed, લખત પત્ર. [ચઢાવવું તે.
Transference, એકના નામ ઉપરથી બીજાના નામ પર

Transportation, દેશપારની સજા.
Trustee, બીજાની મિલ્કતનો વહિવટ કરનાર.
Under surveillance, નજરકેદ.
Will, વારસનામું.
Witness, સાહેદી.
Writ, decree, હુકમનામું.

Major Planets

મુખ્ય ગ્રહ.

Earth, પૃથ્વી.
Jupiter, ગુરુ, બૃહસ્પતિ.
Mars, મંગળ ભૌમ; કુજ; અંગાર.
Mercury, બુધ.
Moon, ચંદ્ર.
Neptune, નેપ્ચ્યુન.
Pluto, પ્લુટો.
Saturn, શનિ.
Uranus, યુરેનસ; હર્શલ.
Venus, શુક્ર.

